# श्री [illegible]

श्री [illegible]

मूल्य १॥)

श्री [illegible] मंदिर

શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા-ગ્રન્થાંક-
૩૦-૩૧-૩૨-૩૩-૩૪.

# ૩૦ श्री सुखसागर गुरुगीता

તથા

## श्री तपागच्छे सागरशाखा पट्टावलि

અને

## ૩૧ શ્રીમદ્ મયાસાગરજી, ૩૨ શ્રીમદ્ નેમિસાગરજી, ૩૩ શ્રીમદ્ રવિસાગરજી, ૩૪ તથા શ્રીમદ્ સુખસાગરજીનાં જીવનચરિત્ર.

લેખક,
શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજી.

પાટણ નિવાસી શેઠ ચુનીલાલ ન્હાનચંદની સહાયથી
પ્રકટ કર્ત્તા,
श्री अध्यात्मज्ञान प्रसारक मंडळ.
( चंपागली-मुंबई. )
હા. લલ્લુભાઈ કરમચંદ દલાલ.

વીરાત્ ૨૪૪૨. વિક્રમ સં. ૧૯૭૨. સને ૧૯૧૬.

કિંમ્મત ૦-૪-૦.

આવૃત્તિ પહેલી.—નકલ ૧૦૦૦.



અમદાવાદ.
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

# નિવેદન.

જીવનચરિત્રો લખવાની પ્રથા પૂર્વે વધુ હતી; તેનો નાશ થવાથી જૈન ઇતિહાસ માટે આપણે ઘણાં સાધનો ગુમાવ્યાં છે તો પણ જે જે ચરિત્રો અને હકીકતો ઉપલબ્ધ થવા પામે છે તેને પ્રકાશમાં મૂકવા તરફ હમણાં રૂચિ વધતી જોઇ હર્ષ થાય છે.

વર્ત્તમાન સમયના વિદ્વાન પુરૂષો—પોતાના પૂજ્યવર્યો જેઓ ગુણી અને મહાપુરૂષોની ગણનામાં આવેલા છે તેઓનાં ચરિત્રો આલેખીને જૈન સમાજ ઉપર અત્યંત ઉપકાર કરે છે. કેમકે ભવિષ્યમાં તે વધારે હિતકારક બને તેમ છે.

ગૃહસ્થોનાં ઉજ્જવળ જીવન ચરિત્રો પણ ઉપયોગી થઇ પડે છે તો; પૂજ્ય સાધુ મુનિરાજોનાં નિર્મળ અને પ્રભાવિક જીવનો, તેઓના સાધુ સમુદાય તથા તેઓની નિશ્રાએ ચાલતા શ્રાવક સમુદાયને મોક્ષ માર્ગ તરફ લઇ જવા માટે નિમિત્તભૂત હોવાથી અત્યંત આવશ્યકતા ધરાવે તેમાં શું નવાઇ ?

વચલા સમયે આપણે ઘણાં આદર્શજીવનો—દાખલ થયેલી

શિથીલતા વડે આલેખી ન શકાયાથી—ગુમાવ્યાં છે તો છતી શક્તિએ હવે પણ તેમ ન બને તે માટે શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરે આ ' સુખસાગર ગુરૂગીતા ' તથા તેઓના ગુરૂવર્યોનાં જીવન ચરિત્રો પટ્ટાવલિ સાથે મંડળ દ્વારા પ્રકટ કરાવી મંડળ ઉપર અત્યંત ઉપકાર કર્યો છે કેમકે મંડળે પ્રકટ કરેલા ગ્રન્થોમાં આજે એક ઉપયોગી ગ્રન્થનો વધારો થવા પામ્યો છે.

આ ગ્રન્થ તપાગચ્છસાગરશાખા સંબંધી હકીકત જાણવાની જીજ્ઞાસાવાળા તથા ભક્ત શ્રાવકો માટે અત્યંત ઉપયોગી છે તથા અન્યજનોને પણ ગુણાનુરાગદૃષ્ટિએ અત્યંત ઉપયોગી બને તેમ છે. પ્રભુ મહાવીરના શાસનમાં તેમની પટ્ટે સુધર્માસ્વામિજી થયા ત્યારથી આરંભીને તપાગચ્છીય સાગરશાખામાં વર્તમાન સમય સુધીની—૭૨ મી પાટે બિરાજતા શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરે ગુરૂપટ્ટાવલિ આપી છે. તેમણે ૬૮ મી પાટે થયેલા શ્રીમાન્ મયાસાગરજી મહારાજ, ૬૯ મી પાટે થયેલા શ્રીમાન્ નેમિસાગરજી મહારાજ, ૭૦ મી પાટે થયેલા શ્રીમદ્ રવિસાગરજી મહારાજ, તથા ૭૧ મી પાટે થયેલા શ્રીમદ્ સુખસાગરજી મહારાજનાં જીવન ચરિત્રો ઘણી જાણવા યોગ્ય હકીકતો સાથે આ ગ્રન્થમાં આલેખ્યાં છે.

પોતાના ગુરૂ શ્રીમદ્ સુખસાગરજીનો તેમને સંપૂર્ણ પરિચય હોવાથી તેઓના વિરહ સમયે તેઓના સ્મરણાર્થે લખવા ધારેલ ગ્રન્થોમાં ' ગુરૂગીતા ' ગ્રન્થ પ્રથમ છે. આ ગ્રન્થમાં તેઓશ્રીના ગુણોનું વર્ણન કરવા ઉપરાંત સર્વે સાધુ મુનિરાજોએ સાધુ જીવન કેવું રાખવું જોઇએ તે બહુજ ઉત્તમ પ્રકારે દર્શાવ્યું છે. સ્વગુરૂ સ્મરણાર્થે ગુરૂગીતાનો ભક્તિપૂર્ણ કાવ્ય ગ્રન્થ ઇડરમાં શરૂ કર્યો હતો અને વડાલીમાં પૂર્ણ થયો હતો તથા વિદ્વાન અને તે સમયે ક્રિયામાં શિરોમણિ એવા ક્રિયોદ્ધારકની ઉપમાને પામેલા એવા ૪ મહાપુરૂષોનો ચરિત્ર વિભાગ માણસા અને વિદ્યાપુરમાં લખાયો છે. જેમાં છેલ્લાં બે ચરિત્રોવાળા મહાત્માઓનો તેમને સંપૂર્ણ જાતિપરિચય હતો એટલે વિશેષે કરી તેઓના સંબંધી વધારે હકીકતો આલેખાઇ છે અને તેમાં તેઓના વિહારાદિ સ્થળો, થયેલાં ઉત્તમ કાર્યો, શિષ્ય પરિવાર તથા ભક્ત શ્રાવક શ્રાવિકાઓ ઇત્યાદિને લગતી જાણવા યોગ્ય હકીકતોનો સમાવેશ કર્યો છે.

આ ગ્રન્થના પ્રકટાર્થે પાટણ નિવાસી શેઠ ચુનીલાલ ન્હાનચંદ જેઓ આપણી જૈન શ્વેતામ્બર કોનફરન્સ તરફથી ચાલતા ધાર્મિક હિસાબના તપાસણી ખાતાના ઉપરી (ઑ. ઓડીટર) છે અને શ્રીમદ્ સુખસાગરજી મહારાજના સંસારી પક્ષે ભ્રાતા છે તેઓએ દ્રવ્યની સહાય કરી છે તે માટે મંડળ

તેઓને ધન્યવાદ આપે છે કેમકે જ્ઞાન માર્ગે જે દ્રવ્યનો સદુપયોગ કરે છે તેજ સ્વ અને પરને હીતકરતા છે.

આ ઉપયોગી અને દળદાર ગ્રન્થની માત્ર ૦—૪—૦ જેવી નજીવી કીંમત રાખી છે છતાં પણ યોગ્ય જ્ઞાન ભંડાર અને પૂજ્ય મુનિરાજોને સહાયક તરફથી ભેટ આપવાનો નિર્ણય કર્યો છે. મંડળ કોઇ પણ પ્રકારના દ્રવ્ય લોભ માટે નહિ પણ માત્ર યોગ્ય ગ્રન્થોના પ્રકટાર્થે પોતાની શક્તિનો ઉપયોગ કરતું હોવાથી તેની મારફતે કોઇ પણ ગૃહસ્થને કંઇ કાર્ય કરાવવું હિતકારક જણાય તો તેની માગણીનો મંડળ સ્વીકાર કરવા ઘણી ખુશીથી તૈયાર રહે છે એમ જણાવી આ નિવેદન સમાપ્ત કરીએ છીએ.

मुंबाई—चंपागली.
जेष्ट सुद २.
सं. १९७२.

ली.

अध्यात्मज्ञान प्रसारक मंडळ.

# શ્રી સુખસાગરજી મહારાજશ્રીની ગૃહસ્થાવાસના કુટુંબની વંશાવળી.

- અચલશા.
  - મયાચંદશા.
    - કેવળશા.
      - ત્રીભોવનદાસ.
      - જેઠાશા.
      - નાહાનચંદશા.
        - ચુનીલાલ.
        - મોતીલાલ.
    - ફુલચંદશા.
      - આલમચંદશા.
        - સાંકળચંદશા. (સુખસાગરજી)
- મોતીશા.
- ઊમેદશા.
- લાલચંદશા.
  - ભાઊશા.
  - કલાણુચંદ.
  - મગનદાસ.
    - ચંપાલાલ.
    - બાબુલાલ.
      - જમનાલાલ.
      - પનાલાલ.
  - રતનચંદ.

ॐ नमः

# जैनश्वेताम्बर
# तपागच्छीय सागरशाखानी पट्टावलि.

---

## चोविशमा तीर्थंकर श्री महावीरप्रभु.

આજથી ૨૪૪૨ પૂર્વે થયા.

१ તેમના પટ્ટે—श्री सुधर्मास्वामिजी गणधर.

२ तत्पट्टे श्री जंबुस्वामिजी.

३ तत्पट्टे श्री प्रभवस्वामिजी.

४ तत्पट्टे श्री शय्यंभवसूरिजी.

५ तत्पट्टे श्री यशोभद्रसूरिजी.

६ तत्पट्टे संभूतिविजय तथा भद्रबाहुस्वामिजी.

७ तत्पट्टे स्थूलभद्रजी महाराज.

८ तत्पट्टे श्री आर्य्यसुहस्तिसूरि.

( સંપ્રતિરાજાના પ્રતિબોધક )

આઠ પાટ પર્યન્ત निर्ग्रन्थगच्छ નામ આપ્યું.

९ तत्पट्टे सुस्थित અને सुप्रतिबद्धसूरि.

१० तत्पट्टे इन्द्रदिन्नसूरिजी.

११ तत्पट्टे श्री दिन्नसूरिजी.

१२ तत्पट्टे सिंहगिरिसूरिजी.

१३ तत्पट्टे श्री वज्रस्वामिजी महाराज.

१४ तत्पट्टे श्री वज्रसेनसूरिजी.

१५ तत्पट्टे चन्द्रसूरिजी.

१६ तत्पट्टे सामन्तभद्रसूरिजी.

१७ तत्पट्टे वृद्धदेवसूरिजी.

१८ तत्पट्टे प्रद्योतनसूरिजी.

१९ तत्पट्टे मानदेवसूरिजी.

२० तत्पट्टे मानतुंगसूरिजी.

२१ तत्पट्टे श्री वीरसूरिजी.

२२ तत्पट्टे श्री जयदेवसूरिजी.

२३ तत्पट्टे देवानन्दसूरिजी

२४ तत्पट्टे श्री विक्रमसूरिजी.

२५ तत्पट्टे श्री नरसिंहसूरिजी.

२६ तत्पट्टे श्री समुद्रसूरिजी.

२७ तत्पट्टे श्री मानदेवसूरिजी.

२८ तत्पट्टे श्री विबुधप्रभसूरिजी.

२९ तत्पट्टे श्री जयानन्दसूरिजी.

३० तत्पट्टे श्री रविप्रभसूरिजी.

३१ तत्पट्टे श्री यशोदेवसूरिजी.

३२ तत्पट्टे श्री प्रद्युम्नसूरिजी.

३३ तत्पट्टे श्री मानदेवसूरिजी.

३४ तत्पट्टे श्री विमलचन्द्रसूरिजी.

३५ तत्पट्टे श्री उद्योतनसूरिजी—

(આ આચાર્યના સમયમાં સંવત ૯૯૫ માં વડગચ્છઆદિ ચોરાશી ગચ્છ નીકળ્યા.)

३६ तत्पट्टे श्री सर्वदेवसूरिजी.

३७ तत्पट्टे श्री देवसूरिजी.

३८ तत्पट्टे श्री सर्वदेवसूरिजी.

३९ तत्पट्टे श्री यशोभद्रसूरिजी.

४० तत्पट्टे श्री मुनिचन्द्रसूरिजी.

४१ तत्पट्टे श्री अजितदेवसूरिजी.

४२ तत्पट्टे श्री विजयसिंहसूरिजी.

४३ तत्पट्टे श्री सोमप्रभसूरिजी.

४४ तत्पट्टे श्री जगच्चन्द्रसूरिजी.

( સંવત ૧૨૮૫ માં તપાગચ્છસ્થાપક. )

४५ तत्पट्टे श्री देवेन्द्रसूरिजी.

४६ तत्पट्टे श्री धर्मघोषसूरिजी.

४७ तत्पट्टे श्री सोमप्रभसूरिजी.

४८ तत्पट्टे श्री सोमतिलकसूरिजी.

४९ तत्पट्टे श्री देवसुंदरसूरिजी.

५० तत्पट्टे श्री सोमसुंदरसूरिजी.

५१ तत्पट्टे श्री मुनिसुन्दरसूरिजी.

५२ तत्पट्टे श्री रत्नशेखरसूरि.

५३ तत्पट्टे श्री लक्ष्मीसागरसूरिजी.

५४ तत्पट्टे श्री सुमतिसाधुसूरिजी.

५५ तत्पट्टे श्री हेमविमलसूरिजी.

५६ तत्पट्टे श्री आनन्दविमलसूरि.

( ક્રિયોદ્ધાર કર્તા. )

५७ तत्पट्टे श्री विजयानन्दसूरिजी.

५८ तत्पट्टे श्री हीरविजयसूरिजी.

( અકબર પ્રતિબોધક જગદ્ગુરૂ. )

५९ तत्पट्टे श्री सहजसागरोपाध्याय–

( તપાગચ્છ સાગરશાખા. )

६० तत्पट्टे श्री जयसागरजी उपाध्याय.

६१ तत्पट्टे श्री जितसागरगणि महाराज.

६२ तत्पट्टे श्री मानसागरजीगणि महाराज.

६३ तत्पट्टे श्री मयगलसागरजी महाराज.

६४ तत्पट्टे श्री पद्मसागरजी महाराज.

સંવત ૧૮૨૫ અષાડ સુદિ ૧૧ મેડતામાં સ્વર્ગગમન.

६५ तत्पट्टे श्री सुज्ञानसागरजी महाराज.

સંવત ૧૮૩૮ શ્રાવણ સુદિ ૫ સ્વર્ગગમન ઉદેપુરમાં.

६६ तत्पट्टे श्री सरूपसागरजी महाराज.

સંવત ૧૮૬૬ પોષ સુદિ બીજે પાલીમાં સ્વર્ગગમન.

६७ तत्पट्टे श्री नाणसागरजी (ज्ञानसागरजी) महाराज.

સંવત ૧૮૮૭ ભાદરવા વદિ ૧૪ પાક્ષિક પ્રતિક્રમણમાં અજીત-
શાંતિ કહેતાં સ્વર્ગગમન ઉદેપુરમાં.

६८ तत्पट्टे श्री मयासागरजी महाराज.

સંવત ૧૮૮૭થી ૧૯૦૭ સુધી પટ્ટધર. સ્વ. (અમદાવાદમાં).

६९ तत्पट्टे श्री नेमिसागरजी महाराज.

સંવત ૧૯૦૭ થી ૧૯૧૩ સુધી પટ્ટધર. સ્વ. મુજપરમાં.

७० तत्पट्टे श्रीमान् रविसागरजी महाराज.

સંવત ૧૯૧૩ થી ૧૯૫૪ સુધી પટ્ટધર. સ્વ. મેહસાણામાં.

७१ तत्पट्टे श्रीमान् सुखसागरजी महाराज.

સંવત ૧૯૫૪ થી ૧૯૬૯ સુધી પટ્ટધર. સ્વ. અમદાવાદમાં.

७२ तत्पट्टे श्री शास्त्रविशारद योगनिष्ठजैनाचार्य बुद्धि-
सागरसूरि. સંવત ૧૯૬૯ થી પટ્ટધર.

## ૫૮ તપાગચ્છીય શ્રી હીરવિજય સૂરિથી નીકળેલ તપાગચ્છસાગર શાખા સંબંધી વિશેષ વર્ણન કરવામાં આવે છે.

૫૯ **श्रीमान् सहजसागर उपाध्यायः**—શ્રી હીરવિજય સૂરિના શાસનકાલમાં શ્રી સહજસાગરજી પ્રસિદ્ધ ઉપાધ્યાય થયા છે. શ્રી હીરવિજય સૂરિજીના શાસનપત્રોમાં તેમનું મત લખવામાં આવે છે તેથી તેમની પ્રતિષ્ઠા, કીર્તિ, વિદ્વત્તા અને મહત્તાનો સહેજે ખ્યાલ આવી શકે છે. તેઓશ્રી મહા વિદ્વાન્ હતા તેની સાથે ઉચ્ચ ક્રિયાપાત્ર અને તપાગચ્છની શોભાના કરનાર હતા.

૬૦ **श्रीमान् जयसागरजी उपाध्यायः**—શ્રી જયસાગરજી મહારાજ વૈરાગી, ત્યાગી, શાન્ત, ધ્યાની અને અપૂર્વ વિદ્વાન્ હતા, તથા સાધુઓને આગમોનો સારી રીતે અભ્યાસ કરાવનાર હતા.

૬૧ **श्रीमान् मानसागरगणिः**—શ્રી માનસાગરગણિજી આત્માર્થી, વૈરાગી અને આગમોના જ્ઞાતા હતા. સ્વસાધુઓને સારણાદિક કરવામાં કુશળ હતા.

૬૨ **जितसागरजीः**—શ્રીમદ્ મુનિરાજ જિતસાગરજી શાન્ત હતા. પંચમહાવ્રત પાળવામાં સદોદ્યમી હતા. યથાશક્તિથી

વ્રત–તપાદિમાં પ્રવૃત્તિ કરતા હતા. તેઓ ગામોગામ વિહા-
રમાં તત્પર રહેતા હતા.

૫૩ **શ્રી મયગલસાગરજીઃ**—શ્રીમદ્ જિતસાગરજીએ વીશ-
નગરના શ્રાવકને પ્રતિબોધી દીક્ષા આપી **મયગલ (મઙ્ગલ)
સાગરજી** નામ આપ્યું. શ્રી મયગલસાગરજી ચારિત્ર પા-
ળવામાં શૂરા હતા. શ્રી મયગલસાગરજી ગામોગામ વિહાર
કરતા કરતા નાગપુર પધાર્યા. નાગપુરમાં અમદાવાદના
શ્રાવક પ્રેમચંદભાઈ વ્યાપાર કરવા આવ્યા હતા. તેમને
પ્રતિબોધી દીક્ષા આપી **પદ્મસાગરજી** નામ આપ્યું.
ગુરૂશ્રી મયગલસાગરજી અને તેમના શિષ્ય પદ્મસાગરજી
બન્ને મહા વિદ્વાન્ હતા. તેમના ઉપદેશથી જૈનોને ધર્મનો
અત્યંત લાભ પ્રાપ્ત થયો. શ્રી પદ્મસાગરજી આગમો અને
અન્ય દર્શનીય તત્ત્વોના જ્ઞાતા હતા.

૫૪ **શ્રી પદ્મસાગરજીઃ**—શ્રી મયગલસાગરજીના શિષ્ય પદ્મ-
સાગરજીએ અનેક શહેરો અને ગામોમાં વિહાર કરી
જૈનોને પ્રતિબોધ દેવામાં સારી રીતે આત્મભોગ આપ્યો.
શ્રી પદ્મસાગરજીએ સંગ્રામગઢના રહેવાશી શ્રાવકને દીક્ષા
આપી **સુજ્ઞાનસાગરજી** નામ આપ્યું અને નાગોરના
શ્રાવકને પ્રતિબોધી દીક્ષા આપી સ્વરૂપસાગરજી નામના
બીજા શિષ્ય કર્યા. શ્રી પદ્મસાગરજી સ્વર્ગગમન પશ્ચાત્

**શ્રી સુજ્ઞાનસાગરજીને પટ્ટધર** તરીકે સ્થાપવામાં આ-વ્યા. સ્વરૂપસાગરજીને પોતાની સાથે લેઈ પદ્મસાગરજીએ મારવાડમાં વિહાર કર્યો અને ત્યાં પ્રસરેલી શિથિલતાનો નાશ કરવા ઉપદેશ દીધો.

૬૫ **સુજ્ઞાનસાગરજીઃ**—શ્રી પદ્મસાગરજી મહારાજે સં. ૧૮૨૫ ના અસાડ સુદિ ૧૧ ના રોજ મેડતામાં સ્વર્ગગમન કર્યું. પોતાના પટ્ટપર પ્રથમ વિદ્વાન્ શિષ્ય શ્રી સુજ્ઞાનસાગરજીને સ્થાપન કરી સ્વર્ગમાં પધાર્યા. શ્રી સુજ્ઞાનસાગરજીએ સં. ૧૮૧૭ વૈશાખ સુદિ ૧૦ ના દિવસે શ્રી ઉદેપુરના સંઘના આગ્રહથી શ્રી અજિતનાથજીની અંજનશલાકા કરાવી. સં. ૧૮૧૯ ના માઘ સુદિ ૫ ના રોજ ઉદેપુરમાં સંઘના આગ્રહથી શ્રી સુજ્ઞાનસાગરજીએ પદ્મનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાવી. પ્રતિષ્ઠા શબ્દથી સાધુ ગુરૂને યોગ્ય મંત્ર, ન્યાસ, વાસક્ષેપ ઇત્યાદિ ક્રિયાઓ અવબોધવી.

સુજ્ઞાનસાગરજીએ શ્રી સંગ્રામગઢથી જીર્ણ ગ્રન્થો મંગાવી ઉદેપુરના જ્ઞાનભંડારની વૃદ્ધિ કરી. શ્રી સુજ્ઞાનસાગરજીએ પાટ-ણના શ્રાવકને પ્રતિબોધી દીક્ષા આપી **શ્રી ભાવસાગરજી** નામ સ્થાપ્યું અને એક ઉદેપુરની શ્રાવિકાને પ્રતિબોધી દીક્ષા આપી **મયણશ્રી** નામ આપ્યું. શ્રી સુજ્ઞાનસાગરજીએ સં. ૧૯૩૮ શ્રાવણ સુદિ પાંચમના રોજ સ્વર્ગગમન કર્યું.

૫૬ **तत्पट्टे श्री स्वरूपसागरजीः**—શ્રી સુજ્ઞાનસાગરજીએ સ્વપટ્ટની ગુરૂભ્રાતા શ્રી સ્વરૂપસાગરજીને ભલામણ કરી, શ્રી પદ્મસાગરજીના દ્વિતીય શિષ્ય સરૂપસાગરજી હતા. શ્રી સ્વરૂપ-સાગરજીએ હરશોળના એક શ્રાવકને દીક્ષા દેઈ તેનું નામ **नाणसागरजी** ( જ્ઞાનસાગરજી ) આપ્યું. સુજ્ઞાનસાગરજી પોતાના શિષ્ય નાણસાગરજીને સાથે લેઈ મારવાડમાં શહેરો શહેર અને ગામોગામ વિહાર કરવા લાગ્યા, અને અનેક જૈનોને પ્રતિબોધ આપી શ્રુતધર્મમાં તથા વિરતિધર્મમાં સ્થિર કર્યા. શ્રી સ્વરૂપસાગરજીએ જૈનધર્મની ઝાહોઝલાલી પ્રવર્તાવવા આત્મભોગ આપવામાં બાકી રાખી નથી. શ્રી સ્વરૂપસાગરજીએ સં. ૧૯૬૬ ના પોષ સુદિ બીજના રોજ શ્રીપાલી શહેરમાં સ્વર્ગગમન કર્યું.

૫૭ **श्री नाणसागरजी, श्री ज्ञानसागरजीः**—મુનિરાજ શ્રી સ્વરૂપસાગરજીની પાટે તેમના શિષ્ય શ્રી નાણસાગરજી ( જ્ઞાનસાગરજી ) થયા. શ્રી નાણસાગરજી મારવાડ અને મેવાડમાં વિચરીને ગામોગામ ઉપદેશ દેતા દેતા શ્રી ગુર્જર દેશમાં પધાર્યા અને દમણના રહેવાશી શ્રાવકને પ્રતિબોધી દીક્ષા આપી **निधानसागरजी** નામના પ્રથમ શિષ્ય કર્યા અને જોધપુરના રહેવાશી એક યતિજીને દીક્ષા આપી **मयासागरजी** નામના બીજા શિષ્ય કર્યા. સંવત્ અઢા-

 

રની શાલમાં સાધુઓમાં શિથિલાચારે પ્રવેશ કર્યો હતો, પરંતુ તપાગચ્છની સાગરશાખામાં શિથિલતાએ પ્રવેશ કર્યો નહોતો. સાગરશાખામાં પટ્ટપરંપર સારી રીતે સંયમ માર્ગ વહન થતો હતો. **શ્રી સુજ્ઞાનસાગરજી**ના શિષ્ય **શ્રી ભાવસાગરજી**એ ઉદેપુરના મહારાણા **ભીમસિંહજીને** જૈનધર્મનો ઉપદેશ આપ્યો. મહારાણા **શ્રી ભીમસિંહજી** પંડિતોનું સારી રીતે માન સન્માન કરતા હતા. શ્રીમદ્ ભાવસાગરજીના ઉપદેશથી મહારાણા ભીમસિંહજીને જૈન-ધર્મપર શ્રદ્ધા થઇ હતી. જિનેશ્વર અને ગુરૂનાં દર્શન કરવા તથા વ્યાખ્યાન સાંભળવા તેઓ વારંવાર આવતા હતા. મહારાણા ભીમસિંહજીએ ઉપાશ્રય પાસે ગજશાળાની જગ્યાને જિનમન્દિર બાંધવા માટે બક્ષીસ આપી. આ વખતે ઢુંઢક મત તથા તેરાપંથી મત પ્રાયઃ ઉદેપુરમાં નહોતો. શ્રી ઉદે-પુરના સંઘે શ્રી ભાવસાગરજી પાસે સં. ૧૮૪૭ ના વૈશાખ સુદિ ૧૦ ના રોજ સહસફણાજી આદિ પ્રતિમાઓની અંજનશલાકા કરાવી. ઉદેપુરના સહસફણા પાર્શ્વનાથજીની પ્રતિમા જેવી પ્રતિમા અન્યત્ર દેખવામાં આવતી નથી. તે મંદિરમાં **શ્રી સુજ્ઞાનસાગરજી**ની **પાદુકા**ની પ્રતિષ્ઠા કરી પધરાવી. સં૦ ૧૮૫૦ માં શ્રી ભાવસાગરજીએ શ્રી વિકાનેર વગેરે સ્થળોથી પ્રાચીન ગ્રન્થો લાવીને ઉદેપુરના

ભંડારની વૃદ્ધિ કરી. સંવત્ ૧૮૭૭ ના કારતક વદિ અમાવાસ્યાના દિવસે ઉદયપુરમાં ભાવસાગરજીએ સ્વર્ગગમન કર્યું. શ્રી નાણુસાગરજીએ ગુજરાત, મારવાડ, અને મેવાડ વગેરે દેશોમાં ફરી ઉત્કૃષ્ટ વિહાર કરી અનેક ભવ્ય જીવોને ઉપદેશ આપ્યો. શ્રી નાણુસાગરજી શાંત, વૈરાગી, ત્યાગી, ક્રિયાપાત્ર, જ્ઞાની અને અપ્રતિબદ્ધ વિહારી હતા. શ્રી નાણુસાગરજીએ પાટણ, ખંભાત, સુરત, અમદાવાદ અને પાલીતાણા વગેરેથી પ્રાચીન ગ્રન્થોને લાવી ઉદેપુરના જ્ઞાનભંડારની વૃદ્ધિ કરી. સં. ૧૮૮૩ ની સાલમાં શ્રી નાણુસાગરજી પોતાના શિષ્ય નિધાનસાગરજી તથા મયાસાગરજીની સાથે અમદાવાદ, પાટણ વગેરે થઈ ઉદેપુરમાં પધાર્યા. સં. ૧૮૮૭ ના ભાદરવા વદિ ૧૪ ના રોજ પાક્ષિક પ્રતિક્રમણ મધ્યે શ્રી અજિતશાંતિ સ્તવન કહેતાં કહેતાં શ્રી નાણુસાગરજીએ ઉદેપુરમાં સ્વર્ગગમન કર્યું. શ્રી નાણુસાગરજીએ સ્વપટ્ટપર વિદ્યમાન અને યોગ્ય એવા **શ્રી મયાસાગરજીને** છેવટે સ્વપટ્ટધર સ્થાપ્યા.

૬૮ **શ્રી મયાસાગરજી:**—શ્રી મયાસાગરજી પ્રથમ જોધપુરના યતિ હતા. જેમને શ્રી નાણુસાગરજીએ ઉપદેશ આપી શિથિલાચારથી દૂર કરી દીક્ષા આપી **સ્વશિષ્ય** તરીકે સ્થાપન કર્યા. શ્રી મયાસાગરજીએ સ્વગુરૂ મહારાજ શ્રી નાણુસાગરજીની વૈયાવચ્ચ કરીને તથા તેમનાં પાસાં વેઠીને

આગમોનું અને શુદ્ધ સમાચારીનું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. શ્રી મયાસાગરજી મહારાજ સ્વભાવે અત્યંત શાન્ત અને ગંભીર હતા. તેઓશ્રી મેવાડ અને મારવાડમાં જોધપુર વગેરે તરફ વિહાર કર્યો અને જૈનોને ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. તેઓશ્રી નાની મારવાડ વગેરે દેશોમાં વિચરી ઉપદેશ દેઈ ગુજરાતમાં પ્રવેશ કર્યો. આ વખતે ગુજરાતમાં યતિયો શિથિલાચારી થયા હતા અને અન્ય સંઘાડાના સાધુઓમાં પણ કંઇ કંઇ અંશે શિથિલાચાર વધતો જતો હતો. તેઓશ્રી ગુજરાતના પાટનગર શ્રી અમદાવાદમાં આવ્યા અને હાલ જે સાગરગચ્છનો ઉપાશ્રય છે ત્યાં તેઓશ્રી ઉતર્યા. તેઓશ્રી ગુજરાતમાં બીજી વારના આવ્યા ત્યારે વૃદ્ધ થયા હતા. તેમણે શિથિલતા દૂર કરવાને કમર કસી પણ વૃદ્ધ હોવાથી અન્યની સાહાય્ય વિના વિશેષ કાર્ય બજાવી શક્યા નહિ છતાં તેમણે ઉદ્યમનો ત્યાગ કર્યો નહિ. છેવટે શિથિલાચાર હઠાવવામાં વિજયી બન્યા.

શ્રી મયાસાગરજી શરીરે ઉંચા અને ઘહુવર્ણા હતા, તેમની વાણી સુકોમલ અને પ્રમાણિક હતી. પ્રાયઃ દરરોજ તેઓ એક વખત આહાર કરતા હતા. શ્રી નેમિસાગરજી મહારાજે જ્યારે તેમની પાસે દીક્ષા અંગીકાર કરી ત્યારે તેઓ લગભગ સિત્તેર વર્ષની વયના હતા. તેઓએ સાણંદ, ગોધાવી,

વિજાપુર, માણસા, પેથાપુર, વિરમગામ અને રામપુરા વગેરે ગામોમાં વિહાર કર્યો હતો. તેઓશ્રી આત્મધ્યાનમાં તત્પર રહેતા હતા. સાણંદના શા. ગકુલભાઇ સાંકળચંદ શેઠ વગેરેને તેઓએ સટ્ટો નહિ કરવાની બાધા આપી હતી. તેઓશ્રીની વૃદ્ધાવસ્થા છતાં તેમણે વિહાર પ્રવૃત્તિ સેવી હતી. ચારિત્રમાર્ગની શુદ્ધિપર તેમનું વિશેષ લક્ષ્ય હતું. તેથી તેમણે શ્રી નેમિસાગરજી મહારાજને ગુર્જરક્ષેત્રમાં થએલી શિથિલતા સંબંધી ક્રિયોદ્ધારની પ્રવૃત્તિમાં ઉત્સાહિત કર્યા હતા. શ્રીપૂજ્યો તત્સમયમાં શિથિલ થયેલા હોવાથી તેમણે ક્રિયોદ્ધારપરત્વે વિશેષ લક્ષ્ય દીધું અને પોતાની વૃદ્ધાવસ્થા હોવાથી સ્વશિષ્ય ઉત્કૃષ્ટ ચારિત્રપાલક નેમિસાગરજીને ગુજરાતમાંથી શિથિલતા દૂર કરાવવા પ્રવૃત્તિ કરાવી. શ્રી મયાસાગરજી સ્વભાવે શાન્ત અને તત્સમયમાં સર્વેમાં પ્રતિષ્ઠાવંત ગણાતા હતા. ચારિત્રમાર્ગના પૂર્ણ રાગી હતા. તેથી તેમની પાસે શ્રી નેમિસાગરજી મહારાજે દીક્ષા અંગીકાર કરી હતી. સં૦ ૧૯૦૪ નું ચોમાસું તેઓએ નેમિસાગરજીસહ સાણંદમાં કર્યું હતું. તત્સમયે સાણંદમાં ઘણા ગોટાળા હતા. જૈનો ધર્મની બાબતમાં ઘણા શિથિલ હતા. શ્રી મયાસાગરજી અને નેમિસાગરજીની ઉત્કૃષ્ટ ચારિત્રપાલન પ્રવૃત્તિથી ગોરજીઓનું જોર હઠતું ગયું અને સાણંદના ત્રણે ગચ્છના જૈનોની શ્રી મયાસાગરજી અને શ્રી નેમિસાગરજીપર

શ્રદ્ધા—ભક્તિ વધવા લાગી. સાણંદમાંથી હુકા પીવાનો કુરીવાજ વાસીબોળો વગેરે ધર્મહાનિકર કુરિવાજોનો નાશ કરાવ્યો. સાણંદ અને ગોધાવીના સંઘની તેમના પ્રીતિ શ્રદ્ધા વધવા લાગી. અમદાવાદમાં શ્રી પૂજ્યે શ્રી નેમિસાગરજી મહારાજને સાહાય્ય ન આપવા સંબંધી સાણંદ ગોધાવીના સંઘને જણાવ્યું; પરંતુ તેઓએ તે વાત ગણકારી નહિ, તેમજ નેમિસાગરજી મહારાજના તેઓ ભક્ત શ્રાવકો બની ક્રિયોદ્ધારમાં ભક્તિવડે સાહાય્યકારી થયા. સાણંદ અને ગોધાવીના સંઘને તેમણે સંવેગ પક્ષમાં આણ્યો. પશ્ચાત્ વીરમગામ, માંડલ, મેહસાણા, પેથાપુર, માણસા, વિજાપુર વગેરેના સંઘને સંવેગપક્ષના ભક્તિરાગમાં આણ્યા. શ્રી નેમિસાગરજી મહારાજને શ્રી મયાસાગરજી મહારાજે અનેક શુભ શિક્ષાઓ તથા ગુર્વામ્નાયો આપી હતી તેથી તેઓએ શિથિલાચાર નિવાર્યો, શ્રી મયાસાગરજી મહારાજે વીરમગામ, અમદાવાદ, સાણંદ, રામપુરા, એ ચાર ગામમાં વિશેષ ચોમાસાં કર્યાં હતાં. શ્રી મયાસાગરજીનો અમદાવાદમાં સં. ૧૯૦૭ માં દેહોત્સર્ગ થયો. તેઓશ્રી સં. ૧૮૬૦ સુધીના યતિયો, શ્રી પૂજ્યો વગેરેના અનુભવી હતા. શ્રી મયાસાગરજી મહારાજજી દ્રવ્ય, ક્ષેત્ર, કાલભાવના ઘણા અનુભવી હતા. શ્રી વીરમગામમાં શ્રીમદ્ મયાસાગરજી મહારાજે અનેક સુધારા કરાવ્યા હતા. માંડલમાં તેઓશ્રીએ વિહરી શ્રાવકોને સત્ય ચારિત્ર માર્ગના

રાગી કર્યા હતા. પેથાપુર, વિજાપુર, માણુસા વગેરે શહેરોમાં તેઓશ્રીએ અનેક જૈનોને સંવેગપક્ષમાં આણ્યા હતા. અમદાવાદમાં શેઠ સુરજમલ, નગરશેઠ હેમાભાઇ વગેરે અગ્રગણ્ય શેઠીયાઓને શુદ્ધ સંવેગમાર્ગનો ઉપદેશ દીધો હતો. શ્રી પૂજ્યો વગેરેના જોરથી શ્રીમદ્ મયાસાગરજીપર જરા માત્ર અસર થઇ નહિ. શ્રીમદ્ મયાસાગરજીએ ૧૮૭૦ લગભગમાં દીક્ષા લીધેલી હોવી જોઇએ એમ શ્રીમદ્ નાણુસાગરજીના ચરિત્રપરથી નિર્ણય થાય છે અને તેમના સંબંધી ચાલતી કિંવદન્તીઓથી નિર્ણય થાય છે. શ્રીમદ્ મયાસાગરજીમાં એ ખૂબી હતી કે તેઓશ્રીની પાસે આવનારનું મન તથા અધિકાર પારખી તેને તુર્ત ધર્મપ્રવૃત્તિમાં યુક્ત કરતા હતા. તેઓશ્રીની ઉપદેશ દેવાની એવી સરસ ખૂબી હતી કે તેમની પાસે આવનારના હૃદયમાં સદ્-વર્તનની અસર થયા વિના રહે નહિ. તેમના સમયમાં શ્રી પૂજ્યો અને યતિયોનું અમદાવાદ વગેરેમાં પુષ્કળ જોર હતું છતાં તેમણે ચારિત્રમાર્ગની શિથિલતા દૂર કરવાના પ્રયત્નોમાં આગળ વધ્યા. તે ઉપરથી સમજાય છે કે તેઓ ખંતીલા, સત્યાગ્રહી અને દીર્ઘ દૃષ્ટિમાન્ હતા. તેમનામાં ચારિત્રપ્રવૃત્તિનો ઉત્સાહ અને વૈરાગ્યબળ એવું હતું કે તેની અસરથી ગુજરાતના જૈનો જાગ્રત્ થયા. અમદાવાદ, પાટણ, મેહસાણા, વિજાપુર, માણુસા, પેથાપુર, સાણુંદ, વીરમગામ, રામપુરા, અને પાલનપુર

વગેરેના ૮૦—૯૦ વર્ષના જે જે શ્રાવકો અમને તથા અમારા ગુરૂશ્રીને મળેલા તેઓશ્રી મયાસાગરજીની મુક્ત કંઠે પ્રશંસા કરે છે. સં. ૧૯૦૬ ની સાલ શ્રી મયાસાગરજી મહારાજજી માણસામાં શેઠ મોતિચંદ કૃષ્ણાજીની ધર્મશાળામાં આવી ઉતર્યા હતા અને ચોમાસું કર્યું હતું એમ માણસાના શ્રાવક વૃદ્ધ શા. વહાલચંદ વસ્તાચંદ જણાવે છે. તેઓશ્રીએ શ્રાવકોને સારી રીતે વિધિપૂર્વક આંબીલની ઓળી કરવાની શિક્ષાઓ આપી ટકાવી હતી. હોકા વગેરે કુવ્યસનોનો ત્યાગ કરાવ્યો હતો. માણસામાં વિજાપુર અને પેથાપુર વગેરેમાં તેઓએ વ્યાખ્યાન વાંચીને ઘણા ઘોંટાળા દૂર કરાવ્યા હતા. રામપુરાના શેઠ અમૃતલાલ (અમથાલાલ) ગુલાબચંદે શ્રી મયાસાગરજી મહારાજ પાસે જૈન ગ્રન્થોનો અભ્યાસ કર્યો હતો. માણસામાં જ્યારે મયાસાગરજીએ ચોમાસું કર્યું ત્યારે રામપુરાથી અમથાલાલ શેઠ ભણવા માટે ભાવથી ગુરૂ પાસે આવ્યા હતા. શ્રી મયાસાગરજીએ અમદાવાદમાં સં. ૧૯૦૭ ની સાલમાં સ્વર્ગગમન કર્યું.

**૧૯. શ્રીમયાસાગરજીપટ્ટધર શ્રીમાન્ મુનિરાજ**

શ્રી મયાસાગરજી મહારાજે પોતાના પટ્ટપર શ્રી નેમિસાગરજી મહારાજને સ્થાપન કર્યા. ગુજરાતમાં યતિવર્ગ વગેરેમાં જે ચારિત્રમાં શિથિલતા વર્તતી હતી તેને દૂર કરવામાં ક્રિયોદ્ધારક તરીકે પ્રસિદ્ધિ પામેલા અને વીશમા

**શ્રી નેમિસાગ-** સૈકાની આદમાં મુનિધર્મની વાનગીના દેખા-
**રજી.** ડનાર આ પ્રસિદ્ધ મુનિરાજ હતા. સૂરજમલ શેઠ, રૂખમણી શેઠાણી, દલપતભાઇ ભગુભાઇ વગેરે તેમની શ્રદ્ધાવાળા ઘણા ભક્ત જૈનો અમદાવાદમાં હતા. રૂખમણી શેઠાણીએ શ્રી નેમિસાગરજી મહારાજ વસતિનો લાભ લઈ શકે એવા હેતુથી પાંજરાપોળનો ઉપાશ્રય કરાવ્યો હતો. પરંતુ તેમાં તેઓ ઉતરતા નહોતા. શ્રી નેમિસાગરજી મહારાજને સાબરમતી નદી ઉતરતાં એક કલાક થતો હતો. પ્રતિક્રમણ કરતાં અઢી વા ત્રણ કલાક થતા હતા. નવકલ્પી વિહારને તેમણે આચારમાં મૂકી બતાવ્યો હતો. ધર્મક્રિયામાં ઘણા તીક્ષ્ણ હતા. તેથી શ્રાવકોનું આકર્ષણ કરીને તેમણે ગુજરાતમાં ક્રિયોદ્ધાર કરી શિથિલતાને હઠાવી દીધી હતી. તેઓ શ્રી ઉભાઉભા પ્રતિક્રમણ કરતા હતા. ગોચરીના દોષ ટાળવામાં તેમના સમાન તે કાલમાં અન્ય કોઇ નહોતા. સંસારીપણામાં ન્યાયસંપન્ન વૈભવમાં તેમણે પરિપૂર્ણ લક્ષ્ય દીધું હતું. મારવાડ દેશના પાલી ગામના રહેવાશી તેઓ હતા. કેટલાક કહે છે કે તેઓ જોધપુરના રહેવાશી હતા. તેઓ જાતે ઓશવાળ હતા. વેરાગી, ત્યાગી, ખાખી તરીકે તેઓ પ્રખ્યાત થયા હતા. તેમના વખતમાં શ્રી રૂપવિજયજી, વીરવિજયજી, ઉદ્યોતવિજયજી, મણિવિજયજી, અમરવિજયજી અને ઉદ્યોતવિમલજી વગેરે પ્રખ્યાત

મુનિયો હતા. તેઓ સર્વે ધર્મક્રિયામાં તીક્ષ્ણ તરીકે શ્રી નેમિ-સાગરજીની પૂર્ણ પ્રશંસા કરતા હતા. તેમણે ગુજરાતદેશમાં ઘણા સુધારા કર્યા. ચુલાપર ચંદરવો બાંધવો. ગોળામાંથી પાણી લેવામાટે ડોઇ રાખવી. પૂંજણીઓ રાખવી વગેરે તેમણે સુધારાઓ કર્યા હતા. નગરશેઠ શેઠ હેમાભાઇ જેવા મોટા આગેવાન શેઠીયાઓ તેમની સખ્ત ક્રિયાથી મુક્ત કંઠે પ્રશંસા કરતા હતા. વાડીવાળા મગનલાલ મૂલચંદભાઇ તથા શેઠ જે-શંગભાઈ હઠીશંગ તો એમ કહેતા હતા કે અમદાવાદમાં સુસાધુ-પણું આચારમાં મૂકીને સાધુપણું બતાવનાર શ્રી નેમિસાગરજી હતા. નરોડામાં શ્રી નેમિસાગરજી મહારાજના આશીર્વાદથી શેઠ દલપતભાઈ ભગુભાઇ વીશલાખની આશામી થયા હતા. તેમણે શેઠ દલપતભાઇ ભગુભાઇને તથા શેઠ પ્રેમાભાઈ હેમાભાઇને મીલ ન કરવાની બાધા આપી હતી અને તે પ્રમાણે બન્નેએ પાળી હતી. શ્રી નેમિસાગરજી મહારાજને પદ્માવતીની સાહાય્ય હતી. શેઠ દલપતભાઈ ભગુભાઈની માતા હરકોર શેઠાણીને શ્રી નેમિસાગરજી મહારાજપર પૂર્ણ શ્રદ્ધા હતી તેથી તેમણે દલપતભાઇ શેઠને આશીઃ આપી હતી. પાલણપુર, મેસાણા, વડનગર, ઉંઝા, વિસનગર, ખેરાળુ, ચાણસમા, પાટણ, વિજા-પુર, માણસા, પેથાપુર, વીરમગામ, માંડલ, રાધનપુર, સાણંદ, ઇડર, વસો, રામપુરા, સમી, મુંજપર, માંડલ, પાટડી અને

પ્રાંતિજ, વગેરે ઘણે ઠેકાણે તેઓ વિચર્યા હતા. તેમના ઉપદેશની જૈનોપર સજ્જડ અસર થતી હતી. સાધુના ગુણોની તેઓશ્રી મૂર્તિરૂપ હતા. પિસ્તાલીશ આગમોના આધારે ચારિત્ર પાળવું એજ ખાસ તેમનું લક્ષ્ય હતું. અમદાવાદમાં સૂરજમલના ડહેલામાં કે જે હાલ આંબલીપોળના ઉપાશ્રય તરીકે પ્રસિદ્ધ છે તેમાં તેઓ ઉતરતા હતા. આત્માર્થી ચમત્કારી મુનિએ સં. ૧૯૧૩ માં મુજપરમાં સ્વર્ગગમન કર્યું.

અમદાવાદમાં હેમાભાઈ નગર શેઠની પુત્રી રૂખમણી શેઠાણી હતી. રૂખમણી શેઠાણીનાં પગલાંથી હઠીભાઈની ચઢતી દશા થઈ હતી. રૂખમણી શેઠાણીને હેમાભાઈ શેઠે પોતે રૂખાશેઠ કહીને બોલાવતા હતા. તેનું કારણ એ હતું કે રૂખમણી શેઠાણી પુરૂષના જેવાં પરાક્રમી હતાં. એક વખત તેમણે વ્યાખ્યાનમાં શ્રાવકના ગુણો સાંભળ્યા તેથી તેમણે મુનિરાજને પૂછ્યું કે આકાલમાં કોઈ બારવ્રતધારી ઉત્તમોત્તમ શ્રાવક હશે ખરો? તેનો જવાબ મળ્યો કે પાલીમાં નગરાજજી શ્રાવક છે તે હાલ તેવા છે અમદાવાદ ઝવેરીવાડો, નીશાપોળના રહીશ શ્રાવક છોટાલાલ લખમીચંદ જણાવે છે કે શ્રી જિનચંદ્રસૂરિજી અમદાવાદમાં પાહીયાના ઉપાશ્રયે ઉતર્યા હતા. શ્રી જિનચંદ્રસૂરિએ સિદ્ધિગિરિપર કાગડા આવતા બંધ કરેલા હતા. શ્રી જિનચંદ્રસૂરિને રૂખમણી શેઠાણીએ પુછ્યું કે—શ્રાવકયોગ્ય જે જે

અંજનશલાકાની ક્રિયાઓ હોય તે કોના હાથે કરાવવી? શ્રી જિનચંદ્રસૂરિએ કહ્યું કે બારવ્રતધારી નગરાજજી શ્રાવક તે માટે યોગ્ય છે. શ્રી જિનચંદ્રસૂરિના કહેવાથી રૂખમણી શેઠાણીએ નગરાજજીને બોલાવ્યા. તેઓ શેઠ પાનાચંદભાઈની વાડીમાં ઉતર્યા, રૂખમણી શેઠાણીએ જોશી દીનાનાથ શાસ્ત્રી તથા પં. વીરવિજયજી પાસે અંજનશલાકાનું મુહૂર્ત કઢાવ્યું. શ્રી નેમિસાગરજી મહારાજે તેમના કાઢેલા મુહૂર્તમાં ભૂલ બતાવી. પરંતુ દેશાવરોમાં રૂખમણી શેઠાણીએ કંકોત્રીઓ લખેલી હોવાથી બીજુ મુહૂર્ત લેઈ શકાયું નહિ. શ્રી નેમિસાગરજીએ કહ્યું કે—જે મુહૂર્તે પ્રતિમાની પ્રતિષ્ઠા થશે તેજ સમયે સંઘમાં રોગથી નાસંનાસા થશે. તે પ્રમાણે સંઘમાં ભાગંભાગા થઈ—નગરાજજી. સં. ૧૯૦૧–૧૯૦૨ માં અમદાવાદ આવ્યા. નગરાજજીને નિયમ હતો કે મારી પાસે અમુક રૂપેયા છે તે ખાવાથી પૂર્ણ થાય એટલે દીક્ષા લેવી. નીતિ, પ્રમાણિકતા, વચન ટેક, વિધિમાર્ગના ખપી એવા શ્રી નગરાજજી વાડીમાં રહેવા લાગ્યા. એક દિવસ નગરાજજી પ્રતિક્રમણ કરતા હતા. પ્રતિક્રમણ કરતાં પ્રમાદ થઈ ગયો. તેથી નગરાજજીએ રસોઈયાને કહ્યું કે આજ ખાવામાં અન્યાયનું દ્રવ્ય આવ્યું હોય એમ લાગે છે. રૂખમણી શેઠાણીનો એક હઠી કરીને ગુમાસ્તો હતો તેને તેમણે પૂછ્યું. તેણે કહ્યું કે તમારા રસોઇયાને મેં પ્રેમથી છાનાંમાનાં મફત

આજ લાકડાં આપ્યાં છે. નગરાજજીએ કહ્યું કે એ અન્યાય થયો. ન્યાયસંપન્ન વૈભવથી ધર્મબુદ્ધિની શુદ્ધિ રહે છે અને પ્રમાદનો નાશ થાય છે. નગરાજજીએ તે વખતે વૈરાગી ત્યાગી એવા મયાસાગરજી નામના મુનિવર કે જેઓ સાગર ગચ્છના ઉપાશ્રયમાં રહેતા હતા. તેમની પાસે સંવત્ ૧૯૦૩ માં (કોઇના કહેવા પ્રમાણે સં. ૧૯૦૦) દીક્ષા અંગીકાર કરીને ગુજરાતમાં પ્રસરેલી ચારિત્ર શિથિલતાને હઠાવવારૂપ ક્રિયોદ્ધાર કર્યો. તેમનું નેમિસાગરજી એવું નામ પ્રસિદ્ધ થયું. રૂખમણી શેઠાણીને શ્રી નેમિસાગરજી મહારાજપર પૂર્ણ શ્રદ્ધા બેઠી હતી તથા શેઠ દલપતભાઈ ભગુભાઈની માતાને પૂર્ણ શ્રદ્ધા બેઠી હતી. એક વખતે હેમાભાઈ શેઠે રૂખમણી શેઠાણીને કહ્યું કે નગરાજજીએ અમદાવાદમાં વધરા ઘાલ્યા. વધરા ઘાલ્યા એમ કહેવાનું કારણ હતું કે શ્રી નેમિસાગરજી મહારાજના રાગી શ્રાવકો શિથિલાચારીઓને નમતા નહોતા તેથી યતિઓ-શ્રી પૂજ્યો વગેરે શ્રી નેમિસાગરજીની સામા થયા તેથી અમદાવાદના સંઘમાં બે પક્ષ પડયા હતા. આવું હેમાભાઈના કહેવાથી રૂખમણી શેઠાણીનું દિલ દુઃખાયું અને કહ્યું કે હુતો શ્રી નેમિસાગરજીપર પૂર્ણ શ્રદ્ધા ભક્તિ ધારણ કરૂં છું. તમારા કરતાં હું ગુરુને વિશેષ ગણું છું. ગુરુ તો ભવોભવના ઉપકારી છે. રૂખમણી શેઠાણીએ પેથાપુર, વિજા-

પુર વગેરે ઠેકાણે ધર્મશાલાઓ શ્રી નેમિસાગરજી ઉતરે એવા હેતુથી બંધાવી હતી. પાંજરાપોળનો ઉપાશ્રય ખાસ તેમને માટે બંધાવ્યો હતો પણ તેમાં તેઓ ઉતર્યા નહોતા. પરંતુ શ્રી રવિસાગરજી પાંજરાપોળમાં ઉતરતા હતા. શ્રીયુત મુનિરાજ શ્રી વિવેકસાગરજી જીવ્યા ત્યાંસુધી પાંજરાપોળના ઉપાશ્રયમાં રહેતા હતા. સં. ૧૯૪૭ મા પાંજરાપોળ ઉપાશ્રયમાં છેલ્લું ચોમાસું કર્યું અને સ્વર્ગગમન પણ તે સાલમાં કર્યું.

શ્રી નેમિસાગરજી મહારાજે ગુજરાતમાં ઉત્કૃષ્ટ ચારિત્ર ક્રિયાના બળે યતિઓનું જોર હઠાવી સંવેગ માર્ગનો ઝુંડો ફરકાવ્યો. પેથાપુરમાં તેમણે સંવેગ માર્ગનો ઉપદેશ દઈ ઘણા શ્રાવકોને પોતાના ભક્ત બનાવ્યા. પેથાપુરમાં તેમના ધોરી શ્રાવક વધુ પારેખ હતા. તેમણે મુનિરાજ શ્રી નેમિસાગરજી પાસે શ્રાવકોના બાર વ્રત અંગીકાર કર્યા હતાં. શ્રી નેમિસાગરજી મહારાજે વધુ પારેખ ઇત્યાદિને પ્રતિક્રમણ વિગેરેની શ્રાવક યોગ્ય ક્રિયાઓ શિખવી હતી. ગાંધી વધુ પારેખે યતિઓ વિગેરેની શિથિલતાના સામે થનાર ધર્મધોરી ધર્મધુરંધર મહ ક્રિયા પાત્ર ગુજરાતમાં ક્રિયોદ્ધારક મુનિરાજ શ્રી નેમસાગરજીની ગુંહલી રચી છે કે જે ગુંહલી આબેહુબ તે વખતનો ચિતાર હૃદય આગળ રજુ કરે છે અને તેમજ તે ગુંહલી નેમિસાગરજી મહારાજની રાગી શ્રાવિકાઓ ગામોમાં અને

શહેરોમાં બહુ હોંશથી ગાય છે. માટે તેને નીચે પ્રમાણે દાખલ કરવામાં આવે છે.

## ગુંહલી.

ગોડીલા તે કીહાં થકી લાવ્યારે વરના વાધા ભીંજાણા—એ દેશી.

ગુરુજી આવ્યા ગુર્જરદેશ—પેથાપુર ગામે વિશેષરે;
ગુરુવંદોને ગોરી.
વૈરાગી ત્યાગી મુનિવર શોભાગી;
જ્ઞાન ધ્યાન લય લાગીરે. ગુરુવંદોને.
નેમસાગર ગચ્છ ધોરીરે. ગુરુવંદોને.
ગોપવી પંચ ઇંદ્રિય મુનિરાય;
પાલે પંચ આચારરે. ગુરુવંદોને.
પંચસુમતિ ત્રણ ગુપ્તિ આરાધે;
પંચમી ગતિને સાધેરે. ગુરુવંદોને.
દશ વિધ યતિ ધર્મ જિન ભાખ્યો;
તેના પાલણહારરે. ગુરુવંદોને.
બાહ્ય અભ્યંતર પરિગ્રહ છોડી;
સંયમથી રહ માંડીરે. ગુરુવંદોને.
વિચરે ગામ નગર પુર સઘળે;
ન રહે એકલ ઠામેરે. ગુરુવંદોને.

ચોમાસા ઉપર ચોમાસુ;
ન કરે એકણુ ગામરે. ગુરૂવંદોને.

એવા શ્રી નેમિસાગર ગુરુરાયા;
પાલીથી ગુજરાત આવ્યારે. ગુરુવંદોને.

જિન મત સ્થાપક પર મતભેદક;
જીતના ડંકા વજાબ્યારે. ગુરુવંદોને.

સોનામય થાલીના આગળ;
કાંસાનો રણુકો વાગેરે. ગુરુવંદોને.

*હારજીતનો ડંકોરે વાગ્યો;
કુલડીમાં ગોળ નહીં ભાગ્યોરે. ગુરુવંદોને.

---

* ગુજરાતમાં શિથિલાચારી યતિયો શ્રી પૂજ્યો અને કેટલાક શિથિલ સંવેગી સાધુઓ પોતાનું માન પૂજા સન્માન ન રહે એવા ભયથી તેઓ શ્રી નેમિસાગરજીના સામા પડયા. એક તરફ યતિયો શ્રીપૂજ્યો વગેરે અને એક તરફ શ્રી નેમિસાગરજી એમ સામાસામા બે મોટા પક્ષો વચ્ચે હારજીતનું યુદ્ધ મંડાયું અર્થાત્ બન્ને પક્ષ પોતપોતાના પક્ષના વિજય માટે થાય તેટલું કરવા લાગ્યા તેમાં શ્રી નેમિસાગરજી મહારાજની જીત થઇ અને શ્રીપૂજ્યો યતિયો વગેરેની હાર થઇ ત્યારથી સંવેગી સાધુઓ સ્વતંત્ર થયા શ્રી હઠીભાઇની વાડીમાં ચિદાનન્દસ્વરોદયના કર્તા શ્રી કપૂરચંદજી આવી ઉતર્યા હતા. તેમની પાસે બન્ને પક્ષના જૈનો ગયા

અઢાર હજાર શીલાંગરથ ધોરી;
બહુ શ્રુત હાથમાં દોરીરે. ગુરુવંદોને.
સમકિતવંતી સહીયર ટોલી;
ગુંહલી કરે રંગ રોળીરે: ગુરુવંદોને.
વેષવિડંબક પરમતી પાપી,
કરે ગુરુનાં અપમાનરે. ગુરુવંદોને.
શુદ્ધ પ્રરૂપી સંયમ આરાધક;
નવ ખંડ રાખ્યું નામરે. ગુરુવંદોને.
શીલ સુંરગી ચુંદડી ઓઢી;
જિનગુણ ભૂષણ પહેરોરે. ગુરુવંદોને.
અક્ષત અનુભવ મોતિડે વધાવો;
શિવ વધૂનાં સુખ પાવોરે. ગુરુવંદોને.

શ્રી નેમિસાગરજી મહારાજના બારવ્રતધારી વધુ પારેખ શ્રાવક હતા. વધુ પારેખ, હકમચંદ, નાના માણેકના કુટુંબી વગેરે પેથાપુરી શ્રાવકો આદિ તેમના પક્કા શ્રાવકો હતા. શ્રી નેમિસાગરજીનું સામા પક્ષવાળાઓ અપમાન કરતા હતા. તેમને

---

અને કોનો પક્ષ સત્ય છે તેનો જવાબ માગવા લાગ્યા. શ્રી કપૂરચંદજીએ જણાવ્યું કે સુવિહિત ક્રિયા માટે શ્રી નેમિસાગરજી કહે છે તે સત્ય છે. એમ તેમણે કહ્યું તેથી ઘણા જૈનોનું અમદાવાદમાં વગેરે ગુજરાતના શહેરોમાં શ્રી નેમિસાગરજીના ઉપદેશ તરફ વળ્યું.

હાબી દેવા સામા પક્ષના યતિયો વગેરેએ ઘણો પ્રયત્ન કર્યો હતો પણ કુલડીમાં ગોળ ભાગ્યો નહિ એવું જે ગુંહલીમાં જણાવ્યું છે તેમ થયું. સંવેગી સાધુઓમાં જે શિથિલતા પેઠી હતી તે પણ હળવે હળવે ટળે એવી તેમણે સુધારણા કરી. ગુજરાતમાં તેમણે ડંકો વગાડયો તેની અસર અન્ય દેશોપર થઈ અને સંવેગી સાધુઓને ચારિત્ર પાળવામાં શ્રી પૂજ્યો તરફથી હરકત ટળી. વીશમા સૈકાની આદ્યમાં તેમણે ગુજ-રાતમાં સાધુ ધર્મના આચારોથી જૈનોને વાકેફ કર્યા. તેઓ સાધુના માટે બંધાવેલ ઉપાશ્રયમાં ઉતરતા ન હતા. નગરશેઠના ભાઇ સુરજમલ શેઠની દુકાનમાં તેઓએ અમદાવાદમાં ચો-માસાં કર્યાં હતાં. તેઓ દરરોજ એક વખત આહાર વાપરતા હતા. છઠ્ઠવા અઠ્ઠમના પારણે પણ એકાસણું કરતા હતા. તેઓ શ્રીએ કોઇની પાસે શરીરની વૈયાવચ્ચ કરાવી નહોતી. તેઓશ્રી રાંધેલા અન્ન પર પાણી તરી આવે એવી જાતનું ઉત્કૃષ્ટ આંબીલ કરતા હતા. આંબીલ તપ તેઓ સખ્ત રીતે કરવાનો ઉપદેશ આપતા હતા અને તે પ્રમાણે પોતે આંબીલ કરતા હતા. રૂખમણી શેઠાણી તેમની પરમ ભક્ત શ્રાવિકા હતી. તેમની ભક્તિ માટે રૂખમણી શેઠાણીએ હજારો રૂપેયા ખર્ચ્યાં હતા. મોતિ કુંવર શેઠાણી પણ શ્રી નેમિસાગરજી મહારાજની પરમ શ્રાવિકા હતી. શ્રી નેમિસાગરજી માહારાજ વૈરાગી ત્યાગી

અને ઉત્કૃષ્ટ ક્રિયાવંત હતા. શિથિલાચારી શ્રી પૂજ્યોની આજ્ઞા તેઓ માનતા નહતા અને તેઓશ્રી શ્રી પૂજ્યોને વંદના કરતા નહોતા. તેમના સાધુ માર્ગના ખરા ઉપદેશથી તથા સાધુપણાના ખરા આચારથી તેમણે ગુજરાતના જૈનોની આંખો ઉઘાડી અને શુદ્ધ સંયમધારી સાધુઓના રાગી બનાવ્યા તેથી ગુજરાતમાં યતિયોનું જોર હઠવા લાગ્યું. શ્રી નેમિસાગરજી મહારાજને શ્રી પૂજ્યો અને ગોરજીઓએ તથા અન્યોએ સતાવવા બાકી રાખ્યું ન હતું. શ્રી નેમસાગરજી મહારાજને નગુરા કહીને શિથીલાચારીઓ નિંદતા હતા, અને તેમનું અપમાન કરતા હતા તો પણ તેઓશ્રી તે અપમાનાદિકને હિસાબમાં ગણુતા ન હતા. તેમના સત્ય વિચાર અને શુદ્ધાચારની જૈનકોમ પર એટલી બધી અસર થઇ કે જેથી પાછળથી યતિયો વગેરેનું જોર હઠયું અને અમદાવાદ વગેરે ગુજરાતના શહેરોમાં સંવેગી સાધુઓનું જોર વધ્યું. તેઓ સત્યાગ્રહી બની પોત પોતાનું કાર્ય બજાવતા હતા. તેઓશ્રી ઈંટનું ઓશીકું રાખતા હતા અને શ્રાવકના ઘેરથી પોતે તથા પોતાના સાધુઓ મલી પાટ વગેરે સામાન જાતે ઉપાડી લાવતા હતા. પેથાપુરમાં ભાવસારોના ત્યાંથી ચોમાસા માટે પાટો લાવતા હતા. મુખે મુહપત્તી રાખીને બોલવાના ઉપયોગમાં તેઓ એક્કા હતા. ગુજરાતમાં મોટા ભાગે તેમણે બોળો, અથાણાં, હોકા વગે-

રેનો નાશ કરાવ્યો હતો. અમદાવાદ વગેરે સ્થળોમાં શ્રાવકોના ઘેર ડોઇઓ રાખવાનો તેમણે ઉપદેશ દીધો હતો. હાલ પણ અમદાવાદમાં શેઠીઆઓને ત્યાં ડોઇઓ ભરાવેલી દેખવામાં આવે છે. તેમણે વિજાપુર, પેથાપુર, માણુસા, અમદાવાદ, સાણંદ, ગોધાવી, વિરમગામ, રામપુર, માંડલ, ભાવનગર, પાલીતાણા, ઘોઘા, મેસાણા, પાટણ, પાલણપુર, રાધનપુર, પ્રાંતિજ, ઇડર, વડાલી અને વડનગર વગેરે ઠેકાણે વિહાર માસકલ્પ તથા ચાતુર્માસ કર્યા હતા.

શ્રી નેમિસાગરજી મહારાજના શિષ્ય શ્રી રવિસાગરજી, ધર્મસાગરજી કપૂરસાગરજી, ગોતમસાગરજી અને વિવેકસાગરજી વગેરે થયા. સર્વ શિષ્યોમાં આદ્ય પટ્ટધર શ્રીમદ્ મુનિરાજ રવિસાગરજી હતા.

શ્રીમદ્ નેમિસાગરજી મહારાજની સાધ્વીઓ શ્રી જયશ્રી વગેરે હતી. શ્રી જયશ્રી સાધ્વીએ ઉત્કૃષ્ટ ચારિત્ર પાળ્યું હતું. વિજાપુરમાં રાત્રીએ જયશ્રી સાધ્વીને સર્પ ડસ્યો પરંતુ તેઓ શ્રી નવકારના સ્મરણ ધ્યાનમાં એકાગ્રચિત્તવાળાં થયાં તેથી સર્પનું વિષ ઉતરી ગયું. ઉત્કૃષ્ટ ચારિત્ર પાળવામાં સાધ્વીશ્રી જયશ્રી ઉત્તમ હતી.

શ્રી નેમિસાગરજી મહારાજના રાગી પરમ શ્રાવકો શેઠ દલપતભાઈ ભગુભાઈ, સુરજમલ શેઠ વગેરે અમદાવાદના

શેઠીયાઓ, વગેરે સંઘ તથા આણંદ, ગોધાવી, વિરમગામ, રામપુરા, માંડલ, મહેસાણા, ચાણસમા, પાલનપુર, પાટણ, વિજાપુર, માણસા, પ્રાંતિજ, ઇડર, અને પેથાપુર વગેરે શહેરો અને ગામોનો સંઘ હતો. તેમની શ્રાવિકાઓમાં રૂખમણી શેઠાણી, શેઠ દલપતભાઇ ભગુભાઇની માતુશ્રી હરકોર શેઠાણી, અને મોતિકુંવર શેઠાણી વગેરે શ્રાવિકાઓ હતી.

શ્રી નેમિસાગર મહારાજે જ્યોતિષ વગેરેનો સારી રીતે અભ્યાસ કર્યો હતો. મેસાણા, પેથાપુરમાં કેટલાક શ્રાવકોને તેમના ભવિષ્ય ભાખેલાનો સારી રીતે અનુભવ થયો હતો; અને તેથી તેઓશ્રીના ઘણા રાગી ભક્ત શ્રાવકો બન્યા હતા. શ્રી પાર્શ્વનાથ ભગવાન્‌ની અધિષ્ઠાત્રી પદ્માવતી દેવીની તેઓએ ઉપાસના કરી હતી તેથી પદ્માવતીદેવી તેમની સહાયકારક બની હતી તે બાબતનો તેમના ભક્ત શ્રાવકોને સારી રીતે અનુભવ થયો હતો. નરોડામાં પદ્માવની મૂર્તિ સમક્ષ તેમણે શેઠ દલપતભાઈ ભગુભાઇની માને કહ્યું હતુ કે તારો પુત્ર લાખની આશામી થશે તથા સિદ્ધાચલનો સંઘ કહાડશે. તેમનું કહેલું ભવિષ્ય બરાબર સત્ય થયું. પેથાપુરમાં તેમણે છેલ્લું ભાષણ ફાગણમાસની ચૌદશે કર્યું હતું. તેમનું અનુપયોગે ભાષણ તે વખતે એક બાબતમાં થયું તેથી તેમણે પેથાપુરના શ્રાવકોને કહ્યું હતું કે હવે અલ્પ સમયમાં શરીરનો ત્યાગ થશે.

તેમના કથવા પ્રમાણે તેઓ શ્રી સંખેશ્વરની યાત્રા કરવા માટે ગયા અને યાત્રા કરીને મુંજપુરમાં આવતાં ત્યાં દેહોત્સર્ગ કરીને સ્વર્ગગમન સં. ૧૯૧૩ ચૈત્ર માસમાં કર્યું. તેમણે છેલ્લા સમયે મુનિરાજ શ્રી રવિસાગરજી મહારાજને પોતાના પટ્ટપર સ્થાપન કરીને ગચ્છ—સંઘાડાની ભલામણ, તેમને કરી. શ્રીમદ્ નેમિસાગરજી મહારાજની આજ્ઞા પ્રમાણે શ્રીમદ્ રવિસાગરજી મહારાજે પટ્ટધર થઇને સંઘાડાના સાધુઓ અને સાધ્વીઓને સંયમમાર્ગમાં પ્રવર્તાવ્યા.

શ્રીમદ્ મુનિરાજ શ્રી નેમિ મુનિસાગરજી મહારાજ સત્યાગ્રહી અને અત્યંત નિર્ભય હતા. તેઓ સત્યવક્તા હતા. ગમેતેવાને નિડરપણે સત્ય કહેતા હતા. ચારિત્ર માર્ગમાં અત્યંત તીક્ષ્ણ હતા તેથી તે કોઇના તેજમાં અંજાઇ જતા નહોતા. પન્યાસો, શ્રી પૂજ્યો અને નગરશેઠીયાઓ જેવાઓની સ્પૃહા રાખ્યા વિના શુદ્ધ ચારિત્ર માર્ગનો ઉપદેશ દેતા હતા. તેમનો સાધુઓ અને સાધ્વીઓપર ઘણો દાબ હતો. તેમની આજ્ઞા પ્રમાણે સર્વ સાધુઓ અને સાધ્વીઓ પ્રવર્તતી હતી. તેમની આજ્ઞા પ્રમાણે ભક્ત શ્રાવકો અને શ્રાવિકાઓ ધર્મમાર્ગમાં પ્રવર્તતી હતી. તેમની તે જમાનામાં અત્યંત આવશ્યકતા હતી. તેમના શ્રાવકો અને તેમની શ્રાવિકાઓની તેમનાપર એવી દૃઢ શ્રદ્ધા હતી. કે તેમની ભક્તિમાટે ધન વગેરેનો વ્યય કરવામાં અને આત્મભોગ

આપવામાં શ્રાવકો પાછળ પડતા ન હતા, તેમજ શ્રાવિકાઓ પણ પાછળ પડતી નહોતી. શ્રી નેમિસાગરજી મહારાજમાં અપૂર્વ ચારિત્ર બળ હતું તેથી તેઓ સ્વકાર્ય સાધવામાં શક્તિમાન્ બન્યા. શ્રીમદ્ રવિસાગરજી જેવા ઉત્તમ વૈરાગી ત્યાગી ક્રિયાપાત્ર શિષ્યની સાહાય્યથી તેઓશ્રીએ ગુજરાતમાં સાધુઓની ઉન્નતિ કરી. શ્રીમદ્ રવિસાગરજી મહારાજ સાહેબનામાં ગુરુના જેવા ગુણો હતા. તેમણે ગુરુ પાસેથી અનેક ચમત્કારિક દૈવિક આમ્નાયો ગ્રહણ કરી હતી. ચારિત્ર સંબંધી અનેક પ્રકારના ગુરુ પાસેથી અનુભવો ગ્રહ્યા હતા. તેથી શ્રી નેમિસાગરજીએ શ્રી રવિસાગરજીને સ્વપટ્ટે સ્થાપન કર્યા.

**શ્રી ધર્મસાગરજી.** શ્રી ધર્મસાગરજી પૂર્વાવસ્થામાં અમદાવાદ શેઠના પાડાના ઓશવાળ શ્રાવક હતા. તેમણે પેથાપુર, સાણંદ, માણસા, વીરમગામ, માંડલ, ગોધાવી અને રામપુરા વગેરે ઠેકાણે ચોમાસાં કર્યાં હતાં. સાણંદમાં એક વખત તેમણે ચોમાસું કર્યું હતું ત્યારે ત્રણસો અઠાઇયો, દોઢસો માસ ખમણ, ત્રીસ પાક્ષિક ખમણ વગેરે ઘણી તપશ્ચર્યાઓ થઇ હતી. તેઓ જ્યાં જતા હતા ત્યાં તપશ્ચર્યાઓ ઘણી થતી હતી. શ્રી ધર્મસાગરજીએ વિ. સં. ૧૯૦૮ માં દીક્ષા લીધી હતી અને તેમનું સં. ૧૯૫૪ ના આસો સુદિ અગીયારસના રોજ સ્વર્ગગમન થયું હતું. શ્રી

ધર્મસાગરજીએ સુરશ્રી નામની એક સાધ્વીને દીક્ષા આપી છે અને તે હાલ વિદ્યમાન છે. શ્રી ધર્મસાગરજી ચારિત્ર પાળવામાં શૂરા હતા. તેમનામાં વૈરાગ્ય–ત્યાગ—સરલતા—પંચમહાવ્રત-પાલનરૂચિ અને ક્રિયામાં તીવ્ર પ્રવૃત્તિ વગેરે ગુણો હતા.

શ્રી ધર્મસાગરજી મહારાજ સાહેબ તપશ્ચર્યા કરવામાં દૃઢ હતા. તેઓશ્રી સરલ અને શાંત હતા. અન્ય મનુષ્યોને વૈરાગ્યનો બોધ આપવાની તેમનામાં નૈસર્ગિકશક્તિ હતી. શ્રી નેમિસાગરજી મહારાજના સ્વર્ગગમન પશ્ચાત્ શ્રીમદ્ રવિસાગરજી મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તતા હતા. વૃદ્ધાવસ્થામાં આંખે બરાબર ન દેખાવાથી તેમણે છેલ્લી અવસ્થામાં અમદાવાદમાં આંબલી પોળના ઉપાશ્રયે ઘણાં ચોમાસાં કર્યાં હતાં. સં. ૧૯૫૪ ની સાલમાં શ્રીમદ્ રવિસાગરજી અને ધર્મસાગરજી બન્ને મહાત્માઓ સ્વર્ગપદને પામ્યા. શ્રીમદ્ ધર્મસાગરજી મહારાજ ક્રિયાપાત્ર, વૈરાગી, ત્યાગી, શુદ્ધ પંચમહાવ્રતધારી, જિનાજ્ઞાપાલક, સુધ્યાની–ચારિત્રના ખપ કરનારા, શ્રુત જ્ઞાનના અભ્યાસી આદિ અનેક ગુણો વડે અલંકૃત હતા. શ્રી ધર્મસાગરજી મહારાજે શ્રીમદ્ રવિસાગરજી મહારાજને ગચ્છ સંઘાડાને પ્રવર્તાવવામાં સારી સાહાય્ય આપી હતી. અમદાવાદમાં ઝવેરીવાડાના શ્રાવકો હાલ તેમના એકી અવાજે ગુણ ગાયા કરે છે. તેમજ તેમણે જે જે ઠેકાણે ચોમાસાં

કરેલાં છે ત્યાંના હાલ વિદ્યમાન્ શ્રાવકો તેમનું નામ સાંભળતાં તેમના ગુણો ગાવા મંડી જાય છે.

**શ્રી કપૂરસાગરજી મહારાજ.** શ્રીમદ્ નેમિસાગરજી મહારાજના શિષ્ય શ્રી કપૂરસાગરજી, વૈરાગી, ત્યાગી, સોભાગી, ક્રિયાપાત્ર, તપસ્વી, એક વખત આહાર કરનાર અને ચારિત્રમાં એક નિષ્ઠાવાળા હતા. શ્રીમદ્ નેમિસાગરજી મહારાજનાં પાસાં સદા તે સેવ્યા કરતા હતા. તેઓ ગુરુભક્ત—ગુર્વાજ્ઞાપાલક હતા. તેઓ સૂર્યની આતાપના ખરા બપોરે લેતા હતા. શુદ્ધ ગોચરી વહોરવામાં તેઓ ગુરુના પગલે ચાલનારા હતા. સં. ૧૯૨૧ ઉપર કેટલાંક વર્ષો સુધી કપૂરસાગરજી હયાત હતા. વૈરાગ્ય ત્યાગ અને ચારિત્ર ક્રિયાની જીવતી મૂર્તિરૂપ તેઓ હતા. ગુરુની સાથે સદા વિહારમાં રહેતા હતાજ. ગુરુના પર અત્યંત પ્રેમ શ્રદ્ધાને ધારણ કરનારા હતા. શ્રી નેમિસાગરજી મહારાજના સ્વર્ગગમન પશ્ચાત્ તેઓ પટ્ટધર શ્રીમદ્ રવિસાગરજી મહારાજની આજ્ઞા પ્રમાણે પ્રવર્તતા હતા. શ્રી નેમિસાગરજીના સ્વર્ગગમન પશ્ચાત્ કેટલાક વર્ષે તેઓએ સ્વર્ગગમન કર્યું.

**શ્રી વિવેકસાગરજી.** શ્રી વિવેકસાગરજીનું સંસારીપણાનું બહેચરદાસ નામ હતું. તેઓની જન્મભૂમિ અમદાવાદ હતી. તેમના પિતાનું નામ નથુભાઈ અને

માતાનું નામ જડાવબાઈ હતું. તેમની સ્ત્રીનું નામ હરકોરબાઇ હતું. તેમણે સંવત્ ૧૯૦૮ની સાલમાં પાલણપુરમાં ૩૯ ઓગણચાલીશ વર્ષની વયે શ્રી નેમિસાગરજી મહારાજ પાસે દીક્ષા લીધી હતી. તેમણે શાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કર્યો હતો. શ્રીમાન્ રવિસાગરજી મહારાજની સાથે તેમણે ઘણાં ચોમાસાં કર્યાં હતાં. પશ્ચાત્ પટ્ટધર શ્રીમાન્ રવિસાગરજી મહારાજની આજ્ઞાથી વૃદ્ધાવસ્થામાં અમદાવાદમાં પાંજરાપોળના ઉપાશ્રયે પન્નર વીશ લગભગ ચોમાસાં કર્યાં હતાં. શ્રીમાન્ રાજેન્દ્રસૂરિ અને શ્રીમાન્ આચાર્ય આત્મારામજીએ અમદાવાદમાં ચોમાસાં કર્યાં ત્યારે તેમણે પાંજરાપોળના ઉપાશ્રયે ચોમાસું કર્યું હતું અને બન્નેની જ્ઞાનચર્ચા શ્રવણ કરવામાં તેમણે સારો ભાગ લીધો હતો તેમણે સં. ૧૭૪૭ માં સત્તોત્તેર વર્ષની ઉમરે અમદાવાદ પાંજરાપોળના ઉપાશ્રયમાં સ્વર્ગગમન કર્યું. તેમણે જ્ઞાનપુસ્તકનો ભંડાર કર્યો હતો તે સં. ૧૯૬૭ સુધી પાંજરાપોળના ઉપાશ્રયમાં હયાત હતો. તેઓ શ્રી સંઘાડાના અધિપતિ શ્રી રવિસાગરજી મહારાજની આજ્ઞા પ્રમાણે ચાલનાર-વૈરાગી-ત્યાગી-ક્રિયાપાત્ર આત્માર્થી મહાવ્રતી મુનિવર હતા.

શ્રી નેમિસાગરજી મહારાજ સાહેબના ગૌતમસાગરજી નામના શિષ્ય થયા તેમના શિષ્ય શ્રી શ્રી ગૌતમસાગરજી. ઝવેર સાગરજી થયા. શ્રીમાન્ ઝવેર

સાગરજીના શિષ્ય શ્રીમાન્ આનન્દસાગરજી થયા. પન્યાસ શ્રી આનન્દસાગરજી વિદ્વાન્ છે. અને હાલ હયાત છે એ પ્રમાણે શ્રી નેમિસાગરજી મહારાજના શિષ્યોનું ચરિત્ર અવબોધવું. શ્રી નેમિસાગરજીએ પ્રથમ શ્રી રવિસાગરજી મહારાજને દીક્ષા આપી હતી. છેવટે તેમનામાં સર્વ ગુણો જાણી સ્વસંઘાડાને સોંપ્યો. શ્રી નેમિસાગરજી મહારાજના સ્વર્ગગમન પશ્ચાત્ તેમના પટ્ટને રવિની પેઠે પ્રકાશક શ્રીમદ્ રવિસાગરજી મહારાજ થયા. શ્રી નેમિસાગરજી મહારાજે તથા શ્રી રવિસાગરજી મહારાજે મહા નિશીથ સૂત્ર પર્યંત યોગ વહ્યા હતા અને વડીદીક્ષા ઉપધાન આદિ ક્રિયાઓ કરાવતા હતા. શ્રી નેમિસાગરજી મહારાજની પાછળ પટ્ટધર શ્રી રવિસાગરજી મહારાજ થયા. તેમનું ચારિત્ર અત્ર દાખલ કરવામાં આવે છે.

## श्रीमान् नेमिसागरजी महाराजजो. तत्पट्टेविराजित श्रीमान् मुनिराज ७० श्री रविसागरजीनुं जीवनचरित्र.

પ્રાતઃસ્મરણીય સૂર્યનીપેઠે ગુર્જર દેશમાં સર્વત્ર પ્રખ્યાતિ પામેલા, વૈરાગ્ય ત્યાગાદિ અનેકગુણાલંકૃત વચન સિદ્ધ મહાત્મા મુનિરાજ શ્રી રવિસાગરજી મહારાજનું સંક્ષેપતઃ જીવનચરિત્ર લખાય છે.

અનેક દાનવીરો, રાજપુત ક્ષત્રિય વીરો. અનેક રાજપુત રમણીસતીઓ, અને યુદ્ધો વગેરેથી મારવાડ (મરૂભૂમિ)

સર્વત્ર આર્યાવર્તમાં બલ્કે ચારખંડમાં પ્રસિદ્ધિને પામી છે.

**જન્મભૂમિ મારવાડમાં પાલી.** મારવાડમાં, જોધપુર, નાગોર અને પાલી વગેરે મોટાં શહેરો છે. મારવાડના પાલી શહેરમાં જૈનોની ઘણી વસ્તિ છે. ત્યાં વીશાપોરવાડ વા વીશાઓશવાળ શેઠ રઘાજી અને તેમની પત્ની માણુકોરના સંબંધે તેમને સં. ૧૮૭૬ માં પુત્ર થયો તેનું નામ રવચંદજી પાડવામાં આવ્યું. રઘાજી અને

**જન્મ સાંસારિક રવચંદજી નામ.** માણુકોરને રવચંદજીના જન્મથી અત્યંત આનન્દ થયો. તેઓ બન્ને તેથી સ્વગૃહને સ્વર્ગ સમાન માનવા લાગ્યાં. પત્નીવ્રત ધારી રઘાજી અને પતિવ્રતા ધર્મ પાળનારી માણુકોરને પુત્ર જન્મથી ગૃહસ્થાવસ્થાની સફલતા થઈ. તે બન્નેએ રવચંદજીના લાલનપાલનમાં કંઈ બાકી રાખ્યું નહિ. રવચંદજીના મીઠા નિર્દોષ હાસ્યથી અને અને અનેક પ્રેમી બાલચેષ્ટાઓથી માતપિતાને અત્યંત આનન્દ થવા લાગ્યો. અનેક પ્રકારની રમતગમતમાં રવચંદજી બાલ્યાવસ્થા ગાળવા લાગ્યા.

**અભ્યાસ.** પાલીમાં તે સમયમાં જૂની પ્રદ્ધતિ પ્રમાણે મહેતાજી વિદ્યાર્થીયોને અભ્યાસ કરાવતા હતા. લેખન, વાંચન, ગણિત વગેરેનું જૂની પદ્ધતિ પ્રમાણે શિક્ષણ હતું. રવચંદજી જ્યારે સાત આઠ વર્ષની

ઉમરના થયા ત્યારે તેમના માતા પિતાએ ગામઠી શાળામાં સામાન્ય નિશાળગરણાપૂર્વક અભ્યાસ કરવાને માટે મૂક્યા. રવચંદની તીવ્રબુદ્ધિ હતી. સર્વે નિશાળીયાઓમાં તેઓ અગ્રગણ્ય થયા. મહેતાજીનો વિનય સાચવી તત્સમયની ચાલતી કેળવણીનું સારી રીતે અધ્યયન કર્યું અને મહેતાજીનો શુભાશીર્વાદ મેળવી નિશાળમાંથી ઉઠી ગયા.

**યુવાવસ્થા વ્યાપાર.**

રવચંદજીએ યુવાવસ્થામાં પ્રવેશ કર્યો. પિતાશ્રી રઘાજી જે ધંધો કરતા હતા તે પ્રતિ તેમના પિતાજીના આગ્રહથી તેમણે લક્ષ્ય દીધું. પિતાજી તેમને વણિગ્વૃત્તિના અનુસારે વ્યાપાર ધંધામાં હોંશિયાર કરવા લાગ્યા. રવચંદજી પણ અલ્પવર્ષમાં વ્યાપારકલામાં પ્રવીણ થયા.

**અમદાવાદમાં આવાગમન.**

રઘાજી શેઠના મનમાં ગુજરાતમાં વ્યાપાર કરવાનો મનોરથ થયો. પોતાની સ્ત્રી અને રવચંદજી સાથે તેઓ ગુર્જરદેશના તિલકભૂત પાટનગર અમદાવાદમાં પધાર્યા. તે વખતે રવચંદજીની આશરે ઉમર વીશ બાવીશ વર્ષની હતી. અમદાવાદમાં રઘાજી શેઠે ઝવેરીવાડામધ્યે નિશાપોળમાં વાસ કર્યો. રઘાજી શેઠ અને માણકોર શેઠાણી એ બન્ને ગુરૂરાજ શ્રી નેમિસાગરજીનાં ભક્ત હતાં. રઘાજી શેઠ ઘણી વખત રવચંદ-

જીને સાથે લઇ, નેમિસાગરજી મહારાજનાં દર્શન કરવા જતા હતા. શ્રી નેમિસાગરજી મહારાજ પાસે રવચંદજી પ્રતિક્રમણ વગેરેનો અભ્યાસ કરવા જતા હતા. શ્રી નેમિસાગરજી મહારાજના જેમ જેમ વિશેષ પરિચયમાં આવ્યા તેમ તેમ રવચંદજીને દેવગુરૂ ધર્મપર વિશેષ શ્રદ્ધા પ્રીતિ વધવા લાગી. તેમના ગુરૂ શ્રી નેમિસાગરજી મહારાજના ઉપર તેમની અત્યંત શ્રદ્ધાભક્તિ વધવા લાગી. સામાયક, પૌષધ, અને પ્રતિક્રમણની ક્રિયાઓ કરવા માટે તેઓ ગુરૂપાસે જતા હતા. શ્રી નેમિસાગરજી મહારાજજી શેઠ સુરજમલ્લના ડહેલામાં ઉતરતા હતા. તે જગ્યાને શેઠે ઉપાશ્રય તરીકે સંઘને અર્પણ કરવાથી તે આંબલીપોળના ઉપાશ્રય તરીકે ઓળખાય છે. શ્રીમાન્ મુનિરાજ

**શ્રી નેમિસાગરજી ગુરૂનો મેળાપ.**

શ્રી નેમિસાગરજી મહારાજના મેળાપથી તેમનામાં જ્ઞાનદર્શન ચારિત્રની રૂચિ વધવા લાગી. દિવસે અને રાત્રીએ જ્યારે વખત મળે ત્યારે તેઓ સ્વગુરૂજી પાસે ગમન કરી અનુભવ જ્ઞાન અને અભિનવ જ્ઞાન મેળવતા હતા. શ્રી નેમિસાગરજી મહારાજના અપૂર્વ ઉપદેશથી રવચંદજીના હૃદયમાં વૈરાગ્યની અસર વધવા લાગી. સાંસારિક વિષયસુખની ક્ષણિકતા તેમના હૃદયમાં બરાબર સમજાઇ અને તેથી તેમનું મન ઉદાસીન રહેવા લાગ્યું. મનુષ્યભવનો મુખ્ય ઉદ્દેશ ખરેખર

આત્માના ગુણોની ઉન્નતિ કરવી અને સર્વ દુઃખોથી મુક્ત થવું એજ છે એમ તેમને પૂર્ણ અનુભવ થયો. ગુરૂએ તેમને યોગ્ય જાણી ચારિત્ર માર્ગનો ઉપદેશ દેવા માંડ્યો.

**ગુરૂનો ઉપદેશ.** રવચંદજીને ગુરૂએ કહ્યું કે, હે રવચંદજી! સંસારમાં કોઇ બાહ્ય પદાર્થથી સુખ મળવાનું નથી. સત્તા, ધન, અને અન્ય વૈષયિક પદાર્થોથી વાસ્તવિક સુખ કોઇને થયું નથી અને થનાર નથી. સંસારમાં સુખ નથી છતાં સુખ છે એવી મોહના બળે ભ્રાંતિ થાય છે. ચક્રવર્તિ સરખાઓ પણ છેવટે હાય અમને ખરેખરૂં સુખ મળ્યું નહિ એમ પોકારો કરી મૃત્યુના મુખમાં સપડાયા છે. બાહ્યપદાર્થોની આસક્તિથી દુઃખ ઉત્પન્ન થાય છે પણ વાસ્તવિક સુખ થતું નથી. જીવને ચોરાશીલક્ષ જીવયોનિમાં પરિભ્રમણ કરાવનારા—રાગદ્વેષ એ બે મહા યોદ્ધાઓ છે. રાગ અને દ્વેષનો નાશ કર્યાવિના કદાપિ સત્યશાન્તિ પ્રાપ્ત થવાની નથી. વૈરાગ્ય ત્યાગથી પંચમહાવ્રત અંગીકાર કરીને આ સંસારમાંથી અનેક મહાત્માઓ મુક્ત થયા, થાય છે અને થશે. જ્ઞાનદર્શન અને ચારિત્રની આરાધનાવડે મોહને જીતી શકાય છે. સર્વ વિરતિરૂપ ચારિત્ર અંગીકાર કરવાથી સર્વ પ્રકારના પાપોમાંથી મુક્ત થવાય છે, સર્વ સંવરરૂપ ચારિત્રની પ્રાપ્તિથી આશ્રવનો રોધ થાય છે અને આશ્રવનો રોધ થવાથી સકલ-

કર્મનો ક્ષય થતાં મુક્તિપદની પ્રાપ્તિ થાય છે માટે ચારિત્ર અંગીકાર કરવાની અત્યંત જરૂર છે. ચારિત્રથી આત્માની શુદ્ધતા થાય છે અને રાગદ્વેષની અશુદ્ધતા ટળે છે એમ અનુભવ કરીશ તો ત્હને યથાર્થ સમજાશે. શુભાશુભ પરિણામનો ત્યાગ કરીને સમભાવરૂપ ચારિત્ર પ્રાપ્ત કરવા માટે તેના હેતુભૂત વ્યવહાર ચારિત્ર અંગીકાર કરવાની ખાસ જરૂર છે. જે પૂર્વભવનો સંસ્કારી હોય છે અને જેણે કષાયોનો ઉપશમ કર્યો છે તેને ચારિત્ર ગ્રહણ કરવાની ઇચ્છા થાય છે.

**ઉપદેશ.** ચોરાશી લક્ષજીવ યોનિમાં ભમતાં મહાપુણ્યના યોગે મનુષ્ય જન્મ, શ્રાવકકુળ આદિ ધર્મ સામગ્રી જીવ પામે છે. માટે તે સામગ્રી પામીને જરા પણ આળસ કરવી ભવ્ય જીવોને ઉચિત નથી. શ્રી વીતરાગભાષીત ધર્મના બે પ્રકાર છે. ૧ **યતિધર્મ,** ૨ **શ્રાવકધર્મ.** એ બેમાં યતિધર્મ શીઘ્ર મોક્ષદાતા છે. કહ્યું છે કે—

## ગાથા.

**एकदीवसंपिजीवो पवज्जमुव्वागओअणण्णमणो**
**जइविनपावइमुक्खं अवस्सवेमाणीओहोइ ॥ १ ॥**

**ભાવાર્થ:**—શુદ્ધ શ્રદ્ધાએ ત્રિકરણ યોગે કરી એક દિવ-

સનું ચારિત્ર પાળતાં મનુષ્ય મોક્ષ પામી શકે છે. જો કદાપિ મોક્ષ પામી શકે નહિ તો પણ વેમાનીક દેવતાપણે તો અવસ્ય ઉત્પન્ન થઈ શકે છે.

## ગાથા.

तेधन्नातेसाहु तेसिं पसंसा सुरेहिं किज्जंति ।
जेसिंकुंडुंवमझे पुत्ताइं लिंति पवज्जं ॥ १ ॥

**ભાવાર્થઃ**—જેના કુટુંબમાંથી પુત્રાદિકોએ દીક્ષા લીધી છે તે પુરૂષોને ધન્ય છે. તેજ શ્રેષ્ટ છે. અને તેમની પ્રશંસા દેવતાઓવડે કરાય છે. વળી કહ્યું છે કેઃ—

सर्वेषामपिपापानां प्रव्रज्याशुद्धिकारिका ।
जिनोदितातत:सैव कर्त्तव्याशुद्धिमिच्छता ॥ १ ॥
ददन्तिब्राह्मणादिभ्य एकेपापविशुद्धये ।
गोदानंस्वर्णदानंच भूमिदानान्यनेकधा ॥ २ ॥
आत्मशुद्ध्यर्थमेवान्ये कारयंतिव्रतानपि ।
जुहृत्यग्नौपशूंस्तत्र अश्वादींश्चसहस्रशः ॥ ३ ॥
शुद्ध्यर्थंस्नांतितीर्थेषु प्रविशंत्यन्येहुताशने ।
तथापिनैवशुध्यंति विनादीक्षांजिनोदितां ॥ ४ ॥

**ભાવાર્થ:**—સર્વ પાપોની શુદ્ધિ કરનાર દીક્ષા છે. જુઓ અર્જુન માળી દરરોજ સાત સાત માણસને મારી નાખતો હતો, તે પણ દીક્ષાથી શુદ્ધ થયો. તિલાતી પુત્રે હાથમાં કન્યાને મારી મસ્તક રાખેલું હતું, તે પણ ઊપશમ સંવર અને વિવેકથી શુદ્ધ માર્ગ અવલંબતો પૂજનીક થયો. ગોહત્યા, બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા અને બાળહત્યા કરનારા પણ દીક્ષા અંગીકાર કરી સર્વ પાપોથી રહીત થાય છે. માટે જીનેશ્વર ભગવંતે કહેલા પંચમહાવ્રત સર્વ સાવદ્ય વ્યાપાર ત્યાગરૂપ દીક્ષા આત્માની શુદ્ધિ ઇચ્છનારે અંગીકાર કરવી.

કેટલાક જીવો પાપની શુદ્ધિ થવાને માટે બ્રાહ્મણોને દાન આપે છે, ગોદાન કરે છે, સોનાનું દાન કરે છે, ભૂમિ દાન કરે છે, અનેક પ્રકારનાં મિથ્યાત્વી વ્રતોને કરે છે. કોઇ હોમ કરી પશુઓ હોમે છે. કોઇ પાપની શુદ્ધિ સારૂં નદીઓમાં સ્નાન કરે છે, કેટલાક પાપની શુદ્ધિ સારૂ અગ્નિમાં પ્રવેશ કરે છે. તોપણ તે જીવના પાપની શુદ્ધિ થતી નથી અને ઉલટા એમ કરવાથી વધારે પાપ ઉપાર્જન કરે છે. જીનેશ્વર ભગવાને કહેલી જૈની દીક્ષા વિના શુદ્ધિ થતી નથી. ચારિત્રથી હજારો પાપ નષ્ટ થાય છે. સંપ્રતિરાજા પાછલા ભવમાં એક ભીખારીનો જીવ હતો, પણ જૈની દીક્ષા થોડા વખતની પણ બહુ લાભકારી થઇ. દીક્ષા અંગીકાર કરવાથી

છકાયના જીવોની રક્ષા થાય છે. સંસારની ઉપાધિ રહેતી નથી. દરરોજ સંજમ માર્ગમાં પ્રવૃત્ત થવાથી ઘણાં કર્મ નાશ પામે છે. તીર્થંકર ભગવાન પણ દીક્ષા અંગીકાર કરે છે. દશાર્ણ-ભદ્ર રાજાએ દીક્ષા અંગીકાર કરવાથી ઇંદ્ર હાર્યા. દેવતાઓ ઘણા શક્તિમાન્ છે પણ તેમનાથી દીક્ષા લેવાતી નથી. માટે દેવતાઓ પણ દીક્ષા લેનારને નમસ્કાર કરે છે, સંયમ માર્ગ વહન કરનાર જીવ અનુક્રમે શીઘ્ર મોક્ષ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે. મુનિપણું અને શ્રાવકપણામાં મેરૂ સરસવ જેટલું અંતર છે. ક્યાં સ્ત્રી, પુત્ર, ધર્મમાં આસક્ત, કાચુ પાણી પીવું, અબ્રહ્મ સેવન કરવું, વનસ્પતિની વિરાધના, પાપારંભ, પાપ વ્યાપાર, અનેક દોષસ્થાન ગૃહસ્થાવાસ છે. તેનો ત્યાગ કરવાથી સંસાર ઘટે છે અને આત્મ સુખ પામી શકાય છે. તીર્થંકર ભગવત્ પ્રરૂપિત શ્રમણ ધર્મ શ્રેષ્ટ છે. હે ભવ્ય જીવો ! જો સંસાર અસાર લાગતો હોય તો તેમાં કેમ રાચી માચી રહ્યા છો. એક દીવસ દેખાતું શરીર બળીને રાખ થઇ જશે. મરતી વખતે જીવની સાથે કોઈ આવનાર નથી. જીવ એકલો આવ્યો અને એકલો જશે. બીજાને માટે જે પાપના આરંભ કરે છે તેનું ફળ પોતાને ભોગવવું પડશે. સૌ સ્વાર્થી જન છે. કોઇ કોઇનું નથી. આ મારા પિતા છે, આ મારી મા છે, આ મારૂં છે એમ મોહથી જીવ કહે છે. જો તે તારૂં હોય તો

મરતી વખતે કેમ સાથે આવતું નથી. તારૂં તારી પાસે આત્મામાં રહેલું છે. જે જે આંખે કરી દેખાય છે તેમાં હે ચેતન તારૂં કંઈ નથી. ઘર, હવેલી, રાજ્ય વગેરે છાંડી અનેક માણસો મરી ગયા, કોઇ દેખાતી વસ્તુઓને સાથે લેઇ જતું નથી. સંસારનું સુખ મધુબિંદુ સમાન છે, અને સંસારમાં દુઃખનો પાર નથી. સંસારની મોટાઇથી જે માણસ રાજી થાય છે તે બહિરાત્મા જાણવો. ધન, કુટુંબ, પુત્રાદિનો મમત્વ ત્યાગ કર્યા વિના આત્માનું હિત થઇ શકતું નથી. માટે તેનો ત્યાગ કરી દીક્ષા લેવી તે સાર છે.

**દીક્ષા.**

ઇત્યાદિ ઉપદેશસારથી રવચંદજી વૈરાગી થયા, અને દીક્ષા લેવાનો તેમણે વિચાર કર્યો. વૈરાગ્યના ત્રણ પ્રકાર છે. ૧ મોહગર્ભિત વૈરાગ્ય, ૨ દુઃખગર્ભિત વૈરાગ્ય, ૩ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય. ઉત્તમ પુરૂષોને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય થાય છે. રવચંદજીને સંસારમાં ચેન પડવા લાગ્યું નહિ. માતાએ તથા પિતાએ જાણ્યું કે આપણો પુત્ર વૈરાગી થયો છે. માટે કોણ જાણે સંસારમાં રહેશે કે નહિ. પોતે પણ માતપિતાને આ સંસારનું વિચિત્ર સ્વરૂપ સમજાવતા હતા. અંતરાય કર્મે માર્ગ આપવાથી અને એકદમ વીર્યોલ્લાસ વધવાથી સંવત ૧૯૦૭ ના માગશર શુદિ ૧૧ ના રોજ નિશાપોળમાં સ્વગૃહમાં સાધુનો વેષ લેઈ બેઠા.

હજારો જૈનો આ બનાવ દેખવાને ત્યાં આવ્યા. ત્યાં રૂખમણી શેઠાણી, સુરજમલશેઠ તથા અન્ય ઝવેરીવાડના આગેવાન શ્રાવકો આવ્યા. રૂખમણી શેઠાણીએ તેમનાં પિતા અને માતાજીને સમજાવ્યા અને રવિસાગરજી મહારાજને વાજતે ગાજતે ઉપાશ્રયમાં શ્રી નેમિસાગરજી મહારાજ પાસે લાવ્યા. શ્રી નેમિસાગરજીએ તેમને ક્રિયા કરાવી વાસક્ષેપ કરી શિષ્ય તરીકે સંઘ સમક્ષ સ્થાપન કર્યા. શ્રી નેમિસાગરજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી અને તેમનું ગુરૂએ **રવિસાગરજી** નામ આપ્યું.

**વડી દીક્ષા લીંબડીમાં.**

ત્યાં બે ત્રણ દિવસ રહી શ્રી લીંબડી તરફ વિહાર કર્યો. પોશ માસમાં લીંબડી પધાર્યા. ત્યાંના શ્રાવકોએ મ્હોટો ઉચ્છવ કર્યો, અને ત્યાં વડી દીક્ષા લીધી. લીંબડીના સંઘના આગ્રહ થકી ત્યાં બે માસ રહ્યા. ઉષ્ણ ઋતુમાં લીંબડીથી વિહાર કર્યો. અનુક્રમે સાણંદ પધાર્યા. સં. ૧૯૦૭ ની સાલમાં સાણંદ સંઘના આગ્રહથી શ્રી નેમિસાગરજી તથા શ્રી કપુરસાગરજી સાથે સાણંદમાં ચોમાસું કર્યું. ચોમાસામાં ધર્મોપદેશ દેઇ ઘણા જીવોપર ઉપકાર કર્યો. ચોમાસું ઉતર્યા બાદ પેથાપુર પધાર્યા હતા.

સંવત ૧૯૧૦ ની સાલમાં શ્રી નેમિસાગરજીએ પેથાપુરમાં એક શ્રાવકને દીક્ષા આપી **ધર્મસાગરજી** નામ પાડયું. આ મુનિરાજ મહારાજ વૃદ્ધાવસ્થામાં અમદાવાદમાં આંબલીપોળે

શરીરના અશક્તપણાથી ઘણો વખત રહ્યા હતા, અને દેહોત્સર્ગ પણ ત્યાં કર્યો. સંવત ૧૯૧૧ની સાલમાં શ્રી નેમિસાગરજી સાથે રવિસાગરજી સમી મુજપર પધાર્યા. ત્યાં ધર્મદેશના આપી ધર્મમાં જોડયા. સંવત ૧૯૧૨ ની સાલમાં કપૂરસાગરજી તથા વિવેકસાગરજી સાથે પેથાપુરમાં રવિસાગરજીએ ચોમાસું કર્યું. સંવત ૧૯૧૩ની સાલમાં વીરમગામમાં એક માસ રહી અન્યત્ર વિહાર કર્યો.

શ્રી નેમિસાગરજી મહારાજે મુજપર ગામમાં સં. ૧૯૧૩ ની સાલમાં દેહોત્સર્ગ કર્યો. મરતી વખતે તેમણે શ્રી રવિસાગરજીને ગચ્છની ભલામણ કરી હતી. ગુરૂમહારાજના મરણથી શ્રી રવિસાગરજી ખેદ કરવા લાગ્યા પણ ભાવી બળવાન વિચારી આત્મસ્વરૂપમાં રમવા લાગ્યા. કેશરીયાજીના વૃત્તાંતમાં સં. ૧૯૧૩ ની સાલમાં કાળ કર્યો એમ લખ્યું છે.

સંવત ૧૯૧૪ ના માહ મહીનામાં શ્રી રવિસાગરજી બારેજાએ પધાર્યા. ત્યાં અમદાવાદના દેવશાના પાડાના એક દશાશ્રીમાલીને દીક્ષા આપી તેનું નામ હીરસાગરજી પાડયું. ત્યાં એક દીવસ રહી વિહાર કર્યો. ચોમાસું સાણંદમાં કર્યું. ત્યાં ઘણી ધર્મની ઉન્નતિ થઇ. ત્યાંથી ચોમાસા બાદ વિહાર કરી વીરમગામ, માંડલ, પાલનપુર, ડીસા વગેરે ઠેકાણે વિહાર કરી ભવ્ય જીવોને ઉપદેશ આપવા લાગ્યા. વીરમગામમાં દેવદ્રવ્યનો

ઘોંટાલો હતો તે કાઢી નંખાવ્યો. સંવત ૧૯૧૭ ની સાલમાં પાટણના શ્રાવક રામચંદશાહને દીક્ષા આપી **રત્નસાગરજી** નામ આપ્યું. આ રત્નસાગરજી મહારાજે સુરતમાં ઘણાં ચોમાસાં કર્યાં. નવસારી, ગણદેવી, દમણ, રાંદેર, રામપુરા વગેરે ઠેકાણે ચોમાસાં કરી વિચરી ઘણા જીવોને ધર્મોપદેશ આપ્યો. સાસ્ત્રના પારંગામી હતા. શ્રી સિદ્ધિવિજયજી પણ તેમની પાસે રહી અભ્યાસ કરતા હતા. સુરત બંદરમાં શ્રાવક વર્ગને સારો ધાર્મોપદેશ આપ્યો. આજ પણ ત્યાંનો સંઘ રત્નસાગરજીને ઘણીવાર યાદ કરે છે. તેમના નામના નામની યાદગીરી સારૂ સુરતની પાઠશાલામાં **રત્નસાગરજી પાઠશાલા** નામ જોડવામાં આવ્યું છે. તેઓશ્રી સાધુ શ્રાવકને ભણાવવામાં ઘણો વખત ગાળતા. તેમણે ગણદેવીમાં દેહોત્સર્ગ કર્યો. સંવત ૧૯૧૮ ના ફાગણ સુદી બીજના રોજ રાધનપુર મધ્યે, પાટણના પારેખ ખુશાલચંદને દીક્ષા આપી **ખેમસાગર** નામ આપ્યું. ત્યાંથી વિહાર કરી પ્રાંતિજ એક માસ રહ્યા હતા. જેઠ માસમાં પાલનપુર પધાર્યા, અને ચોમાસું પણ ત્યાંજ કર્યું. ચોમાસું ઉતર્યા બાદ માહ મહીનામાં પાલનપુરમાં ખેમસાગરજીને વડી દીક્ષા આપી, અને ત્યાંથી ઇડર તરફ વિહાર કર્યો.

ઇડર ગામમાં જતીઓનું ઘણું જોર હતું કે ત્યાં સંવેગી કોઈ ઉતરી શકે નહિ, પણ આ મહાત્માના પ્રતાપથી શ્રાવક

લોકોનું લક્ષ્ય સંવેગ માર્ગમાં ખેંચ્યું અને તેમના ઉપદેશથી લોક શુદ્ધ માર્ગ સમજવા લાગ્યા. ત્યાં કેટલોક વખત રહી ગામોગામ વિહાર કરતા વીરમગામ પધાર્યા અને ત્યાં ચોમાસું કર્યું.

સંવત ૧૯૨૦ ની સાલનું ચોમાસું ઘોઘામાં કર્યું. અહિં ઈડરના શ્રાવક સરૂપચંદને સંવત ૧૯૨૦ ના વૈશાખ શુદિ ૧૦ દશમે દીક્ષા આપી. **શાંતિસાગરજી** નામ પાડ્યું હતું. તેમની પોતાની પોતાની સ્ત્રી ગુજરી જવાથી બીજું સગપણ કરેલું હતું છતાં તે સગપણ તોડી દીક્ષા લીધી હતી. અહીં પણ જતી લોકોનું ઘણું જોર હતું. પણ આ મહાત્માના પ્રતાપથી અંતે સત્યનો જય થયો ચોમાસું પુરૂ થયા બાદ સંઘ સાથે પાલીતાણે સિદ્ધાચલગિરિનાં દર્શન કરવા પધાર્યા. શાંતિસાગરજીને નાની દીક્ષા ભાવનગરમાં આપી હતી. તેમનો દીક્ષા ઓચ્છવ અમરચંદ જશરાજની માતુશ્રી મોતીબાઈના હાથે થયો હતો. અહીં ચોમાસું કર્યા બાદ ઘોઘાએ ગયા એમ સમજાય છે. ગિરિરાજની જાત્રા કર્યા બાદ વીરમગામ પધાર્યા. ત્યાં મહારાજના ઉપદેશથી ગાંધી કસ્તુરચંદ વેણીચંદે પાલીતાણાનો સંઘ કાઢયો હતો. તેમાં સાત સાધુનાં ઠાણાં તથા પાંચ સાધ્વીનાં ઠાણાં હતાં. અનુક્રમે યાત્રા કરી પાછા આવી માણસા તરફ પધાર્યા. સંવત ૧૯૨૨ ના પોશ વદી ૧૨ ના રોજ પાલણપુરના સંઘના આગ્રહથી ત્યાં પધાર્યા. ફાગણ શુદિ ૫ ના રોજ

સંઘ સાથે શિષ્યો સહિત આબુજી યાત્રા કરવા સારૂ વિહાર કર્યો. અનુક્રમે જાત્રા કરી પાછા આવી ફાગણ વદિ ૭ ના રોજ વસો તરફ વિહાર કર્યો. સંવત ૧૯૨૨ ના ચૈત્ર સુદિ ૫ ના રોજ વસો ગામમાં પધાર્યા. વસો ગામ પેટલાદ પાસે આવ્યું છે. ત્યાંના શા. હરજીવન જેચંદના પુત્ર સાકરચંદનું લગ્ન એજ સાલની વૈશાખ શુદિ પાંચમનું હતું. પણ સાકરચંદને અસાર સંસાર લાગવાથી લગ્ન બંધ રાખી તેમણે અમદાવાદમાં મુનિરાજશ્રી રવિસાગરજી પાસે દીક્ષા લીધી અને તેમનું નામ **ગુણસાગર** પાડવામાં આવ્યું. વળી અહીંનાજ શા. માનચંદ સાકરચંદે એજ સાલની જેઠ સુદિ ૬ ના રોજ દીક્ષા લીધી તેમનું નામ **મણિસાગરજી** રાખ્યું. સંવત ૧૯૨૩ ની સાલમાં વીરમગામમાં ગુણસાગર તથા મણિસાગરજીને વડી દીક્ષા આપી. વીરમગામમાં કલ્યાણસાગરજી તથા હેતશ્રીને દીક્ષા આપી હતી. ત્યાંથી વિહાર કરી ઈડર ગયા ત્યાં એક મહીનો રહ્યા ત્યારબાદ ત્યાંથી વિહાર કરતા વીજાપુર પધાર્યા. આ ગામમાં યતિયો વિદ્વાન્ હતા. વીજાપુરને વિદ્યાપુર કહેવામાં આવે છે. ત્યાંથી વિહાર કરી ગેરીતા, વીસનગર, વડનગર થઇ તારંગાજીની યાત્રા કરી વીરમગામ પધાર્યા. ત્યાં કેટલોક વખત રહી ત્યાંથી જોટાણા, મહેસાણા, પાટણ થઈ પાલનપુરપધાર્યા, અને ચોમાસું પાલનપુરમાં કર્યું. પ્રખ્યાત શ્રી હીરવિજય સૂરિનો જન્મ આ

શહેરમાં થયો હતો. આનું બીજું નામ પ્રલ્હાદનપુર છે.

પાલનપુરમાં અક્ષયનિધિ તપ કરાવ્યો, ભાદરવા શુદિ ૬ ની રોજેભારે વરઘોડો ચડયો હતો. આ વખતનો દેખાવ બહુ સારો હતો. આ ચોમાસામાં **વિનીતસાગર** તથા **મણિ-સાગર** સાથે હતા. પાલનપુરથી વિહાર કરી ગામોગામ વિચરતા વીજાપુર પધાર્યા. અને ત્યાંથી પ્રાંતિજ ગામમાં પધાર્યા ત્યાં એક માસ કલ્પ કર્યો. અનુક્રમે વીરમગામ આવી સંવત ૧૯૨૭ ના મહા મહીનામાં વીરમગામમાં ઉપધાન કરાવ્યાં.

સંવત ૧૯૨૮ ની સાલનું ચોમાસું ઈડરમાં કર્યું. તે વખતે કલ્યાણસાગર, વિનીતસાગર તથા મણિસાગર સાથે હતા. વડાલી ગામના સંઘના આગ્રહથી મણિસાગરજી તથા વિનીત-સાગરજીને વડાલી મોકલ્યા. ત્યાંથી ચોમાસું ઉતર્યા બાદ વિહાર કરી અનેક ભવ્ય જીવોને ઉપદેશ આપતા આપતા વીજાપુર પધાર્યા. સં. ૧૯૨૯ ની સાલમાં વીજાપુર ચોમાસું કર્યું. સંવત ૧૯૩૦ ના જેઠ શુદી ૬ ના રોજ પાલણપુર પધાર્યા, અને ચોમાસું પણ ત્યાં કર્યું. ત્યાં અક્ષયનિધિ તપ તથા વીશ છોડનું ઊજમણું આદિથી ધર્મોન્નતિ થઈ હતી. સંવત ૧૯૩૧ ની સાલનું ચોમાસું તેમણે વિજાપુરમાં કર્યું. સં. ૧૯૩૨ ની સાલનું ચોમાસું મણિસાગરજી સાથે પેથાપુર કર્યું હતું. ત્યાંથી ગામોગામ વિહાર કરતા રાધનપુર પધાર્યા. ત્યાં બાવીસ દિવસ

રહી માણુસા તરફ વિહાર કર્યો. માણુસાથી વિહાર કરી મહા શુદિ ૧૫ ના રોજ વીરમગામ પધાર્યા. તેમના ઉપદેશથી દોશી વહાલજી ઘેલાએ દેરાસર બંધાવી ધર્મનાથની પ્રતિમાની તેમના હાથે પ્રતિષ્ટા કરાવી હતી. ત્યાંથી અનુક્રમે વિહાર કરતા પાટણ પધાર્યા. અને ચોમાસું પણ પાટણમાં કર્યું. ત્યાંથી ચોમાસું ઉતર્યા બાદ માણુસા તરફ પધાર્યા. ત્યાંના સંઘે મહોત્સવ કર્યો. સં. ૧૯૩૫ ના કારતક વદિમાં પાલનપુર પધાર્યા. ત્યાં ઉપધાનમાં શ્રાવક શ્રાવિકાઓ જોડાયાં. મહા શુદિ ૫ ના રોજ શ્રાવક શ્રાવિકાઓને માળાઓ પહેરાવી. તે વખતે ધામધુમથી વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. સંવત્ ૧૯૩૫ નું ચોમાસું વીજાપુરમાં કર્યું. ત્યાં અક્ષયનિધિ તપ વગેરે અનુષ્ઠાનો કરાવ્યાં. સં. ૧૯૩૫ ની સાલનું ચોમાસું મણિસાગરજીએ માણુસામાં કર્યું હતું, ત્યાંથી વિહાર કરતા સંવત ૧૯૩૬ ના વૈશાખ વદિ ૧૧ ના રોજ પાલનપુર ચોમાસું કરવા પધાર્યા. એકંદર રવિસાગરજીએ પાલનપુરમાં ચાર ચોમાસાં કર્યાં. આ વખતે મણિસાગરજી તથા કલ્યાણસાગરજી સાથે હતા. ત્યાંથી વિહાર કરી માગશર વદિ ૮ ના રોજ માણુસામાં ઉપધાન વહેરાવવા પધાર્યા હતા. સંવત્ ૧૯૩૮ નું ચોમસું વીજાપુર કર્યું ત્યાંથી વિહાર કરી માણુસામાં પધાર્યા. સાણંદથી સંઘ નિકળ્યો હતો તે સંઘ સાથે શ્રીમદ્ રવિસાગરજીએ

ભોયણી શ્રી મલ્લિનાથનાં દર્શન કર્યાં. સંવત ૧૯૪૧ ની સાલનુ ચોમાસું શ્રીરવિસાગરજીએ મહેસાણા મધ્યે કર્યું હતું. તે વખતે પાલનપુરની શ્રાવિકા રતનબાઈને દીક્ષા આપી તેમનું નામ રત્નશ્રી પાડવામાં આવ્યું. સંવત ૧૯૪૨ ની સાલનું ચોમાસું સાણંદ કર્યું. ત્યાં જૈનધર્મની સારી રીતે ઉન્નતિ કરી. સંવત ૧૯૪૩ સાલનું ચોમાસું મેહેસાણા ગામમાં કર્યું. મેહેસાણામાં ૧૯૨૪-૧૯૩૩-૧૯૪૬ એમ ત્રણ વખત ઉપધાન વહેવરાવ્યાં હતાં. તથા સંવત્ ૧૯૨૩ માં દાનશ્રીએ અને ૧૯૨૪ માં વિનીતસાગરને દીક્ષા આપી તથા સંવત ૧૯૪૩ ના વૈશાખ શુદી ૬ ના રોજ સુરતના શા. ફૂલચંદભાઈ ભુખણદાસે તથા પાટણના શા. સાંકળચંદે મુનિરાજ શ્રી રવિસાગરજી મહારાજ પાસે દીક્ષા લીધી. ફૂલચંદભાઈનું નામ ભાવસાગરજી પાડવામાં આવ્યું અને સાંકળચંદનું નામ સુખસાગરજી પાડવામાં આવ્યું. સં. ૧૯૪૪ ની સાલનું ચોમાસું માણસામાં કર્યું. તે વખતે તેમની સાથે ભાવસાગરજી તથા શ્રીમાન્ સુખસાગરજી હતા તથા સાધ્વી દેવશ્રી વગેરે પણ હતાં. તે વખતે ગામ ગેરીતાની હરકોરબાઇએ વૈશાખ શુદિ ૬ દીક્ષા લીધી હતી, તેમનું નામ હરખશ્રી પાડવામાં આવ્યું. સંવત ૧૯૪૫ ની સાલનું ચોમાસું વીજાપુરમાં કર્યું. તે વખતે વડસમાના શ્રાવક ગગલભાઇએ બે મહીનાની તપશ્ચર્યા કરી હતી તેથી ભારે મહોત્સવ થયો હતો. આ વખતે મહારાજની વૃદ્ધ

અવસ્થા હતી તેમજ વિહારમાં અશક્ત થયા હતા. તોપણ ઉપયોગ સારો હતો. ત્યાંથી ચોમાસા બાદ વિહાર કરી રણાસણ, લોદ્રા, આજોલ અને માણસા વગેરે ઠેકાણે વિહાર કરતા મેહેસાણા તરફ પધાર્યા. તેમની સેવા ચાકરીમાં મુનિશ્રી સુખસાગરજી તથા ભાવસાગરજી પાસે હતા. સંવત ૧૯૪૬ ની સાલનું ચોમાસું મહેસાણામાં કર્યું. ત્યાં જૈન શાસનની સારી ઉન્નતિ થઇ હતી. સંવત્ ૧૯૪૭ ની સાલનું ચોમાસું પાટણમાં કર્યું. મુનિશ્રી રવિસાગરજીએ સંવત્ ૧૯૧૫ ની તથા સં. ૧૯૧૭ ની સાલમાં પાટણમાં માસકલ્પ કર્યા હતા અને ઉપધાનમાં અઢારીયાં વહેવરાવી માળ પહેરાવી હતી. સં. ૧૯૨૬ માં પાટણમાં ચોમાસું કર્યું તે વખતે તેમની સાથે તેમના શિષ્ય શાન્તિસાગરજી ગુણસાગરજી તથા વિનીતસાગરજી હતા. સં. ૧૯૩૪ ની સાલમાં પાટણમાં શ્રી રવિસાગરજી મહારાજે ચોમાસું કર્યું અને ચૈત્ર માસમાં શ્રાવક શ્રાવિકાઓને ઉપધાનની માળાઓ પહેરાવી હતી. સં. ૧૯૩૭ માં શ્રી રવિસાગરજી મહારાજે પાટણમાં ચોમાસું કર્યું અને ઉપધાન વહેવરાવી ચૈત્ર માસમાં માળો પહેરાવી હતી. સં. ૧૯૪૨ ની સાલમાં પાટણમાં સ્વશિષ્ય કલ્યાણસાગરજીની સાથે બે માસ ઉપરાંત રહ્યા હતા. સં. ૧૯૪૭ ની સાલમાં પાટણમાં ચોમાસું કર્યું તે વખતે સ્વશિષ્ય **ભવસાગરજી** તથા શ્રી **સુખસાગરજી** સાથે

હતા. શ્રાવક શ્રાવિકાઓને ઉપધાન વહેવરાવી માઘ માસમાં માળો પહેરાવી હતી ત્યાં સુખે સમાધિએ ચારિત્ર આરાધન કર્યું.

સંવત ૧૯૪૮ ની સાલથી મહારાજની અત્યંત વૃદ્ધાવસ્થાથી ત્યાંજ ચોમાસાં કરવા લાગ્યાં. કારણ કે આ વખતે ઉમર વર્ષ ૭૧ ના આશરે હતી. સં. ૧૯૪૯, ૧૯૫૦, ૧૯૫૧, ૧૯૫૨, ૧૯૫૩ નાં ચોમાસાં સુખેથી ગાળ્યાં, અને ધર્મ સાધનમાં તત્પર થયા. મહારાજજીનું શરીર દિનપ્રતિદિન ક્ષીણ થવા લાગ્યું. તોપણ વૈરાગ્ય તો વૃદ્ધિનેજ પામતો હતો, ચઉસરણ પયન્નો તથા નવ સ્મરણ મહારાજજી દરરોજ ગણતા હતા. સંવત્ ૧૯૫૪ ના જેઠ વદિ ૧૦ ના રોજ મહારાજ સાહેબજીને રાત્રીએ શ્વાસ ઉપડયો તેથી મહારાજજીએ પોતાના શિષ્ય મુનિશ્રી સુખસાગરજીને કહ્યું કે હવે દેહોત્સર્ગનો કાળ નજીક છે માટે મને સારાં સારાં સ્તવન, સજ્ઝાયો સંભળાવો. શ્રી સુખસાગરજી આત્માની સમાધિ રહે એ રીતે સ્વાધ્યાય કરવા લાગ્યા તે વખતે શ્રી આત્મારામજીના શિષ્ય શ્રી ચારિત્રવિજયજી તથા શ્રી ધર્મવિજયજી તથા શ્રી કપુરવિજયજી તથા અમીવિજયજી વગેરે પાસે હતા. પ્રબંધ લખનાર હું પણ તે વખતે પાસે હતો. મારા ઉપર આ પ્રખ્યાત મુનિરાજની અત્યંત પ્રેમદૃષ્ટિ હતી. મને યાદ કરવાથી હું મહારાજ સાહેબની પાસે આવ્યો. અને વૈરાગ્યકારક સ્તવનો તથા સજ્ઝાયો સંભળાવી. આ વખતે રાત્રીના

દશ વાગ્યાનો સુમાર હતો. મહારાજને જરા શાંતિ થઈ. આ વખતે મુનિરાજ શ્રી રવિસાગરજી મહારાજ સાહેબજી ધ્યાનમાં લીન થયા હતા. અનિત્યાદિ બાર ભાવનાઓ ભાવવા લાગ્યા, અને શરીરથી ચેતન ન્યારો છે. તેને અને આત્માને અનાદિકાળથી સંયોગ થયો છે. શરીર વિનાશી છે. હું અવિનાશી છું, શરીર રૂપી છે, અને હું આત્મા અરૂપી છું, કર્મ સંયોગે આત્મા ચાર ગતિમાં ભટકે છે. શરીર મારૂં નથી. હું શરીર નથી. ચારિત્ર માર્ગમાં જે જે દૂષણો લાગ્યાં હોય તેનો પશ્ચાત્તાપ કરવા લાગ્યા. તીર્થયાત્રાઓનું સ્મરણ કરવા લાગ્યા. સ્મરણ કરતાં કરતાં નિદ્રા આવવા લાગી. રાત્રીના વખતે મહારાજ સાહેબજીના શરીરની સ્થિતિ નબળી જાણી કેટલાક શ્રાવકો ઉપાશ્રયમાં સુઈ રહ્યા હતા. અને વારાફરતી શ્રાવકો જાગરણ કરતા હતા. રાત્રીના ચાર વાગ્યાના સુમારથી મહારાજનું શરીર વધારે નરમ થયું. આ વખતે શ્રાવક વેણીચંદ સૂરચંદ તથા શેઠ વસ્તારામ નેમિદાસ, તથા છગનલાલ ડોસાભાઈ, તથા નગીનદાસ ઝવેરચંદ, તથા ખૂબચંદભાઈ મહેતા પાટણ-વાળા, તથા ફીકાભાઇ તથા પ્રબંધ લખનાર હું પોતે તે વખતે હાજર હતા.

મહારાજજી સાહેબને પોતાનો અંતકાળ નજીક ભાસ-વાથી તે બાબતની અંતેવાસી શ્રાવકોને ચેતવણી આપી.

સંવત ૧૯૫૪ ના જેઠ વદિ ૧૧ ના રોજ સવારના પ્રહરમાં પ્રતિક્રમણ વગેરે કરી તથા પાર્શ્વનાથજીની પ્રતિમાનાં દર્શન કરી પાટ ઉપર સંથારામાં અર્ધપદ્માસન વાળી વિરાજમાન થયા અનેઆત્મસમાધિમાં આત્મોપયોગી આરૂઢ થયા. અંતે સમાધિ મરણ થવું ઘણું દુર્લભ, કહ્યું છે કેઃ—

## ગાથા.

**कालेसुपत्तदाणं सम्मत्तविसोहिबोहिलाभंच ।**
**अंतेसमाहिमरणं अभव्वजीवा न पावंति ॥ १ ॥**

**ભાવાર્થ**—કાલે સુપાત્ર દાન, સમ્યક્ત્વવિશુદ્ધિ, બોધિલાભ અને અન્તે સમાધિ મરણને અભવ્યજીવો પામી શકતા નથી.

વળી જયવીઅરાયમાં કહ્યું છે કે—**સમાહિમરણંચબોહિલાભોઅ માટે** સમાધિ મરણ ભવીજીવોને હોઈ શકે છે. મહારાજ સાહેબજીએ કહ્યું કે—કોઈપણ માણસ વાતચિત્ત અગર ગરબડ કરે નહિ. મહારાજ સાહેબજીની અંતાવસ્થા માલૂમ પડવાથી શ્રાવકો, શ્રાવિકાઓ નાનાં મોટાં સર્વે આવી મહારાજજીનાં દર્શન કરવા લાગ્યાં, અને શોકાતુર થઇ ગદ્ ગદ્ કંઠે કહેવા લાગ્યાં કે—હવે અમને ગુરૂજી સમાન ધર્મનો ઉપદેશ કોણ આપશે. બ્રાહ્મણો તથા મેસરી વાણીયા પણ મહારાજ સાહેબનાં દર્શન કરવા આવવા લાગ્યા. ઉપાશ્રય માણસોથી ભરાઇ ગયો.

પદ્માસન વાળી મહારાજ સાહેબજી આત્મસ્વરૂપ વિચાર કરવા લાગ્યા કે–

**આત્મસ્વરૂપ વિચાર.**

હે ચેતન ! તું એકીલો આવ્યો અને એકીલો જઇશ. તેં જે જે કર્મ કર્યા છે તે પરભવમાં ભોગવવાં પડશે. મરણુથકી શરણુ રાખનાર કોઇ નથી. મરણુથકી હે આત્મન્! તું મુંઝાઇશ નહિ. આ અસાર સંસારમાં તેં અનંતાં જન્મ મરણ કર્યાં પણુ હજી પાર આવ્યો નહિ. હવે તું આત્મન્! ચાર શરણુ કર. તું આત્મા અખંડ અનંત સુખનો ભોક્તા છે. તું અજ છે, અમર છે, અવિનાશી છે, તું સ્વરૂપનો ભોક્તા છે. આ દેખાતું શરીર તારૂં નથી. હે ચેતન ! કોઇ વસ્તુપર મમતા કરીશ નહિ. પંચ મહાવ્રતમાં જે જે દૂષણો લાગ્યાં હોય તેનો પશ્ચાત્તાપ કર ! વીતરાગ ભગવંતની અજ્ઞાન દશાએ જે જે આજ્ઞાઓ ખંડન કરી હોય તેનો પશ્ચાત્તાપ કર. ચોરાશીલાખ જીવયોનિના જીવોને ખમાવ. પુદ્ગલનો વિનાશી સ્વભાવ છે. તે નાશ પામવાનું છેજ તેમાં ચેતન તારૂં કંઇ નથી. તું આત્મદ્રવ્ય છે. શરીર પુદ્ગલ દ્રવ્ય છે. એમ ભાવનારૂપ આત્માની સ્થિરતા કરવા લાગ્યા. તેમને દેખી સકળ સંઘ ઉદાશ ચિત્તથી તેમની સામે ટગરટગર જોવા લાગ્યો. મહારાજજીએ આંખો ઉઘાડી સંઘ સામે દ્રષ્ટિ કરી

એક આંગળી ઉંચી કરી જણાવ્યું કે—

જન્મ જરા અને મરણ કોઇને મુકનાર નથી. એક ધર્મમાં ધ્યાન રાખશો. પરભવમાં ધર્મ સાહાય્ય-કારક છે. ત્યારબાદ મહારાજ સાહેબજી કેટલીક વખત આંખો ઉઘાડે. અને મીંચી દે. એમ

**સંઘને શિ-ખામણ.**

કરવા લાગ્યા. લેખક તથા વેણીચંદભાઇ તથા છગનલાલ ડોસા-ભાઈ મહારાજજીની જમણી તથા ડાબી બાજુએ હાજર હતા. મુનિવર્ય શ્રી સુખસાગરજી પણ પાસે બેઠા હતા. તેમના સામુ મહારાજ સાહેબજી જોવા લાગ્યા. અને તેમને પોતાની આં-ગળી ઉંચી કરી કહ્યું કે આ ભયંકર સંસાર સમુદ્ર તરવો ઘણો કઠિન છે. માટે એક ધર્મધ્યાનમાં તત્પર રહેશો. એમ જણાવતાં મુનિશ્રી સુખસાગરજીની આંખમાંથી અશ્રુની ધારા છૂટી, અને ગુરૂ મહારાજના સ્નેહથી છાતી ભરાઇ ગઇ ગુરૂનો ચરમોપદેશ તેમણે મસ્તકે ચઢાવ્યો અને શોકસમુદ્રમાં બુડતાં ફરીવાર મહા-રાજ સાહેબજીની આંગળીરૂપ પ્રવહણે જણાવ્યું કે આ વાસ્તવ મારો અંત સમય છે, માટે છાતી દ્રઢ કરી ધર્મ સંભળાવવો તે તમારૂં કામ છે. મુનિશ્રી સુખસાગરજી પણ નવકાર દેવા લાગ્યા. અહો ! નવકારનું કેવું માહાત્મ્ય છે કે ચૌદ પૂર્વી પણ મરણ સમયે નવકારનું સ્મરણ કરે છે. મહારાજજીએ પાછા સંઘ તરફ આંગળી કરી જણાવ્યું કે સકળ સંઘ સંપ ધારણ કરી

ચાલજો. સંઘમાં લડાઈ ટંટા ઘાલશો નહિ, જ્યાં સુધી તમારા ગામમાં સંપ છે ત્યાં સુધી સારૂ રહેશે. આ વખત નગરશેઠ વસતારામ નેમીદાસ પણ બહુ ઉદાસ થઈ ગયા. સાધ્વી શિવશ્રીજી તથા હરખશ્રી આ વખતે હાજર હતાં. પ્રબંધ લખનાર મને મહારાજજીએ જણાવ્યું હતું કે જ્યાં સુધી મારા જમણા હાથનો અંગુઠો હાલતો રહેશે. ત્યાં સુધી હું શુદ્ધિમાં છું. એમ તમે જાણજો, મહારાજજીના સામો સકળ સંઘ ઉદાસ ચિત્તથી બેઠો હતો. ગાંધી મુળચંદભાઇ તથા હરગોવનદાસ મગનલાલ તથા શેઠ ચુનીલાલ ગોતમ વગેરે આ વખતે સર્વે હાજર હતા.

**ખેદજનક મૃત્યુ. (સ્વર્ગ ગમન)**

હવે ગુરૂ મહારાજના શરીરનો શ્વાસોશ્વાસ નરમ પડવા લાગ્યો. નાડી હળવે હળવે ધબકારા કરવા લાગી. મહારાજશ્રી ધ્યાનારૂઢ થયા. અહો! આ વખતે મહારાજશ્રીજીનું આવું ઉત્તમ સમાધિ મરણ ઉત્તમ ગતિ સુચવતું હતું. પ્રબંધ લેખક હું તથા વેણીચંદ તથા છગનલાલ ટોકરભાઈ મોટા સ્વરથી તેમના કાન નજીક નવકાર મંત્ર ભણવા લાગ્યા. **અરિહંત સિદ્ધ સાહુ** એમ કહેવા લાગ્યા. મહારાજશ્રી ઉપયોગથી સાંભળતાં સાંભળતાં ધ્યાનારૂઢ થઈ ગયા. સંવત્ ૧૯૬૪ ના જેઠ વદિ ૧૧ ના રોજ સવારના પહોરમાં ૬॥ વાગ્યાના આશરે અમૃતસિદ્ધિ યોગમાં ચઢતા પહોરે આ

ક્ષણિક દેહનો ત્યાગ કરી શ્રી ગુરૂ રવિસાગરજી સ્વર્ગ ગતિને ભજનારા થયા.

**સંઘમાં શોક.** મહારાજજીના મરણથી આખો સંઘ અત્યંત દીલગીર થયો. કેટલાક શ્રાવકો રૂદન કરવા લાગ્યા. મુનિરાજ શ્રીસુખસાગરજી પણ સ્નેહના વશથી અશ્રુધારા વરસાવવા લાગ્યા કે હે પરમ-ગુરૂ ! હવે મને કોણ સારી સારી શિખામણો આપશે, અને મારૂં આત્મહિત કોના અવલંબનથી થશે. અરે હું ગુરૂ વિના એકલો ક્યાં જઇશ. માતા વિનાનાં બાલક તેમ હું હવે ગુરૂ વિના કેમ શોભીશ. સંસાર સમુદ્રમાં વહાણ સમાન હે ગુરૂજી હવે હું ગુરૂજી કહી કોને બોલાવીશ અને હવે મને ગુરૂ વિના કોણ ઠપકો આપશે. નિર્ભાગી પાસે ચિંતામણિ રત્ન રહે નહિ, તેમ મારી પાસે આપ ચિંતામણિ રત્ન સમાન રહ્યા નહિ. હવે હું શું કરૂં. એમ વારંવાર મહારાજ સાહેબની ભવ્ય મુખાકૃતિ નિહાળી વિલાપ કરવા લાગ્યા. તેમને સકલ સંઘે શાંત પડી જણાવ્યું કે મૃત્યુથી કોઈ છુટનાર નથી. તેમ આપ જાણોછો માટે શ્રી ગૌતમની પેઠે શોકનો ત્યાગ કરી વીતરાગ ભાવમાં વર્તવા ઉપયોગ ધારણ કરો. નકામો વિલાપ કરવાથી હવે શું થશે. મહારાજજીનું સમાધિ મરણ થયું, તેથી આપણે રાજી થવું જોઈએ.

મહેસાણાના સંઘે સાણંદ, ગોધાવી, વીરમગામ, વીજાપુર, મુંબઈ, સુરત, વડોદરા, માંડલ, વડનગર, વીસનગર, ખેરાળુ, રામપુરા, જોધપુર, પાટણ, પાલનપુર, માણસા,

**મરણક્રિયા વિધિ.** પ્રાંતીજ, પેથાપુર, અમદાવાદ શેઠ વીરચંદભાઇ દીપચંદ વગેરે ઉપર તાર દ્વારાએ મહારાજજીના મૃત્યુના સમાચાર જણાવ્યા. સંઘે થોડા વખતમાં જરીયાનની પાલખી સુશોભિત તૈયાર કરાવી. મહારાજજીના શરીરને અગ્નિસંસ્કાર કરવા સારૂ ગામથી દક્ષિણ દિશામાં તેજ વખતે એક ખેતર વેચાતું લીધું. મહારાજજીના શરીરને ઉપાશ્રયમાં એક થાંભલાની પાસે બાજોઠ ઉપર પધરાવ્યું અને રજોહરણ મુહપત્તિ વગેરે સ્થાપન કર્યાં. અગીયાર વાગ્યાના આશરે અમદાવાદથી શેઠ વીરચંદભાઈ દીપચંદ વગેરે સંઘના આગેવાન ગ્રહસ્થો આવ્યા. પાલખી તૈયાર થઈ. ગામના લોકો દર્શન કરવા આવવા લાગ્યા. શ્રાવક શ્રાવિકાઓને દીલગીરી ઘણી થઈ. બ્રાહ્મણ, ભાટ, છીંપા વગેરે લોકો પણ દર્શન કરી ઉદાસ થઇ ગયા. અને કહેવા લાગ્યા કે—અહો આ મહાત્મા પુરૂષને ધન્ય છે, કે જેણે સાધુપણું અખંડ પાળ્યું. મહારાજજીના શરીરને પાલખીમાં પધરાવ્યું, આખો ઉપાશ્રય માણસોથી ચીકાર ભરાઇ ગયો હતો. શ્રી રવિસાગરજી મહારાજે સ્વર્ગગમન કર્યું એવા સમાચારની ખબર પડતાં આસ-

પાસના ગામડાના સંઘો પણ દર્શનાર્થે આવ્યા હતા. માણુસાથી શેઠ હાથીભાઈ મૂળચંદભાઇ તથા શેઠ વાડીલાલ માફ વગેરે આવ્યા હતા. આ વખતે મહારાજજીના શિષ્ય ભાવસાગરજી જોધપુર હતા. તેમને તાર મારફત ખબર આપી પાલખી ઉપાડવાનો ચઢાવો બોલાયો. શેઠ વીરચંદભાઈ દીપચંદે પહેલી પાલખી પોતાની ખાંધપર ઉપાડી. નિર્વાણ સમયે સાત આઠ હજાર મનુષ્યોનો સમુદાય મળેલો હોવાથી બંદોબસ્ત માટે તથા માનાર્થે પોલીસ ટુકડી હાજર થઇ હતી. પાલખી સહિત સર્વ સંઘ તથા હજારો લોકો પાલખી પાછળ ચાલવા લાગ્યા. શ્રાવક વર્ગ **જય જય નંદા, જય જય ભદ્દા** શબ્દનું ઉંચ સ્વરે ઉચ્ચારણ કરવા લાગ્યા. ચૌટા વચ્ચોવચ્ચ થઇ ગામની દક્ષિણ દિશાએ પાલખી લીધી. હજારો લોકો મેડીઓ ઉપર ચડી કેટલાક દુકાનના ઓટલા ઉપર રહી બેહાથ જોડી ગુરૂજીના શરીરનાં દર્શન કરવા લાગ્યા. જેણે સુડતાલીસ વર્ષ સુધી દેશોદેશ વિચરી શરીરને શુષ્ક કરી નાંખ્યું, તે મહાત્માનું આ શરીર છે, જે મહાત્માએ વચનામૃતથી હજારો લોકોનાં કલ્યાણ કર્યાં, અહો તેમને ધન્ય છે એમ લોકો કહેવા લાગ્યા. કોઈ કોઇને કહેવા લાગ્યું કે જન્મ પામીને આ મહાત્માએ ખરૂં આત્મહિત કર્યું. ધન્ય છે તેમને. ગરીબ લોકોને શ્રાવક વર્ગ તરફથી દાન આપવામાં આવ્યું. રૂપૈયા, અડધા,

પાવલું, રૂપાનાં ફુલ વગેરે ઉછાળવામાં આવ્યાં. ચૌટા તરફથી પાલખી દક્ષિણ દિશા તરફ લીધી. આ વખતે બે વાગ્યાનો સુમાર હતો. તડકો સખત હતો. આકાશ શાંત હતું. પક્ષીઓ પોતાના માળામાં બેઠાં બેઠાં નિરવશાન્તિ લેતાં હતાં. પાલખી ધારેલા ખેતરમાં આવી પહોંચી. સુખડનાં લાકડાં વગેરે અગ્નિસંસ્કારનો સામાન તૈયાર હતો. સાડાત્રણ વાગ્યાના આશરે મહારાજજીના શરીરને અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો. મહારાજજીના મરણની તિથિનો યાદગીરી સારૂ નવકારશી નીમવામાં આવી, અને તે દિવસે આખા ગામમાં હડતાલ પાળી. તેજ દિવસે માણસા, વીજાપુર, સાણંદ, ગોધાવી, અમદાવાદ, માંડળ, બોટાણા, પાલનપુર, પ્રાંતીજ, પેથાપુર, પાટણ, વીસનગર, અને વીરમગામ વગેરે ગામોમાં હડતાલ પાડવામાં આવી. અગ્નિસંસ્કાર કર્યા બાદ સકળ સંઘે ઉપાશ્રયે આવી દેવવંદન કર્યું. બીજા દિવસથી અઠ્ઠાઇ મહોચ્છવ શરૂ કર્યો.

આ પરમ પૂજ્ય મુનિરાજ સ્વભાવે શાંત, અનુભવી, વૈરાગી, ઢીંગણા ઘાટના ત્યાગી, શરીરે મજબુત, સંકટમાં ધૈર્યવંત, માણસની પરીક્ષા કરનાર, ક્રિયાકાંડમાં પ્રવીણ, સંવેગી, શુદ્ધ ધર્મોપદેશક હતા. મુનિરાજ શ્રીમદ્ આત્મારામજી તથા શ્રીમદ્ મોહનલાલજી મહારાજ વગેરે આ મહાત્માની ચારિત્ર પાળવા સંબંધી ઘણી પ્રશંસા કરતા હતા. એકંદર મહારાજજીએ સુડતાલીસ

વર્ષ સુધી સંયમ માર્ગ આરાધ્યો, વૃદ્ધ પરંપરાની વાત પણ તેઓ સારી રીતે વૃદ્ધ હોવાથી જાણતા હતા. મહારાજજી સાહેબનો વિહાર અમદાવાદથી તે ઠેઠ પાલણપુર, ઇડર, પ્રાંતીજ, વીરમગામ, માંડલ, વીજાપુર, માણસા, મહેસાણા, કટોસણ, જોટાણા, ચાણસમા અને સાણંદ વગેરે ઠેકાણે ઘણો થતો હતો. જે ગામમાં તેમનું પધારવું થયું હતું. ત્યાં ચંદરવા ચુલાઊપર બાંધવાની લોકોની ઘણી કાળજી હતી. તેમના શરીરનો જે ઠેકાણે અગ્નિસંસ્કાર કર્યો, તે ઠેકાણે હાલ મેહેસાણાના સંઘે શેઠ વીરચંદભાઇ દીપચંદભાઈ વગેરેની મદદથી એક આરસપાષાણની દેરી બાંધી તેમાં પૂજ્યશ્રી રવિસાગરજી મહારાજની પાદુકા સંવત્ ૧૯૫૬ ના માગસર સુદ ૬ સ્થાપન કરી છે. તેમના શિષ્ય શ્રીમાન્ સુખસાગરજી હાલ તેમની પાછળ પટ્ટધર થયા. તેમણે ગુરૂ મહારાજ સાહેબની સારી સેવા ચાકરી કરી હતી. હાલ પણ સર્વ સાધુઓ તેમની વૈયાવચ્ચ સંબંધી પ્રશંસા કરે છે. એવં શ્રીરવિસાગરજી મહારાજજીના ચરિત્રમાં મતિવિભ્રમથી જે કંઈ ભૂલચુક થઇ હોય તે સુધારી વાંચશો.

મહારાજજીએ જે જે ઠેકાણે વિહાર કર્યો હતો, અને ચોમાસાં કર્યા હતાં. તે ગામોના સંઘ ઉપર કાગળ લખી હકીકત મંગાવી આ ચરિત્ર લખ્યું છે. બનતા પ્રયાસે આ ચરિત્ર તૈયાર કરી તેમના ગુણોનું સ્મરણ કરી તેમનો પ્રશિષ્ય ગુરૂના ગુણ ગાઈ આનંદ માને છે.

## दुहा.

વિઘ્ન હરણ શ્રી પાર્શ્વનાથ, સંખેશ્વર સુખકાર;
શાંતિકરણ શ્રી શાંતિનાથ, ઋદ્ધિ સિદ્ધિ દાતાર. ૧
સદ્‍ગુરૂના ગુણ ગાવતાં, સફલ થાય અવતાર;
રવિસાગર ગુરૂરાજનું, ચરિત્ર કર્યું જયકાર. ૨
અલ્પમતિ હું બાળબુદ્ધિ, ગુરૂ કૃપાથી આજ;
વાણી મુજ સફલી થઇ, સિધ્યાં સઘલાં કાજ. ૩
મહિમાવંત મહંત શ્રી, રવિસાગર ગુરૂરાય;
ધ્યાન હૃદય ધરતાં થકાં, મનવંછિત સુખ થાય. ૪
સંવત્ વિક્રમ ઓગણીશ, અઠ્ઠાવનની સાલ;
ફાગણ વદિ પ્રતિપદા, પૂર્ણ ચરિત્ર રસાલ. ૫
નગર પાદરા શોભતું, શાંતિનાથ જયકાર;
તાસ પસાયે ચરિત્ર એ, રચતાં સુખ નિર્ધાર. ૬
ઉત્તમના ગુણ ગાવતાં, પ્રગટે આતમ સ્વરૂપ;
બુદ્ધિસાગર સુખ લહી, પામે શિવ ચિદ્રૂપ. ૭

**શ્રીમદ્ રવિસાગરજીએ બજાવેલાં ધાર્મિકકાર્યો.**

શ્રીમાન્ રવિસાગરજી મહારાજે અનેક શહેરો અને ગામોમાં ચોમાસાં કર્યાં. તેમણે સં. ૧૯૦૭ની સાલમાં દીક્ષા લીધી. સં. ૧૯૫૪ની જેઠ વદિ એકાદશીના રોજ સ્વર્ગમાં પધાર્યા. ૪૭ વર્ષ પર્યન્ત ગુર્જર દેશમાં

વિહાર કરીને ચોમાસાં કરીને તથા સેંકડો માસકલ્પ કરીને તેમણે ઉપદેશવડે અને ચારિત્રના બળે અનેક ધાર્મિકકાર્યો કરીને જૈનધર્મોન્નતિ કરી દેવદ્રવ્યના ઘોંટાળા દૂર કરાવ્યા. જીર્ણોદ્ધાર કરાવવામાં સાહાય્ય આપી. અનેક સ્થળોના સંઘોમાં અનેક પ્રકારના સુધારા વધારાના ઠરાવો કરાવ્યા. પાંજરાપોળો સુધરાવી. પ્રતિષ્ઠાઓ કરાવી. તીર્થદર્શનાર્થે સંઘોને કઢાવવામાં ઉપદેશ કર્યો. શ્રાવકોના આચારો તથા શ્રાવિકાઓના આચારો તથા વિચારોમાં સુધારો કરાવ્યો. સાધુઓ અને સાધ્વીઓ કરીને તેઓ મારફત અનેક ઠેકાણે ધર્મોપદેશ દેવરાવ્યા. મહેસાણા, પાટણ, પાલનપુર, વીરમગામ, માણસા, વિજાપુર, પ્રાંતિજ, પેથાપુર, સાણંદ, ઈડર, અને અમદાવાદ વગેરેના સંઘોમાં સંપ કરાવ્યો અને અનેક કુરીવાજોને દૂર કરાવ્યા. તેમણે જ્યાં જ્યાં ચોમાસાં અને માસકલ્પ કર્યા ત્યાં ઉપધાન વગેરે અનેક પ્રકારની ધાર્મિક ક્રિયાઓ કરાવી. પોતાના ગુરૂની પાછળ તેમણે રવિનીપેઠે પ્રકાશ કર્યો તેથી ગુજરાતમાં તેમના ગુણાનુરાગી શ્રાવકો અને શ્રાવિકાઓ કે જે તેમના પરિચયમાં આવી છે તે એકી અવાજે બોલી ઉઠે છે કે **રવિ તે રવિજ** હતા. તેમની બરાબર કરનાર વિરલા હતા. શ્રી બુટેરાવજી મહારાજ, વૃદ્ધિચંદજી મહારાજ, શ્રીમાન્ વિજયાનન્દસૂરિજી, શ્રીમાન્ મૂલચંદજી મહારાજ, શ્રીમાન્ વૃદ્ધિચંદજી મહારાજ, શ્રીમાન્

ગુમાનવિજયજી મહારાજ, શ્રીમાન્ રત્નવિજયજી મહારાજ, પન્યાસ શ્રી સિદ્ધિવિજયજી, પન્યાસ શ્રી પ્રતાપવિજયજી, પન્યાસ

**તેમના પરિચયમાં આવેલા સાધુઓ.**

શ્રીમદ્ દયાવિમળજી, શ્રી ભાતૃચંદ્રજી મહારાજ, શ્રીમાન્ મોહનલાલજી મહારાજ, શ્રીમાન્ નીતિવિજયજી મહારાજ, શ્રી અમૃતવિમળજી મહારાજ વગેરે અનેક વિદ્વાન પ્રખ્યાત મુનિરાજો તેમના પરિચયમાં આવ્યા હતા. રાજેન્દ્ર સૂરિએ શ્રીમદ્ રવિસાગરજી મહારાજના ચારિત્રની પ્રશંસા કરી હતી. શ્રીમદ્ વિજયાનન્દસૂરિએ મહેસાણામાં પધારી શ્રીમાન્ રવિસાગરજી મહારાજના ચારિત્રની પ્રશંસા કરી હતી. મુનિરાજ શ્રી મોહનલાલજી તો ખાસ તેમનાં દર્શન કરવા માટે ભોંયણીથી મહેસાણે પધાર્યા હતા અને શ્રીમાન્ રવિસાગરજી મહારાજનાં દર્શન કરી તથા તેમને વન્દન કરી પરમાનન્દને પામ્યા હતા. શ્રીમાન્ પન્યાસ સિદ્ધિવિજયજી ખાસ છેવટના સમયે તેમનાં દર્શન કરવા માટે સં. ૧૯૫૪ ની સાલમાં મહેસાણે પધાર્યા હતા. પંજાબી તાર્કિક વિદ્વાન્ મુનિરાજ શ્રી દાનવિજયજી મહારાજની શ્રીમદ્ રવિસાગરજી મહારાજપર અપૂર્વ શ્રદ્ધા હતી. મુનિરાજ શ્રી કપૂરવિજયજી તેમનાં દર્શન કરી તેમની પાસે મહેસાણામાં રહ્યા હતા. અનેક મુનિવરો અને અનેક સાધ્વીઓ તેમનાં દર્શન કરવા

મહેસાણે આવતી હતી. શ્રીમાન્ રવિસાગરજી મહારાજે અન્ય સંઘાડાના સાધુઓ સાથે સારી રીતે મેળ જાળવ્યો હતો. તેમના સુડતાલીશ વર્ષના સંયમના પર્યાયમાં તેમણે કોઈની સાથે ક્લેશ વગેરે અશુભભાવ સેવ્યો હોય એવું જણાયું નથી.

**શ્રીમદ્ રવિસાગરજી મહારાજના ગુણો.**

સાધુઓ અને સાધ્વીઓને સાચવીને તેઓને ચારિત્ર-માર્ગમાં વહન કરાવવાની તેમનામાં અપૂર્વ દક્ષતા હતી. સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓપર આદેય નામકર્મના ઉદયથી તેમનો તાપ સારી રીતે હતો પડતો તેથી તેમના હુકમને કોઈ ઉલ્લંઘી શકતું નહોતું. તેમનામાં મનુષ્યની પરીક્ષા કરવાનો અપૂર્વ ગુણ હતો. તેઓ દીર્ઘદૃષ્ટિવડે કાર્ય કરતા હતા તેથી તેઓ પ્રત્યેક કાર્યમાં વિજય મેળવી શકતા હતા. શ્રાવકોમાં, સંઘમાં ક્લેશ કુસંપ વગેરે જે જે દોષો હતા તેઓને તેઓ યુક્તિપૂર્વક સારી રીતે ટાળી શકતા હતા. અનુભવોપદેશ બળવડે અન્ય જનોપર સારી અસર કરતા હતા. તેમનામાં અપૂર્વ ક્ષમા હતી. તેમણે વિજાપુરમાં ચોમાસું કર્યું ત્યારે મુસલમાનોની ઘોરો નજીક ઠલ્લે બેઠા હતા, તે વખતે મુસલ્માનોના છોકરાઓએ તેમને ઢેખાળા માર્યા હતા તેથી તેમને ઘણું વાગ્યું હતું. શ્રાવકોના જાણવામાં આ વાત આવ્યાથી તેમને ઝોળીમાં ઘાલી ઉપાશ્રયે લઈ ગયા હતા.

મહાજન ભેગું થયું અને મહાજને મુસલમાનોની સાથે વ્યવહાર બંધ કરવા માટે ઠરાવ કરવા માંડ્યો પરંતુ શ્રીમાન્ મુનિરાજ શ્રી રવિસાગરજીએ મહાજનને ઉપદેશ આપી ઠરાવ કરવા દીધો નહિ. અને મુસલમાનોના આગેવાનોના કહેવાથી તેઓનો મહાજનની સાથે સંપમેળ કરાવી આપ્યો. જે રીતે કોઈ પણ મનુષ્ય સુધરે તે રીતને તેઓ જાણી જતા અને તેથી અન્ય મનુષ્યોને સુધારવામાં તેઓ તુર્ત ફાવી જતા હતા. અનેક સંઘોપર, અનેક શહેરો અને અનેક ગામોના જૈનો તથા જૈનેતરોપર તેમણે ઉપકાર કર્યા છે. પંચમહાવ્રત પાળવામાં તેઓ એક્કા હતા. “ચારિત્ર ક્રિયા તો શ્રીમદ્ રવિસાગરજીની” એમ અનેક સંઘાડાના ક્ષેત્રોના શ્રાવકો એકી અવાજે બોલી ઉઠે છે. વૈરાગ્ય ત્યાગના બળે તેમણે સ્વાત્મ હિત કર્યું અને આત્મામાં જ્ઞાન-દર્શન ચારિત્રાદિ ગુણો ખીલવીને શુભગતિને ભજનારા થયા. તેમણે છેવટ મૃત્યુકાલ નજીક આવતાં અન્તેવાસી સ્વશિષ્ય શ્રીમદ્ ગુરૂમહારાજ શ્રી સુખસાગરજીને સ્વસંઘાડાની ભલામણ કરી. તેઓશ્રી જે પ્રમાણે બોલતા હતા તે પ્રમાણે થતું હતું. તેઓશ્રી વચન સિદ્ધિવાળા પુરૂષ હતા એમ તેમના ચમત્કાર સંબંધી અનેક કહેણીઓ ચાલે છે અને તે સાચી બનેલી છે તે કહેણીઓપરથી સમજાય છે. તેઓશ્રીએ સ્વર્ગગમન કર્યું ત્યારે તેમની પાછળ શ્રી ભાવ-

સાગરજી, શ્રી સુખસાગરજી અને જ્ઞાનસાગરજી એ ત્રણ સાધુ તે વખતે વિદ્યમાન હતા, અને સાધ્વીઓમાં શિવશ્રી, હેતશ્રી, હર્ષશ્રી, રત્નશ્રી, અને વિવેકશ્રી વગેરે વિદ્યમાન હતી.

**શ્રી રવિસાગરજીએ અમદાવાદમાં પાંજરાપોળ વગેરે સ્થળોમાં ઉપધાન કરાવ્યાં.**

શ્રી રવિસાગરજીએ પાંજરાપોળમાં દલપતભાઇ ભગુભાઇની માતુશ્રીને તથા રૂખમણી શેઠાણીને ઉપધાન કરાવ્યાં હતાં. સં. (૧૯૧૪) સં. ૧૯૨૧ ની સાલમાં શેઠ દલપતભાઇએ શ્રી સિદ્ધાચલનો સંઘ કહાડ્યો હતો તે વખતના સંઘમાં ધર્મસાગરજી તથા કપૂરસાગરજી સાથે હતા. શેઠ દલપતભાઇની માતુશ્રીએ પાલીતાણામાં તેમના ઉપદેશથી ઉજમણું કર્યું હતું. શેઠ દલપતભાઈ ભગુભાઇના વંડામાં પ્રભુ બેઠા તે વખતે શ્રી રવિશાગરજી મહારાજના ઉપદેશથી ગંગાબેન શેઠાણીએ પિસ્તાલીશ છોડનું ઉજમાણું કર્યું હતું. કર્મચુરણીની આઠઓળીનું ઉજમણું શેઠ લાલભાઈ પરણ્યા તે વખતે કરવામાં આવ્યું હતું “સંઘ અને ત્રણ ઉજમણાં ગંગાબેન શેઠાણીના હાથે શ્રી રવિસાગરજીના ઉપદેશથી હતાં. મોહનલાલજી મહારાજે પાલીતાણામાં પહેલું ચોમાસું કર્યું તે વખતે સં. ૧૯૪૪ ની સાલમાં પાલીતાણામાં નવપદનું ઉજમણું કર્યું હતું. ગંગાબેન શેઠાણીનો જન્મ સં.

૧૯૦૩ ની સાલમાં, ગંગાબેન શેઠાણીનું લગ્ન સં. ૧૯૧૪ " માં થયું હતું શેઠ દલપતભાઇએ સિદ્ધાચળના બે સંઘ કાઢ્યા. રૂખમણી શેઠાણીએ શ્રી રવિસાગરજી મહારાજના ઉપદેશથી પાંજરાપોળમાં વાસુપૂજ્યની પ્રતિષ્ઠા કરાવી. પ્રતિષ્ઠા કરાવ્યા બાદ રૂખમણી શેઠાણી મરણ પામ્યાં.

**ગંગાબેન શેઠાણી.**

શેઠ દલપતભાઈ ભગુભાઇની પત્ની ગંગાબેન શેઠાણીનું જન્મ ગામ વિજાપુર છે, અને હાલ તે વિદ્યમાન છે. હાલ તેમને અગન્યોતેર વર્ષ થયાં છે. તેમના શુભ પગલાંથી કુટુંબની ચડતી થઈ. શેઠાણીને ધર્મની દ્દઢ શ્રદ્ધા છે. વ્રત–તપ–જપ–અને ધર્માચારમાં પોતાના કુટુંબને દોરી શકે છે. શ્રી રવિસાગરજી અને તેમની પટ્ટ પરંપરાના સાધુઓને તે ધર્મગુરૂ તરીકે માને છે, અને તેઓની સારી રીતે ભક્તિ કરે છે. આબુજી અને સમેતશિખર તીર્થના રક્ષણ માટે શેઠ લાલભાઇને મોકલનાર શેઠાણી પોતે છે. કેટલાક ધર્મકાર્યોમાં પુરૂષના જેવી હિમ્મત દર્શાવી શકે છે. તીર્થયાત્રા, પ્રભુપૂજા, ગુરૂવંદન, વ્યાખ્યાનશ્રવણ, પચ્ચખાણ, અને સાધુઓને આહારપાણી વહોરાવવું ઈત્યાદિ ધર્મ બાબતમાં તેમનો ઘણો વખત જાય છે. તેમના શેઠ લાલભાઈ, મણિભાઇ અને જગાભાઈ ત્રણ પુત્રોને જૈન ધર્મપર પૂર્ણ શ્રદ્ધા છે, તેનું કારણ ખરી રીતે ગંગાબેન શેઠાણી છે. રવિસાગરજી

સંઘાડાના સાધુઓની વૈયાવચ્ચમાં તે ખરા અંતઃકરણથી પ્રયત્ન કરે છે. શેઠાણી સ્વભાવે દયાળુ, શ્રદ્ધાળુ, શ્રાવકના આચારમાં સ્થિર, ઉદાર, ગંભીર, અને કુટુંબમાં સંપ જાળવનારાં છે. ધર્મતાનની કેળવણીપર શેઠાણીની રૂચિ છે. ગંગાબેન શેઠાણીના સુપુત્રો શેઠ લાલભાઇ તથા મણિભાઈ તથા જગાભાઇએ ઝવેરીવાડાના નાકે "શેઠાણી ગંગાબેન જૈન કન્યાશાળાની" હજારો રૂપૈયા ખર્ચી સ્થાપના કરી છે શેઠાણીએ ગુરૂશ્રી રવિસાગરજીના પાસે ઉપધાન વહ્યાં છે.

**દલપતભાઈ ભગુભાઈ.**

શેઠ દલપતભાઈ ભગુભાઇને સિદ્ધચલપર અત્યંત રાગ હતો. તેમને વ્યાવહારિક તથા ધાર્મિક કેળવણીપર અત્યંત પ્રેમ હતો. પોતાને ઘેર સમાનધર્મી વિદ્યાર્થિયોને રાખીને ભણાવતા હતા. શ્રી રવિસાગરજી મહારાજની આજ્ઞાને તેઓ મસ્તકે ધારણ કરતા હતા. વિદ્વાનોને તેઓ સર્વ પ્રકારે ઉત્તેજન આપતા હતા. સાધુઓનાં વ્યાખ્યાનો સાંભળવા એ કાર્ય તેમના મનમાં એક વ્યસન જેવું થયું હતું. તેઓ પોતાના વંડામાં શ્રી રવિસાગરજી વગેરે સાધુઓને ઉતારતા હતા. દિલના ઉદાર અને દાનેશ્વરી હતા. તેમના વખતમાં જે આગેવાન શેઠીયાઓ હતા તેમાં તેમનો ભાર પડતો હતો અને તેમનું વચન કોઇ ઠેલી શકતું નહોતું.

## શ્રીમાન્ રવિસાગરજી મહારાજના સાધુઓ—

1 હીરસાગરજી સં. ૧૯૧૪
2 રત્નસાગરજી સં. ૧૯૧૭
3 ખેમસાગરજી સં. ૧૯૧૮
4 શાંતિસાગરજી સં. ૧૯૨૦
5 ગુણસાગરજી સં. ૧૯૨૨
6 મણિસાગરજી સં. ૧૯૨૨
7 કલ્યાણસાગરજી સં. ૧૯૩(૨)૭
8 વિનીતસાગરજી
9 ઉમેદસાગરજી
10 વિવેકસાગરજી
11 ભાવસાગરજી ૧૯૪૩
12 શ્રીમાન્ સુખસાગરજી „

## શ્રીમદ્ રવિસાગરજી મહારાજે સાધ્વીઓને દીક્ષા આપી તેનાં નામો.

૧૯૨૩ દાનશ્રી.
૧૯૨૮ શિવશ્રી.
૧૯૩૭ હેતશ્રી.
૧૯૪૧ રત્નશ્રી.
૧૯૪૪ હર્ષશ્રી.
ઇત્યાદિ.

**શ્રી ભાવસાગરજી.** શ્રી ભાવસાગરજીએ સં. ૧૯૪૩ માં વૈશાખ સુદિ ૬ છઠ્ઠના રોજ મહેસાણામાં શ્રી રવિસાગરજી પાસે શ્રી ગુરૂશ્રી સુખસાગરજી સાથે એક દિવસે દીક્ષા લીધી હતી.

શ્રી ભાવસાગરજી એક દિવસમાં પચ્ચાશ પોણોસો શ્લોક મુખે કરી શકતા હતા. વ્યાખ્યાન વાંચવામાં સારા હતા. શ્રોતાઓને સારી અસર કરી શકતાહતા. પન્યાસ ગંભીરવિજયજી

પાસે મહાનિશીથ સુધી યોગ વહ્યા હતા, અને ઉપધાન કરાવતા હતા તથા વડી દીક્ષાઓ આપતા હતા. મહેસાણા, માણસા, વિજાપુર, પાટણ, ચાણસમા, ભાવનગર, ધોળા, ધોરાજી, ઉદેપુર, અને અમદાવાદ વગેરે ઠેકાણે તેમણે ચોમાસાં કર્યાં હતાં. શ્રી રવિસાગરજી મહારાજ સાથે ભોયણીના સંઘમાં તેઓ ગયા હતા. કટોસણવાળી શા. મૂલચંદ જાદવજીની વહુએ સં. ૧૯૫૪ ના માહ માસમાં શ્રી તેમના ઉપદેશથી કેશરીયાજીનો સંઘ કહાડયો હતો અને તેમાં પોતે ગયા હતા. ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ, અને મેવાડ વગેરે દેશોમાં તેમણે વિહાર કરીને લાખો મનુષ્યોને પ્રતિબોધ કર્યો હતો. સંવત્ ૧૯૫૫ ની સાલમાં તેમણે અમદાવાદમાં ચોમાસું કર્યું હતું. તે વખતે તેમના વ્યાખ્યાનમાં નગરશેઠ મણિભાઇ પ્રેમાભાઇ, મયાભાઇ પ્રેમાભાઇ, શેઠાણી ગંગાબેન, શેઠ લાલભાઇ દલપતભાઇ, ઝવેરી ભોગીલાલ તારાચંદ વગેરે અનેક શ્રાવકો તથા શ્રાવિકાઓ આવતી હતી. તેમણે તત્ત્વાર્થસૂત્ર તથા કૂર્માપૂત્ર ચરિત્ર વ્યાખ્યાનમાં વાંચ્યું હતું. વ્યાખ્યાનવખતે જૈનોથી ઉપાશ્રય ચિકાર ભરાઇ જતો હતો એટલા લોકો વ્યાખ્યાનમાં આવતા હતા. અધ્યાત્મજ્ઞાનનાં સ્તવનો વગેરેની તેઓએ રચના કરી છે. સં. ૧૯૫૫ માં અમદાવાદમાં સુરતના નાથાલાલને દીક્ષા આપી ન્યાયસાગરજી નામ આપ્યું. અમદાવાદનું ચોમાસું પૂર્ણ કર્યા

બાદ તેમણે કડી ભોયણી તરફ વિહાર કર્યો. સં. ૧૯૫૬ ના વૈશાખ સુદિ આઠમે તેમણે ઝોટાણા પાસે તેલાવી ગામમાં દેહોત્સર્ગ કર્યો. તેર વર્ષ તેમણે દીક્ષા પાળી. તેઓશ્રી વિદ્વાન્, તપસ્વી, ત્યાગી, વૈરાગી, અને ક્રિયાપાત્ર મુનિવર હતા. અઠ્ઠાઇ કરીને પર્યુષણનું વ્યાખ્યાન વાંચતા હતા. ઓળીના નવ દિવસના ઉપવાસ કરીને વ્યાખ્યાન વાંચતા હતા. પૂજા ભણાવવામાં તેમના જેવો રાગ અને ભાવનો ઉલ્લાસ અમોએ હજુ સુધી કોઇ ઠેકાણે દીઠો નથી. તેઓ સરલ હૃદયના અને કવિ હતા. તેમનો બુલંદ અવાજ હતો. અધ્યાત્મજ્ઞાન રસિક હતા. તેમનું વ્યાખ્યાન તથા પૂજાઓને અમે સાંભળી છે. શ્રી ભાવસાગરજી મહારાજના બે શિષ્ય છે. એક જ્ઞાનસાગરજી, બીજા ન્યાયસાગરજી તેમાં શ્રીમાન્ જ્ઞાનસાગરજીએ ચાણસમા, ભાવનગર, પાલીતાણા, ડીસા, વાવ, રાણપુર, લીંબડી, મહુવા, ઘોઘા, વાલુકડ વગેરે ઠેકાણે આજ સુધીનાં ચોમાસાં કર્યાં છે. બન્ને શિષ્ય હાલ વિદ્યમાન છે.

**શ્રીમાન્ રત્નસાગરજી.**

શ્રી રત્નસાગરજી મહારાજ સંસારીપણામાં પાટણના રહીશ શ્રાવક હતા. તેમનું નામ રામચંદશાહ હતું. સં. ૧૯૧૭ ની સાલમાં પાટણમાં તેમણે શ્રીમદ્ રવિસાગરજી મહારાજ પાસે દીક્ષા લીધી હતી. તેમણે શ્રીમાન્ રવિસાગરજી

મહારાજ સાથે કેટલાંક ચોમાસાં કર્યાં. પશ્ચાત્ તેઓએ ખંભાતમાં ચોમાસું કર્યું ત્યાંથી તેમણે કાનમમાં વિહાર કર્યો. તેમણે ભરૂચમાં ચોમાસું કરી ત્યાંથી તેઓશ્રી સુરત તરફ પધાર્યા. સુરતમાં તેમની પાસે સુરતના બારવ્રતધારી શ્રાવક કલ્યાણભાઇએ તથા ફુલચંદભાઈ શ્રોતાએ આગમોનું શ્રવણ કર્યું. સુરતમાં તેમણે ઘણાં ચોમાસાં કર્યાં. સુરતમાં શા. ચુનીલાલ છગનલાલને તેમણે પ્રકરણાદિકનો અભ્યાસ કરાવ્યો હતો. રાંદેર, નવસારી, દમણ, ગણદેવી વગેરે ગામોમાં તેમણે ચોમાસાં કરી સુરત જીલ્લાના જૈનોમાં અનેક સુધારા વધારા કરાવ્યા. સુરત તરફના જીલ્લામાં શ્રીમાન્ રત્નસાગરજીએ ત્રીશ વર્ષપર્યંત ઉપદેશ દેઇને સુરત જીલ્લાના જૈનોમાં અનેક જાતના સુધારા વધારા કર્યા. પન્યાસ સિદ્ધિવિજયજીને તથા રૂદ્ધિવિજયજીને તથા મોહનલાલજીના શિષ્યો વગેરેને તેઓશ્રીએ અંતઃકરણની લાગણીપૂર્વક અભ્યાસ કરાવ્યો હતો. સુરતમાં ખેમચંદ મેળાપભાઇની વાડીમાં તથા નેમુભાઈ મેળાપચંદની વાડીમાં તેમણે ઘણાં ચોમાસાં કર્યા હતાં. તેઓશ્રી પિસ્તાલીશ આગમ વગેરે સિદ્ધાંતો ગ્રન્થોના ગ્નાતા હતા. તેઓશ્રીએ ગણદેવીમાં સ્વર્ગગમન કર્યું. ગણદેવીના સંઘે એક દેરી કરાવી તેમાં તેમની પાદુકા પધરાવી છે. સં. ૧૯૫૭ માં અમારૂં સુરતમાં ચોમાસું થયું તે વખતે શ્રી રત્નસાગરજી પાઠશાલા સ્થાપન કરવામાં આવી છે.

શ્રીમાન્ ગુણસાગરજી અને મણિસાગરજી બન્ને મૂળ વસોના વતની હતા. તેઓ બન્નેએ સત્ય વૈરાગ્યથી શ્રી રવિસાગરજી પાસે દીક્ષા અંગીકાર કરી હતી. શ્રીમાન્ ગુણસાગરજીએ આગમોનો સારી રીતે અભ્યાસ કર્યો હતો. વૈરાગ્યભાવનામાં તેઓ પ્રબળ હતા. શ્રીમાન્ મણિસાગરજી આનંદી હતા. તેઓના ઉપર કદિ શોકની છાયા દેખવામાં આવતી નહોતી. શ્રીમાન્ ગુણસાગરજી મહારાજનું યદિ દીર્ઘ આયુષ્ય હોત તો તેઓ ગુજરાતમાં એક મહા વિદ્વાન્ તરીકે જાહેરમાં પ્રસિદ્ધિને પામત. પણ કાલના મહિમાથી તેમ બન્યું નહિ. શ્રીમાન્ મણિસાગરજી મહારાજે માણસા, વિજાપુર, વીરમગામ, મહેસાણા, પ્રાંતિજ, ઇડર, અને વડાલી વગેરે ક્ષેત્રોમાં ચોમાસાં કરી સારી રીતે ઉપકાર કર્યો છે. શ્રી હીરસાગરજી મહારાજે પ્રાંતિજમાં સ્વર્ગગમન કર્યું ત્યારે તે સમયે તેમની પાસે મુનિરાજ શ્રી મણિસાગરજી ગયા હતા. શ્રીમાન્ કલ્યાણસાગરજીએ પ્રાંતિજમાં ચાર ચોમાસાં કર્યા અને પ્રાંતિજમાં તેમણે સં. ૧૯૪૪ માં સ્વર્ગગમન કર્યું હતું.

**શ્રીમાન્ ગુણસાગરજી તથા મણિસાગરજી.**

શ્રીમાન્ વિવેકસાગરજી મહારાજનું જન્મસ્થાન અમદાવાદ હતું. તેમણે ત્યાગવૈરાગ્યભાવથી દીક્ષા અંગીકાર કરી હતી. વિવેકસાગરજી મહારાજે અનેક આગમોનું પરિશીલન કર્યું હતું.

**મુનિશ્રી વિવેકસાગરજી.**

શ્રીમાન્ આત્મારામજી વગેરે અનેક વિદ્વાન્ ગણાતા સાધુઓના સમાગમમાં તેઓ આવ્યા હતા. બુટેરાવજી તથા તપસીજી પાસેથી તેમણે આગમોના તત્ત્વો સંબંધી સારો અનુભવ મેળવ્યો હતો. શેઠાણી શ્રાવિકા મોતિકુંવર કે જે શ્રીમાન્ રવિસાગરજી મહારાજની પરમ શ્રાવિકા હતી. તેણીએ શ્રી વિવેકસાગરજીની વિનય ભક્તિ સારી રીતે કરી હતી. વિવેકસાગરજીએ પાંજરાપોળના ઉપાશ્રયે ઘણાં ચોમાસાં કર્યા હતાં. તેમનો પુસ્તકભંડાર પણ પાંજરાપોળના ઉપાશ્રયમાં સં. ૧૯૬૮ સુધી હતો.

**હીરસાગરજી.** શ્રી રવિસાગરજીના શિષ્ય હીરસાગરજીનું સં. ૧૯૪૧ ના માગશર વદિ બીજની રાત્રીના બાર વાગે પ્રાંતિજમાં સ્વર્ગગમન થયું હતું. અમદાવાદ દેવશાના પાડાના એક શ્રાવકે બારેજામાં શ્રી રવિસાગરજી પાસે સંવત ૧૯૧૪ ના માઘ માસમાં દીક્ષા લીધી. તેમનું નામ હીરસાગરજી પાડયું. શ્રી હીરસાગરજીનાં માણસા, રામપુરા, પાટણ, મહેસાણા, વીરમગામ, માંડલ, અમદાવાદ, ઇડર, વિજાપુર, માણસા અને વિશેષ ચોમાસાં શ્રી પ્રાંતિજમાં થયાં છે. શ્રી રવિસાગરજી મહારાજના શિષ્ય શ્રી હીરસાગરજી હતા. ચારિત્ર પાળવામાં અતિ તીક્ષ્ણ હતા. વિવેકસાગરજી, કલ્યાણસાગરજી, મણિસાગરજી અને હીરસાગરજી એ ચાર વૈરાગી સાધુઓ હતા. શ્રી હીરસાગરજીએ

પ્રાંતિજમાં દેહોત્સર્ગ કર્યો. શ્રી હીરસાગરજીએ પોતાનું મરણ ક્યારે થવાનું છે તે પૂર્વે જાણ્યું હતું. તેમનું શરીર નરમ રહેતું હતું. તેથી પ્રાંતિજના શ્રાવકોએ કહ્યું કે સાહેબજી આપની સેવા માટે મણિસાગરજીને વિનંતિ કરી તેડી લાવીએ. હીરસાગરજીએ કહ્યું કે ભલે તમે મણિસાગરજીને બોલાવો પણ મારી અને તેમની મુલાકાત થવાની નથી. શ્રી હીરસાગરજીએ પોતાનું મરણ થોડા કલાકમાં થવાનું છે એમ જાણીને તે વખતે તે એકાકી હોવાથી શ્રાવકોને ઘેર કથરોટો આપી આવ્યા. બીજી વસ્તુઓની પાસે રહેનારા સોનીઓને ભલામણ કરી. સોનીઓએ પૃછ્યું કે તમે કયા ગામ જવાના છો કે જેથી બધી વસ્તુઓ સૌને સોંપી દો છો અને અમને બાકીની વસ્તુઓની ભલામણ કરો છો. સોનીના વચનોના ઉત્તરમાં તેમણે જણાવ્યું કે આજ અમારે મોટા ગામ જવાનું છે. આ પ્રમાણે કથ્યા બાદ ઉપાશ્રયમાં આવી સાંજરેજ ચાર આહારનો ત્યાગ કરી સર્વ જીવોને ખમાવી સંથારો કર્યો. શ્રાવકોએ ઉપાશ્રયમાં આવી તપાસ કરી તો તેમની આવી દશા દેખી. પોતાના પુસ્તક પર મરણસંસ્કારની વિધિનું એક પાનું મૂક્યું હતું, તે પણ શ્રાવકોએ દેખ્યું. શ્રી હીરસાગરજી ધ્યાનમાં આરૂઢ થઇને ઉચ્ચ શુદ્ધ પરિણામમાં લીન થઇ, તેજ રાત્રીના બાર વાગ્યાના આશરે દેહ છોડયો, અને દેવલોકમાં ગયા. બીજા દિવસે તેમના શરીરને અગ્નિસં-

સ્કાર માટે પાલખીમાં બેસાડવામાં આવ્યું. તે વખતે મણિ-સાગરજી આવી પહોંચ્યા પણ શ્રી હીરસાગરજીના કહેવા પ્રમાણે તેમની મુલાકાત થઈ નહિ. શ્રી હીરસાગરજીમાં ત્યાગ અને વૈરાગ્ય અસરકારક હતો.

**શ્રીમાન્ ઉમેદ-સાગરજી.**

મુનિરાજ શ્રી રવિસાગરજીના શિષ્ય શ્રી ઉમેદસાગરજી સ્વભાવે શાંત, ક્રિયાપાત્ર, વૈરાગી, ત્યાગી હતા. તેઓ ગૃહસ્થાવાસમાં અમદાવાદ શામળાની પોળના વિશાશ્રીમાળી વણિક્ હતા. શ્રાવક છગનલાલ બેંગણુના તેઓ બાપ હતા. વિ. સં. ૧૯૨૫ માં તેમણે દીક્ષા લીધી હતી.

**વિજાપુર.**

વિ. સં. ૧૯૪૦ માં તેઓશ્રીએ વિજાપુરમાં દેહોત્સર્ગ કર્યો હતો. વિ. સં. ૯૨૭ સાલમાં વિજાપુર વસેલું છે. વિજાપુરમાં શ્રી વિદ્યાનંદ સૂરિએ સ્વર્ગ ગમન કર્યું. તેમણે **વિદ્યાનન્દ વ્યાકરણ**ની રચના કરી છે. શ્રી ધર્મઘોષસૂરિની વિજાપુરમાં આચાર્ય પદવી થઈ હતી. અજિતપ્રભ ગણિ નામના આચાર્ય વિ. સં. ૧૨૯૨ માં વિજાપુરમાં વિદ્યમાન હતા, તેમણે ધર્મરત્ન શ્રાવકાચાર નામનો ગ્રન્થ બનાવ્યો છે. તપાગચ્છ સ્થાપક જગચ્ચંદ્રસૂરિનું ક્રિયોદ્ધારકાલમાં વિજાપુરમાં ચોમાસું થયું હતું અને તેમણે ક્રિયોદ્ધાર કર્યો હતો. દેવેન્દ્રસૂરિએ વિજાપુરમાં ચોમાસું કર્યું

હતું. શ્રી ધર્મઘોષ સૂરિએ પેથડ શ્રાવકને વિજાપુરમાં પરિગ્રહ પરિમાણ વ્રત ઉચ્ચરાવ્યું હતું. વિજાપુરમાં શ્રી પદ્માવતી અને ચિંતામણિ પાર્શ્વનાથનું પ્રાચીન મંદિર છે. શ્રી વસ્તુપાલે ચિંતામણિ પાર્શ્વ મન્દિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. પશ્ચાત્ ઋષભદેવનું, શાંતિનાથનું, મહાવીરપ્રભુનું, વાસુપૂજ્યનું, કુંથનાથનું, અરનાથનું અને ગોડી પાર્શ્વનાથનું દેરાસર એમ સર્વે દેરાસરો દોઢસો વર્ષ લગભગમાં થયાં. વિજાપુરમાં, દશબાર ઉપાશ્રય અને ચારસેના આશરે જૈનોનાં ઘર છે. વિજાપુરમ લક્ષ્મીસાગરસૂરિ, રત્નશેખરસૂરિ, શ્રી હીરવિજયસૂરિ વગેરે તપાગચ્છના અનેક આચાર્યો પધાર્યા હતા. ધર્મપરીક્ષા રાસ વગેરે અનેક રાસાઓ વિજાપુરમાં રચાયા છે. વિજાપુરમાં, ચાવડા, સોલંકી, પરમાર, પશ્ચાત્ બાબી અને પશ્ચાત્ ગાયકવાડી રાજ્ય સ્થપાયું. વિજાપુરમાં આગમગચ્છ, પિપ્પલીયાગચ્છ, વડગચ્છ અને તપાગચ્છના આચાર્યો થયા છે. સં. ૧૯૧૦ ના આશરે હઠીભાઇની ધર્મશાળા અને સં. ૧૯૨૫માં વિદ્યાશાળા થઇ છે.

**રામપુરા.** રામપુરાના જૈનો પર શ્રી રવિસાગરજી મહારાજે ઘણો ઉપકાર કર્યો છે. શ્રી રવિસાગરજી મહારાજે રામપુરામાં સં. ૧૯૦૭ ની સાલનું ચોમાસું કર્યું હતું. શ્રી નેમિસાગરજી મહારાજે સંવેગમાર્ગમાં આ ગામમાં પહેલવહેલું ચોમાસું કરીને અત્રત્ય શ્રાવકોને

સાગર સંઘાટકના વાસક્ષેપથી વાસિત કર્યાં હતા. શ્રી રવિસાગર મહારાજે આ ગામમાં વીશના આશરે માસકલ્પ કર્યાં હતા. આ ગામમાં શેઠ ઉગરચંદ મલુકચંદને શ્રી રવિસાગર મહારાજે ધાર્મિકજ્ઞાનનો અભ્યાસ કરાવી ઉત્તમ શ્રોતા બનાવ્યા હતા. બીજા ખુશાલચંદ શેઠ શ્રી રવિસાગરજી મહારાજના પરમભક્ત શ્રાવક હતા. શ્રીરવિસાગરજી મહારાજના ઉપદેશથી રામપુરામાં દેરાસર, ઉપાશ્રય, અને દેવદ્રવ્ય વગેરે ખાતાંઓના સારા સુધારા થયા હતા. શ્રી રવિસાગરજી મહારાજના ઉપદેશથી શા. સુખરામ સંઘજીની પુત્રી શિવબાઇએ અઢાર વર્ષની ઉંમરે સં. ૧૯૨૮ ની સાલમાં પાટણમાં દીક્ષા લીધી હતી, અને તે શ્રી રવિસાગરજી મહારાજની શિષ્યા થઇ તેનું નામ શિવશ્રી પાડવામાં આવ્યું હતું. શિવશ્રીએ કુમારી અવસ્થામાં દીક્ષા અંગીકાર કરી હતી. હાલ તેમની ઉંમર વૃદ્ધ છે. તેમનો દીક્ષા પર્યાય ચુમાલીશ વર્ષનો થયો છે. શિવશ્રીની તિલકશ્રી વગેરે ઘણી શિષ્યાઓ થઇ છે. હાલ શિવશ્રી સાધ્વી કપડવંજમાં છે. રામપુરામાં શ્રી રવિસાગરજી મહારાજના શિષ્ય રત્નસાગરજી મહારાજે ચોમાસું કર્યું હતું. શ્રી રત્નસાગરજી મહારાજે ઉગરચંદ મલુકને ધાર્મિક તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરાવ્યો હતો. શિવશ્રી સાધ્વીએ દશ પંદર ચોમાસાં કર્યાં છે. શ્રી ધર્મસાગરજી મહારાજે રામપુરામાં ઘણાં ચોમાસાં કર્યાં હતાં તથા શ્રી

કલ્યાણસાગરજી મહારાજે રામપુરામાં ઘણાં ચોમાસાં કરી સાગર સંઘાડાના ક્ષેત્રની ધાર્મિક આબાદીમાં વૃદ્ધિ કરી હતી. શ્રી મણિસાગરજી મહારાજ તથા શ્રી કલ્યાણસાગરજી મહારાજે અત્ર ઘણાં ચોમાસાં કરી સાગર સંઘાડાના શ્રાવકો અને શ્રાવિકાઓની ધાર્મિકોન્નતિ કરી હતી. શ્રી રવિસાગરજી મહારાજના શિષ્ય શ્રી ભાવસાગરજીએ અત્ર પધારી ઉપદેશામૃતથી અત્રત્ય શ્રાવકોને ધર્મમાં સ્થિર કર્યા હતા. શ્રી રવિસાગરજી મહારાજના પટ્ટધર શ્રી સુખસાગરજી મહારાજે અત્ર પધારી અત્રત્ય શ્રાવકોને શુભાચારયુક્ત કર્યા હતા. તેથી અત્રત્ય શ્રાવકોની જાહોજલાલીમાં વૃદ્ધિ થઈ છે. લેખક સ્વયં તથા અજીતસાગરજી, ઋદ્ધિસાગરજી વગેરે સાધુઓ અત્ર આવ્યા હતા. શિવશ્રીનું સં. ૧૯૬૨ માં ચોમાસું થયું છે. તેણે અત્રની એક શ્રાવિકાને દીક્ષા આપી ભાનુશ્રી નામ પાડ્યું છે.

**સાણંદ.**

શ્રી સાણંદમાં શ્રી રવિસાગરજી મહારાજે ચોમાસાં અને અનેક માસકલ્પ કરી સાણંદના શ્રાવકોને સંવેગપક્ષમાં આણ્યા. સંવત્ ૧૯૦૭ અને સં. ૧૯૧૪ માં શ્રીમાન્ રવિસાગરજીએ સાણંદમાં ચોમાસું કરી જૈનોને સત્યસાધુધર્મની વાનગી દેખાડી અને જૈન ધર્માચાર સંબંધી અનેક સુધારા વધારા કર્યા. શ્રીમાન્ રવિસાગરજી મહારાજની સાથે કપૂરસા-

ગરજી વગેરે સાધુઓ હતા. વિ. સં. ૧૯૨૪ ની સાલનું ચો-માસું શ્રીમાન્ ધર્મસાગરજીએ સાણંદમાં કર્યું તત્સમયે તેમના ઉપદેશથી ઘણી તપશ્ચર્યાઓ થઈ હતી. ૫ પાંચ માસખમણ ૬૦ સોળ ભથ્થા. ૧૦૦ સો અઠ્ઠાઇઓ સિવાય. ૭–૬–૫–૪–૩ વગેરે ઉપવાસ કરનારાઓ તો ઘણા હતા. તેમણે ઉપધાન વહેવરાવી શ્રાવકો અને શ્રાવિકાઓને માળારોપણ કર્યું હતું. વિ. સં. ૧૯૩૬ માં શ્રી ધર્મસાગરજીએ સાણંદમાં ચોમાસું કર્યું હતું. તત્સમયે નીચે પ્રમાણે તપશ્ચર્યાઓ થઈ હતી. ૨૧ માસખમણ ૨૦૦ બસે સોળભથ્થા, ૩૦૦ અને અઠ્ઠાઇયો વગેરે તપશ્ચર્યાઓ ઘણી થઈ હતી. વીરમગામ, ગોધાવી, માંડલ, પાલનપુર, રામપુરા, વિજાપુર, મહેસાણા, પેથાપુર, પાટણ અને અમદાવાદ વગેરે ઠેકાણે શ્રીમાન્ ધર્મસાગરજીએ ચોમાસાં તથા માસકલ્પ કરી જૈનોને અત્યંત અસરકારક બોધ આપ્યો હતો તથા ઘણી તપશ્ચર્યાઓ કરાવી હતી.

સં. ૧૯૪૦ ની સાલમાં સાણંદના સંઘના પૂર્ણ અત્યાગ્રહથી શ્રીમાન્ પાર્શ્વનાથ પ્રભુજીની મોટા દેરાસરે પ્રતિષ્ઠા કરાવવા સારૂ શ્રીમાન્ રવિસાગરજી મહારાજજી, મણિસાગરજી તથા કલ્યાણસાગરજી મહારાજ પધાર્યા હતા. પોશ વદિ ૫ થી મહા વદિ ૨ સુધી પ્રતિષ્ઠા મહોત્સવની ભારે ધામધૂમ ચાલી હતી. આ પ્રસંગે પ્રતિષ્ઠાનું સર્વ ખર્ચ શેઠ દોલતચંદ

દેવચંદ તરફથી કરવામાં આવ્યું હતું. મહા શુદિ ૧૩ ના રોજ સદરહુ શેઠ તરફથી નોકારશી (ચીરાની) કરવામાં આવી હતી. જેમાં ખર્ચ રૂા. ૧૩૦૦ નો થયો હતો. જમણવાર બે ટંકનો હતો. મહા શુદિ ૧૫ ની નોકારશી મેતા ઠાકરશી પુંજા તરફથી કરવામાં આવી હતી. જેમાં ખર્ચ રૂા. ૧૦૫૦) નો થયો હતો. મહાવદિ ૧ ની નોકારશી માંડળવાળા વોરા મયાચંદ અંબાવીદાસ તથા કરસનદાસ પોચાવાળા તરફથી થઈ હતી. રૂા. ૮૦૦) ખર્ચ થયા હતા. મહા વદિ ૨ ની નોકારશી અમદાવાદવાળા માનચંદ વીરજી તરફથી શા. વાડી-લાલ પાનાચંદે કરી હતી. રૂા. ૬૫૦) ખર્ચ થયા હતા. પ્રતિ-ષ્ઠાની પવિત્ર ક્રિયા મહાશુદિ ૧૩ ને રોજ દિવસના કલાક નવ ને ૪૭ પળે કરાવવામાં આવી હતી. આ વખતે હર્ષનો પૂર્ણ દેખાવ ખીલ્યો હતો. માણસ આશરે પાંચ હજાર હતું. તેમજ નિર્વિઘ્ને પ્રતિષ્ઠા થઈ હતી. રથયાત્રાના તથા જલ-યાત્રાના ભારે વરઘોડાઓ ચઢ્યા હતા. આ વખતે આ ઉક્ત મહાત્માના પૂર્ણ તેજ બળથી વિના સંકોચે ચડાવા વિગેરેની ઉપજમાં પરસ્પર પ્રેમ અને પૂર્ણ આનંદથી ત્રણે ગચ્છે એકત્ર મળી સારો ભાગ લીધો હતો. સર્વ ગચ્છના મનુષ્યોએ પોતાની શક્તિ અનુસાર દ્રવ્યવ્યય કીધો હતો. ઉપજ વરઘોડાઓ વિગે-રેની મળી પંદર હજારની થઈ હતી.

આ સિવાય નીચેના ચમત્કારી બનાવો બન્યા હતા. એક વખતે શ્રીપદ્માપ્રભુના દેરાસરજીમાં દર્શનાર્થે રવિસાગરજી મહારાજ પધાર્યા. ત્યાં ભગવાનની મુખમુદ્રા નિહાલી આ કૃપાવંત મહાત્માશ્રીએ પોતાના જ્ઞાન અને બુદ્ધિબળના તેજથી કહ્યું કે અહીં અશુચિ છે. એમ કહીને દર્શન કરી ઉપાશ્રયે ગયા. શ્રાવકોએ દેરાસરમાં તપાસ કરી પણ અશુચિ લાગી નહિ. છેવટે શિખરનું કામ રીપેર થતું હતું ત્યાં આગળ શિખર ભાગ આગળ જઈ તપાસ કીધી તો એક બાઈ રજસ્વલા આવી હતી. આ બાઈ જ્ઞાતે રબારણ હતી. અને મજુર તરીકે કામ કરતી હતી, રજસ્વલાનું તેને ભાન હોવાથી તેને ઉપયોગ આપી દેરાસરમાંથી દૂર કરી દેરાસરની શુદ્ધિ દૂધ વગેરેથી કરવામાં આવી.

એક વખતે સાણંદના રહીશ મેતા હઠીસંગ જેમલદાસ કાળનો વખત આવી લાગવાથી દેશાવરમાં અનાજ ખરીદ કરવા માટે જતા હતા. તેઓ મહારાજશ્રીના દર્શન માટે મેસાણે ઉતર્યા. ને રાત્રે તેમણે મહારાજશ્રીને જવા માટે હકીકત કીધી મહારાજશ્રીએ કહ્યું કે રાત અહીં રહો સવારે સહુ સારૂં થશે. આમ કેવાથી રાત્રે તેઓ રોકાયા. રાત્રે એક અચાનક વરસાદ થવાથી તે માણસ ખરીદ કરવા ન જતાં પાછા આવ્યા.

સં. ૧૯૪૦ના ફાગણવદિ ૪ ના રોજ અત્રેના રહીશ ઝવેરભાઈ જેઠાભાઈની વહુએ ભોયણીનો સંઘ મલ્લિનાથ ભગવાનના દર્શનાર્થે કાઢયો. તેમાં પૂજ્ય રવિસાગરજી મહારાજ, મણિસાગરજી તથા કલ્યાણસાગરજી સાથે પધાર્યા હતા. સં. ૧૯૪૨ની સાલનું ચોમાસું રવિસાગરજીએ સાણંદમાં કર્યું. આ વખતે અત્રે બે તડ તરફથી જુદા જુદા રસોડાઓદ્વારા ઉપધાન કરાવવામાં આવ્યા હતા. ઉપધાન વહન કરનારાઓ એકંદર સો માણસો હતા. પોષ શુદિ ૧૦ થી પોષ વદિ ૩ સુધી બંને દેરાસરમાં ઉત્સવો કરવામાં આવ્યા હતા. વરઘોડાઓની ગોઠવણ સારી કરવામાં આવી હતી. અને બન્નેના વરઘોડાઓ ભેગા ચડાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્વામિ વાત્સલ્ય તેમજ તેમના ઉપદેશ રૂપ અમૃત પ્રાસાદીથી સારી ધર્મોન્નતિ થઈ હતી.

૧૯૫૪ના જેઠ વદિ ૧૧ના રોજ રવિસાગરજી મહારાજે કાળ કર્યો, તે નિમિત્તે અત્રેના સાગરગચ્છ તરફથી પદ્મપ્રભુના દેરાસરે અશાડ સુદિ ૭ ના રોજથી અઠ્ઠાઈ મહોત્સવ કરવામાં આવ્યો હતો, અને મોટા પાર્શ્વનાથના મંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રારંભ્યો હતો. શ્રીપાર્શ્વનાથના દેરાસરમાં બહાર ગોખલામાં શ્રીરવિસાગરજી મહારાજની પાદુકા પ્રતિષ્ઠાપૂર્વક સ્થાપવામાં આવી છે અને તેમજ સં. ૧૦૭૨ના માગશર

સુદિ છઠ્ઠના રોજ પદ્મપ્રભુનો દેરાસરમાં-દેરીમાં શ્રીનેમિસાગરજી તથા શ્રીમદ્ રવિસાગરજી અને શ્રીમદ્ સુખસાગરજીની પાદુકા સ્થાપવામાં આવી છે તેની પ્રતિષ્ઠા શ્રીબુદ્ધિસાગરસૂરિએ કરી છે. સાણંદમાં જૈનશાળા છે તેમાં બાળકો અને બાળાઓને ભણાવવામાં આવે છે. સાણંદમાં મોટા દેરાના ઉપાશ્રયમાં એક જ્ઞાનભંડાર છે અને એક પદ્મપ્રભુના દેરાસરમાં સાગર-ગચ્છીય જ્ઞાનભંડાર છે. ત્રણ ઉપાશ્રય છે. પૂર્વે હજારી માતા પાસે સાણંદ ગામ હતું. હાલ તેથી દૂર વસેલું દેખવામાં આવે છે. પાંચસે-છસે વર્ષ પૂર્વેનું સાણંદ ગામ હોય એમ જણાય છે. સાણંદમાં એક ભવ્ય પાંજરાપોળ છે, સાણંદમાં જૈનોનાં પ્રાયઃ ત્રણસો ઘર છે.

**ગોધાવી.**

ગોધાવીમાં શ્રી નેમિસાગરજી મહારાજની સાથે શ્રી રવિ-સાગરજી મહારાજ પધાર્યા હતા. ગોધાવીના સંઘે શ્રી નેમિસાગરજી અને શ્રી રવિસાગરજીને સંવેગ માર્ગ પ્રવર્તાવવા સારી સાહાય્ય આપી હતી. શ્રી રવિસાગરજી મહારાજે ગોધાવીમાં વીશના ઉપરાંત માસકલ્પ કર્યા હતા. શ્રી રવિસાગરજી મહારાજે શેઠ વીરચંદ દીપચંદને ભક્તિની પ્રેરણાથી આશીર્વાદ આપ્યો હતો તેથી શેઠ વીરચંદ દીપચંદ જૈન કોમમાં તથા સરકારમાં સારી પ્રતિષ્ઠા પામ્યા અને સુખી થયા. સાતસો વર્ષ ઉપરાંતનું ગોધાવી ગામ

હાલ છે તે જણાય છે. ગોધાવીમાં શ્રી મહાવીર પ્રભુનું મન્દિર છે અને શ્રાવકોનાં પોણાસોનાં આશરે ઘર છે. ગોધાવીમાં ભવ્ય ઉપાશ્રય જૈન શાળાઓ અને ધર્મશાળા છે. ઉપાશ્રયની આગળ એક લીંબડાનું મોટું વૃક્ષ છે તેથી ઉનાળામાં ત્યાં જૈનોને વિશ્રામ લેતાં ઘણી શાન્તિ મળે છે. નેમિસાગરજી, શ્રી રવિસાગરજી, શ્રી ધર્મસાગરજી, શ્રી સુખસાગરજી અને લેખક પોતે વગેરે ઘણા સાધુઓ ગોધાવીમાં આવ્યા છે.

મેહસાણામાં અને પ્રાંતિજમાં શ્રી રવિસાગરજી મહારાજે ઘણા માસકલ્પ કર્યા છે. મેસાણાનો સંઘ શ્રી રવિસાગરજી મહારાજપર પૂર્ણશ્રદ્ધા ધરાવે છે. પ્રાંતિજમાં કલ્યાણસાગરજી, કપૂરસાગરજી, મણિસાગરજી અને હીરસાગરજીએ અનેક ચોમાસાં કર્યા છે. પ્રાંતિજમાં એક દેરાસર અને ભવ્ય ઉપાશ્રય છે. પ્રાંતિજના શ્રાવકોને જૈન ધર્મપર પૂર્ણ શ્રદ્ધા કરાવનાર શ્રી રવિસાગરજી મહારાજ છે. પ્રાંતિજમાં શ્રી રવિસાગરજી અને સુખસાગરજીની પાદુકા સ્થાપવા સંબંધી પ્રાંતિજના સંઘની ઇચ્છા છે.

**વીરમગામમાં શ્રી રવિસાગરજી મહારાજનાં ચોમાસાં.**

શ્રી રવિસાગરજી મહારાજે વીરમગામમાં આશરે નવ દશ ચોમાસાં કર્યા હતાં. શ્રી રવિસાગરજી મહારાજના પારેખ ત્રિકમભાઈ હરચંદ કપાશી, નેમચંદભાઈ જોઈતારામ જુઠાભાઈ, રવચંદ પ્રેમચંદભાઈ ચાણસમાવાળા એ ચાર ભક્ત શ્રાવક હતા.

શ્રી કલ્યાણસાગરજીને દીક્ષા લેવામાં ઘણી પ્રેરણા કરનાર પારેખ ત્રિકમચંદ વગેરે હતા. કલ્યાણસાગરજીનું મૂળ નામ છગનલાલ હતું. તેઓ મૂળ ગામ ખેડાના હતા. તેઓ વીરમગામમાં અવલકારકુન હતા. સંવત્ ૧૯૨૮ ના વૈશાખ સુદિ સાતમના રોજ શ્રી રવિસાગરજી પાસે છગનલાલભાઈએ દીક્ષા અંગીકાર કરી. તેમનું નામ કલ્યાણસાગરજી પાડવામાં આવ્યું. છગનલાલની પત્નીએ છગનલાલને દીક્ષા લેવાનો બોધ આપ્યો હતો અને તેમણે પણ તેજ દિવસે શ્રી રવિસાગરજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી અને તેમનું નામ સાધ્વી હેતશ્રી પાડવામાં આવ્યું. હાલ હેતશ્રી કપડવણજમાં છે. તેમનો દીક્ષા પર્યાય ચુમાલીશ વર્ષનો છે. સાધ્વીજી હેતશ્રીજીએ અત્ર દશ બાર ચોમાસાં કર્યા છે અને શ્રી કલ્યાણસાગરજીએ વીરમગામમાં ચાર પાંચ ચોમાસાં કર્યા છે. શ્રી રવિસાગરજી મહારજનું વીરમગામ ક્ષેત્ર ગણાય છે. હાલ જે ઉપાશ્રય છે, તે શ્રી રવિસાગરજી મહારાજના ઉપદેશથી લગભગ સં. ૧૯૩૨ માં શ્રાવકોએ બનાવ્યો છે. વ્યાપાર લાગો ઘાલીને દેરાસરના સુખડ કેસર ખાતાની ઉપજમાં વધારો કરાવાનો ઉપદેશ શ્રી રવિસાગરજી મહારાજે આપ્યો હતો, અને તેમના પ્રતાપથી વ્યાપાર પર જૈન મહાજને લાગો ઘાલીને જે રીવાજ પાડયો છે તે અદ્યપર્યન્ત ચાલે છે. વીર-

મગામમાં સં. ૧૯૧૦ થી ૧૯૪૦ લગભગ જે જે સારા ધર્મ સુધારાઓ થયા તે શ્રી રવિસાગરજી મહારાજના ઉપદેશથી થયા છે. ચુલા પર ચંદરવા બાંધવા, પાણી ગળીને વાપરવું અને દેરાસરોની આશાતનાનો ત્યાગ વગેરેનો ઉપદેશ આપીને શ્રી રવિસાગરજી મહારાજે વીરમગામના જૈનોપર ઘણો ઉપકાર કર્યો છે તેથી અત્રના વૃદ્ધ શેઠ છગનલાલ તથા માણેકલાલ ઝવેરી, પોપટલાલ ઝવેરી તથા ધનજીભાઈ ઝવેરી વગેરે શ્રાવકો સંઘ ઘણો ઉપકાર માને છે. વીરમગામ શ્રી રવિસાગરજી મહારાજનું ક્ષેત્ર ગણાય છે. ધર્મસાગરજી, મણિસાગરજી વિવેકસાગરજી અને કલ્યાણસાગરજી વગેરે સાધુઓએ વીરમગામમાં ચોમાસાં કરી વીરમગામના જૈનોપર મહાન્ ઉપકાર કર્યો છે. ૧૯૦૮ થી ૧૯૪૦ સુધીમાં ચોમાસાં ઉપરાંત અનેક માસ કલ્પ અહિંયા શ્રી રવિસાગરજી મહારાજે કર્યા છે. સં. ૧૯૦૮ નું ચોમાસું વીરમગામમાં શ્રીમદ્ રવિસાગરજીએ કર્યું. વીરમગામમાં લગભગ દશના આશરે શ્રીમદ્ રવિસાગરજીએ ચોમાસાં કર્યાં એમ વીરમગામના કેટલાક શ્રાવકો જણાવે છે.

પાલનપુરમાં શ્રી રવિસાગરજી મહારાજના અગ્રગણ્ય

શ્રાવકો દોશી ગોકલભાઈ સખાભાઈ

**પાલનપુર.** શા. બેહચર જેઠા દાંણી બાયચંદ ઉમેદ.

મહેતા છગનલાલ કેશવજી પારેખ ચમન

ટોકરશી પારેખ રતનચંદ ટોકરશી પારેખ રવચંદ માનચંદ

શા. હેમચંદ નાથાલાલ, શા. નહાલચંદ ખેમચંદ, દોશી મગનલાલ ઠકલભાઈ શા. રેવચંદ તેજસિંહ મહેતા, રતનચંદ સુરચંદ દોશી, રામચંદ લક્ષ્મીચંદ મહેતા, રાયચંદ બહેચર, પારેખ અમુલખ ખૂબચંદ પારેખ લલ્લુચંદ વર્ધમાન, પારેખ ભાયચંદ વર્ધમાન, મહેતા જીતાભાઈ માનચંદ શા. ગુલાબચંદ બેચર.

ખેમસાગરજીને વડી દીક્ષા સં. ૧૯૧૯ માહ સુદિ ૫ સં. ૧૯૧૮-૧૯૨૫-૧૯૩૦ સંવત્ ૧૯૩૬ એ ચાર ચોમાસાં શ્રી રવિસાગરજી અહીં કર્યા. સંવત્ ૧૯૦૭ ની સાલમાં અને સંવત્ ૧૯૧૧ ની સાલમાં શ્રી નેમિસાગરજી મહારાજ અહીં આવ્યા સં. ૧૯૧૪ ની સાલમાં શ્રી રવિસાગરજી મહારાજ અહીં પહેલા આવ્યા.

માસકલ્પ સં. ૧૯૧૮-૧૯૧૮-૧૯૨૨-૧૯૩૫ તેમના વખતમાં મોટાં કાર્યો સંવત્ ૧૯૨૬ ના કાર્તિકમાં ઉઝમણું સં. ૧૯૨૫ ની સાલમાં અક્ષયનિધિતપ સં. ૧૯૩૦ ઉઝમણું અક્ષયનિધિતપ સં. ૧૯૩૫ ની સાલમાં પૂજા વગેરેમાં સંઘમાં તકરાર પડેલી તે તેમણે દૂર કરી. સંવત્ ૧૯૩૫ માં ઉપધાન વહન કરાવ્યાં. શ્રી સુખસાગરજી મહારાજે સંવત્ ૧૯૫૬ માં ચોમાસું અને ૧૯૬૭ માં ઉપધાન કરાવ્યાં. શ્રી રવિસાગરજી મહારાજના વખતમાં તેમના શ્રાવકો કે જે ઉપાશ્રય દેરાસરનો કારભાર કરતા હતા તેનાં નામો શા. બહેચર જેઠા

મહેતા છગનલાલ મદદમાં. રવચંદ માનચંદ પારેખ પશ્ચાત્ દોશી મગનલાલ કકલભાઈ સંવત્ ૧૯૪૬ થી કરે છે.

**શ્રી મયાસાગરજી-નીદીક્ષા સંવત્-ચોમાસાં.**

તેમણે ઉદેપુરમાં વીશ પચ્ચીશ ચોમાસાં કર્યાં—સં. ૧૮૯૦ થી તેઓએ ગુજરાતમાં વિહાર કર્યો, તેમણે ત્યારબાદનાં અમદાવાદના આગમના ઉપાશ્રયમાં ઘણાં ચોમાસાં કર્યાં. ૧૯૦૧-૧૯૦૨-૧૯૦૩ માં તેમણે અમદાવાદમાં ચોમાસું કર્યું તે વખતે મુનિશ્રી નેમિસાગરજી સાથે હતા. સં. ૧૯૦૪ નું સાણંદમાં કર્યું તે વખતે નેમિસાગરજી સાથે હતા.

સં. ૧૯૦૬ માં માણસામાં મયાસાગરજીએ ચોમાસું કર્યું તે વખતે શ્રી નેમિસાગરજી સાથે હતા.

શ્રી નેમિસાગરજી મહારાજની દીક્ષા સંવત્ તેમનાં ચોમાસાં.

સં. ૧૯૧૦ માં ધર્મસાગરજીએ પેથાપુરમાં દીક્ષા લીધી.

૧૯૦૪ સાણંદમાં.

૧૯૦૬ માણસામાં ગુરૂ સાથે.

## શ્રીમાન્ રવિસાગરજી મહારાજની દીક્ષા સં. ૧૯૦૭ ના માગશર સુદિ ૧૧ અમદાવાદમાં. તેમનાં ચોમાસાંની સાલપૂર્વક યાદી.

સં. ૧૯૦૭ સાણંદમાં. સં. ૧૯૨૬ પાટણ

૧૯૦૮ વીરમગામ
સં. ૧૯૦૯ રામપુરા.
સં. ૧૯૧૦ પેથાપુર
સં. ૧૯૧૧ વીરમગામ
૧૯૧૨ પેથાપુર
સં. ૧૯૧૩ વીરમગામ
સં. ૧૯૧૪ સાણુંદ
સં. ૧૯૧૫ પાટણ
સં. ૧૯૧૬ વીરમગામ
સં. ૧૯૧૭ પાટણ
સં. ૧૯૧૮ પાલનપુર.
સં. ૧૯૧૯ વીરમગામ
સં. ૧૯૨૦ ધોધામાં.
સં. ૧૯૨૧ વીરમગામ
સં. ૧૯૨૨ પાટણ
સં. ૧૯૨૩ વીરમગામ

સં. ૧૯૨૭ વીરમગામ
સં. ૧૯૨૮ ઈડર
સં. ૧૯૨૯ વિજાપુર
સં. ૧૯૩૦ પાલનપુર.
સં. ૧૯૩૧ વિજાપુર.
સં. ૧૯૩૨ પેથાપુર.
સં. ૧૯૩૩ અમદાવાદ
સં. ૧૯૩૪ પાટણ
સં. ૧૯૩૫ વિજાપુરમાં, અને માણસામાં તે વખતે શ્રી મણિસાગરજીનું.
સં. ૧૯૩૬ પાલનપુર.
સં. ૧૯૩૭ પાટણમાં, તે વખતે શ્રીમણિસાગરજીનું માણસામાં.
સં. ૧૯૩૮ વિજાપુર.
સં. ૧૯૩૯ મેસાણા
સં. ૧૯૪૦ સાણુંદ
સં. ૧૯૪૧ મહેસાણા.
સં. ૧૯૪૨ સાણુંદમાં

સં. ૧૯૨૪ વિજાપુર

સં. ૧૯૩૫ પાલનપુર.

સં. ૧૯૪૩ મહેસાણા.

સં. ૧૯૪૪ માણસા.

સં. ૧૯૪૫ વિજાપુર.

સં. ૧૯૪૬ મહેસાણા.

સં. ૧૯૪૭ પાટણ.

સં. ૧૦૪૮–૪૯–૫૦-૫૧–૫૨-૫૩–૫૪. મહેસાણામાં.

તપાસ કરીએ ચોમાસાની યાદી કરી છે તેમ છતાં તેમાં કંઈ ભૂલ થઇ હોય તેની કોઈ સૂચના આપશે તો દ્વિતીયાવૃત્તિમાં સુધારો વધારો કરવામાં આવશે.

## શ્રીમાન્ રવિસાગરજી મહારાજે કઈ સાલમાં કોને કોને દીક્ષા આપી.

સં. ૧૯૧૪ બારેજામાં હીરસાગરજીની દીક્ષા દેહોત્સર્ગ પ્રાંતિજમાં સં. ૧૯૪૧.

સં. ૧૯૧૭ પાટણમાં શ્રી રત્નસાગરજીની દીક્ષા. દેહોત્સર્ગ ગણદેવીમાં સં.

સં. ૧૯૧૮ રાધનપુરમાં ખેમસાગરજીની દીક્ષા.

સં. ૧૯૨૦ ઘોઘામાં ઠંડેરના વતની શાંતિસાગરજીની દીક્ષા.

સં. ૧૯૨૨ વસોના વતની ગુણસાગરજીની અમદાવાદમાં દીક્ષા મણિસાગરજીનો દેહોત્સર્ગ. પ્રાંતિજમાં સં. ૧૯૪૨.

સં. ૧૯૨૩ દાનશ્રીની દીક્ષા.

સં. ૧૯૨૪ વિનીતસાગરજી દીક્ષા.

સં. ૧૯૨૮ પાટણમાં શિવશ્રીની દીક્ષા.

સં. ૧૯૨૮ કલ્યાણસાગરજી તથા હેતશ્રીજીની વીરમગામમાં દીક્ષા

સં. ૧૯૪૧ મહેસાણામાં રત્નશ્રીજીની દીક્ષા અને પેથાપુરમાં સં. ૧૯૬૨ ના ચૈત્રમાસમાં દેહોત્સર્ગ.

સં. ૧૯૪૩ મહેસાણામાં વૈશાખસુદી ૬ શ્રી ભાવસાગરજી તથા શ્રી સુખસાગરજી મહારાજની દીક્ષા.

સં. ૧૯૪૪ માણસામાં વૈશાખ સુદિ ૬ છઠના રોજ હર્ષશ્રીની દીક્ષા અને અમદાવાદમાં સં. ૧૯૬૭ માં દેહોત્સર્ગ.

સં. ૧૯૫૦ ના ફાગણસુદિ ત્રીજના રોજ શ્રી ભાવસાગરજીના શિષ્ય શ્રી જ્ઞાનસાગરજીને શ્રી રવિસાગરજીએ વડી દીક્ષા આપી.

ॐ ह्रीँ श्रीँ सुखसागरगुरुभ्योनमः

ॐ नमः

श्री रविसागरजी ७१मी पाटे विराजित शान्तमूर्ति श्रीमान्

# પરમપૂજ્ય પ્રાતઃ સ્મરણીય સદ્‌ગુરૂશ્રી સુખસાગરજી મહારાજનું જીવનચરિત.

सद्‌गुरु स्तुतिः

अवद्यमुक्ते पथि यः प्रवर्त्तते,
प्रवर्त्तयत्यन्यजनं च निःस्पृहः ।
स एव सेव्यः स्वहितैषिणा गुरुः,
स्वयं तरंस्तारयितुं क्षमः परम् ॥ १ ॥

विरलयति कुबोधं बोधयत्याऽऽगमार्थम,
सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति ।
अवगमयति कृत्याकृत्यभेदं गुरुर्यो,
भवजलनिधिपोतस्तं विना नास्ति कश्चित् ॥ २ ॥

पितामाताभ्राताप्रियसहचरी सूनुनिवहः,
सुहृत्स्वामीमाद्यत्करिभटरथाश्वः परिकरः ।
निमज्जन्तं जन्तुं नरककुहरे रक्षितुमलं,
गुरोर्धर्माधर्मप्रकटनपरात् कोऽपि न परः ॥ ३ ॥

क्षमा धरित्रीवद् यस्मिन्, भानुवद् विश्वद्योतकः ।
अब्धिवत् पूर्णगम्भीर!, जय श्रीसुखसागर! ॥ ४ ॥

मेघवृक्षनदीवद् यः, हितैषी विश्वपावकः ।
चन्द्रवच्छीतलः श्रीमान्, सद्गुरुः सुखसागरः ॥५॥
ज्ञानी ध्यानपरो मौनी, प्राणिनां वत्सलो महान् ।
तं नौमि स्वार्पणं कृत्वा, सद्गुरुं सुखसागरम् ॥६॥

## "ગુરૂશ્રી સુખસાગરજી"

જીવનનાં વ્હાણુ સમર્પ્યા એશ.

ટાળ્યા મનના ક્લેશ, ગુરૂજી વ્હાણુ સમર્પ્યા એશ.
કરી કૃપા શશિજ્યોતનેરે, ઉતારી મુજ દીલ;
ભાનુ દિલ ઉતારીયોરે, આપ્યું ઉજ્જ્વલ શીલ.
ગુરૂજી વ્હાણુ સમર્પ્યા એશ. ૧

વિશ્વ કુટુંબ સમું કરીરે, આપ્યો પૂર્ણાનંદ;
ઝીલાવી સુખસાગરેરે, ભૂલાવ્યા સહુ ફંદ. ગુરૂજી. ૨

વ્યષ્ટિમાંહિ સમષ્ટિનોરે, દેખાડયો દેદાર;
અનન્ત બ્રહ્મસ્વરૂપનીરે, ધ્યેન સમર્પી સાર. ગુરૂજી. ૩

તવ યાદી સુરતાબળેરે, સદાય તું મુજ પાસ;
રહીને ઉચ્ચજીવન કરેરે, દિવ્ય સૃષ્ટિમાં વાસ. ગુરૂજી. ૪

પરમ પુનીત પ્રભુપાદમાંરે, આળોટું નિશદિન;
બુદ્ધિસાગરસદ્ગુરૂરે, સેવું થઇ તલ્લીન. ગુરૂજી. ૫

**જન્મ.**

આ પ્રખ્યાત મહાત્માનો જન્મ ગુર્જર દેશમાં લલામભૂત પવિત્ર જૈનપુરીરૂપ શ્રી પાટણ શહેરમાં વીશાપોરવાડ જૈનશ્રાવક સદ્‌ગુણી આલમચંદ પિતાની પત્ની સતી શ્રાવિકા જડાવબાઇની કુખે સંવત્ ૧૯૦૭ ના શ્રાવણ સુદિ ચૌદશે થયો હતો. તેમના જન્મથી ઘરમાં તથા કુટુંબમાં આનન્દનો પાર રહ્યો નહોતો. ઉચ્ચગ્રહોના યોગમાં તેમનો જન્મ થયો હતો તેથી જ્યોતિષીઓ એમ કહેતા હતા કે આ બાળક ભવિષ્યમાં શુભ કાર્યો કરી વિશ્વમાં સ્વનામને અમર કરશે.

**સાંસારિક નામ સ્થાપન.**

કેટલાક દિવસ થયા બાદ તેમનું નામ **સાંકળચંદ** પાડવામાં આવ્યું. સાંકળચંદ દ્વિતીયાના ચંદ્રની પેઠે માતાપિતા વગેરેના લાડથી ઉછરવા લાગ્યા. તેમની દિવ્યસંસારી પ્રીતિથી માતપિતાને અત્યંત પ્રિય થવા લાગ્યા. માતાપિતાદિ કુટુંબના ઉચ્ચ ગુણ સંસ્કારોના વાતાવરણની તેમના ઉપર અસર થવા લાગી. પૂર્વભવના સંસ્કારી આત્મા અને આ ભવમાં શુભ સંયોગોના વાતાવરણની અસર એ બેથી બાલ્યાવસ્થામાંજ તેમને ઉચ્ચગુણોના સંસ્કારોનું સાર પોષણ મળવા લાગ્યું. “ પુત્રનાં લક્ષણ પારણામાં.”

**બાલ્યાવસ્થા.** આ કહેવત અક્ષરશઃ સત્ય છે. પૂર્વ ભવના ઉચ્ચ સંસ્કારોની ચેષ્ટાઓ તેમની બાલ્યાવસ્થામાં જણાવા લાગી. માત-પિતાની સાથે દરરોજ દેવદર્શન જવાનો અત્યંત પ્રેમ ખીલવા લાગ્યો. ગુરૂદર્શન દરરોજ કરવામાં તેમની સ્વાભાવિક પ્રીતિથી પ્રવૃત્તિ વધવા લાગી. બાલ્યાવસ્થામાંજ માતપિતાના અને કુટુંબીજનોના શુભ વિચારો અને આચારોને તેઓ ગ્રહણ કરવા લાગ્યા. બાળકોની સાથે રમતગમત કરતાં પણ તેઓ-શ્રીના ઉચ્ચ વિચારોની ચેષ્ટા સહેજે પ્રેક્ષકોને જણાવા લાગી. માતપિતાને પજવવાની ટેવ તો તેમનામાં જણાતીજ નહોતી. માતા અને પિતા તેમને જે જે શુભ શિખામણો આપતા તેના પર તેમને બહુ પ્રેમ વધવા લાગ્યો. ધર્મી માતપિતાના ઉચ્ચ શિક્ષણથી તેમની બાલ્યાવસ્થામાં ધર્મનો સુદૃઢ પાયો રચાયો કે જેથી ઉત્તરાવસ્થામાં તેની સુદૃઢતા—સુરમ્યતા સ્પષ્ટ દેખાઇ.

**શિક્ષણ.** શિક્ષણ યાને કેળવણી માટે માતપિતાએ વિચાર કરીને તેમને ગ્રામ્ય ( ગામઠી ) શાળામાં અભ્યાસ કરવા મોકલ્યા. સાંકળચંદની તીક્ષ્ણ બુદ્ધિ અને સારગ્રાહી બુદ્ધિ હતી. શિક્ષકનો વિનય કરીને વિદ્યા ગ્રહણ કરવાના વિચારો

તેમને માતાપિતાદિ તરફથી મળ્યા હતા તેથી તેમણે શિક્ષકનો વિનય સારી રીતે સાચવ્યો. વિનયપૂર્વક ગ્રહણ કરેલી વિદ્યા સદા સ્થિર અને શુભફળ સમર્પે છે. વિનય વિના ગ્રહેલી વિદ્યા આસુરીસંપતની વૃદ્ધિ કરે છે. સર્વ ગુણોનું મૂળ વિનય સેવા છે. વિનય સેવાના બળે તેમણે સ્વક્ષયોપશમના અનુસારે શિક્ષકનું મન રીઝવીને વિદ્યા સંપાદન કરી ગામઠીશાળાનો અભ્યાસ તેમણે કેટલાક વર્ષ પર્યન્ત કર્યો. શિક્ષકની આપેલી ઘણી શિક્ષાઓને તેમણે સ્વહૃદયમાં પરિણમાવી. પાઠ ગોખી જવા અને ભાષાનું જ્ઞાન મેળવવું એટલા માત્રથી શિક્ષણની સમાપ્તિ થતી નથી. પૂર્વે ગ્રામ્યશાળાના શિક્ષકોનું સ્વતંત્ર શિક્ષણ ગ્રાહ્ય હતું. **જ્યાં સુધી બાળકો વ્યાવહારિક અને ધાર્મિક શક્તિઓને પ્રાપ્ત કરી દેશ-સમાજ-કુટુંબ અને સ્વની ઉન્નતિ કરવા સમર્થ થાય નહિ ત્યાં સુધી પરિપૂર્ણ કેળવણી ગણી શકાય નહિ.** સાંકળચંદને ગ્રામ્યશાળામાં-(પ્રાચીન પદ્ધતિની વ્યાવહારિક શાળામાં) જે શિક્ષણ મળ્યું હતું તે તે કાળની સ્થિત્યનુસારે ઉચ્ચ હતું. ગુણી શિક્ષકો અને હૃદયગ્રાહી શિક્ષકોદ્વારા મળનારી કેળવણીથી સદ્‌વર્તનના ઉચ્ચ સંસ્કારોની અસર હૃદય પર થાય છે. અભ્યાસની સાથે સાંકળચંદે હૃદયગ્રાહી સદ્‌વર્તનનું શિક્ષણ મેળવ્યું કે જે શિક્ષણથી તેમની ભવિષ્યની જીંદગીની ખરેખરી ઉન્નતિ થઇ.

**યુવાવસ્થા અને વ્યાપાર પ્રવૃત્તિ.**

તેઓએ વિદ્યાર્થી અવસ્થા પૂર્ણ કરી એટલે માત-પિતાએ તેમને આજીવિકાવૃત્તિની પ્રવૃત્તિમાં યોજ્યા. તેમના પિતા જે વ્યાપાર કરતા હતા તેમાં તેમને કુશળતા પ્રાપ્ત થઇ. યુવાવસ્થામાં મનને વશ રાખવું એ રાધાવેધ કરતાં અત્યંત દુષ્કર કાર્ય છે. બાલ્યાવસ્થાથી સાંકળચંદને સદ્ગુરૂ શ્રી રવિસાગરજી મહારાજનો સમાગમ હતો. તેઓ વ્યાપારમાંથી નિવૃત્ત થતાં ગુરૂ શ્રી રવિસાગરજી મહારાજ પાસે વંદનાર્થે જતા અને સામાયકસહ ધાર્મિકાભ્યાસમાં પ્રવૃત્તિ કરતા હતા. માર્ગાનુસારીના ગુણોની ગણત્રીનું શિક્ષણ તો તેમને ગુરૂ શ્રી રવિસાગરજીના ઉપદેશથી બાલ્યાવસ્થાથી મળ્યું હતું તેથી તેમનામાં માર્ગાનુસારી ગુણોનો યુવાવસ્થામાં પ્રકાશ થવા લાગ્યો. માર્ગાનુસારીના ગુણોની પ્રાપ્તિવડે ધર્મનો પાયો રચાય છે. જેનામાં માર્ગાનુસારિ ગુણો આવ્યા હોય છે તે સમ્યક્ત્વાદિ ગુણોની પ્રાપ્તિ કરી શકે છે. **ન્યાયસમ્પન્ન વિભવ:** ન્યાય વડે લક્ષ્મી પ્રાપ્ત કરવી એ માર્ગાનુસારિગુણોમાં પ્રથમ ગુણ છે એ ગુણને તેમને પ્રાણ સમાન ગણ્યો. **વ્યાપારાદિ** પ્રવૃત્તિની સાથે ધાર્મિક પ્રવૃત્તિમાં તેઓ નિયમસર વર્તવા લાગ્યા. દરરોજ દશબાર જિનમંદિરોમાં અવશ્ય તેઓ દર્શનાર્થે જતા હતા. સવારમાં દરરોજ ગુરૂદર્શન

કરતા હતા. ગુરૂનું વ્યાખ્યાન શ્રવણ કરવા અત્યંત પ્રેમથી જતા હતા. સંધ્યાનું પ્રાયઃ ષડાવશ્યક કર્મ કરવામાં સતત પ્રવૃત્તિ સેવતા હતા. નવરાશના સમયમાં ગુરૂ શ્રી રવિસાગરજી મહારાજ પાસે બપોરે જતા હતા અને આત્માનું કલ્યાણ થાય એવી પ્રવૃત્તિ સેવતા હતા. ગુરૂનાં પાસાં સેવવાથી તેમના હૃદયમાં વૈરાગ્યના સંસ્કારો દૃઢ થયા. સંસારમાં વ્યાપારાદિ પ્રવૃત્તિ કરતાં છતાં પણ તેમનું ચિત્ત તો અન્તરૂથી ન્યારૂં રહેતું હતું. **संसारंमि असारे, नत्थि सुहं वाहिवेयणा पउरे, जाणंतो इह जीवो-नकुणइ जिणदेसियं धम्मं ॥** ઇત્યાદિ વૈરાગ્ય શતકની ગાથાઓનું સ્મરણ કરીને તેઓ વાસ્તવિકવૈરાગ્યરંગે રંગિત થયા. માતપિતાના આગ્રહથી તેઓ પરદેશમાં વ્યાપાર કરવા માટે ગયા. તેઓએ ભરૂચ ગમન કર્યું અને ત્યાં કેટલોક સમય રહ્યા તે સમયમાં તેમને શેઠ અનુપચંદ મલુકચંદના સહવાસથી ઘણો આનન્દ થયો. ભરૂચમાં શ્રી રત્નસાગરજી મહારાજ કે જે

**પરદેશગમન.**

ગુરૂ શ્રી રવિસાગરજી મહારાજના વિદ્વાન્ શિષ્ય હતા, તેમનો પરિચય થયો. શ્રી રત્નસાગરજીના ઉપદેશથી તેમના વૈરાગ્યમાં વૃદ્ધિ થઇ અને ધાર્મિક શિક્ષણમાં વૃદ્ધિ થઇ. શેઠ અનુપચંદ મલુક વગેરેએ શ્રીયુત સાંકળચંદના ગુણોની અનુ-

મોદના કરવા લાગ્યા. સાંકળચંદજી સાધુઓની સેવા અત્યંત પ્રવૃત્તિથી કરવા લાગ્યા. ગુરૂ શ્રી રવિસાગરજીની આજ્ઞા પ્રમાણે શ્રાવકનાં વ્રતો પાળવા લાગ્યા. સાંસારિક વ્યાપાર કરતાં ધાર્મિકવ્યાપારપ્રવૃત્તિમાં તેમને રસ પડવા લાગ્યો. તેમનું જીવન ત્યાગીઓના જેવું થવા લાગ્યું અને સાંસારિકવ્યાપારપ્રવૃત્તિ લુખ્ખા પરિણામથી થવા લાગી. તેમનું ચિત્ત તો ધર્મમાંજ મગ્ન રહેતું હતું. છતાં વ્યવહાર ફરજે—સાંસારિક વ્યાપારજીવનપ્રવૃત્તિને નિરાસક્તપણે સેવવા લાગ્યા.

શ્રી સાંકળચંદજી ભરૂચથી વ્યાપારના અનુભવ મેળવવા નિમિત્તે સુરત એક શેઠને ત્યાં રહ્યા અને ત્યાં વિરાજમાન મુનિરાજશ્રી રત્નસાગરજીની અમૃતદેશનાનું પાન કરવા લાગ્યા અને આત્માનું વાસ્તવિક સુખ મેળવવાના વિચારો કરવા લાગ્યા. સુરતમાં તેમને અનેક મુનિયોનો પરિચય થયો. અનેક પ્રકારનો ધાર્મિક અનુભવ તેઓ મેળવવા લાગ્યા. કેટલાક વર્ષ સુરતમાં રહીને પશ્ચાત્ તેઓ સ્વજન્મભૂમિ પાટણ શહેરમાં આવ્યા. પાટણમાં આવ્યા બાદ અનેક જાતની ગૃહકર્તવ્ય કરણીનો અનુભવ કરવા લાગ્યા તેથી તેમને સંસારની અસારતાનો પૂર્ણ અનુભવ થયો અને તેની સાથે સત્ય વૈરાગ્ય પ્રગટ્યો. અધ્યાત્મસારમાં મોહગર્ભિત વૈરાગ્ય, દુઃખગર્ભિત વૈરાગ્ય અને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય એ ત્રણ પ્રકારના વૈરાગ્યોનાં

**વૈરાગ્ય.** લક્ષણો કથ્યાં છે. દુઃખગર્ભિત વૈરાગ્ય, મોહગર્ભિત વૈરાગ્ય અને જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું સ્વરૂપ તેઓએ ગુરૂશ્રી રવિસાગરજી મહારાજ દ્વારા સારી રીતે જાણ્યું—અનુભવ્યું. ગુરૂનાં પાસાં સેવીને તેમણે જીવવિચાર, નવતત્ત્વ, તત્ત્વોના બોલ વગેરેનું સૂક્ષ્મ સ્વરૂપ એવી રીતે ધાર્યું કે જે હૃદયમાં પરિણમીને ઉત્તમ વૈરાગ્યને ઉત્પન્ન કરવામાં સમર્થ થયું. ગુરૂજી પાસે તેઓ દીક્ષાની પ્રાર્થના કરવા લાગ્યા. સ્ત્રીની સાથે લગ્ન કરી સંસાર માંડવાની ઇચ્છાનો તેમણે કેટલાંક વર્ષ પૂર્વે ત્યાગ કર્યો હતો તેથી હવે તેમને સાંસારિક પદાર્થોમાં શુભાશુભપરિણામ ટળવા લાગ્યો. ગુરૂએ તેમને ચારિત્રપાલન દુષ્કર છે ઇત્યાદિ બોધ આપ્યો. જેના મનમાં આત્મિક સુખ પ્રાપ્ત કરવાનો ભાવ ઉત્પન્ન થયો હોય છે તે કોટિ ગમે દુઃખોને સહન કરી ચારિત્ર પાળવા સમર્થ બને છે. જન્મ જરા મૃત્યુથી ભયંકર એવા આ સંસારમાં કોઈ પણ જાતનું સુખ નથી. બાહ્ય પદાર્થોને અનંતિવાર પૂર્વે ભોગવ્યા અને વર્તમાનમાં ભોગવતાં સત્યસુખની પ્રતીતિ થતી નથી. મનુષ્ય

**ચારિત્રની રૂચિ.** જીંદગીનો મુખ્યોદ્દેશ સત્યસુખ પ્રાપ્ત કરવું તેજ છે. સંસારમાં કોઈ પણ જીવ કોઈ જાતની પ્રવૃત્તિ કરે છે તેમાં તેનો આશય ખરેખર

સુખ પ્રાપ્ત કરવાનો હોય છે. ક્ષણિક સાંસારિક સુખની પાછળ દુઃખ રહ્યું છે. ભોગોથી રોગનો ભય પાછળ રહે છે. સર્વ ધર્મશાસ્ત્રોનો મુખ્યોદ્દેશ સુખ પ્રાપ્ત કરાવવાનો છે. બાહ્ય પદાર્થોના ભોગથી ખરેખરૂં સુખ નથી એવો જ્યારે જીવને અનુભવ થાય છે ત્યારે તે સત્ય સુખ શોધવા પ્રયત્ન કરે છે. રાગાદિ કષાયોથી સત્યસુખ પ્રાપ્ત થઈ શકતું નથી એવો જ્યારે સત્યજ્ઞાન પ્રાપ્ત થતાં અનુભવ આવે છે ત્યારે આત્મા જે ઉપાયોએ રાગાદિ ક્ષીણ થાય એવા ઉપાયો આચરવા પ્રયત્ન કરે છે. રાગદ્વેષનો ક્ષય કરીને આત્માનું સત્ય સુખ પ્રકટાવવા માટે ચારિત્ર સમાન અન્ય કોઈ મહાન્ ઉપાય નથી. શ્રી વીરપ્રભુએ ચારિત્ર અંગીકાર કરી આત્માનું સત્યસુખ પ્રગટાવ્યું હતું. સાંકળચંદને આત્માનું સત્યસુખ પ્રાપ્ત કરવા માટે ચારિત્રની રૂચિ ઉત્પન્ન થઈ. જેના મનમાં ચારિત્ર ગ્રહવાની ઇચ્છા થાય છે તે આત્માને ધન્ય છે. સાંકળચંદની પ્રતિદિન ચારિત્ર લેવાની ઇચ્છા અત્યંત દૃઢ થવા લાગી. ચારિત્ર લેવા માટે તેમણે અનેક અભિગ્રહો ધારણ કર્યા. પોતાના કુટુંબીઓને ચારિત્ર લેવાની ઇચ્છા જાહેર કરી. ચારિત્ર પોતાનાથી બરાબર પળશે કે કેમ ? તેની તુલના તેમણે સ્વશક્તિથી કરી. આત્મોદ્ધાર કર્યા વિના કદાપિ સર્વ દુઃખોનો અંત આવવાનો નથી એમ તેમણે દૃઢ નિશ્ચય કર્યો. તેમના સગાંઓએ તેમને સંસારમાં રાખવા

અનેક ઇષ્ટ લાલચોથી લલચાવ્યા પણ તેઓ કોઇ લાલચથી ડગ્યા નહિ. તેમનો વૈરાગ્ય પ્રવાહ પૂરજોશથી દરરોજ વધતો હતો. તેમણે અન્તે સ્વકુટુંબની દીક્ષા ગ્રહણ કરવા અનુમતિ મેળવી અને ગુરૂશ્રી રવિસાગરજી મહારાજને દીક્ષા માટે અત્યંત પ્રાર્થના કરી. ગુરૂએ સાંકળચંદને દીક્ષાર્થે

**દીક્ષા.**

યોગ્ય જાણી હા પાડી તેથી સાંકળચંદને અત્યંત આનન્દ થયો. દીક્ષા આપવાનું મહેસાણામાં સંવત્ ૧૯૪૩ ના વૈશાખ સુદિ છઠનું કર્યું. આ પ્રસંગે સુરતના શ્રાવક ફુલચંદભાઇ કે જેમણે શ્રી રત્નસાગરજીનાં પાસાં સેવી વૈરાગ્ય પ્રાપ્ત કર્યો હતો તેમણે પણ ગુરૂશ્રી પાસે આવી દીક્ષા લેવા વિજ્ઞપ્તિ કરી. ગુરૂશ્રીએ તેમની વિજ્ઞપ્તિનો સ્વીકાર કર્યો. મહેસાણાના શ્રાવકોએ અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રારંભ્યો. બન્નેનાં વાયણાં શરૂ થયાં. સંઘમાં બન્ને પુરૂષની દીક્ષાથી આનન્દ વ્યાપી રહ્યો. દરરોજ ગુરૂશ્રીના વ્યાખ્યાનથી લોકોમાં ધર્મની રૂચિ વધવા લાગી. ગુરૂ શ્રી રવિસાગરજીએ સંવત્ ૧૯૪૩ ના વૈશાખ સુદિ ૬ ના રોજ બન્નેને સુમુહૂર્તયોગે દીક્ષા આપી. ફુલચંદભાઇનું નામ **ભાવસાગરજી** રાખવામાં આવ્યું, અને સાંકળચંદનું નામ **સુખસાગરજી** પાડવામાં આવ્યું. સં. ૧૯૪૩ ની સાલનું ચોમાસું મહેસાણામાં કર્યું. ગુરૂની સાથે **સુખસાગરજી** તથા **ભાવસાગરજીએ**

**ગુરૂની સાથે વિહાર ચોમાસાં.**

સં. ૧૯૪૪ સાલનું ચોમાસું માણસામાં કર્યું. સંવત્ ૧૯૪૫ ની સાલનું ચોમાસું શ્રી વિજાપુરમાં કર્યું. શ્રી રવિસાગરજી મહારાજની કૃપાથી વડસમાના શ્રાવક ગગલભાઇએ બે માસના ઉપવાસનું તપ કર્યું તેથી વિજાપુરની આજુબાજુના ગામોના સંઘો વાજતે ગાજતે દર્શન કરવા આવ્યા તેથી વિજાપુરમાં ચોથા આરાના જેવી શોભા થવા લાગી. વિજાપુરમાં અનેક જાતની તપશ્ચર્યાઓ થઇ. સંવત્ ૧૯૪૬ ની સાલનું ચોમાસું ગુરૂની સાથે મહેસાણામાં કર્યું. સં. ૧૯૪૭ ની સાલનું ચોમાસું, પાટણમાં શેઠ નગીનદાસ ઝવેર, ખૂબચંદ વગેરે શ્રાવકોના આગ્રહથી કર્યું. પાટણના ચોમાસામાં અનેક જીવોને પ્રતિબોધ દેઈ લાભ આપ્યો. પાટણના શ્રાવકોએ ગુરૂ મહારાજની અત્યંત પ્રેમભાવે ભક્તિ કરી સ્વજન્મ સફળ કર્યો.

સંવત્ ૧૯૪૮ ની સાલથી સંવત્ ૧૯૫૮ સુધી વૃદ્ધપણામાં જંઘાબળ ક્ષીણ થવાથી શ્રી રવિસાગરજી ગુરૂએ મહેસાણામાં ચોમાસાં કર્યાં. દોશી નાગરભાઈ, ઘહેલાભાઇ, કરમચંદ અને નગરશેઠ વસતાચંદ વગેરે મહેસાણાના આગેવાન ગૃહસ્થ શ્રાવકોએ ગુરૂવર્ય્ય શ્રી રવિસાગરજી મહારાજની સેવા ભક્તિમાં બાકી રાખી નહિ. ગુરૂશ્રી સુખસાગરજીએ સ્વગુરૂ રવિસાગરજી

મહારાજની વિનયભક્તિસેવામાં મન, વચન, કાયાની શુદ્ધિથી પ્રવૃત્તિ કરી. ગુરૂની સેવા કરનાર મુનિ આહારી છતાં દરરોજ ઉપવાસનું ફળ પ્રાપ્ત કરે છે. વૈયાવચ્ચગુણ અપ્રતિપાતી છે. આ દૃષ્ટાંતના આદર્શ મુનિ શિષ્ય શ્રી સુખસાગરજી થયા. ગુરૂ-સેવામાં મુક્તિના મેવા છે એમ તેમણે અનુભવ કરી નિષ્કામ ભાવથી ગુરૂની સેવા કરવા માંડી.

**ગુરૂસેવા.**

વૃદ્ધાવસ્થામાં માંદગીના સબબે ગુરૂ માટે લાવેલો આહાર કે જે આહાર શેષ રહેલો તે સ્વયં આહરી જતા. ગુરૂજી જે પાત્રમાં દસ્લો કરે તે પાત્ર પોતે ઝોળીમાં ઘાલીને બહિર્ પરઠવવાની વ્યવસ્થા કરતા. ગુરૂની આજ્ઞા પ્રમાણે તે જે જે કથતા તે પ્રમાણે શ્રી સુખસાગરજી વર્તતા હતા. નિષ્કામભાવથી ગુરૂસેવા કરતાં અને તેમની આશીઃ મેળવતાંજ સત્યજ્ઞાનની પ્રાપ્તિ અને ચારિત્ર વધે છે એવું તેઓ સારી રીતે જાણતા હતા. ગુરૂની વૃદ્ધાવસ્થામાં તેમની સેવા કરી તેમનો અનુભવી ઉપદેશ દરરોજ શ્રી સુખ-સાગરજી શ્રવણ કરી હૃદયમાં ધારતા હતા તેથી તે ઉપદેશ ખરેખર તેમના હૃદયમાં ઉંડો પરિણમી જતો હતો. ગુરૂસેવા કરતાં આત્માની સત્ય પ્રગતિ થાય છે એમ અનેક શાસ્ત્રોમાં કથવામાં આવ્યું છે તે અક્ષરેઅક્ષર સત્ય છે. શ્રી મયાસાગ-રજીનો અનુભવ શ્રી નેમિસાગરજીએ લીધો હતો અને શ્રી

નેમિસાગરજીનું અનુભવ જ્ઞાન, શ્રી રવિસાગરજીએ પ્રાપ્ત કર્યું હતું. સેવાના બળે સર્વ શાસ્ત્રો અને આચારોના સારરૂપ જે અનુભવજ્ઞાન શ્રી રવિસાગરજી ગુરૂએ પ્રાપ્ત કર્યું હતું તે જ્ઞાન પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય ખરેખર ગુરૂશ્રી સુખસાગરજીને પ્રાપ્ત થયું. **महतां सेवा सदैव सफला** મહન્તોની સેવા સદા સફળ હોય છે. ગુરૂની સેવાથી જે પ્રાપ્ત થાય છે તે અન્ય કશાથી પ્રાપ્ત થતું નથી. ગુરૂશ્રી રવિસાગરજીએ પ્રેમથી આકર્ષાઈ શ્રીસુખસાગરજીને અનેક પ્રકારના અનુભવો આપ્યા તેથી તેમનું હૃદય દિવ્ય બન્યું. દિવ્યહૃદય જ્યાંસુધી થાય નહિ

**અનુભવ.**

ત્યાંસુધી અનુભવ પ્રાપ્ત થયો એમ કથી શકાય નહિ. હૃદયમાં અનુભવ થવાથી આન્તરચારિત્રની દૃઢ ભૂમિ થાય છે. **ગુરૂઓ પાસેથી જે જે બાબતોના અનુભવો મળે છે તે જીવતાં શાસ્ત્રો છે.** રૂચ્ય સદ્વર્તન માટે અનુભવની ખાસ જરૂર છે. શ્રી રવિસાગરજી ગુરૂની સત્તોત્તર વર્ષની ઉમર થઇ હતી અને સુડતાલીશ વર્ષનો દીક્ષાપર્યાય થયો હતો તેથી તેમના સમાગમમાં અનેક વૃદ્ધ સાધુઓ, શ્રી પૂજ્યો અને યતિયો આવ્યા હતા. અનેક ધર્મચર્ચાઓ અને ક્રિયોદ્ધારનું વાસ્તવિક સ્વરૂપ તેમણે અનુભવ્યું હતું. દ્રવ્ય ક્ષેત્રકાલભાવાનુસારે ચારિત્રનું સ્વરૂપ અનુભવ્યું હતું. તેથી ઉપર્યુક્તાદિ સર્વ બાબતોનો અનુભવ

શ્રવણ કરી હૃદયમાં ઉતારવા માટે શ્રીમદ્ સુખસાગરજીને ગુરૂ-સેવારૂપ સુપ્રસંગ જે પ્રાપ્ત થયો તેની ગુરૂશ્રીસુખસાગરજીએ સફલતા કરી. ગુરૂ શ્રી રવિસાગરજીએ વૈયાવચ્ચ-સેવા-ભક્તિથી આકર્ષાઈ ગુરૂ પરંપરાએ આવેલી ચમત્કારિક આમ્નાયોનું શ્રી સુખસાગરજીને સમર્પણ કર્યું. અગિયાર વર્ષ પર્યંત શ્રી ગુરૂ સુખસાગરજીએ ગુરૂમહારાજની અખંડ અનુપમ સેવા કરી.

**ગુરૂજીની છેલ્લી અવસ્થા અને દેહોત્સર્ગ.**

શ્રી ગુરૂ રવિસાગરજી મહારાજની સત્તોત્તેર વર્ષની ઉમર થઇ હતી. મેહસાણાના ઉપાશ્રયમાં સં. ૧૯૪૮, ૧૯૪૯, ૧૯૫૦, ૧૯૫૧, ૧૯૫૨, ૧૯૫૩ અને ૧૯૫૪ એ ૭ વર્ષથી સ્થિર વાસ કર્યો હતો. છેલ્લી વખતે તો શ્રીમદ્ રવિસાગરજી મહારાજને ઉપાશ્રયમાં હાલવા ચાલવામાં પણ અશક્તિ જણાતી હતી. તેવા પ્રસંગે મહેસાણાના સંઘે ભક્તિ કરવામાં અહોભાગ્ય જાણ્યું. સંવત્ ૧૯૫૪ ના જેઠ સુદિ ચૌદશના રોજ તેમની મુખ્ય શિષ્ય ઉત્તમ સાધ્વીશ્રી દેવશ્રીએ દેહોત્સર્ગ કર્યો તે સમયે શ્રી ગુરૂએ કહ્યું હતું કે હવે મારા શરીરમાંથી આ જેઠ માસમાં આત્મા મુસાફરી કરશે. જેઠ વદિમાં હવે તેમનું શરીર વિશેષતઃ અશક્ત જણાયું. જેઠ વદિ દશમની રાત્રીએ તેમનું શરીર વિશેષ માંદગીવાળું થયું. જેઠ વદિ ૧૧ ના

રોજ સવારના સાડા સાત વાગે ગુરૂશ્રી રવિસાગરજી ઉપાશ્રયના નીચે વ્યાખ્યાનની પાટ નીચે નાની પાટ ઉપર સુખાસને બેઠા હતા. શ્રી સુખસાગરજી મહારાજે તેમને શ્રી પાર્શ્વનાથ ભગવંતનાં દર્શન કરાવ્યાં. પશ્ચાત્ તેમણે આત્મધ્યાનમાં મનને સ્થિર કર્યું. તેમની આગળ બેઠેલા સંઘને શાન્ત મૌન રહેવાની સૂચના કરી. મુનિશ્રી બુદ્ધિસાગરજી કે જે તે વખતે પૂર્વાવસ્થામાં ગૃહસ્થવેષે બહેચરભાઇ નામથી પ્રસિદ્ધ હતા તેમણે તેમની છેલ્લી જીંદગીનો સહવાસ કરી તેમની સેવામાં અન્તઃકરણપૂર્વક ભાગ લીધો હતો. તેથી ગુરૂશ્રીની અન્તઃકરણપૂર્વક પ્રીતિવડે તેમની પાસેથી અનુભવો—આમ્નાયો વગેરેની પ્રાપ્તિ કરી હતી. શ્રી રવિસાગરજી મહારાજે સાન કરી કે જ્યાં સુધી જમણા હાથનો અંગુઠો હાલે ત્યાં સુધી હું આત્માના શુદ્ધોપયોગમાં છું એમ સમજવું માટે કોઇએ ગરબડ કરવી નહિ. ગુરૂશ્રી રવિસાગરજી મહારાજ આત્માના શુદ્ધ ધ્યાનમાં આરૂઢ થયા. **एगो मे सासओ अप्पा—नाणदंसणसंजुओ । सेसामे बाहिरा भावा सव्वेसंजोग लक्खणा ॥** એક મારો આત્મા શાશ્વત છે. જ્ઞાનદર્શન ચારિત્રરૂપ આત્મા છે તેથી ભિન્ન શરીરાદિ બાહ્ય ભાવો છે તે કર્મસંયોગે ઉત્પન્ન થએલા છે. તેમાં હું નથી અને તે મારા નથી. આત્માની જ્ઞાનજ્યોતિ અનન્ત છે. પરમાત્માની

સાથે આત્માની એકતા તેમણે ધ્યાનમાં કરી દીધી તેથી તેઓ અત્યંત ધ્યાનમાં સ્થિર જણાયા. કેટલીક મિનિટો પશ્ચાત્ તો તેમણે આંખો મીચી દીધી અને ધ્યાનમાં લીન થઈ ગયા. લેખકે તથા અન્યોએ ગુરૂશ્રી નજીક બેસી નમસ્કાર મંત્રના ઘોષનો પ્રારંભ કર્યો. એક તરફ તેઓશ્રી આત્મધ્યાનમાં મશગુલ થયા અને બીજી તરફ આયુષ્ય કર્મની પૂર્ણતા થવાના પ્રસંગથી શરીર ઠંડું પડવા લાગ્યું. ગુરૂશ્રી આત્મધ્યાનના ઉપયોગમાં રહ્યા અને તત્સમયે આયુષ્યકર્મની પૂર્ણતાએ શરીરમાંથી આત્મા છૂટયો. ગુરૂશ્રીએ અન્ય શુભગતિમાં ભવિષ્યની પરિપૂર્ણ ઉન્નતિ કરવા પ્રયાણ કર્યું. ગુરૂશ્રી અન્ય શુભગતિમાં પહોંચ્યા. ભક્તજનો ગુરૂશ્રીના પવિત્ર શરીરનો અગ્નિસંસ્કાર કરવાની સામગ્રી સજવા લાગ્યા.

**ગુરૂએ દેહોત્સર્ગ કર્યો. તેના સમાચાર અને દેહની અગ્નિ સંસ્કાર ક્રિયા.**

મેહસાણાના સંઘે શહેરો શહેર અને ગામોગામ કે જ્યાં ગુરૂ મહાત્માના રાગી શ્રાવકો વગેરે રહેતા ત્યાં તાર કરાવ્યા. અમદાવાદથી શેઠ વીરચંદભાઈ દીપચંદ કે જે મહારાજના પૂર્ણરાગી શ્રાવક હતા તે. ઝવેરી મોહનલાલ મગનલાલ વગેરેની સાથે આવી પહોંચ્યા. માણસા, પાટણ, ચાણસમા, પાલનપુર, પેથાપુર, અમ-

દાવાદ વગેરે તથા આજુબાજુના ગામડાઓમાંથી ઘણા જૈનો છેલ્લી વખતનાં ગુરૂશ્રીનાં પવિત્ર શરીરનું દર્શન કરવા આવ્યા. મેહસાણામાં સાત આઠ હજાર શ્રાવકો ભેગા થયા. ગુરૂશ્રીનાં શરીરને એક વાગ્યાના આશરે પાલખીમાં પધરાવવામાં આવ્યું. ત્યાં મળેલા સર્વ જૈનોની આંખોમાંથી અશ્રુની ધારાઓ વહેતી હતી. શેઠ વીરચંદ દીપચંદે પહેલીવાર પાલખી ઉપાડી ત્યાર- બાદ અન્ય અગ્રગણ્ય જૈનોએ પાલખી ઉપાડી. અન્ય દર્શનીઓ કે જે ગુરૂશ્રીના ગુણાનુરાગી હતા તેઓ સર્વે તેમના શરી- રનું દર્શન કરવા આવ્યા. ચૌટામાંથી દક્ષિણ દિશાએ પાલ- ખીને લઇ જવા માંડી. હજારો જૈનો જયજય નંદા અને ભદ્દા શબ્દથી મહાઘોષ કરવા લાગ્યા. દક્ષિણ દિશાએ લાટીમાં નિર્ણય કરેલાં સ્થાનમાં શરીરનો અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો અને ત્યાંની જગ્યા સંઘે વેચાણ લીધી. ત્યાં મોટી દેરી બંધાવી. સં. ૧૯૫૬ ના માગશર સુદિ છઠના રોજ ગુરૂશ્રી રવિસાગરજી મહારાજની પાદુકાની પ્રતિષ્ઠા કરવામાં આવી તત્સમયે ત્યાં સાત આઠ હજાર જૈનો ભેગા થયા હતા.

**ગુરૂ વિયોગ.**

શ્રી સુખસાગર ગુરૂજીને ગુરૂનો વિયોગ અત્યંત સાલવા લાગ્યો. ગુરૂ વિના શિષ્યના હૃદયમાં જેવી દશા ઉત્પન્ન થાય છે તેવી તેમના હૃદયમાં થઇ. ગુરૂના શરીરના

અભાવે તેઓ ગુરૂની આજ્ઞાઓને સ્મરણ કરવા લાગ્યા અને અત્યંત વૈરાગ્ય ભાવે ચારિત્રની આરાધના કરવા લાગ્યા. જ્ઞાનીને ગુરૂવિયોગ પણ વૈરાગ્યાદિ હેતુ રૂપે પરિણમે છે. ગુરૂના ઉપદેશ પ્રમાણે તેઓ દરરોજ ધર્મમાં પ્રવૃત્તિ કરવા લાગ્યા. ગુરૂભક્તિયોગે તેઓએ ગુરૂની દેરી બંધાવવા સંબંધી ઘટતો ઉપદેશ આપ્યો. સંવત્ ૧૯૫૪ની સાલનું ચોમાસું મહેસાણામાં કર્યું અને આત્મહિત પ્રવૃત્તિમાં વિશેષતઃ ઉદ્યુક્ત થયા.

**વિહાર.**

ચોમાસું પૂર્ણ થતાં તેઓશ્રીએ પેથાપુરના શેઠ રવચંદ ગાંધીએ કાઢેલા સિદ્ધાચલ યાત્રાના સંઘની સાથે વિહાર કરી સિદ્ધાચલ-ગિરનાર વગેરે તીર્થોની યાત્રા કરી. કાઠીઆવાડમાં વિહાર કરી સમાગમમાં આવનાર અનેક મનુષ્યોને ધર્મોપદેશ આપી ધર્મ માર્ગમાં દૃઢ કર્યા. લીંમડી, વીરમગામ, રામપુરા, ભોયણી અને જોટાણા થઈ તેઓશ્રી પાલણપુર પધાર્યા. પાલણપુરના શ્રાવકોએ ગુરૂ સેવાકારક શ્રી સુખસાગરજી મહારાજના પર અત્યંત પ્રેમ ધારણ કર્યો. સાગરસંઘાડાના શ્રાવકોએ ગુરૂશ્રી સુખસાગરજી મહારાજને ચોમાસું કરવા વિજ્ઞપ્તિ કરી. સં. ૧૯૫૫ ના વૈશાખ માસમાં મુનિરાજશ્રી ભાવસાગરજી મહારાજે જોટાણા પાસેના તેલાવી ગામમાં દેહોત્સર્ગ કર્યો તેથી તેમના શિષ્ય ન્યાયસાગરજીને પાલણપુરના શ્રાવકોએ શ્રીભાવસાગર-

જીની આજ્ઞા પ્રમાણે શ્રી સુખસાગરજી પાસે તેડી લાવ્યા. શ્રીમાન્ ભાવસાગરજી મહારાજે દેહોત્સર્ગ સમયે શ્રી સુખસાગરજી મહારાજની આજ્ઞામાં રહેવા માટે ન્યાયસાગરને ભલામણ કરી હતી. ગુરૂ શ્રી સુખસાગરજીએ પાલનપુરમાં ચોમાસું કર્યું. પાલનપુરના જૈનોએ ગુરૂ શ્રી સુખસાગરજી મહારાજની શિક્ષાઓ શ્રવણ કરી તે પ્રમાણે વર્તવા લાગ્યા. ગુરૂમહારાજની ધર્મક્રિયામાં પ્રવૃત્તિ દેખીને શ્રાવકોને અત્યંત રાગ વધવા લાગ્યો. દરરોજ ધર્મક્રિયાઓમાં શ્રાવકો જોડાવા લાગ્યા. ગુરૂશ્રીના સરલ પરિણામથી લોકોની ઉપર ધર્મની અસર થવા લાગી.

**પાલણપુરમાં ચોમાસું સં. ૧૯૫૬.**

"**गुरुवस्तु मौनव्याख्यानाः शिष्या स्तुछिन्नसंशयाः**" જેવી ભક્તોની દશા થઈ. ગુરૂકૃપા અને આશીર્વાદ પામેલા ગુરૂના શિષ્યોની જ્યાં ત્યાં પ્રતિષ્ઠાકીર્તિમાં વૃદ્ધિ થયા કરે છે.

• ચોમાસું પૂર્ણ થવાથી ગુરૂ શ્રી સુખસાગરજી વિહારની ઇચ્છા કરવા લાગ્યા. પરંતુ પાલનપુરના ભક્ત જૈનોએ ગુરૂશ્રીને મૌન એકાદશીપર્યંત સ્થિરતા કરવા માટે કહ્યું. માગશર માસમાં મેસાણાથી માસ્તર બહેચરભાઈ શિવદાસ પાલનપુરમાં ગુરૂશ્રી સુખસાગરજીને વંદન

**શ્રીમદ્ બુદ્ધિસાગરજીની દીક્ષા.**

કરવા આવ્યા. શ્રી હીરવિજયસૂરિ મહારાજના ઉપાશ્રયમાં ધ્યાન કરતાં તેમને દીક્ષા લેવાનો પરિણામ પૂર્ણ વૃદ્ધિ પામ્યો અને તેથી તેમણે ગુરૂશ્રીને તેજ દિવસે એટલે માગસર સુદિ પાંચમની રાત્રે દીક્ષા લેવાની વિજ્ઞપ્તિ કરી. માગશર સુદિ પાંચમના બપોરે જૈનશાળાની પરીક્ષા લીધા બાદ રાત્રે દીક્ષા લેવાનો નિશ્ચય સંઘે સાંભળ્યો તેથી સંઘને હર્ષનો પાર રહ્યો નહિ. દીક્ષાનું મુહૂર્ત સં. ૧૯૫૭ મૃગશીર્ષ ૬ નું આવ્યું. હાથી, પાલખી, સાબેલ, સહિત ગામ બહાર દીક્ષા લેવાનો વરઘોડો નીકળ્યો અને તેમણે ચઢતે ભાવે ગુરૂશ્રીના હસ્તે દીક્ષા લીધી. તેમનું નામ બુદ્ધિસાગરજી પાડવામાં આવ્યું.

**ચોમાસાં.**

પાલનપુરથી વિહાર કરી ગુરૂજી માઘ માસમાં પાટણ આવ્યા. ત્યાં સુપાર્શ્વનાથના દેરાસરમાં શ્રાવક નગીનદાસ ઝવેરચંદે શ્રી રવિસાગરની પાદુકાની પ્રતિષ્ઠા પર વાસક્ષેપ કરાવ્યો. પાટણથી ગુરૂજી વિહાર કરી ચાણસમા, મુંઢેરા, આજોલ, રાંતેજ, ભોંયણી થઇ અમદાવાદમાં મહોત્સવપૂર્વક પ્રવેશ કરી ખેડા, માતર, વસો, કાવીઠા, બોરસદ, મુજપર, મીયાગામ, ભરૂચ, અંકલેશ્વર, કોસંબા અને સાયણ વગેરે ગામોમાં વિચરી સં. ૧૯૫૭ના ચૈત્ર માસમાં સુરતમાં પધાર્યા. ન્યાયસાગરજી તથા શ્રીમદ્

**સુરત ચોમાસું સં. ૧૯૫૭**

બુદ્ધિસાગરજી સાથે ગુરૂજીએ ખેમચંદ મેળાપચંદની વાડીમાં ચોમાસું કર્યું. સાથે શાસ્ત્રી હોવાથી શ્રી બુદ્ધિસાગરજી વગેરેનો મુક્તાવલી આદિ ન્યાયકાવ્ય વગેરેનો અભ્યાસ સારી રીતે થયો. નેમુભાઇની વાડીમાં પન્યાસ સિદ્ધિવિજયજી તથા પન્યાસ ચતુરવિજયજી વગેરે સાધુઓ હતા. ગોપીપુરામાં ઝવેરી ધર્મચંદ ઉદયચંદના ઘર પાસે શ્રીયુત મુનિવર મોહનલાલજી સ્વશિષ્ય પરિવાર સાથે ચોમાસું રહ્યા હતા. સુરતમાં સં. ૧૯૫૭ ના ચોમાસામાં ઉત્સવોની ધામધૂમ ઘણી હતી. તે સાલમાં ચોમાસામાં પન્યાસ શ્રી સિદ્ધિવિજયજીની પન્યાસ પદવી પ્રસંગે સદુપદેશથી શ્રી રત્નસાગરજી જૈન બોર્ડીંગની સ્થાપના થઇ. શ્રીમદ્ બુદ્ધિસાગરજીની વડી દીક્ષા સુરતમાં થઇ. પંચાચાર પ્રપાલવાપૂર્વક ચોમાસું શાંતિથી પૂર્ણ થયું. કાર્તિક વદિમાં ગુરૂશ્રીએ વડોદરા તરફ વિહાર કર્યો. સં. ૧૯૫૮ નું ચોમાસું પાદરામાં થયું ત્યાં અનેક જૈનોને ધાર્મિક પ્રવૃત્તિનો લાભ મળ્યો. સુશ્રાવક વકીલ મોહનલાલ હિમચંદ ભાઇએ મુનિશ્રી બુદ્ધિસાગરજી પાસે આગમસાર, નયચક્ર, અને નવતત્ત્વ વગેરે દ્રવ્યાનુયોગના ગ્રન્થોનો અભ્યાસ કર્યો.

**૧૯૫૮ પાદરામાં ચોમાસું.**

મુનિશ્રી બુદ્ધિસાગરજીએ વ્યાખ્યાનમાં ઉપદેશ રત્નાકર વગેરે ગ્રન્થોની વાચના કરી. વકીલ નંદલાલ લલ્લુભાઈ ચુનીલાલ વગેરે અનેક શ્રાવકોને ધર્મબોધની સારી અસર થઇ. અનેક

શ્રાવકો અને શ્રાવિકાઓએ ધર્મકરણીમાં ભાગ લીધો. ચોમાસામાં પ્લેગ ચાલવાથી આસો માસમાં વડોદરાના સંઘના આગ્રહથી ત્યાં વિહાર કર્યો. ચોમાસું પૂર્ણ થયા બાદ ડભોઈ વગેરે સ્થળોની યાત્રા કરીને ગુરૂશ્રી ફાગણ માસમાં વસોમાં આવ્યા. વસોના ગુણી શ્રાવકોએ માસ કલ્પ કરવા વિનંતિ કરી. વસોમાં વડોદરાના એક ગુલાબચંદ નામના ગૃહસ્થને દીક્ષા આપી ગુરૂશ્રીએ ગુલાબસાગર નામના શિષ્ય કર્યા. વસોથી માતર વગેરે થઈ ગુરૂજી સાણંદમાં ચૈત્રમાસમાં સમહોત્સવે પધાર્યા. ત્યાંથી ગોધાવી, ભોંયણી અને ઝોટાણા થઇ ગુરૂજી મેહસાણામાં પધાર્યા અને મેહસાણાના સંઘના આગ્રહથી ન્યાયસાગરજી સાથે મેહસાણામાં ચોમાસું કર્યું અને માણસના સંઘની વિનંતિથી

**૧૯૫૯ તથા ૧૯૬૦નું મેહસાણામાં ચોમાસું**

ગુરૂશ્રીએ શ્રીમદ્ બુદ્ધિસાગરજીને માણસામાં ચોમાસું કરવાની આજ્ઞા આપી. મેહસાણામાં અને માણસામાં ધર્મની પ્રવૃત્તિથી ચોથા આરાના જેવી શોભા દેખાવા લાગી. મેહસાણામાં ગુરૂશ્રીએ દેરાસર વગેરેની સુવ્યવસ્થા સંબંધી સંઘને અનેક શુભ સૂચનાઓ કરી. ઘણા શ્રાવકોને સામાયક આદિ ધર્મ પ્રવૃત્તિમાં જોડયા. સુખશાન્તિથી ગુરૂએ મેહસાણામાં ચોમાસું પૂર્ણ કર્યું. ચોમાસું ઉતર્યા બાદ આજુબાજુના ગામોમાં વિહાર કર્યો અને ગામડાઓના શ્રાવ-

કોને ધર્મમાં પ્રવૃત્તિયુક્ત કર્યા. સંવત્ ૧૯૫૦નું ચોમાસું સ્વશિષ્ય શ્રી બુદ્ધિસાગરજી સાથે મેહસાણામાં કર્યું તેથી મેહસાણાના સંઘને ગુરૂસેવા ભક્તિનો ઘણો લાભ મળ્યો. તે વખતે બુદ્ધિસાગરજીએ ઉત્તરાધ્યયન સૂત્ર અને ધર્મરત્ન પ્રકરણનું વ્યાખ્યાન કર્યું.

**સં. ૧૯૬૧ નું વિજાપુરમાં ચોમાસું.**

સંવત્ ૧૯૬૧ ની સાલનું ચોમાસું શ્રી વિજાપુરના સંઘના આગ્રહથી વિજાપુરમાં કરવા આવ્યું. ચોમાસા પૂર્વે મહેસાણાના એક ગાંધી શ્રાવકને પ્રતિબોધી ગુરૂજીએ સ્વહસ્તે દીક્ષા આપી શ્રી રંગસાગરજી નામ પાડયું. શ્રી બુદ્ધિસાગરજી, ન્યાયસાગરજી અને રંગસાગરજીની સાથે ગુરૂશ્રીથી વિજાપુરમાં શાંતિથી ચોમાસું કર્યું. શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ ઉત્તરાધ્યયન સૂત્ર કે જે માણસા અને મહેસાણાના ચોમાસામાં વાંચતાં અપૂર્ણ રહ્યું હતું તેનું વ્યાખ્યાન પૂર્ણ કર્યું. અનેક જૈનો તથા જૈનેતરોને વિજાપુરના ચોમાસામાં વ્યાખ્યાનાદિનો લાભ થયો. ચોમાસું પૂર્ણ થયા બાદ શા. વાડીલાલ હરિચંદની બેન પાલીએ કેશરીયાજીનો સંઘ કાઢયો તેની સાથે ગુરૂજીએ શિષ્યો સાથે વિહાર કર્યો. અહમદનગર, રૂપાલ, ટીંટોઇ, શામળાજી, નાગફણા પાર્શ્વનાથ, વિંછીવાડા. અને ડુંગરપુર થઇ કેશરીયાજીની યાત્રા કરી. ત્યાં પંદર દિવસ સુધી સંઘ સાથે રહ્યા પશ્ચાત્ છાણી, પાલ, પોશીના, ઈડર,

દાવડ, આગલોડ અને વિજાપુર થઇ ગુરૂજી પ્રાંતિજમાં પધાર્યા. પ્રાંતિજથી ચૈત્ર માસમાં પેથાપુર પધાર્યા ત્યાં ચૈત્રમાસમાં સાધ્વી. રત્નશ્રીએ દેહોત્સર્ગ કર્યો. પેથાપુરથી નરોડા થઈ સંઘકૃત

**સં. ૧૯૬૨ અમદાવાદમાં ચોમાસું.**

મહોત્સવપૂર્વક અમદાવાદમાં ગુરૂજીએ પ્રવેશ કર્યો. શેઠ લાલભાઇ દલપતભાઈ, શેઠ મણીભાઈ દલપતભાઈ, શેઠ જગાભાઈ દલપતભાઇ અને શેઠાણી ગંગાબેન વગેરે આંબલીપોળના સંઘના આગ્રહથી સ્વશિષ્ય પરિવાર સાથે ગુરૂજીએ અમદાવાદમાં ચોમાસું કર્યું. અમદાવાદના ચોમાસામાં **જ્ઞાનસાર વૃત્તિ** વગેરે ગ્રન્થોનું વ્યાખ્યાન થયું. અમદાવાદના જિજ્ઞાસુ શ્રાવકોને ગુરૂના બોધથી અનેક પ્રકારના ધાર્મિક લાભો મળ્યા. અમદાવાદના ગુણાનુરાગી જિજ્ઞાસુ શ્રાવકોના ઉપર ગુરૂ મહારાજના ચારિત્રની અત્યંત અસર થઈ. ગુરૂશ્રીની ચારિત્ર ક્રિયાની અસર ભવ્ય જીવોપર વિદ્યુત્ વેગની પેઠે થતી હતી. ગુરૂ મહારાજના ચોમાસાથી અમદાસાગરજીએ ગચ્છાચાર, અધ્યાત્મસાર, જ્ઞાનસાર અને સુદર્શના ચરિત્ર વગેરે ગ્રન્થોનું વ્યાખ્યાન કર્યું. અમદાવાદના ભક્ત શ્રાવકોની શ્રદ્ધા ભક્તિમાં વૃદ્ધિ થઈ. શ્રી અમદાવાદનું ચોમાસું પૂર્ણ થયા બાદ પ્રાંતિજ વગેરે અનેક સ્થળોએ ગુરૂજીએ શિષ્યો સાથે વિહાર કર્યો. પ્રાંતિજમાં એક શ્રાવિકાને દીક્ષા

**સં. ૧૯૬૩ નું ચોમાસું સાણંદમાં.**

આપી તેનું **સુમતિશ્રી** નામ આપ્યું. પ્રાંતિજથી પેથાપુર, માણસા, પાનસર વગેરે અનેક સ્થળોએ વિહાર થયો. પાનસરથી કલોલ, કડી, ભોંયણી અને ગોધાવી થઈ ગુરૂશ્રીએ સાણંદમાં ચોમાસું કર્યું. ગુરૂશ્રીએ સાણંદમાં ચોમાસું કર્યું તેથી સંઘમાં આનન્દ છવાઈ રહ્યો. સાણંદમાં સંઘની વિજ્ઞપ્તિથી સૂયડાંગ સૂત્રનું વ્યાખ્યાન શરૂ કરવામાં આવ્યું તેથી સંઘને જ્ઞાનનો અત્યંત લાભ મળ્યો. પર્યુષણમાં પન્નર વીશ મનુષ્યોએ માસિક તપ કર્યો. તેથી વિશેષ મનુષ્યોએ શ્રાવિકાઓએ પાક્ષિક તપ કર્યો. સોના આશરે શ્રાવિકાઓએ અઠાઈ તપ કર્યો. ૧૯૬૩ ની સાલ જેટલી તપશ્ચર્યા સાણંદમાં પૂર્વે કોઈ વાર થઈ નહોતી. સાણંદના સંઘને ૧૯૬૩ ના સાધુઓના ચોમાસા જેવું અન્ય ચોમાસું જણાયું નહિ. સાણંદનું ચોમાસું શાન્તિથી પસાર થયું. ચોમાસું પૂર્ણ થયા બાદ ગોધાવી તરફ વિહાર થયો. ગોધાવીથી વિહાર કરી અમદાવાદમાં માસ કલ્પ કર્યો. અમદાવાદમાં અમૃતસાગરજીને માગસર માસમાં દીક્ષા આપવામાં આવી. અમદાવાદથી ગામોગામ ઉપદેશ આપવા પૂર્વક માણસામાં પ્રવેશ કર્યો. ગુરૂશ્રીએ ત્યાં શ્રાવિકાઓને પિસ્તાલીશ આગમનો તપ કરાવ્યો. લોદરામાં વઢવાણના શ્રાવકને દીક્ષા

આપી ઋદ્ધિસાગરજી નામ આપ્યું. લોદરાથી વિહાર કરી રીદરોલમાં માસ કલ્પ કર્યો. રીદરોલથી ગુરૂશ્રીએ ગવાડા તરફ થઈ તારંગાની યાત્રા કરવા વિહાર કર્યો. શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ પણ પાછળથી વિહાર કરી ચૈત્ર શુદિ પૂર્ણિમાના દિવસે તારંગાધિપતિ શ્રી અજીતનાથનાં દર્શન કર્યાં અને ખેરાળુમાં શ્રીગુરૂજીને મળ્યા. એક માસ લગભગ ખેરાળુમાં રહી ઉંઝામાં પ્રવેશ કર્યો અને ત્યાં અમૃતસાગરજીની તથા ઋદ્ધિસાગરજીની વડી દીક્ષાનો ઉત્સવ થયો તે પ્રસંગે ઝવેરી જીવણચંદ ધર્મચંદ તથા ઝવેરી મોહનલાલ મગનલાલ આવ્યા હતા. સુમુહૂર્તે બન્નેની વડી દીક્ષા વિજય પાસે થઈ.

ઉંઝાથી ગુરૂશ્રી વિહાર કરીને મેહસાણે પધાર્યા. મેહસાણાના સંઘના અત્યંત આગ્રહથી ગુરૂશ્રીએ ન્યાયસાગરજી તથા રંગસાગરજી સાથે મેહસાણામાં ચોમાસું કર્યું. મુનિશ્રી બુદ્ધિસાગરજીને ગુરૂમહારાજે માણસાના સંઘના આગ્રહથી માણસામાં ચોમાસું રહેવા આજ્ઞા કરી તે માન્ય કરીને તેઓએ બોયણી, કડી, કલોલ, રાંધેજા અને લીંબોદરા વગેરે ગામોમાં ઉપદેશ આપતા આપતા માણસામાં સંઘકૃત મહોત્સવપૂર્વક પ્રવેશ કર્યો. મહેસાણામાં ગુરૂશ્રીએ અનેક પ્રકારના ધાર્મિક સુધારા કરાવ્યા. શ્રી રવિસાગરજી ગુરૂની દેરીની આશાતના ટળે તેવા ઉપાયોનો ઉપદેશ આપ્યો. જ્ઞાન

**સં. ૧૯૬૪ નું મેહસાણામાં ચોમાસું.**

દર્શન ચારિત્રની આરાધનામાં તેઓએ વીર્યોલ્લાસની વૃદ્ધિ પૂર્વક પ્રવૃત્તિ કરી. ગુરૂશ્રી વૃદ્ધાવસ્થામાં આત્માના શુદ્ધ સ્વભાવમાં વિશેષતઃ રમણુતા કરવા લાગ્યા. ગુરૂશ્રીના આત્મામાં અલૌકિકરીત્યા ગુણોની ખીલવણી થવા લાગી. વૈરાગ્ય, ત્યાગ, સરલતા, માર્દવતા, નિર્લોભિતા અને નિઃસંગતાદિ ગુણોનો વિશેષતઃ આવિર્ભાવ થવા લાગ્યો. શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ માણસામાં ઉપાસકદશાંગસૂત્ર અને ધર્મરત્ન પ્રકરણ વગેરે ગ્રન્થો વ્યાખ્યાનમાં વાંચીને અનેક ભવ્ય મનુષ્યોને ધર્મની આરાધનામાં ચુસ્ત બનાવ્યા. મેહસાણામાં ગુરૂશ્રીએ સમાધિપૂર્વક ચાતુર્માસપૂર્ણ કર્યું ત્યાંથી તેઓશ્રી ગામો ગામ વિહાર કરતા કરતા અમદાવાદ પધાર્યા. મુનિશ્રી બુદ્ધિસાગરજી પણ ચોમાસું પૂર્ણ થતાં. રીદરોલ, બીલોદ્રા, ડાભલા, મેહસાણા, લીંચ, ભોયણી, અમદાવાદ, સાણંદ, ગોધાવી, બારેજા, માતર, વસો, કાવીઠા, બોરસદ, આંકલાવ, ઉમેઠા વગેરે સ્થળે ઉપદેશ દેતા દેતા સં. ૧૯૬૫ ના ફાગણમાસમાં પાદરામાં પધાર્યા. પાદરામાં પાલીતાણાના એક શ્રાવકને દીક્ષા આપી અમૃતસાગરના શિષ્ય તરીકે સ્થાપન કરી વૃદ્ધિસાગર નામ સ્થાપ્યું. પાદરાથી વડોદરામાં મામાની પોળે ઉતર્યા. ત્યાંથી ડભોઇ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયના પાદુકાનાં દર્શન કરવા વિહાર કર્યો. ડભોઇમાં સંઘને વ્યાખ્યાન વગેરેથી પ્રતિ-

ઓઘી હોળીનો નિષેધ કરાવી પુનઃ વડોદરામાં પ્રવેશ કર્યો, અને શ્રીમત્ સયાજીરાવ ગાયકવાડના આગ્રહથી લક્ષ્મીવિલાસ પેલેસમાં તેમને ચૈત્ર સુદિ ચોથના રોજ સાક્ષર સભા સમક્ષ બે કલાક પર્યંત ઉપદેશ દીધો અને ત્યાંથી પાદરા, બોસરદ, ખંભાત, વસો, ખેડા, વગેરે ગામોમાં ઉપદેશ દેતા દેતા અમદાવાદમાં ગુરૂમહારાજની પાસે આવ્યા. અમદાવાદમાં જેઠ માસમાં સ્થાનકવાસી સાધુપણાનો ત્યાગ કરીને મુનિશ્રી અમીરૂવિજીએ શ્રીમદ્ બુદ્ધિસાગરજી પાસે સં. ૧૯૬૫ ના જેઠ વદિ અગિયારસના રોજે દીક્ષા અંગીકાર કરી. અને તેમનું અજીતસાગરજી નામ સ્થાપ્યું.

**સં. ૧૯૬૫ અમદાવાદમાં ચોમાસું.**

અમદાવાદમાં ગુરૂ મહારાજની આજ્ઞાથી બુદ્ધિસાગરજીએ વિશેષાવશ્યકની વ્યાખ્યાનમાં વાચના શરૂ કરી તેથી અમદાવાદના શ્રોતા શ્રાવકોને તત્ત્વજ્ઞાનનો અત્યંત લાભ પ્રાપ્ત થયો. શેઠ લાલભાઈ દલપતભાઈ, શેઠ મણિભાઈ દલપતભાઈ, શેઠ જગાભાઈ દલપતભાઈ, શેઠ હીરાચંદ કકલ, શેઠ મોહનલાલ મગનલાલ, હીરાચંદ સજાણજી, શ્રોતા છોટાલાલ લખમીચંદ વગેરે શ્રાવકો તથા શેઠાણી ગંગાબેન, ચંચળબેન, મુક્તાબેન, સરસ્વતીબેન, સોભાગ્ય બેન અને માણેકબેન, વગેરે શ્રાવિકાઓએ તથા સાધ્વીશ્રી હર્ષશ્રી વગેરેએ વિશેષાવશ્યક શ્રવણ કરવાનો સારો લાભ મેળવ્યો.

અમદાવાદમાં પન્યાસ ભાવવિજયજીની પાસે મુનિ અજીતસાગરજીની વડી દીક્ષા થઇ. ચોમાસું સુખશાન્તિથી પૂર્ણ થયા પશ્ચાત્ સુરતના ઝવેરી જીવણચંદ ધર્મચંદ વગેરે સંઘના આગ્રહથી ગુરૂમહારાજે શ્રી બુદ્ધિસાગરજી વગેરે સાધુઓને સુરત તરફ ચોમાસું કરવા આજ્ઞા ફરમાવી. શ્રીમદ્ બુદ્ધિસાગરજી સ્વશિષ્યો અમૃતસાગર, અજીતસાગર વગેરે સાધુઓની સાથે શત્રુંજયની યાત્રા કરવા પધાર્યા. પાલીતાણામાં અઢાર દિવસ રહ્યા અને શત્રુંજયની પૂર્ણભાવે યાત્રા કરી. પાલીતાણામાં હીરસાગરજીની દીક્ષા થઇ. પાલીતાણાથી, વળા, ધોલેરા, ખંભાત, પાદરા, દરાપુરા, પાલેજ, જનોર, જબૂડીયા અને કઠોર વગેરે ગામોમાં ઉપદેશ દેવાપૂર્વક સુરત સંઘના કરેલા મોટા ઉત્સવપૂર્વક સુરતમાં પ્રવેશ કર્યો. સુરતમાં ઉપદેશ આપી ઉન્હાળાની ઋતુમાં એક માસ કુમસમાં રહી સં. ૧૯૬૬ નું ચોમાસું સુરતમાં કર્યું. ગુરૂમહારાજશ્રી સુખસાગરજીએ પાટણમાં સંઘના આગ્રહથી સાગરના ઉપાશ્રયમાં ચોમાસું કર્યું. પાટણના

**સં. ૧૯૬૬ પાટણમાં ચોમાસું.**

સંઘને ગુરૂમહારાજના અપૂર્વ બોધથી અત્યંત ધાર્મિક લાભ મળ્યો. ગુરૂભક્ત શ્રી સુખસાગરજી મહારાજના ઉપદેશથી અનેક ધાર્મિક સુધારા થયા. સુરતમાં મુનિશ્રી બુદ્ધિસાગરજીએ મુનિ સંમેલનમાં ભાગ લીધો. અધ્યાત્મસાર,

સુદર્શના ચરિત્ર વગેરે ગ્રન્થોને વ્યાખ્યાનમાં વાંચીને સુરતના ભવ્ય જૈનોને અત્યંત લાભ આપ્યો. ગુરૂમહારાજ શ્રી સુખસાગરજીએ પાટણમાં ચોમાસું પૂર્ણ થતાં પાલણપુર તરફ વિહાર કર્યો અને ત્યાં ઉપધાન કરાવ્યાં. પાલનપુરથી વિહાર કરીને તેઓશ્રી પાટણમાં પધાર્યા અને ત્યાંથી ચાણસમાના સંઘના આગ્રહથી મહોત્સવપૂર્વક ચાણસમામાં પ્રવેશ કરી ત્યાં ચોમાસું કર્યું. ગુરૂમહારાજની આજ્ઞાથી શ્રી બુદ્ધિસાગરજી વગેરે સાધુઓએ મુંબાઈ તરફ વિહાર કર્યો અને સં. ૧૯૫૭ ના માઘ સુદિ પૂર્ણિમાના રોજ મુંબાઈમાં સંઘના મોટા સામૈયા મહોત્સવપૂર્વક પ્રવેશ કર્યો. ગુરૂ

**સં. ૧૯૬૭ નું ચાણસમામાં ચોમાસું.**

મહારાજની આજ્ઞાપૂર્વક મુંબાઈ સંઘના આગ્રહથી શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ મુંબાઈમાં ચોમાસું કરી દશવૈકાલિક વગેરેના વ્યાખ્યાનથી મુંબાઈના શ્રાવકો અને શ્રાવિકાઓને સમ્યગ્ બોધ આપ્યો. ગુરૂમહારાજ શ્રી સુખસાગર મહારાજને ચાણસમામાં શરીરે મહાવ્યાધિ લાગુ પડ્યો પણ તે દવાઓથી શાન્ત થયો. ચાણસમાના શ્રાવકોને ગુરૂમહારાજે પ્રતિબોધ આપી ધર્મમાં સ્થિર કર્યા. ચાણસમાના શ્રાવકોને ગુરૂમહારાજના ચોમાસાથી અપૂર્વ લાભ મળ્યો તે હજી તેમના સ્મરણમાં

તાજો છે. ચાણસમામાં ચોમાસું પૂર્ણ કર્યા પશ્ચાત્ તેઓશ્રી સંખેશ્વરજીની યાત્રા કરવા પધાર્યા. સંખેશ્વરથી ભોંયણી તરફ થઈ તેઓશ્રી ગોધાવી થઇ સાણંદમાં શ્રાવિકાને દીક્ષા આપવા પધાર્યા. સાણંદમાં શ્રાવિકાને દીક્ષા આપ્યા બાદ તેઓશ્રી મહેસાણા પધાર્યા. મહેસાણામાં મોતિલાલને દીક્ષા આપી અજીતસાગરજીના શિષ્ય કર્યા અને તેમનું મહેન્દ્રસાગર નામ સ્થાપ્યું. ત્યાંથી તેઓશ્રી પાટણ પધાર્યા.

**સં. ૧૯૬૮ નું પાટણમાં ચોમાસું.**

પાટણના સંઘના આગ્રહથી પાટણમાં ચોમાસું કરવા નિશ્ચય કર્યો. મુનિશ્રી અજીતસાગરજી સુરતથી વિહાર કરી ગુરૂમહારાજની આજ્ઞા લેઇ સાણંદમાં ગુરૂવર્ય્ય શ્રી સુખસાગરજી મહારાજને આવી મળ્યા અને ગુરૂમહારાજની સાથે વિહાર કરી પાટણમાં ચોમાસું કર્યું. પાટણમાં પન્યાસ ચતુરવિજયજીનું પણ ચોમાસું થયું. ઘણા સાધુઓએ યોગોદ્વહનની ક્રિયાઓ કરી. પન્યાસ ચતુરવિજયજી પાસે ઋદ્ધિસાગરજી તથા અજીતસાગરજીએ કેટલાક સૂત્રના યોગ વહ્યા. ગુરૂ મહારાજશ્રી સુખસાગરજીએ સર્વે સાધુઓની સારી રીતે સંભાળ રાખી. ગુરૂ મહારાજની આજ્ઞાથી મુનિશ્રી બુદ્ધિસાગરજી મુંબાઇથી વિહાર કરી સુરતમાં આવ્યા અને ત્યાંથી વિહાર કરી જઘડીયા, પાલેજ, દરાપુરા, પાદરા, ઉમેટા, બોરસદ, કાવીઠા,

વસો, માતર અને ખેડા વગેરે ગામેગામ વિહાર કરતા અને ઉપદેશ આપતા છતા સં. ૧૯૫૮ ના જેઠ સુદિ ૧૪ ના રોજ શ્રી અમદાવાદમાં આવ્યા અને ગુરૂ મહારાજની આજ્ઞાથી ત્યાં ચોમાસું કરી વ્યાખ્યાનમાં અપૂર્ણ રહેલા વિશેષાવશ્યકનું પાછું વ્યાખ્યાન શરૂ કર્યું તથા ધર્મરત્ન પ્રકરણનું વ્યાખ્યાન શરૂ કર્યું, તેથી શ્રોતાઓને અપૂર્વ લાભ પ્રાપ્ત થયો. ચોમાસું પૂર્ણ થયા બાદ તેમણે સરખેજમાં પાલડીના એક શ્રાવકને દીક્ષા આપી કીર્તિસાગરજી નામ આપી સ્વશિષ્ય તરીકે સ્થાપન કર્યા. પાટણમાં ચોમાસું પૂર્ણ કરીને ગુરૂશ્રી સુખસાગરજીએ સંખેશ્વરજીની યાત્રા કરી અને ત્યાંથી સિદ્ધાચલની યાત્રા કરવા સારૂ પાલીતાણા તરફ વિહાર કર્યો. તે વખતે તેમની સાથે શ્રી રંગસાગરજી, ઋદ્ધિસાગરજી, અને અજીતસાગરજી વગેરે સાધુઓ હતા. વઢવાણ વગેરે ગામેગામ વિચરતા તેઓશ્રી પાલીતાણામાં પધાર્યા અને શરીરની અશક્તિથી મહાકષ્ટે પર્વતપર ચઢી બે યાત્રાઓ કરી પાલીતાણાથી વળા, ધંધુકા, અને કોઠ થઈ તેઓશ્રી સાણંદમાં પધાર્યા. અજીતસાગરજીએ ગુરૂની આજ્ઞાથી ગેરીતાવાળા ડાહ્યાભાઈને રાણપુરમાં દીક્ષા આપી શ્રી બુદ્ધિસાગરજીના શિષ્ય તરીકે સ્થાપન કરી દેવેન્દ્રસાગર નામ આપ્યું. શ્રીમદ્ બુદ્ધિસાગરજી પણ અમદાવાદમાં ચોમાસું પૂર્ણ થતાં શેરીસાની યાત્રા કરી કલોલ થઈ પાનસરની યાત્રા

કરી માણુસા, પ્રાંતિજ, વિજાપુર વગેરે ગામોમાં ઉપદેશ આપતા આપતા ચૈત્ર સુદિ ૧૦ ના રોજ સાણંદમાં શ્રીગુરૂ મહારાજને આવી મળ્યા. ગુરૂનાં મહારાજનાં દર્શન કરી અત્યાનંદ પામ્યા. ગુરૂ મહારાજનું સાણંદમાં શરીર નરમ થવા લાગ્યું. અમદાવાદના સંઘના આગ્રહથી વૈશાખ માસમાં સર્વ શિષ્ય પરિવાર સાથે અમદાવાદમાં સંઘકૃત મહોત્સવ પૂર્વક પ્રવેશ કર્યો. અમદાવાદમાં ઘીયા ભોગીલાલને ગુરૂમહારાજે દીક્ષા આપી ઋદ્ધિસાગરના શિષ્ય કર્યા અને ભક્તિસાગરજી નામ સ્થાપ્યું. જેઠ માસમાં ગુરૂમહારાજને જ્વર લાગુ પડયો તેથી શરીર ઘણું નરમ થયું. જેઠ માસથી તેમને

**છેલ્લી માંદગી.**

ક્ષય જ્વર લાગું પડયો તેથી તેમનું શરીર વિશેષ નરમ દેખાયું. તેમની માંદગી ભયંકર સાંભળી મુંબાઈ, સુરત, પાટણ, મેસાણા, વિજાપુર, માણુસા, સાણંદ, વીરમગામ અને પાલનપુર વગેરે શહેરો તથા ગામોમાંથી હજારો જૈનો દર્શન કરવા આવવા લાગ્યા. માંદગી વધવા લાગી. પેશાબ અને ઝાડો પણ મહાકષ્ટે થવા લાગ્યો, પગે સોજા દેખાવા લાગ્યા અને તેથી વૈદ્યો અને દાક્તરો કથવા લાગ્યા કે હવે મહારાજશ્રી આ માંદગીમાંથી ઉઠી શકે તેમ લાગતું નથી. સાધુઓ અને સાધ્વીઓને પણ એમજ જણાયું કે ગુરૂવર્ય્ય યદિ આ માંદગીમાંથી ઉઠે તો મહાભાગ્ય

સમજવું. અષાડ શુદિમાં વ્યાધિનું જોર વધવા લાગ્યું. અષાડ શુદિ દશમ બારશે પગની ઘુંટી સુધી સોજા દેખાવા લાગ્યા. રામચંદ વૈદ્ય, દલસુખ વૈદ્ય અને માધવલાલ દાક્તર વગેરે કહેવા લાગ્યા કે મહારાજશ્રીની માંદગી ભયંકર છે. તેમના શરીરનો હવે વિશ્વાસ રાખી શકાય તેમ નથી. ક્રિયામાં ઉત્કૃષ્ટ વૈરાગી મુનિવરે મરણ પૂર્વે એક માસ પહેલાં સુધી તો સ્વકીય હસ્તે ગોચરી લાવવાનું મહા ભગીરથ કાર્ય કર્યું હતું. પશ્ચાત્ પોતાની યાદશક્તિની ક્ષીણતાએ શિષ્યોને ગોચરીના આદેશથી પાવન કરતા હતા. અષાડ શુદિ ચતુર્દશીના રોજ તેમનાથી સંઘ સમક્ષ ચાતુર્માસી પ્રતિક્રમણ કરી શકવાની શક્તિ ન હોવાથી તેમને સ્વસ્થાને પ્રતિક્રમણ કરાવવામાં આવ્યું હતું. પ્રતિક્રમણ સમાપ્ત થયા બાદ તેમની પાસે સાધુઓ તથા શ્રાવકો બેઠા હતા. શ્વાસ, ખાંસી અને ઝાડાની પીડા છતાં તેઓ આત્મામાં સ્વાસ્થ્ય ભોગવતા હતા. વૈરાગ્યનાં પદો તથા અન્ય કંઈ આગમ જ્ઞાનની ચર્ચા વગેરેનું શ્રવણ કરતા હતા. રોગથી શારીરિક ગ્લાનિ થયા છતાં તેમના મનમાં આર્તધ્યાનાદિની ગ્લાનિએ વાસ કર્યો ન હતો, એમ સ્પષ્ટ ભાસતું હતું. તેમની પાસે કેટલાંક છાપેલાં પુસ્તકો હતાં, તે સાધુઓને ખપ પ્રમાણે આપી દીધાં હતાં. પોતાની પાસે જે કંઈ વસ્ત્ર હતાં તે પણ સાધુઓને આપવા લાગ્યા. સંઘાડા

સંબંધી કેટલીક બાબતોની મને (લેખકને) ભલામણ કરવા લાગ્યા. પરભવમાં જવાની તૈયારીઓની તેમને જાણે ખબર પડી હોય તેમ તેઓએ જાહેર કર્યું. આ વખત માંદગીમાંથી તેઓ બચશે નહિ એમ મને પણ કંઈ સ્ફુરણ થવા લાગ્યું. આ વખતે માંદગીથી ગુરૂ મહારાજશ્રીનું શરીર લેવાઈ ગયું હતું. આવી સ્થિતિમાં પણ તેઓશ્રી રાત્રે દશવૈકાલિકની ગાથાઓનું હળવે હળવે ગોખીને મનન કરતા હતા, અને મને તેઓશ્રી તેનો અર્થ કરવા સૂચવતા હતા.

અષાડ સુદિ ચોદશની રાત્રીના લગભગ બાર વાગી ગયા હતા. હું તથા બે બીજા સાધુ જાગતા હતા. તેમની સ્થિતિ આવા પ્રકારની દેખીને તથા તેમનું ચારિત્ર્ય હૃદય આગળ તરી આવવાથી ગુરૂ પ્રીતિના યોગે મારા મનમાં કંઈ લાગી આવ્યું, અને તેથી છાતી ભરાઈ આવી. આવા ગુરૂ મહારાજનો વિ-યોગ અરે સહેવો પડશે. ગુરૂ માથે હોય છે ત્યારે શિષ્યની માનસિક દશા જે હોય છે, તે શિષ્ય જ જાણવા સમર્થ બને છે. ગુરૂશ્રીએ શબ્દોદ્વારા મ્હારા હૃદયનો ઉભરો જાણી લીધો, અને મને શાંત કરવા આશ્વાસન આપી કથવા લાગ્યા કે— " તું કેમ દિલગીર થાય છે, તને શોક કરવો ઘટતો નથી, સર્વજીવો જન્મે છે અને મરે છે, ભવમાં કર્મના યોગે સર્વ જીવો જન્મ, જરા અને મરણની રેંટમાળમાં ફર્યા કરે છે. ઇન્દ્રો,

ચક્રવર્તિઓ અને તીર્થંકરો જેવા પણ બચતા નથી તો તારો અને મારો તો શો ભાર! કાળ કોઇને છોડનારનથી. મોહની ઘેનમાં ઉંઘેલું જગત્ કાળનો ભય ન ગણે તેથી કાળ કંઈ તેનો નાશ કરવા બાકી રાખતો નથી. સર્વને જવાનું છે, કોઈ આ વિશ્વમાં અમર રહેવાનો નથી. અમૂલ્ય એવો મનુષ્ય જન્મ પામીને ધર્મની આરાધના કરવી તેજ સારભૂત છે. મનુષ્યત્વ, શુચિ શ્રદ્ધા, સંયમ અને ચારિત્રમાં વીર્ય સ્ફોરવવું એ ચાર વસ્તુઓ દુર્લભ છે એમ શ્રી વીરપ્રભુએ કથ્યું છે, માટે એ ચાર વસ્તુઓની સામગ્રી પામીને જો પ્રમાદ કરવામાં આવશે તો ભવચક્ર-માંથી છુટી શકાશે નહિ. આ જગત્માં તેજ જીવ્યો ગણાય કે જેણે આ ચાર બાબતોમાં સ્વજીવન પૂર્ણ કર્યું હોય. આ સંસારમાં જન્મીને ધર્મમાં જીવન ગાળવાની જરૂર છે. પરની પંચાતમાં ન પડતાં પોતાના કલ્યાણ પ્રતિ વિશેષ લક્ષ દેવું જોઇએ. આ કલિકાળમાં ગુણને ગ્રહણ કરનારા અલ્પ જીવો હોય છે. અન્યને ઉપદેશ પૂર્વે પોતાના આત્માનું દ્વેષાદિકમાં પરિ-ણમન ન થાય એ ખાસ સ્મૃતિમાં રાખવું. ચાર કષાયો ખરેખર જીવોની પાછળ લાગ્યા છે તેથી તેઓને સત્યનો ઉપદેશ સુપુ-ણ્યોદય વિના અસર કરી શકે તેમ નથી. પામરજીવો ધર્મનું પરમરહસ્ય સમજી શકતા નથી અને તેથી તેઓ ધર્મના ઉપર પૂર્ણ શ્રદ્ધાવાળા થતા નથી. તેઓ વ્યાવહારિકદષ્ટિએ ધર્મને

પણ એક જાતનો સ્વાર્થ સાધક ઉપાય અવબોધે છે. કાળની ગતિ ગહન છે. એક ક્ષણમાત્ર પણ પ્રમાદ ન કરવો. પ્રમાદ એ પોતાનો આન્તરિક શત્રુ છે. ધર્મનાં આવશ્યક કર્મોમાં પ્રવૃત્ત થઇને પ્રમાદનો ત્યાગ કરવો. મેં તેમને કહ્યું કે આપશ્રીએ સારી રીતે ચારિત્રને આરાધ્યું છે, તેના ઉત્તરને ગુરૂશ્રીએ જણાવ્યું કે ગુરૂની કૃપાથી જે કંઇ પળાય તે પાળ્યું છે. કેવલી ભગવાન્ સ્વીકારે તે ખરૂં. પૂર્વ પુરૂષોની આગળ આપણે શા હિસાબમાં? ભગવાનની જે જે અંશે આજ્ઞા પળાઇ હોય તે તે અંશે સારૂં. આવા તેમના સાદા લઘુતામય શબ્દોથી તેમના આત્માની આન્તરિકદશાનો ઉચ્ચ ખ્યાલ સહેજે જણાઇ આવે છે. પૂર્વ પુરૂષોની આગળ મારા જેવા પામરની ગણતરી શી ? વીતરાગ ભગવાનની આજ્ઞાની પ્રાપ્તિ થાઓ" આ તેમના મુખમાંથી રાત્રે વાતચિત કરતાં પ્રસંગોપાત્ત હૃદ્યોદગારો નીકળતા હતા. તેમણે કૃપા કરીને હળવે હળવે ઉપદેશામૃત વહેવરાવતાં જણાવ્યું કે "મનુષ્ય જીવનમાં ઘણાં વિઘ્નો છે, પડવાનાં ઠેકાણાં ઘણાં છે, ચડવાનાં સ્થાનો થોડાં છે. અર્થાત્ પ્રમાદયોગે આત્મોન્નતિના હેતુઓ તરફ લક્ષ્ય આપીને મોક્ષ માર્ગમાં આગળ વધવું એ દુષ્કર કાર્ય છે. માટે આત્મકલ્યાણ પ્રતિ વિશેષ લક્ષ દેવું. વિકથાઓથી પડવાનું થાય છે. સાધુ ધર્મનું પાલન કરવું હોય તો કોઇની સાથે નકામી

**ગુરૂનો અંતિમ ઉપદેશ.** વાતો કરવી નહિ. કોઇની પરોક્ષમાં પણ નિંદા થાય એવું વદવું નહિ. વિકથા કરનાર મનુષ્યોના પરિચયમાં આવવું નહિ, તેમજ વિકથા થાય એવો પ્રસંગ લાવવો નહિ. એવી રીતે પ્રવૃત્તિ કરવાથી આત્મકલ્યાણ થઇ શકે છે. કોઇની હેલના થાય એવી મન, વચન અને કાયાથી પ્રવૃત્તિ સેવવી નહિ. જે અન્યનું બુરૂ ચિંતવવા કોઈ જાતનો મનમાં સંકલ્પ કરે છે, તેનુંજ પ્રથમ તો બુરૂ થાય છે. સાધુઓનો ધર્મ તો એ છે કે સર્વ જીવપર સમભાવ ધારણ કરવો, ન્યાય વ્યાકરણાદિ શાસ્ત્રમાં અત્યંત વિદ્વાન્ થવા માત્રથી સમભાવ પ્રાપ્ત થતો નથી. સમભાવ પ્રાપ્ત કરવાને વ્યાકરણ આગમ વગેરે કારણો છે. સાધ્ય દૃષ્ટિ જીવોને સમભાવની પ્રાપ્તિ થાય છે. સાધુ ધર્મ પ્રમાણે વર્તવાને સદા અપ્રમત્ત રહેવું જોઇએ. **चउद्दसपुव्वी आहारगाय, मणनाणी वीयरागावि, हुंतिपमायपरवसा, तयणंतरमेव चउगइया ॥१॥** ચતુર્દશપૂર્વી, આહારક, મનઃપર્યવજ્ઞાની અને અગિયારમા ગુણસ્થાનકવર્તિવીતરાગો યદિ પ્રમાદને વશ થાય છે તો ચતુર્ગતિમાં પરિભ્રમણ કરનાઓ થાય છે. નિંદા, વિકથા વગેરે પ્રમાદોના વશમાં પડવાથી ચતુર્દશપૂર્વધારકો વગેરેની જ્યારે આવી સ્થિતિ થાય છે ત્યારે આ કાળમાં ગમે તેવા સાધુ-

ઓને પ્રમાદથી કેવી હાનિ થાય તેનો વિચાર આપો આપ સમજી શકાય તેમ છે. આત્માના ઉપયોગપૂર્વક સંભાળથી વર્તવામાં ન આવે તો પ્રમાદ શત્રુથી આત્માનો પરાભવ થયા વિના રહેતો નથી. " મને પ્રમાદ શું કરવાનો છે, હું સારી રીતે વર્તુ છું, સર્વ કરતાં હું ચારિત્ર સારી રીતે પાળું છું " એવા અહં પરિણામમાં પ્રમાદનો સંચાર થાય છે અને તેથી સમુપાર્જન કરેલા એવા આત્મ ગુણોનો નાશ થાય છે માટે ચારિત્રાવસ્થામાં ક્ષણે ક્ષણે પ્રમાદથી ચેતીને ચાલવું કે જેથી આત્મકલ્યાણ થાય. સાધુઓ ! સર્વનયોનું સાર ચારિત્ર છે. જેણે ચારિત્રની આરાધના કરી તેણે સર્વ નયોની આરાધના કરી. વ્યવહારથી અને નિશ્ચયથી ચારિત્ર પાળવા યથાયોગ્ય પ્રવૃત્તિ કરશો. આત્માના ગુણોની સ્થિરતા કરવાને માટે વ્યાવહારિક ચારિત્રની અત્યંત ઉપયોગિતા છે. વ્યવહાર ચારિત્રથી નિશ્ચય ચારિત્રની પ્રાપ્તિ થાય છે. માટે "દ્રવ્ય તે ભાવ નિમિત્ત " એ શિખામણને હૃદયમાં ધારણ કરી સદા આત્માના ગુણો પ્રાપ્ત કરવાના ઉપાયોને સેવ્યા કરશો.

ઘંટાઓ બાંધવા માત્રથી વંધ્યા ગાયની મહત્તામાં વધારો થતો નથી. સાધુના સર્વાચારો ગુણોવડે યુક્ત હોવા જોઇએ. "ચરણ સિત્તરી અને કરણ સિત્તરી" ખરેખરી રીતે આત્માના ગુણોને પ્રગટાવવા માટે સેવવાની જરૂર છે. જે

સાધુ ચારિત્ર ક્રિયાઓમાં લાગી રહે છે તે અનેક પ્રકારના પ્રમાદવાળી અનેક ખટપટોથી દૂર રહી શકે છે. મનરૂપ માંકડાને આત્માના ગુણોમાં રમાવવાને માટે પ્રતિ લેખનાદિ ક્રિયાઓની અત્યંત આવશ્યકતા છે. જે સાધુ પોતાની દરરોજની ચારિત્ર ક્રિયા પ્રમાણે પ્રવૃત્તિ કરે છે તેને પરભવમાં પડવાનો સમય મળી શકતો નથી. સંવરભાવની વૃદ્ધિ કરનાર એવી ચારિત્રની ક્રિયાઓમાં સદા લક્ષ્ય રાખવું અને તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી.

સાધુઓ ! સાધુપણાનું મુખ્ય કર્ત્તવ્ય ખરેખર જ્ઞાન, દર્શન અને ચારિત્રવડે પોતાના આત્માની સાધના કરવાથી છે. રાગ દ્વેષનો નાશ કરવો એજ સાધનું મુખ્ય કર્ત્તવ્ય છે. **राग द्वेष के त्याग बीन, मुक्तिको पद नाहि, कोटी कोटी जप तप करो, सबे अकारज थाइ.** પોતાના આત્માનો રાગ દ્વેષવડે મલીન કરવો અને પોતે નિમિત્તરૂપ બનીને અન્ય મનુષ્યોના આત્માઓને મલીન કરાવવા તથા તેવા કારણોની અનુમોદના કરવી કે જેથી રાગ દ્વેષની વૃદ્ધિ થાય એવા કારણોથી દૂર રહેવાય છે ત્યારે ચારિત્રની આરાધના કરી શકાય છે અને રાગ દ્વેષનો નાશ કરી શકાય છે. અનેક વર્ષ સુધી પાળેલા ચારિત્રને રાગ અને દ્વેષ નષ્ટ કરી દે છે. રાગ અને દ્વેષ ન થાય એવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી સાધુએ

રહેવું જોઇએ. ચારિત્ર એજ સાધુનું પરમધન છે અને તેની રક્ષા કરવી હોય તો રાગ દ્વેષના પરિણામો, ન પ્રગટે એવા ક્ષેત્ર કાલાદિકનું અવલંબન કરવું તેજ સાધુને યોગ્ય છે. રાગ દ્વેષરૂપ મહામલ્લોએ સંપૂર્ણ વિશ્વ જીવોને જીતી લીધા છે. તેવા રાગ દ્વેષરૂપમહામલ્લોને જીતીને જે આત્માનું ચારિત્ર સાધે છે તે ખરો સાધુ સમજવો. વીતરાગ પ્રભુની આજ્ઞા પ્રમાણે પ્રવર્તનાર સાધુએ રાગદ્વેષરૂપ કષાયને દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ. જે સાધુમાંથી રાગ દ્વેષ ઉપશમ્યા છે તે પોતાના આત્માનું તથા અન્ય જીવોનું કલ્યાણ કરી શકે છે. જે રાગ દ્વેષના અધ્યવસાયોનો પ્રગટ થતાંજ ઉપશમાવે છે તે ભવચક્રના ફેરામાંથી મુક્ત થાય છે. જે સાધુમાં ક્ષમા હોય છે તે ક્ષમાશ્રમણ કહેવાય છે. ક્રોધાદિક કષાયોના અભાવથી ક્ષમાશ્રમણ પદ પ્રાપ્ત થાય છે. માટે સાધુએ ધર્મક્ષમાને ધારણ કરવી જોઇએ. ઉપકાર ક્ષમા અને અપકાર ક્ષમાને તો અન્ય મનુષ્યો પણ ધારણ કરવા સમર્થ થાય છે. ક્રોધાદિક કષાયની ક્ષીણતા કરવાની સાધનાવાળા સાધુઓ સર્વ જીવો પર ક્ષમા રાખે છે. શત્રુ ઉપર ક્ષમા ગુણ વર્તાવનાર સાધુ, સાધુના વેષ અને આચારને શોભાવી શકે છે. ક્રોધાદિકે ધમધમાયમાન રહેનાર ક્લેશ, કજીયા, ટંટા, અને ઝઘડા વગેરેથી પોતાના આત્માને દુર્ગતિમાં

નાંખે છે અને પોતાના સમાગમમાં આવનારાઓને પણ પ્રાયઃ તેવા બનાવીને ઉન્માર્ગમાં વહાવે છે માટે સાધુએ ક્ષમા ધારણ કરવી જોઇએ.

સાધુઓ ! માનનો ત્યાગ કરીને માર્દવ ગુણ પ્રાપ્ત કરીને આત્મહિતમાં પ્રવૃત્તિ કરવી એજ તમારૂં મુખ્ય કર્ત્તવ્ય માનશો. માની પોતે સંસારસાગરની પેલી પાર જઇ શકતો નથી, અને પોતાના સહચારીઓને પણ ધાર્મિક ગુણોનો લાભ આપી શકતો નથી. નમ્ર થઇને દરેકના ગુણ લેવામાંજ ખરી ચારિત્રની ખુબી છે, જેમ બને તેમ સરલતા ધારણ કરવી, કપટરૂપ વિષને દૂર કર્યા વિના હૃદયમાં સરલતારૂપ અમૃતનો પ્રગટ ભાવ થયો નથી. સરલતા વિના આત્મામાં અનેક પ્રકારના ગુણો આવવાનાં દ્વારો ખુલ્લાં થઇ શકતાં નથી. ચારિત્રની ક્રિયાઓમાં માનપૂજાકીર્તિ આદિની લાલચે યદિ કપટનો વાસ થાય છે, તો ચારિત્રની ક્રિયાઓમાં વિષનું પરિણમન થાય છે અને તેથી કપટ કરનારની મુક્તિ થતી નથી. **સાદું વર્તન અને સરલતા એ સાધુપણાને શોભાવે છે.** અને તેથી સર્વ કર્મોથી આત્મા મુક્ત થઇને પરમપદને પ્રાપ્ત કરે છે. સાધુઓ તમો કદિ એકદમ બળબળીયા છીછરા બનતા નહિ. આત્માની મુક્ત દશા કરવાને માટે ગંભીરતાની જરૂર છે. શાસ્ત્રો વાંચીને અને મનન કરીને ગંભીરતા ગુણ

પ્રાપ્ત કરવો કે જેથી બળભળીયાપણું ટળી જશે અને તેથી આત્મામાં ઘણા ગુણો પ્રગટી શકશે.

સાધુઓ ! પરસ્પર સંપીને વર્તવું. જો તમે મોટું મન રાખીને સંપીને વર્તશો તો સ્વાત્માનું તથા પરજીવોનું હિત થશે તેમજ જૈન શાસનની શોભામાં વૃદ્ધિ થશે. સંપથી ઇર્ષ્યાદિ દોષોનો નાશ થાય છે. જેનામાં સંપ છે તે સ્વાસ્તિત્વને પૃથ્વી પટપર દીર્ઘકાળ પર્યન્ત ધારી શકે છે. જે સાધુઓ પરસ્પર ગુણાનુરાગ દૃષ્ટિ ધારણ કરે છે, તે પોતાના ગુરૂનું નામ શોભાવી શકે છે. જ્યાં ફુટ છે ત્યાં કદી ચડતી થતી નથી. તમો સંપીને રહેશો તો ગચ્છની અને જૈન શાસનની શોભા વૃદ્ધિ કરી શકશો એમ નિશ્ચયતઃ અવબોધશો. સંપ હોય છે ત્યાં પરસ્પરની નિન્દા, ઇર્ષ્યા, અને કુસંપ વગેરે દોષો રહેતા નથી. લઘુતા વિના કદાપિ પ્રભુતા પ્રાપ્ત થતી નથી. લઘુતાથી સંપમાં વૃદ્ધિ થાય છે. ગૃહસ્થોમાં સંપ હોય છે તો તેઓ સામાજિક બળથી અનેકધા કાર્ય કરી શકે છે. જ્યારે ગૃહસ્થો સંપ કરીને વર્તે છે તો શ્રી વીર પ્રભુના સેવકો એવા સાધુઓએ જૈન શાસનની દાઝથી માન, સ્વાર્થ, કદાગ્રહ, વૈર અને ફાટફુટનો ત્યાગ કરીને પરસ્પર સંપીને ચારિત્ર પાળવાપૂર્વક જૈન શાસનનો ઉદય થાય એવાં કાર્યો કરવા ઉદ્યમી થવુંજ જોઇએ. સાધુઓએ યાદ રાખવું કે જ્યાંસુધી તમે

સંપીને વર્તશો ત્યાંસુધી તમો ચડતીમાં આગળ ગતિ કરી શકશો, એમાં જરા માત્ર શંકા કરવી નહિ. ગમે તેવા પ્રસંગે સ્વસંઘાડામાં ફાટફુટ ન થાય અને પરસ્પર સંપ રહે એમ વર્તીને ચાલશો એવી મારી આજ્ઞા છે. સર્વસાધુઓ અને સાધ્વીઓએ સંઘાડાના નાયકની આજ્ઞામાં વર્તવું. જ્યાં સર્વે મોટાઈ ઇચ્છે છે અને જ્યાં સર્વે પોતપોતાને મોટા માને છે તથા સ્વેચ્છાએ વર્તે છે, તે ટોળા(વૃન્દ)નો નાશ થાય છે. અન્યો કદિ પોતાના સમુહમાં ફાટફુટ પડાવા ઇચ્છે, યુક્તિઓ કરે તો પણ કદિ કોઇએ કુસંપથી જુદા પડવું નહિ. આપણા ગુરૂ અને તેમના ગુરૂએ ગુરૂની પરંપરા જે પ્રમાણે પ્રવર્તાવી હતી અને સ્વાત્માનું તથા અન્ય જીવોનું કલ્યાણ કર્યું હતું તે ધ્યાનમાં રાખીને પરંપરાએ તે પ્રમાણે વર્ત્યા કરશો, તેમાં કદિ શૈથિલ્ય લાવશો નહિ. ચારિત્રની પ્રતિષ્ઠા એ મોટામાં મોટું ધન અને પ્રાણ છે તેનો નાશ થતાં મૃતકના સમાન બાકીની શોભા છે. માટે ચારિત્ર પાળવામાં સદા તત્પર રહેશો. સંઘાડાના નાયકની આજ્ઞા પ્રમાણે ચારિત્ર પાળવામાં અને ગામોગામ વિહાર કરીને જૈન શાસનની શોભાની વૃદ્ધિ કરવામાં તત્પર રહેશો. સાધુઓ ! આ દુઃષમકાળ છે. સારી વસ્તુઓની હાનિ થતી જાય છે માટે જેટલું આત્મહિત કરી શકાય તેટલું કરવામાં પાછી પાની કરતા નહિ. સાધુઓ ! તમે આગમોનું અધ્યયન

કરવામાં સદા તત્પર રહેશો. મનુષ્યોની સાથે ગપ્પાં મારીને નકામો કામો કાળ ગાળતા નહિ. આગમોના અધ્યયનવડે આગમોનું જ્ઞાન પ્રાપ્ત કરશો તો ચારિત્ર પાળી શકશો. આગમોના જ્ઞાનવડે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ પ્રમાણે ચારિત્ર પાળી શકાય છે. આગમરૂપ દીપકવડે પંચમકાળરૂપ અંધકારમાં મોક્ષમાર્ગમાં ચાલી શકાય છે. ગીતાર્થની આજ્ઞાએ હલાહલ વિષ પીવું પણ અગીતાર્થની આજ્ઞા એ અમૃત પીવું પણ સારૂં નથી, ઇત્યાદિ ઉપદેશમાલાનાં કથનનો સાર એ છે કે ગીતાર્થ ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલવું. વસ્ત્ર, પાત્ર, અને પુસ્તકો વગેરે પર મૂર્ચ્છા ધારણ કરવી નહિ. ગચ્છના સાધુઓને ઉપયોગ માટે વસ્ત્ર–પાત્રાદિકનો ઉપયોગ કરવો. શરીર શોભા ઇત્યાદિનો ત્યાગ કરવો. બ્રહ્મચર્યની નવ વાડો પાળવા માટે સદા પ્રયત્ન કરવો જોઇએ. જે નવ વાડને પાળે છે તેજ બ્રહ્મચર્યનું સંરક્ષણ કરી શકે છે, માટે વ્યવહારને માન આપીને બ્રહ્મચર્યની નવ વાડો પાળવા સદા તત્પર રહેવું. ગામોગામ વિહાર કરવાથી ચારિત્રની શુદ્ધિ બની રહે છે.

"વહેતાં પાણી નિર્મલાં, ઠરતાં ગંદા હોય;
સાધુ વિચરતા ભલા, ઠરતા શિથિલ જોય."

એ કહેવત અપેક્ષાએ અક્ષરશઃ ખરી છે. "એક સ્થાનમાં ઘણું રહેવાથી શ્રાવકોની સાથે રાગનો પ્રતિબન્ધ થાય છે અને

તેમજ અન્યોની સાથે દ્વેષ વગેરે થાય છે. અન્ય સાધુઓ સાથે પણ ખટપટ થાય છે અને તેથી ચારિત્રમાં શિથિલતા થાય છે. અતએવ સાધુઓએ અને સાધ્વીઓએ ગામોગામ વિહાર કરવો કે જેથી રાગદ્વેષ થવાનાં સ્થાનોનો બદલો થવાથી ચારિત્રમાં સ્થિરતા વધી શકે.” આ પ્રમાણે ધીમે ધીમે ગુરૂશ્રી ઉપદેશ દેતા હતા. એવામાં તેઓ થાક્યા અને મનમાં સ્થિર થયા. આવી સ્થિતિમાં તેઓ શાન્ત દેખાતા હતા. વૈરાગ્યની અપૂર્વ છાયા તેમના મુખ પર દેખાતી હતી.

સાધુઓ ! ત્યાગ ગુણથી અન્ય અનેક ગુણોની પ્રાપ્તિ થાય છે. ત્યાગીના ગુણમય આચાર અને ઉપદેશની અસર વિશ્વપર સારી થાય છે. જે મનુષ્યો ત્યાગે છે તેઓ ત્યાજ્ય વસ્તુના કરતાં શ્રેષ્ઠ શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે. ત્યાગી થનાર ખરેખર દાની તો હોય છેજ. ત્યાગનો આધાર વૈરાગ્યપર છે, જો વૈરાગ્ય ઉત્તમ અને બળવાન્ હોય છે તો ત્યાગ પણ સ્થાયી રહીને અનેક ગુણો પ્રકટાવવાને શક્તિમાન્ થાય છે માટે ત્યાગનો દરરોજ આદર કરતા રહેશો.” આ પ્રમાણે ગુરૂ મહારાજે ધીમે ધીમે શાન્તિથી વચનામૃતોનું પાન કરાવ્યું. પશ્ચાત્ કંઇક નિદ્રા આવવા લાગી. રાત્રીના લગભગ બે વાગ્યાનો આશરો થયો હશે. પશ્ચાત્ સાધુઓએ પણ ગુરૂરાજની સામીપ્યમાં શયન કર્યું. પૂર્ણિમાના દિવસે મહારાજની પ્રકૃતિ

કંઇક સ્વસ્થ જણાવવા લાગી. અશાડ વદિ એકમના રાજ પ્રાતઃકાળમાં કંઇક સ્વસ્થતા માલુમ પડી. પાસેના શેઠ જેઠાભાઈ ગુલાબચંદના ઘરસુધી સોજા નરમ પડવાથી કાચલીમાં પાણી વહોરવા માટે ગયા. સાધુઓએ કહ્યું કે આપશ્રી આવી સ્થિતિમાં જાઓ તે ઠીક નહિ, ત્યારે તેમણે કહ્યું કે મને પડી રહેવાથી ફાવતું નથી. **આ તેમનું તેમના હાથે વહોરવાનું છેલ્લું કૃત્ય હતું.** એકમની સાંજે તેમના શરીરમાં શ્વાસનો ઉપાડ થયો. વૈદ્યોએ હાથ ખંખેર્યા. ભાવીભાવ આગળ કોઇનું કંઈ ચાલતું નથી. સર્વ સાધુઓ તેમની પાસે બેસી રહેવા લાગ્યા. રાત્રે શ્રાવકો પણ તેમની પાસે સુઈ રહેવા લાગ્યા. બીજના દિવસે અમદાવાદ શહેરમાંના સર્વ ઉપાશ્રયના સાધુઓ મળવા આવ્યા. મન્દમન્દ શબ્દે ગુરૂશ્રી તેમને હૃદયના શુદ્ધ પ્રેમથી આવકાર આપતા હતા. શેઠ મણિભાઇ દલપતભાઈ, શેઠ જગાભાઈ, શેઠાણી ગંગા બેન તથા અમદાવાદના અનેક ગુણાનુરાગી શ્રાવકો તેમની પાસે આવીને બેસવા લાગ્યા. તેમની છબીનાં દર્શન કરવાને માટે શેઠ મણિભાઇ વગેરેની તથા સાધુઓની ઇચ્છા હોવાથી મહારાજને છબી લેવા વિનંતિ કરી. ગુરૂ મહારાજે બિલકુલ એ વાતને સ્વીકારી નહિ. તેથી છાનામાના છબી લેવા પ્રયત્ન કરેલો પણ તે નિષ્ફળ ગયો, બપોરના ચાર વાગે સાધુઓ

તથા સુરશ્રી તથા માણેકશ્રી વગેરે સાધ્વીઓ તથા શેઠ મણિભાઇ તથા જગાભાઈ વગેરે શ્રાવકો તથા ગંગાબેન શેઠાણી વગેરે શ્રાવિકાઓ બેઠી હતી તે વખતે ગુરૂ મહારાજે શ્રાવકો તથા શ્રાવિકાઓને સાધુઓની ભક્તિ કરવા સંબંધી ઉપદેશ દીધો હતો. આંબલીપોળના ઉપાશ્રયમાં જ્ઞાન ખાતાની તથા સાધારણ ખાતાની ઉપજ વધે અને વ્યવસ્થા સારી રહે તત્સંબંધી ઉપદેશ દીધો હતો. બીજની સાંજરે સર્વને મન્દ શબ્દે ધીમે ધીમે કહેતા હતા કે "સંસાર અસાર છે. શ્રી વીતરાગ દેવનો ધર્મ અન્તે પરભવમાં સાથે આવે છે. અરિહંતનું શરણ સદા કરવા યોગ્ય છે. જગત્માં કોઇ કોઇનું નથી. ધર્મ કર્મમાં અપ્રમત્ત રહેશો તો કલ્યાણ થશે." આ વખતે તેઓની મુખમુદ્રાપર શાન્તિ ઝળકતી હતી. શરીરમાં વ્યાધિએ જોર પકડયું હતું તોપણ આ ક્રિયા યોગીની શ્રદ્ધા, ભક્તિ અને શાન્તિમાં વિઘ્ન નાખવા સમર્થ થઇ નહોતી. વારંવાર તેઓ અરિહંત, સિદ્ધ, સાધુનો ધ્વનિ કરતા હતા. બીજની સંધ્યા વખતે સાંજનું પ્રતિક્રમણ કરવા પ્રવૃત્ત થયા. પોતાના હાથે પ્રતિક્રમણમાં તેઓએ મુહપત્તિ પડીલેહી હતી. અહો તેમની કેવી ક્રિયાપરાયણ બુદ્ધિ ! તેમને સદા નમસ્કાર હો. તેમણે પ્રતિક્રમણમાં પૂર્ણભાવથી સ્થાપના સન્મુખ હાથ રાખીને ગુરૂને ખમાવ્યા. આ તેમની છેલ્લા

વખતની પ્રતિક્રમણ ક્રિયા અને ગુરૂ વંદના હતી. પ્રતિક્રમણ થયા બાદ રાત્રે સ્તવન સજ્ઝાયો વગેરે સાંભળવા લાગ્યા. લગભગ રાત્રે અગિયાર વાગે તેમના શરીરમાં કફનો ઉપાડ થયો. બોલતાં કફ અટકાવ કરવા લાગ્યો. રાત્રીના બે વાગે નવકારવાળી દરરોજના અભ્યાસ પ્રમાણે ગણવા માગી. નવકારવાળી ગણતાં પડી જવાથી મને આપીને કહ્યું કે, **લે આ તું સદાકાળ ગણજે.** મેં ગુરૂની છેલ્લી વખતની ભેટને પૂર્ણમાન અને ભાવથી સ્વીકારી લીધી. રાત્રીના ત્રણ વાગ્યાથી બોલવાનું બંધ થયું. પ્રાતઃકાળમાં સ્ટેન્ડર્ડ સાડાઆઠ વાગ્યાના આશરે તેમણે અનશનપૂર્વક પોતાના સ્થૂલ શરીરનો ત્યાગ કર્યો, અને સ્વર્ગતિભાક્ થયા. ધર્મક્રિયા યોગીરૂપ એક મહા પ્રકાશી તારો શ્રી જૈન શાસનરૂપ આકાશ મંડલમાંથી ખરી પડી અદૃશ્ય થયો. તપ અને ધર્મ ક્રિયાવડે આત્મ સાધન સાધનારા એવા એક ક્રિયા યોગીગુરૂની ખોટ પડી. આહા કેવો તેમનો વૈરાગ્ય ! કેવો તેમનો સરલ ભાવ ! અહા કેવી તેમની ધર્મ ક્રિયાપરાયણતા ! આવા ગુરૂવર્યનું શરીરાવસાન લખતાં હસ્તમાં લેખિની રહેતી નથી. તેમના ગુણોનું સદા સ્મરણ રહો. તેમની તનુમૂર્તિ હૃદય આગળ ખડી રહીને મૌનપણે સદા ઉપદેશ આપતી રહો !!! તેમની ભક્તિ પરોક્ષમાં તેમના ગુણોને પ્રકટાવનારી થાઓ.

**ગુરૂશ્રીના દેહોત્સર્ગ પશ્ચાત્ અંત્ય શરીર સંસ્કાર**

તેમનું શરીર છૂટયા બાદ હજારો શ્રાવકો અને શ્રાવિકાઓ વગેરે ઉપાશ્રયમાં આવવા લાગ્યાં. મરણ સંસ્કાર ક્રિયાઓની તૈયારી થવા લાગી. તેમના શરીરને પાલખીમાં પધરાવવાની તૈયારીઓ થવા લાગી. તેમના સમાધિ મરણના સમાચાર આખા શહેરમાં ફરી વળ્યા તેથી શહેરના શ્રાવકો અને શ્રાવિકાઓ તેમના શરીરના દર્શનાર્થે આવવા લાગી. આખા શહેરમાં દીલગિરી પથરાઇ રહી અને શહેરમાં પાંચકુવા, કાપડબજાર, માણેકચોકના બધા કાપડબજારના સાતે મહાજનો, ઝવેરી બજાર, સટ્ટાબજાર, ચોકસી બજાર, શેર બજાર, રતનપોળ, દાણાપીઠ, માધવપુરા વગેરે બજારો બંધ થયાં હતાં, તથા દવાવાળાઓ, કંદોઇ, પટવા, કંસારા અને શાકભાજીની દુકાનો બંધ રાખવામાં આવી હતી તથા શેઠ મણિભાઇ દલપતભાઇની સરસપુર મીલ, શેઠ લાલભાઇની રાયપુર મીલ તથા ગંગાબાઈ કન્યાશાળા બંધ કરવામાં આવી હતી. શેઠ મણીભાઈ દલપતભાઈ તરફથી જુદે જુદે ઠેકાણે નેવુંના આશરે તારો કરવામાં આવ્યા અને બહાર ગામોમાં આ સમાચાર પવનની માફક ફેલાયા હતા. જેના સમાચાર તાર અને પત્ર મારફતે અમદાવાદ પાછા ફરી વળ્યા છે. જેમાં

સાધુઓએ દેવવંદન કર્યાના અને ગૃહસ્થોના સંઘોના ઘણે સ્થળે પાખી પાડવાના સમાચાર મળ્યા છે. જેમાં નીચલાં સ્થળો છેઃ- મુંબાઈ, પાટણ, પાલણપુર, વીજાપુર, માણસા, પ્રાંતીજ, મેસાણા, ખેરાલુ, વડનગર, ગોધાવી, માણસા, વીરમગામ, રાણપુર, સુરત, આગ્રા, પાદરા, ચેવલા, પેથાપુર, ચાણસમા, સાણંદ, અને રામપુરા વગેરે. તેમના શરીરને પાલખીમાં બેસાડવામાં આવ્યું અને જ્યારે સંઘે તે ઉપાડવા માંડી ત્યારે નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઈ, શેઠ મણિભાઇ દલપતભાઇ, શેઠ જગાભાઇ દલપતભાઇ, ઝવેરી લલ્લુભાઈ રાયચંદ, શેઠ મોહનલાલભાઇ મુલચંદભાઈ, બાબા સાહેબ, શેઠ ચીમનભાઇ કાળીદાસ. ઉમાભાઈ શેઠ પનાલાલ ઉમાભાઇ, શેઠ મોહનલાલ લલ્લુભાઇ, શેઠ સાંકળચંદ મોહનલાલ ઝવેરી, મંગળભાઈ તારાચંદ, શેઠ સારાભાઇ છોટાલાલ, શેઠ ચીમનભાઈ લાલભાઈ, શેઠ સારાભાઇ ડાહ્યાભાઈ, ઝવેરી ડાહ્યાભાઇ કપુરચંદ, ઝવેરી બાપાલાલ નાહલશા, શેઠ લાલભાઇ ચુનીલાલ, શા. માણેકલાલ જેઠાભાઇ, જેસીંગભાઇ મનસુખભાઇ, ઝવેરી કેસવલાલ ઉમાભાઈ, કેસવલાલ ગોકળ અને વીરચંદ ગોકળ ભગત વગેરે તથા બોર્ડીંગના સર્વે વિદ્યાર્થીઓ હાજર હતા. નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઈએ દુણી પકડી હતી. પાછળથી શેઠ મણીભાઇ દલપતભાઇએ ઉપાડી હતી ત્યાર બાદ અન્ય ગૃહસ્થોએ ઉપાડી હતી. મહારાજ

સાહેબની પાલખીનાં ઘણાં અન્ય મનુષ્યો પણ દર્શન કરતાં હતાં. આ પ્રમાણે આશરે ત્રણહજાર શ્રાવકોના સરઘસ સાથે "**જયજય નંદા, જયજય ભદ્દા**" એ પ્રમાણેના ઉચ્ચાર કરતાં મહારાજ સાહેબની પાલખી લઇ જવામાં આવતી હતી. માણસો અને સ્ત્રીઓનાં ટોળેટોળાં આખે રસ્તે મહારાજ સાહેબનાં દર્શન કરવાને આવતાં નજરે પડતાં હતાં. પારસી સદ્‌ગૃહસ્થો પણ દર્શન કરવાને ચુક્યા નહતા. છેવટે મહારાજ સાહેબની પાલખી દિલ્હી દરવાજે થઇને દુધેશ્વર આગળ લઇ જવામાં આવી હતી. મનુષ્યો વારંવાર પાલખી ઉપાડવાને તલપી રહેતા હતા અને વારંવાર લાભ લેતા હતા. દુધેશ્વર આગળ મહારાજ સાહેબની પાલખી લઇ ગયા બાદ વિધિપૂર્વક મર્હુમને જરીઅન પાલખી સાથે અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હતો.

**દેવવંદનની ક્રિયા.** મહારાજ સાહેબની પાલખી ઉપાશ્રયમાંથી ઉપાડી ત્યાર બાદ ઉપાશ્રયમાં દેવવંદનની વિધિ કરવામાં આવી હતી. તે વખતે ઉજમબાઇની ધર્મશાળાના પંન્યાસજી ચતુરવિજયજી, આત્મારામજીના સંઘાડાના મોતિવિજયજી, ડેહલાના ઉપાશ્રયના પંન્યાસજી ધર્મવિજયજી, વીરના ઉપાશ્રયના પંન્યાસજી ગુલાબવિજયજી, વિદ્યાશાળાના પંન્યાસ મેઘવિ-

જયજી, વિમળના ઉપાશ્રયના પંન્યાસજી સૌભાગ્યવિમલજી, લવારની પોળના મુનિરાજશ્રી સિદ્ધિવિજયજી અને તિલકવિજયજી વિગેરે સાધુઓ ૨૫–૩૦ ને આશરે હતા તથા સાધ્વીઓ ૭૫ ને આશરે હતી. મહારાજશ્રી જે ઠેકાણે કાળધર્મને પામ્યા હતા તેજ ઠેકાણે ચોમુખજીને પધારાવવામાં આવ્યા હતા. દેવવંદનની વ્યાવહારિક ક્રિયાની વ્યવસ્થા શેઠાણી ગંગાબાઈએ કરી હતી. સર્વ સાધુઓ ગોળ સરકલના આકારે ગોઠવાઈ ગયા હતા. સર્વ પન્યાસોની અનુમતિથી પન્યાસ ગુલાબવિજયજીએ દેવવંદનનો આરંભ કર્યો હતો અને પન્યાસ સૌભાગ્યવિમળજી આદેશ માંગતા હતા. મુનિરાજશ્રી બુદ્ધિસાગરજીએ થોયો તથા છેવટે મોટી શાન્તિ કહી હતી. શાંતિપૂર્વક અને વિધિપૂર્વક દેવવંદનની ક્રિયા પૂર્ણ થઈ હતી. સર્વ ઉપાશ્રયના સાધુઓ આજ વખતે ભેગા થઈને દેવવંદનની વિધિ કરતા પ્રેક્ષકોના જોવામાં આવ્યા હતા. આવી રીતે સર્વ સાધુઓ ભેગા થઈને દેવ વાંદવાનો પ્રસંગ આજેજ જોવામાં આવ્યો હતો. પાયચંદ ગચ્છના સાધુઓ—ભાયચંદજીના શિષ્યો ક્રિયા કરતી વખતે આવ્યા હતા અને દિલગીરી જાહેર કરી હતી. આવી રીતે સાધુસાધ્વીઓએ ભિન્ન ભિન્ન ઉપાશ્રયના એકત્ર મળીને દેવવંદનની ક્રિયા કરી હતી તે પ્રસંગ અપૂર્વ આકર્ષણીય હતો.

**ગુરૂશ્રી સુખસાગરજીના ગુણો.**

ગુરૂ શ્રીસુખસાગરજી મહારાજમાં અપૂર્વ એક એવો ગુણ હતો કે તેનું વારંવાર સ્મરણ થઈ આવે છે. "પરિમિત બોલવું" પરિમિત સંભાષણ કરવાને માટે તેમનો તીવ્ર ઉપયોગ રહેતો હતો. પરસ્પર વિરૂદ્ધ પક્ષોના સંયોગોમાં પણ જ્યારે તેઓ બોલતા હતા ત્યારે પરિમિત શબ્દોથી બોલતા હતા અને તેમાં ગંભીર ભાવ રહેતો હતો. પરિમિત સંભાષણ કરવાથી અનેક પ્રકારના લાભ થાય છે. એમ તેઓ વારંવાર સમજાવતા હતા. ભાષા સમિતિનો ઉપયોગ રાખવામાં જ્યારે જોઇએ ત્યારે તેમનો એક સરખો ઉપયોગ રહેતો હતો. તેમની પાસે પન્દર વર્ષ પર્યન્ત રહેવાનું થયું અને તેમના હૃદયની પાસે બેસીને વારંવાર તેમના વિચારો લીધા. તેમાં તેમનો એક સરસ ગુણ અનુભવાયો તે એ છે કે કોઇના ઉપર ઇર્ષ્યા, દ્વેષ અને વૈર નહોતું. ઇર્ષ્યા, દ્વેષ અને વૈરના પરિણામો ઘણા ક્ષીણ થયા હતા એમ અનુભવમાં આવે છે. ગમે તેવા પ્રતિપક્ષીઓના સામું પણ તેમણે કદિ દ્વેષવચન કહ્યું નથી. તેમજ કદિ તેઓની વિરૂદ્ધ બોલ્યા નથી. તેમનું બુરૂ બોલનારના હિતશબ્દો તેમણે ગ્રહણ કર્યા છે અને તેમજ તેઓના ગુણોને મુક્ત કંઠે કહ્યા છે. તેમની કદિ ક્રોધથી લાલ આંખ થઇ નથી. તેમનામાં

ક્રોધ હોય એવું જણાતું નહોતું. તેમણે ક્રોધના પરિણામની ઘણી મન્દતા કરી હતી. ગમે તેવા ક્રોધના પ્રસંગોમાં પણ તેઓ શાન્તિમય દેખાતા હતા. ગમે તેવા મનુષ્યને ક્રોધ થયા વિના રહે નહિ એવા પ્રસંગોને તેમણે સહ્યા છે એવા ઘણા પ્રસંગોને અમારી નજરે દેખેલા છે તેમાં પણ તેઓ જાણે કંઇ છેજ નહિ એવી દશામાં દેખાતા હતા. તેમના પરિમિત ઉપયોગી સંભાષણથી અન્ય મનુષ્યોને ક્રોધ ઉત્પન્ન થવાનો પ્રસંગ મળતો નહોતો. તેમણે અઠ્ઠમ વગેરે તપ કર્યાં છે તે વખતે તેમના સમાગમમાં હું હતો. તપસીને ક્રોધ થાય એ પ્રાયઃ સ્વાભાવિક છે. પણ ગુરૂ મહારાજની તેવી સ્થિતિમાં પણ તેમને ક્રોધ થતો નહોતો. તેમનો ભાષા સમિતિનો ઉપયોગ એવો હતો કે વારંવાર તેની યાદી આવે છે. પોતાની ભૂલ માટે તેમણે કદિ પક્ષપાત કર્યો નથી અર્થાત્ તે બાબતનો તેમણે કદાગ્રહ કર્યો નથી. પોતાની ભૂલ માટે ન્હાનું બાળક કંઈ કહે તો તેનો પણ તેઓ સ્વીકાર કરતા હતા.

પન્યાસો વિગેરે ઘણા સાધુઓને મેં દેખ્યા છે. પણ તેમાં ક્રિયાની બાબતમાં તો તેમનો પહેલો નંબર આવે છે. વૈરાગ્ય અને ત્યાગનો ગુણ તો તેમને દેખતાં ભક્તોને હૃદયમાં અસર કરતો હતો. શાસ્ત્રો વાંચીને વૈરાગ્ય ત્યાગ સંબંધી અન્યોને અસર ન કરી શકાય તે અસર ખરેખર તેમને

દેખનારાઓના હૃદયમાં તત્કાળ થતી હતી. ક્રિયાની સાથે તેમના હૃદયમાં એટલી બધી સરલતા હતી કે તેનું વર્ણન કરતાં પાર આવે નહિ.

ભદ્રગુણની મૂર્તિરૂપ તેઓ હતા એમ જૈન કોમ એકી અવાજે બોલી ઉઠે છે.

તેઓ પ્રતિદિન ધર્મકર્તવ્ય પ્રવૃત્તિમાં લયલીન રહેતા હતા.

**કર્તવ્ય ધર્મ પ્રવૃત્તિ.**

તેઓશ્રી ધર્મપ્રવૃત્તિમાં ઉત્સાહી રહેતા હતા. સાધુઓ અને સાધ્વીઓને તેઓ કર્તવ્ય ધર્મપ્રવૃત્તિમાં ઉત્સાહિત કર્યા કરતા હતા. જ્યારે જોઇએ ત્યારે તેઓ કોઇને કોઇ ધર્મપ્રવૃત્તિમાં મગ્ન થએલા દેખાતા હતા. રાત્રીએ દશ વાગ્યા બાદ તેઓશ્રી શયન કરતા હતા. રાત્રીએ ત્રણ વાગ્યે ઉઠતા હતા. દરરોજ રાત્રીએ ત્રણ વાગે નવસ્મરણનો જાપ કર્યા કરતા હતા. લગભગ છવીશ વર્ષ પર્યન્ત તેમણે નવસ્મરણનો જાપ કર્યો હતો.

તેઓશ્રી દરરોજ સ્વાધ્યાયમાં તત્પર રહેતા હતા. ચઉ-

**સ્વાધ્યાય.**

સરણ પયન્નો અને આઉરપચ્ચખાણ ભણવા પર તેમને બહુ રૂચિ હતી. તેથી તેઓ દરરોજ તે બન્નેનો સ્વાધ્યાય કરતા હતા. દરરોજ સાંજરે પ્રતિક્રમણ કર્યા બાદ દશ વૈકા-

લિક સૂત્રના સ્વાધ્યાય કરી જતા હતા. દશવૈકાલિકનાં દશાધ્યયન તેમના મુખે હતાં. કેટલાક પયન્નાનો પણ મુખથી તેઓશ્રી સ્વાધ્યાય કરતા હતા. તેમને ઘણાં સ્તવનો અને સઝાયો આવડતી હતી. સાંજનું પ્રતિક્રમણ કર્યા બાદ નવ તત્ત્વાદિક પ્રકરણોનો સ્વાધ્યાય કરી જતા હતા. બાસઠીયા યંત્રો વગેરે ઘણા યંત્રોનું તેઓશ્રી પરિવર્તન કર્યા કરતા હતા. જ્ઞાનાભ્યાસી સાધુઓને સહાય આપવામાં તેઓશ્રી શૂરા હતા.

**સહાય.**

તેઓશ્રી અન્ય સાધુઓ અને સાધ્વીઓને ચારિત્ર પાળવામાં સહાય આપવા દરરોજ તત્પર રહેતા હતા. ચારિત્રમાં શિથિલ થનારાઓને તેઓશ્રી પાછા ઉત્સાહિત કરી સહાય આપી ઠેકાણે લાવતા હતા. સાધુઓ અને સાધ્વીઓને વસ્ત્રાદિ જે જે સંયમનાં ઉપકરણોની જરૂર હોય તો ગમે ત્યાંથી યાચી લાવીને આપતા હતા. તેમના ચારિત્રથી આકર્ષાઈને જે જે વસ્તુઓને અન્યોના માટે તેઓ માગતા તે તે વસ્તુઓને બહુ ભાવથી શ્રાવકો તેમને વહોરાવતા હતા. રોગી, સીદાતા સાધુઓને તેઓ બનતી સહાય આપવા માટે આસંભોગ આપતા હતા. ગમે તે ગચ્છના સાધુઓને માંદગી થતાં તેઓને સ્વાત્માવત્ ગણી તેમની સેવા કરતા હતા. સ્વગુરૂની સેવાથી તેમનામાં અપૂર્વ સેવા ગુણ પ્રગટયો હતો

તેથી તેઓશ્રી અન્યજનોની સેવા કરવામાં જરા માત્ર બાકી રાખતા નહોતા.

**તપ.**

તેઓશ્રી તપ કરવામાં મગ્ન રહેતા હતા. એક ઉપવાસ બે ઉપવાસ, ત્રણ ઉપવાસ, આયંબિલ અને એકાસણ વગેરે તપ કર્યા કરતા હતા. અને પાંચમ આઠમ, અગિયારસ અને ચૌદશાદિ તિથિયોના દિવસે ઉપવાસ કર્યા કરતા હતા. પારણાના દિવસ વિના દરરોજ પ્રાયઃ તેઓ એકાસણ કરતા હતા. પર્યુષણ પર્વનો તેઓ અઠ્ઠમ કરતા હતા. અનેક પ્રકારના અભિગ્રહ રૂપ તપને તેઓ કરતા હતા. તપની સાથે ક્ષમા તેમનામાં વૃદ્ધિ પામતી હતી.

**યાત્રાઓ.**

તેઓશ્રીએ સિદ્ધાચલ, ગિરનાર ભોયણી, પાનસર, સંખેશ્વર, રાંતેજ, મેત્રાણા, તલાજા, રૂપરીયાલા, તારંગા, ઈડર, પોશીના, ભીલોડા, નાગફણા, પાર્શ્વનાથ, કેશરીયાજી, ટીટોઇમાં મુહરી પાર્શ્વનાથ, નરોડા, સરખેજ, અમદાવાદનાં જૈનમન્દિરો, માતર, ખંભાત, કાવી, ગંધાર, ડભોઈ જઘડીયા, સુરત, લાડોલ, અને સિદ્ધપુર, આદિ અનેક સ્થળોઓમાં વિહાર કરીને તીર્થંકરોની પ્રતિમાઓ અને પાદુકાઓ વગેરેની યાત્રાઓ કરી હતી. તેમણે જે જે યાત્રાઓ કરી

હતી તેમાં ઘણી યાત્રાઓમાં હું તેમની સાથે સામેલ હતો. યાત્રાઓ કરતી વખતે તેઓનામાં આત્મોલ્લાસની વૃદ્ધિ થતી હતી. મેસાણામાં વારંવાર પધારી તેમણે ગુરૂપાદુકાની યાત્રા કરી હતી.

**ધર્મકર્મયોગી.** ગુરૂમહારાજ અનેક ધર્મક્રિયા પ્રવૃત્તિયોમાં અડગપણું, સ્થિરતાપણું, નિર્લેપપણું, વિધિપૂર્વક આરાધકપણું, અને તત્પરપણું હતું તેથી તેમને ધર્મ કર્મયોગી એ પદથી સંબોધવામાં આવે તેમાં કંઇ અતિશયોક્તિ જણાતી નથી. **ગુરૂગીતામાં** કરેલી ગુણોની સ્તુતિ પ્રમાણે તેઓશ્રીમાં અનેક ગુણો પ્રગટ્યા હતા તેથી વારંવાર તત્સંબંધી પિષ્ટપેષણ કરવું તે અયોગ્ય છે. અહિંસા, સત્ય, અસ્તેય, આજન્મ બ્રહ્મચર્ય પરિગ્રહત્યાગ, રાત્રિભોજન ત્યાગ આદિ અનેક વ્રતોની જીવતી મૂર્તિસ્વરૂપ શ્રી સદ્‌ગુરૂરાજની જેટલી સ્તુતિ કરવામાં આવે તેટલી ન્યુન છે. તેમનાં પાસાં સેવીને તેમનામાં પ્રકટેલા અનેક ગુણોનો અનુભવ કર્યો છે. દીક્ષાથી તે દેહોત્સર્ગ પર્યન્તના જીવનકાલમાં તેમણે કોઈની સાથે કોઇ પણ સ્થળે ક્લેશ કર્યો હોય તેવું જાણ્યું નથી. તેમજ અન્યને કંઈ ખોટું લાગે એવું બોલતાં કદાપિ મેં તેમને દેખ્યા સાંભળ્યા નથી. કોઇ પણ જાતની રાગદ્વેષની ખટપટમાં તેમણે અંશમાત્ર પણ ભાગ લીધો નહતો. તેમના

જેવા સ્વાશ્રયી મહાત્માઓ વિરલ દેખાય છે. તેઓ વર્તમાનમાં વિદ્યમાન અને દિવંગત થએલા અનેક સાધુઓના સમાગમમાં આવ્યા હતા. પરંતુ ચારિત્રની આરાધના વિનાની અન્ય કોઇ બાબતમાં તેમણે અન્ય સાધુઓની સાથે ભાગ લીધો નથી. વૈરાગી, ત્યાગી, શાન્ત, દાન્ત, વૈયાવચ્ચી, વિનયી અને સમભાવી શ્રી ગુરૂરાજના સદ્‌ગુણોનું પરોક્ષમાં પણ પ્રત્યક્ષ પેઠે સ્મરણ થયા કરે છે. આવા મહાન્ ક્રિયાપાત્ર ધર્મ કર્મયોગી મહાત્મા ગુરૂરાજનું સદાકાલ સ્મરણ રહો. તેમના ગુણો સ્વાત્મામાં અને અન્ય જીવોમાં પ્રકટો અને તેઓની પેઠે અન્ય મુમુક્ષુઓ તેમની પાછળ પ્રગટી ધર્મની ઝાહોઝલાલી વર્તાવો.

**શ્રી ગુરૂ સુખસાગરજી મહારાજની સહનશીલતા.**

સદ્‌ગુરૂશ્રી સુખસાગરજી મહારાજમાં સહનશીલતાનો અપૂર્વ ગુણ હતો. તેઓ ગમે તે થાય તોપણ ક્રોધી થતા નહિ અને કોઇને ગુસ્સો ઉપજે તેવું વચન કહેતા નહિ. તેમણે જે જે ઠેકાણે ચોમાસાં કર્યાં છે ત્યાં તેમના સમાગમમાં ઘણા શ્રાવકો આવેલા હતા, પણ કોઇની સાથે ઉંચા વચને બોલ્યાનું સંભળાયું નથી. પોતાના સાધુઓને પણ કંઇ ઉંચા સાદે કહેતા નહિ પણ કંઈ કહેતા તો શાંત સ્વભાવથી કહેતા હતા. તેમના મુખપર કદી ગુસ્સાનું ચિન્હ દેખવામાં આવતું નહિ-

તેમને ગુસ્સે થવાને માટે કોઇ કદાપી કંઇ કહે તોપણ તે મુંગે મોઢે સહન કરતા હતા, આવું ઘણે વખતે બન્યું હતું. પોતાની વાત કોઇને કાઢી આપતા નહિ, પોતાના ઉપર ગુસ્સે થનારનું કોઇ રીતે ભૂંડુ બોલતા નહિ, તેમજ બીજાને તે બાબત કોઈ પણ પ્રકારે જણાવતા નહિ. તેમનો સ્વભાવ એવો હતો કે તેમને દેખીને કોઇને ગુસ્સે થવાનું કારણ મળતું નહિ, તેમની ચારિત્ર ક્રિયા અને શાંત મુખમુદ્રા દેખીને લોકોને મહામુનિનું ભાન આવતું હતું, પોતાનું ખરાબ કહેનારના પણ તેઓ ગુણો લેતા હતા, જેનામાં જે કાંઈ ગુણો હોય તેની પ્રશંસા સર્વત્ર કરતા હતા, કારણ કે તેમનો સ્વભાવ અચળને ગુણાનુરાગી હતો.

તેઓએ અમદાવાદ, સુરત, વડોદરા, અને પાટણ વગેરે મોટા શહેરોમાં ચોમાસાં કર્યા હતાં.

**નિર્દોષગોચરી પ્રવૃત્તિ.**

તેઓ ગોચરી લેવાને માટે બહુ દૂર જતા હતા કે તેથી ગોચરીનો દોષ લાગે નહિ, સુરતમાં ૧૯૫૭ માં નેમુભાઈની વાડીમાં ચોમાસું કર્યું હતું ને તે વખતે ૨૬ સાધુ ભેગા થયા હતા. આવા પ્રસંગે ગોચરીનો દોષ ન લાગે તે માટે તેઓ હરીપુરા, છાપરીઆશેરી, સંગરામપુરા વગેરે દૂર જગ્યાએ ગોચરી વોરવા જતા હતા અને

શ્રાવકના ઘરમાં દાદરા ઉંચા હોય તોપણ ઠેકીને જતા હતા, તેવા પ્રસંગે પોતાના શરીરને શ્રમ પડે તોપણ તેની દરકાર રાખતા નહિ. સંવત્ ૧૯૫૮ ની સાલમાં વડોદરામાં હતા તે વખતે તેઓ મામાની પોળમાંથી કાંડીની પોળમાં અને શહેરમાં ગોચરી વ્હોરવા જતા હતા. તેઓ નિર્દોષ ગોચરી તરફ પૂરતું લક્ષ રાખતા હતા. ગોચરીના બેતાલીશ દોષ ટાળવાને માટે તેમને ઘણી કાળજી હતી. તેમણે એવો સંકલ્પ કર્યો હતો કે જ્યાંસુધી શરીર ચાલે ત્યાંસુધી ગોચરી જાતે વોરવી. આ દઢ પ્રતિજ્ઞા સં. ૧૯૬૯ ના વૈશાખ માસ સુધી પાળી હતી. અમદાવાદમાં સં. ૧૯૬૨ ની સાલમાં તથા ૧૯૬૫ ની સાલમાં ચોમાસું કર્યું તે વખતે તેઓ આંબલીપોળના ઉપાશ્રયથી તે શામળાની પોળ, રાજામહેતાની કાલુસાની પોળ ને લુણશાવાડા સુધી ગોચરી વોરવા જતા હતા. આવી રીતે ગોચરી વોરવામાં તેમની ઉત્કૃષ્ટતા દેખાઈ આવતી હતી. સંવત્ ૧૯૬૭–૬૮ ની સાલનું ચોમાસું પાટણમાં કર્યું તે વખતે તેઓ મણીઆતી પાડાથી નીકળી સાળવીવાડા સુધી ગોચરી વોરવા જતા હતા. તેમની સાથે ગોચરી જનારા સાધુ અકળાઈ જતા પણ પોતે અકળાતા નહિ અને તેઓ પોતાના શિષ્યોને એમજ કહેતા હતા કે, નિર્દોષ ગોચરી લાવવાથી ચારિત્રની રક્ષા થાય છે. ગૃહસ્થને જેમ ન્યાય સંપન્ન વૈભવની

પ્રાપ્તિ બહુ દુર્લભ છે, તેમ સાધુઓને નિર્દોષ આહારની પ્રાપ્તિ બહુ દુર્લભ છે. શ્રીમદ્ રવિસાગરજી મહારાજ સાહેબના પાસાં સેવવાથી તેમનામાં એ ગુણ ગુરૂવારસામાં ઉતરી આવ્યો હતો. નિર્દોષ ગોચરી વ્હોરવાને લીધે ગુણાનુરાગી અન્ય સાધુઓ તેમની પ્રશંસા કરવા ચૂકતા નહિ. નિર્દોષ ગોચરી વ્હોરવાથી ચારિત્ર પરિણામની શુદ્ધિ થાય છે અને વિકથા વગેરે પ્રમાદના દોષો દૂર ટળે છે તેવી તેમની માન્યતા હતી તેથી ખરેખર તેમના એવા વર્તનથી તેમનામાં પ્રમાદના ઘણા દોષો ટળી ગયા હતા તથા ઘણા ગુણો ઉત્પન્ન થયા હતા. ગામડામાં જ્યારે ૭-૮ ગાઉનો વિહાર થતો અને કોઈ પણ ગામ આવતું ત્યાં થાકી ગયા છતાં તેઓ પોતે ગોચરી વ્હોરવા જતા હતા અને પોતાના સાધુઓને પણ ચારિત્રમાં સહાય આપતા હતા. તેથી જે જે ગામોમાં તેમનો વિહાર થયો છે તે ગામોના શ્રાવકો તેમની ગોચરી વ્હોરવાની રીતની મુક્ત કંઠે પ્રશંસા કરે છે. છીંકણી કાગળ વગેરે સામાન્ય વસ્તુઓ જોઇતી હોય તો તે પણ પોતે જાતે શ્રાવકના ઘેર જઇ વ્હોરી લાવતા હતા. કપડાં, વસ્ત્ર પાત્ર વગેરે વ્હોરવાને માટે શ્રાવકોને ઘેર જતા હતા પણ ઉપાશ્રયમાં મંગાવતા નહોતા. સંવત ૧૯૫૮ ની સાલનું ચોમાસું પાદરામાં કર્યું તે વખતે પાદરામાં એક સોનીની દુકાને કાંઈ વસ્તુ લેવા ગયા હતા તેથી

ત્યાંના શ્રાવક વકીલ મોહનલાલ હિમચંદ તથા નંદલાલ લલ્લુભાઈ તથા ચુનીલાલ લલ્લુભાઇ તથા નગરશેઠે કહ્યું હતું કે આવા કામો માટે અપાસરામાં તેને બોલાવવો હતો? તમારે જવાની શું જરૂર હતી? ત્યારે શ્રીમદે જણાવ્યું કે તે કામ સાધુનું છે. તેને સામો બોલાવવાની કાંઈ જરૂર નથી. પાદરાના શ્રાવકો સાધુના આવા આચાર સંબંધી વાત સાંભળી ખુશ થયા હતા અને પ્રશંસા કરતા હતા કે આવા ગુરૂ મહારાજને ધન્ય છે.

શ્રીમદ્‌નામાં ગુરૂભક્તિનો ગુણ ઝળકતો હતો. તેઓ સામાન્ય વાતચિતમાં પણ પોતાના ગુરૂનું સ્મરણ પ્રસંગ આવે તે વખતે તેમના ગુણો ગાતા હતા અને પોતાના ગુરૂના ગુણોનો પ્રકાશ કરવા માટે ચૂકતા નહોતા. મહેસાણામાં રવિસાગરજી મહારાજની દેરી બંધાઇ ને તેમાં ૫-૬ હજાર રૂપીઆનું ખર્ચ થયું તે સંબંધી ઉપદેશ આપવા સાધુની રીત પ્રમાણે તેઓ ગુરૂભક્તિથી પ્રવૃત્તિ કરતા હતા. પાટણમાં શ્રીમદ્ રવિસાગરજી મહારાજની પાદુકાની સ્થાપના થઈ તેમજ પાલનપુરમાં સ્થાપના થઈ તેમાં તેમના ઉપદેશનોજ પ્રતાપ હતો. પોતાના ગુરૂમહારાજે જે જે સારા આચારો પ્રવર્તાવેલા તે પ્રમાણે તેઓ ઉપદેશ દેવાને વારંવાર પ્રવૃત્તિ કરતા હતા. તેમણે સં. ૧૯૪૩ ના વૈશાખ સુદ ૬ ના દિવસે દીક્ષા લીધી ત્યારથી તેઓ

ગુરૂમહારાજનું પાસુ છોડતા નહતા, અને સદાકાળ સેવાભક્તિ કર્યા કરતા હતા. સંવત્ ૧૯૪૪ ની સાલનું ચોમાસું માણસામાં કર્યું. તે વખતે શ્રીમદ્ રવિસાગરજી મહારાજની તેમજ અન્ય સાધુઓની સારી રીતે ભક્તિ કરી હતી. સંવત્ ૧૯૪૫ની સાલનું ચોમાસું વિજાપુરમાં કર્યું, તે વખતે વડસ્માના શ્રાવક ગગલભાઇએ બે માસના ઉપવાસ કર્યા હતા. વિજાપુરની આજુબાજુના લોકો દર્શન કરવા જતા હતા. શ્રીમદ્ રવિસાગરજી મહારાજની શરીર પ્રકૃતિ નરમ રહેતી હતી. તે વખતે તેમણે જે ગુરૂસેવા કરી હતી, તે વિજાપુરના સંઘ હજુ યાદ કરે છે. સંવત્ ૧૯૪૭ માં ચોમાસું પાટણમાં કર્યું તે વખતે શ્રીમદ્ રવિસાગરજી મહારાજથી ગોચરી જવાતું નહતું. ગુરૂમહારાજને ગોચરી વોરી લાવીને ખવડાવી, તેમના વસ્ત્રનો કાપ કાઢવા તે સર્વ કાર્યો શ્રીમદ્ સુખસાગરજી મહારાજ ઉઠાવતા હતા. પાટણના સાગરના ઉપાશ્રયના શ્રાવકો તેમની આવી ગુરૂસંબંધી ભક્તિ દેખીને બહુ ખુશ થૈને પ્રશંસા કરી હતી.

સંવત્ ૧૯૪૮ ની સાલથી શ્રીમદ્ રવિસાગરજી મહારાજે મેહસાણામાં સ્થિર વાસ કર્યો. શ્રીમદ્ રવિસાગરજી મહારાજથી ગામોગામ વિહાર થઇ શકતો નહોતો, અને ચાલવાની શક્તિ ન હોવાથી તેમણે મેહેસાણામાં સ્થિર વાસ કર્યો. તે વખતે તેમની પાસે સેવામાં રહેનાર શ્રી સુખસાગરજી મહારાજ હતા.

શ્રીમદ્ રવિસાગરજી મહારાજથી બહાર ગમન કરી શકાતું ન હતું, તેથી સર્વ પ્રકારની પોતે વ્યવસ્થા કરતા હતા. તેમજ રવિસાગરજી મહારાજની તબીયત નરમ હોવાથી આહાર કરતાં વધતું તે પોતે આરોગી જતા હતા. રવિસાગરજી મહારાજની આજ્ઞાનુસાર તેઓ પ્રવર્તતા હતા. વૃદ્ધાવસ્થામાં તેમને જરા માત્ર પણ ઓછું ન લાગે તેની પૂર્ણ કાળજી રાખતા હતા. મહારાજને માટે ગામમાં ગોચરીએ ફરીને તેમને અનુકૂળ જે આહાર મળે તે ગોચરીનો દોષ ટાળીને લાવતા હતા. તેઓ એમ માનતા હતા કે પૂર્વભવના પુણ્યોદયથી ગુરૂ-સેવા મળી છે. માટે આ વખતે કેમ ખામી રાખું. શાસ્ત્રમાં વૈયાવચ્ચ ગુણને અપ્રતિપાતી કહ્યો છે. તેનો સારાંશ એ છે કે, જ્ઞાન, તપ, જપ, અને ક્રિયા પ્રમુખ ગુણોથી કદાચિત્ પડવાનું થાય છે પણ વૈયાવચ્ચ ગુણથી કદાપિ પડવાનું થતું નથી. વૈયાવચ્ચ કરનાર ઉપર ગુરૂની પૂર્ણ કૃપા રહે છે તેથી તેની પડતી થતી નથી. શ્રીમદ્ સુખસાગરજી મહારાજ સાહેબ એમજ માનતા હતા કે મારામાં ઘણું જ્ઞાન નથી, તપ કરવાની શક્તિ નથી તોપણ ગુરૂમહારાજની વૈયાવચ્ચ કરીને સંસારમાંથી તરવાનું છે, માટે મારે તો ગુરૂ તેજ આધારભૂત છે. ગુરૂમહારાજની સેવાથી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે થોડું હોય છે તોપણ બહુજ ફાયદો કરે છે એમ તેમનો દૃઢ નિશ્ચય હતો તેથી તેમણે એવી

માન્યતાપૂર્વક જે જ્ઞાન પ્રાપ્ત કર્યું તેનાથી ઘણા ગુણો તેમનામાં ખીલી નીકળ્યા હતા. સં. ૧૯૫૪ના જેઠ વદિ ૧૧ ના રોજ શ્રીમદ્ રવિસાગરજી મહારાજે સ્વર્ગગમન કર્યું ત્યાંસુધી તેમણે ગુરૂમહારાજની પરિપૂર્ણ સેવા ઉઠાવી હતી અને પોતાના આત્માને સફળ કર્યો હતો. ગુરૂમહારાજની સેવા–ભક્તિ કરવાના ગુણ તેમનામાં પૂર્ણ રીતે ખીલી નીકળવાથી અન્ય સાધુઓની સેવા કરવામાં તેઓ કદિ પાછા પડતા ન હતા. અન્ય સાધુઓના સમાગમમાં આવતાં તેમની ગોચરી તથા વસ્ત્ર વગેરે લાવવાં વગેરે કાર્યમાં તેઓ જાત મહેનતથી પ્રવૃત્તિ કરી શકતા હતા. સંવત્ ૧૯૫૮ ની સાલનું ચોમાસું તેમણે પાટણમાં કર્યું તે વખતે પન્યાસ ચતુરવિજયજી વગેરે સાથે હતા તે વખતે તેમણે અન્ય સાધુઓનું કામકાજ કરવામાં પોતાના આત્માને કૃતાર્થ કર્યો હતો. તેઓ મનમાં એમજ માનતા હતા કે સાધુ સેવા કરવી એજ ખાસ કર્ત્તવ્ય છે અને કલ્યાણ પણ તે થકીજ થાય છે.

**ગુરૂશ્રદ્ધા.** તેમનામાં અપૂર્વ ગુરૂશ્રદ્ધા હતી. ગુરૂએ જે જે ઉપદેશો કરેલા તે તે ઉપદેશોમાં તેમને અપૂર્વ શ્રદ્ધા હતી, તેથી પોતાના ગુરૂના સ્વર્ગગમન પછી પણ તેમના ઉપદેશેલા આચાર પ્રમાણે પોતે પ્રવૃત્તિ કરતા હતા. ગુરૂના વચન ઉપર

જેને પૂર્ણ શ્રદ્ધા હોય છે તે આચાર વિચારમાં પણ દૃઢ રહી શકે છે. તેઓએ મરણ પર્યંત જે સાધુના દૃઢ આચારો પાળ્યા તેમાં ગુરૂની શ્રદ્ધા મુખ્ય હતી. તેમનામાં ગુરૂશ્રદ્ધાની એટલી બધી પ્રબળ વાસના હતી કે તેઓ ગમે તે સાધુઓના સમાગમમાં આવતા તોપણ ગુરૂશ્રદ્ધાની લાગણી સચોટ જળવાઈ રહેતી. ધર્મની બાબતમાં શ્રદ્ધા એ અપૂર્વ બળ છે અને તે અપૂર્વ બળ, ગુરૂ–શ્રદ્ધા ઉપર ટકી રહેલું હોય છે.

**વિહાર.**

શ્રીમદ્ સુખસાગરજી મહારાજ ગામોગામ વિહાર કરતા હતા. તેઓને એક ગામ પડી રહેવું પસંદ નહતું જ્યાંસુધી ગુરૂ–સેવામાં રહ્યા ત્યાંસુધી તેઓ ગુરૂની આજ્ઞા પ્રમાણે તેમની સાથેજ રહેતા હતા. પોતાના ગુરૂના સ્વર્ગગમન પછી તેઓએ કાર્તિક માસમાં મેહસાણાથી વિહાર કર્યો હતો અને પેથાપુરવાળા રવચંદ ગાંધીના સંઘની સાથે તેઓ સિદ્ધાચળ પધારી સિદ્ધાચળની યાત્રા કરી હતી. ત્યારબાદ તેમણે ગિરનારની યાત્રા કરી હતી. ત્યારબાદ ઘોઘા, ભાવનગર, લીંબડી, વઢવાણ, અને વિરમગામ વગેરે ઠેકાણે વિહાર કરવા લાગ્યા અને ત્યાંથી પાલનપુર જઈ ને સં. ૧૯૫૬ ની સાલનું ચોમાસું કર્યું ને સં. ૧૯૫૭ની સાલનું ચોમાસું સુરતમાં કર્યું ને ત્યાંથી વિહાર કરીને સં. ૧૯૫૮નું ચોમાસું પાદરામાં કર્યું ને ચોમાસા બાદ ડભોઇ, કાવી, ગંધાર,

ખંભાત વગેરે જઈ યાત્રા કરી માણસા, વિજાપુર, સાણંદ, અમદાવાદ, ચાણસ્મા, અને પાટણ વગેરે જુદે જુદે ઠેકાણે તેમણે ચોમાસાં કર્યાં. આ ઉપરથી જણાઈ આવે છે કે તેઓ વિહારમાં ઉગ્ર હતા અને આત્મકલ્યાણમાં પ્રવૃત્તિ કરવાને યથાયોગ્ય પ્રવૃત્તિ કરતા હતા.

**ભાષાસમિતિ.**

ભાષા સમિતિપૂર્વક વર્તવાનો તેમનામાં સારો ગુણ હતો. જ્યારે બોલતા હતા ત્યારે મુખે મુહુ-પત્તી રાખીને વા હાથ રાખીને બોલતા હતા, પણ ઉઘાડે મુખે બોલતા નહતા. કોઇની સાથે બોલવાનો પ્રસંગ પડે ત્યારે શાન્તરીતે મન સ્થિર રાખીને બોલતા હતા તેથી તેઓ ઘણા દોષોથી મુક્ત રહેતા હતા. કારણ વિના ન બોલવું તે ઉપર તેઓ રાજાના એક મૌન પુત્રની કથા કહેતા હતા. અને તે કથાથી પોતાના શ્રાવક–સાધુ ઉપર સારી છાપ પાડવાને માટે પ્રયત્ન કરતા હતા, પોતાના સમાગમમાં જે જે જૈનો આવતા હતા તેઓને ઉપયોગ-પૂર્વક બોલવાને માટે સૂચના કરતા હતા. સાધુ–સાધ્વીઓને ઉઘાડે મુખે ન બોલવું તે માટે વારંવાર ટોકતા હતા. કદાપિ કોઈ વખત અનુપયોગથી બોલી જતા હતા તો તે સંબંધી ઘણો પશ્ચાત્તાપ કરતા હતા તેથી તેમની સાધુસાધ્વીઓ ઉપર સારી છાપ પડતી હતી.

તેમનામાં ગંભીરતાનો ગુણ સારી રીતે ખીલ્યો હતો. તેમની પાસે હજારો મનુષ્યો અનેક વાતો કહેતા હતા પણ એકની વાત બીજાને કહેતા નહોતા. પોતાના શિષ્યોને પણ કહેવા લાયક વાતોજ કહેતા હતા અને તેથી પરિણામ એ આવતું હતું કે નકામી ખટપટો ઘણી બંધ પડતી હતી અને રાગ-દ્વેષનાં ઘણાં કારણો સ્વયમેવ નષ્ટ થઇ જતાં હતાં. શાસ્ત્રમાં ગંભીરતા ગુણની ઘણી સ્તુતિ કરવામાં આવી છે. **જે મનુષ્યમાં ગંભીરતાનો ગુણ ખીલ્યો હોય છે તે ઘણાઓનું કલ્યાણ કરવાને સમર્થ થાય** છે. ગંભીરતા ગુણવાળો સાગર જેવો ગણાય છે અને તેથીજ તેની મહત્તામાં વધારો થાય છે. જેનામાં ગંભીરતાનો ગુણ ખીલ્યો હોય છે તેવા સાધુની પાસે આવીને ઘણા લોકો પોતાનું પાપ પ્રગટ કરી દે છે અને તેથી તે ઘણા લોકોને સુધારવા શક્તિમાન્ થાય છે. શ્રીમદ્ સુખસાગરજી મહારાજમાં ઉચ્ચ પ્રકારની ગંભીરતા હોવાથી ઘણા માણસોએ તેમની સાથે આવી પોતાના આત્માનો સુધારો કર્યો હતો. તેઓ કદિ કોઇની નિંદા કરતા નહિ અને કોઇનાં ગુપ્ત મર્મ પ્રકાશવાને એક શબ્દ સરખો બોલતા નહતા. આવી ઉત્તમતાથી તેમની મુખમુદ્રા ઉપર ગંભીરતાની છાયા છવાઇ રહેતી હતી અને તેથી તેમના સમાગમમાં આવનારને તેમની ગંભીરતા વિષે સારી ખાત્રી

**ગંભીરતા.**

થતી હતી ગંભીરતાનો ગુણ જો સાધુઓમાં ખીલે છે તો તેથી પોતાના આત્માનું અને અન્ય આત્માઓનું કલ્યાણ કરવા શક્તિમાન્ થાય છે અને તેથી પરસ્પર મનુષ્યોમાં શાન્તિનો પ્રચાર પણ સારી રીતે કરી શકાય છે.

ગંભીરગુણુ માટે જેટલી પ્રશંસા કરીએ તેટલી અલ્પ છે. ગુરૂમહારાજ સંઘાડો ચલાવતા હતા. અનેક મનુષ્યો પાસેથી અનેક વાતો સાંભળતા હતા પણ કદિ કટોકટીના પ્રસંગે ગંભીરપણું છોડતા નહોતા. તેમના શબ્દોમાં ગંભીરતાએ સજ્જડપણે વાસો કર્યો હતો. જૈનોને ગમે તેવાં પ્રાયશ્ચિત્તો આપતા હતા પણ તેની વાત કદિ અન્યના કાને જતી નહોતી. પન્દર વર્ષ સુધી તેમનો સમાગમ મ્હને રહ્યો અને તેમનો અનુભવ લીધો તેમાં ગંભીરતા તો સાગરની પેઠે દરરોજ વધતી હતી એવું અનુભવમાં આવે છે. તેમના મનમાં ક્ષુદ્રતા નામનો દોષ વાસતો હતોજ નહિ. કોઇનું અશુભ તેમણે કદિ ઇચ્છ્યું નહોતું. મૈત્રી ભાવનાએ તેમના હૃદયમાં ઘર કર્યું હતું. કોઇના ઉપર તેમણે શત્રુતા રાખી નથી. સર્વજીવોપર મૈત્રી ભાવના રહે ત્યારે સર્વજીવોની દયા પાળી શકાય છે. સર્વજીવોપર મૈત્રીભાવના સદા એક સરખી રીતે રહેવી એ કંઇ સામાન્યવાત નથી. જ્યારે તેમને પુછવામાં આવે ત્યારે તે અન્યોના માટે કહેતા હતા કે " સર્વજીવો કર્માધીન છે. જે જેવું કરશે તે

**મૈત્રીભાવ.** તેવું પામશે. કોઇના ઉપર રાગ વા દ્વેષ કરવો ન જોઇએ" ઈત્યાદિ શબ્દો વિના અન્ય દ્વેષાત્મક વચન સાંભળ્યું નથી. તેમના મનમાં દયાનો વાસ હતો. દયાની માતા યતના છે. યતનાથી બોલવું, યતનાથી ચાલવું, યતનાથી ખાવું પીવું, યતનાથી સર્વે કાર્યો કરવાં, સૂક્ષ્મજંતુ પણ પ્રમાદથી ન મરી જાય તે માટે યતનાપૂર્વક અપ્રમાદી રહેતા હતા. કોઇ વખત અનુપયોગે અયતના થઇ જતી તો તેમની આંખમાં અશ્રુની ધારા વહેતી હતી. પોતાનામાં સદા તેઓ નિજગુણ હાનિને દેખતા હતા. કોઇ તેમને કહેતું કે તમે ખરા ચારિત્રી છો? ત્યારે તેના ઉત્તરમાં કહેતા કે "ખરૂં ચારિત્ર પ્રાપ્ત થવું બહુ કઠિન છે. કેવલી સ્વીકારે તેનું ખરૂં" આવી રીતે નિરભિમાન દશાને આગળ કરીને તેઓ પરિમિત શબ્દોમાં જે કંઇ કહેવું ઘટે તે કહેતા હતા. દરરોજની આવશ્યકાદિ ક્રિયાઓને તેઓ ભાવ શ્રદ્ધાપૂર્વક અને વિધિપૂર્વક કરતા હતા. ગોચરીના દોષો ટાળવા ઉપર તેમનું બહુ લક્ષ્ય હતું. તેઓ બે વખતની આવશ્યક ક્રિયાઓ ઉભા ઉભા કરતા હતા. વર્તમાન કાળમાં જેટલા સાધુઓ છે તેમાં ક્રિયાની બાબતમાં તેમનો પહેલો નંબર હતો. એમ જેટલા સાધુઓનો અનુભવ થયો છે તે દૃષ્ટિએ કથવામાં આવે છે. ઉપકાર ગુરૂ મહારાજનું સદા ધ્યાન થાઓ અને તેમની કૃપા સદા રહો. ૐ **શાન્તિઃ ૩**

# श्रीसद्गुरु सुखसागरषोडशकम्.

केदाररागेण गीयते.

सद्गुरुसुखसागरमहाराजं, वन्देऽहं गुणभ्राजं रे;
सप्तविंशतिगुणविभ्राजं, क्षान्त्या पूर्णविराजंरे. स. १
क्रियापात्रश्रमणेषुसारम्, पञ्चमहाव्रतधारंरे;
ब्रह्मसुगुप्त्या जितमहामारं, संयममूलागारंरे. स. २
पूज्यं यमिनं दान्तं शान्तं, हृषीकेशं भगवन्तंरे;
भारतभव्यांबुज विकसन्तम्, भानुसमं महासन्तंरे. स. ३
सौम्यगुणालङ्कृतमहाभागं, कृतमूर्च्छापरित्यागंरे;
अर्हद्देवादौ कृतरागं, धृतसंसारविरागंरे. स. ४
पूजितशक्रादिकशुभदेवं, कृतनिजगुरु शुभसेवंरे;
गुरुवैयावृत्ये तु त्वमेव, जगति ख्यात एवंरे. स. ५
सर्वजीवेषु धृतसमभावं, भवपाथोधौनावंरे;
मोहदन्तिभेदनसिंहशावं, शान्तीकृतभवदावं रे. स. ६
धृतशुद्धाचारं गुणवन्तं, जिनाज्ञानुवदन्तंरे;
ग्रामानुग्रामं विचरन्तं, संयतवृन्दमहान्तं रे. स. ७
द्रव्यभावतो जापजपन्तं, मोक्षं प्रति गच्छन्तंरे;
सागरगच्छे कार्यवहन्तं, सामायिकभदन्तंरे. स. ८

घोरपरिषहसहने वीरं, मेरुवन्महाधीरंरे;
सम्यक्त्वश्रद्धागुणहीरं, सागरवद् गम्भीरंरे. स. ९
कृतगुणपोषं परिहृतदोषं, धृतनिजगुणसन्तोषंरे;
कृतनिर्मूलमहाशत्रुरोषं, जातक्षमादिकोषंरे. स. १०
परित्यक्तमहाकालप्रभीतिं, समतागुणतनुमूर्तिं रे;
नित्यंधृत सत्क्रियगुणस्फूर्तिं, धृतजैनागमनीतिंरे. स. ११
स्पर्शमणितः पूर्णोत्कृष्टः स्वनुभवदृष्ट्याद्दष्टा रे;
त्वदीयप्रेममेघो महाधृष्टः पुष्करो ममोपरिवृष्टोरे. स. १२
त्वच्छिष्यः सिद्धिमाप्नोति, कीर्त्या स्वर् व्याप्नोतिरे;
शक्रः त्वच्छिष्यं प्रस्तौति, भक्त्यैवं शक्नोतिरे. स. १३
प्राप्तज्ञानादिकसुखवृद्धिं, सम्वरधर्मसमृद्धिंरे;
प्रकटित स्याद्वादशुभबुद्धिं, आविर्भाव गुणाब्धिंरे.स.१४
धर्मोद्धारार्थं सुखकारं, जातत्वदीयावतारंरे;
वाञ्छितप्रद चिन्तामणिसारं,स्तौति स्मारं स्मारंरे.स.१५
सद्गुरुगुणगीतामृतपानं, पायं पायममानंरे;
बुद्धिसागरसूरिर्गानं, कृत्वा स्तौतीशानंरे. स. १६

श्रीमद् गुरुमहाराज श्री सुखसागरजी महाराज
साहेबना शिष्य-परिवारनी यादी.

श्री जैनाचार्य बुद्धिसागरजी महाराज.
मुनिश्री गुलाबसागरजी स्वर्गगत.

મુનિશ્રી રંગસાગરજી.
મુનિશ્રી અમૃતસાગરજી     સ્વર્ગવાસી થએલ છે.
મુનિશ્રી ઋદ્ધિસાગરજી.
પંન્યાસશ્રી અજીતસાગરગણિ.
મુનિશ્રી વૃદ્ધિસાગરજી.
મુનિશ્રી જીતસાગરજી.
મુનિશ્રી મહેન્દ્રસાગરજી.
મુનિશ્રી કીર્ત્તિસાગરજી.
મુનિશ્રી દેવેન્દ્રસાગરજી.
મુનિશ્રી ભક્તિસાગરજી.
મુનિશ્રી જયસાગરજી.
મુનિશ્રી ભાનુસાગરજી.
મુનિશ્રી ઉદયસાગરજી.
મુનિશ્રી હીરસાગરજી.

**મુનિમહારાજ શ્રી સુખસાગરજી મહારાજ સાહેબની સાધ્વીનો પરિવાર નીચે પ્રમાણે છે.**

સાધ્વીજી લાભશ્રીજીની શિષ્યાઓ આઠ છે.
સાધ્વીજી માણેકશ્રીજીની શિષ્યાપરિવારની સંખ્યા આઠ છે.
સાધ્વીજી સુમતિશ્રીની બે શિષ્યાઓ છે.
સાધ્વીજી પ્રજ્ઞાશ્રી ઇત્યાદિ બીજી સાધ્વીઓ પણ છે.

# મુનિધર્મ વિષે.

## ( સુણો ચંદાજી. એ રાગ. )

અલી સાહેલી ગુરૂવાણી, સાંભળતાં હરખીત થાઇએ;
ગુરૂ ગુણ નિરખી હરખો, મન આણંદી શિવપુર જાઇએ;

ગુરૂ સમતારસના દરીઆ છે, ગુરૂ જ્ઞાનગુણેકરી ભરીઆ છે,
સંસાર સમુદ્રને તરીયા છે. અલી સાહેલી. ૧
ભવી જીવને બહુ ઉપકારી છે, કુમતા કુટિલતા વારી છે;
માયા મમતાને મારી છે. અલી. ૨
ગુરૂ જંગમ તીર્થ મહાજ્ઞાની, ગુરૂ આતમધ્યાનતણા ધ્યાની;
શુદ્ધ ધર્મતણા છે ગુરૂ દાની. અલી. ૩
ગોચરીના દોષ સદા ટાળે, નિજ આતમ ગુણને અજવાળે;
આધાર ગુરૂનો કળિકાળે. અલી. ૪
નિર્દંભી રંગી વૈરાગી, પરમાર્થદશા ઘટમાં જાગી;
મૂર્છા મમતા પરિગ્રહ ત્યાગી. અલી. ૫
સંયમરથ વ્હેવા છે ધોરી, આતમ ઉપયોગતણી દોરી;
મોહ ચોર કરે નહીં જસ ચોરી. અલી. ૬
કપટે કરી કીરિયા નહીં કરતા, ઉપસર્ગથકી ગુરૂ નહીં ડરતા;
હરતા પાપો ભવજલ તરતા. અલી. ૭
ધુમધામતણા ગુરૂ નહીં રાગી, પરમાત્મદશા અંતર જાગી;
ગુણરાગી ત્યાગી સૌભાગી. અલી. ૮

અંતર દૃષ્ટિ હૃદયે રાખી, શુદ્ધ આતમ ગુણના અભિલાષી;
પરમાતમ અમૃત રસ ચાખી. અલી. ૯
ગુરૂ ડાક ડમાળે નહીં ચાલે, સંતોષ ભવનમાં નિત્ય મહાલે;
શુદ્ધ તત્ત્વ સ્વરૂપને નિહાળે. અલી. ૧૦
વિજાપુર ગ્રામે ગુણવંતા, સુખસાગર ગુરૂજી જયવંતા;
શુદ્ધ પંચ મહાવ્રત પાલંતા. અલી. ૧૧
એવા ગુરૂને વંદો ભાવે, નરનારી શાશ્વત પદ પાવે;
**બુદ્ધિસાગર** ગુરૂ ગુણ ગાવે. અલી. ૧૨

## વૈરાગ્યવિષે.

### ( રાગ ઉપરનો. )

સદ્ગુરૂ રવિસાગરની વાણી સાંભળી,
હર્ષોલ્લાસે મન મારૂં ઉભરાયજો;
શોક વિયોગાદિક ચિંતા દૂરે ટળે,
માન ગળે મળે સમકિતપદ સુખદાયજો. સદ્ગુરૂ. ૧
તન ધન યૌવન બાજી જૂઠી જાણજો,
રંગનો ચટકો મટકો દહાડા ચારજો;
આખર ખાલી હાથે જાવું એકલું,
ખારો નઠારો એવો આ સંસારજો. સદ્ગુરૂ. ૨
આરે જગતમાં રાવણ જેવા રાજવી,
કૌરવ પાંડવ બળીઆ માની યોધજો;
તે પણ આયુષ્ય ખુટી જતાં ચાલીયા,
તો પણ મૂરખ લાગે નહીં તુજ બોધજો. સદ્ગુરૂ. ૩

દીન દીન આયુ ખુટી જાયે જીવડા,
પાણીના પરપોટા જેવી દેહજો;
મગરૂરીમાં મહાલે શું મલકાઇને,
અંતે જાવું એકલું છોડી એહજો. સદ્‌ગુરૂ. ૪
કેઈ ચાલ્યા કેઇ ચાલે કેઇક ચાલશે,
જન્મ્યા તે મરશે એમ નિશ્ચય જાણજો;
અણધાર્યો તું પણ કોઈક દિન ચાલશે,
ફાંફાં મારે ફોગટ મનમાં આણજો. સદ્‌ગુરૂ. ૫
કેઇક રાણાને વળી કેઇક રાજીયા,
મેલી ચાલ્યા રાજ્ય ઋદ્ધિ ભંડારજો;
રાણીઓ રોતી રહી તેની બાપડી,
રોયા ચાકર કરી કરી પોકારજો. સદ્‌ગુરૂ. ૬
મંદિર મેડી બાગ અને બહુ માળીઆં,
મરતાં સાથે કોઇ ન આવે જીવજો;
મુંઝાયો શું માયાના દુઃખ પાસમાં,
ત્યાગ કરંતાં પામે શાશ્વત શિવજો. સદ્‌ગુરૂ. ૭
આજ કાલ કરતાં તો દહાડા વહી ગયા,
આળસ ત્યાગી પામર પ્રાણી ચેતજો;
સદ્‌ગુરૂ સંગે રંગે રહીએ પ્રેમથી,
**બુદ્ધિસાગર** શિવરમણી સંકેતજો. સદ્‌ગુરૂ. ૮

श्रीसुखसागरसद्गुरुभ्योनमः

# श्रीसुखसागर गुरुगीता.

પગલાં પડયાં તારાં અહો જ્યાં તીર્થ તે મારે સદા,
તવ પાદની ધૂલીથકી ન્હાતો રહું ભાવે મુદા;
તવ પાદપદ્મે લોટતાં પાપો કર્યા રહેવે નહીં;
ત્હેં ચિત્તમાં જે માનીયું તે માન્ય મારે છે સહી. ૧

ત્હારી કૃપાગંગાજલે નિર્મલ સદા મનડું રહે,
આ દાસ વણુ કાલાં અને ઘેલાં વચન તવ કો કહે;
સેવા વિના યાગ્ચા નહીં બીજી કશી તવ આગળે,
તવ બાલુડાના બોલની કિંમત ખરી તું તો કળે. ૨

મુજ ચિત્ત તુજને વેચીયું બાકી રહ્યું ના કો હવે,
પ્રત્યક્ષ દર્શન દે મને આ દાસ ભાવે એ લવે;
આ દાસની વિજ્ઞપ્તિમાં દોષો થયા જોશો નહીં,
જ્યાં પ્રેમભક્તિ ભકતની ત્યાં દોષ ટળતા સહુ અહીં. ૩

સાચું શરણુ તા ' કર્યું ભીતિ હવે ક્યાંથી રહે ?
એ લોકલજ્જા ભીતિ તે તવ શરણુ તો ક્યાંથી રહે ?
અલમસ્ત ! ત્હારા પ્રેમમાં સંસારને શૂન્યજ ગણ્યો,
તવ સેવનામાં મુક્તિ છે એ સૂત્ર હું સાચું ભણ્યો. ૪
તવ સેવનાથી જે થતું તે ચિત્ત મારૂં જાણતું,
પ્રકટ્યા ગુણો મમચિત્તમાં તે ચિત્ત મારૂં માનતું;
તવ સંગતિસેવાથકી સંસ્કાર આત્મામાં પડ્યા,
ભુંસાય ના કો કાળમાં જે આત્મની સાથે જડ્યા. ૫
નિર્ભયપણું તવ બોધથી આત્માવિષે શોભી રહ્યું,
જે બ્રહ્મનું તે બ્રહ્મમાં નિર્ભયપણે વેદી લહ્યું;
પરમાત્મનું જે તેજ તે ત્હારા હૃદયમાં ઝળકતું,
તે તેજના ઝબકારથી મનડું અમારૂં મલકતું. ૬
ત્હારા હૃદયમાં સામ્યગંગા નિર્મળાં ઝરણાં વહે,
તવ વાણીના ઉદ્‌ગારથી સમતા અમારૂં મન લહે;
માંગલ્ય તનુની મૂર્તિથી આ પૃથ્વીને પાવન કરે,
તેથી ભલી આ આર્યભૂમિ શ્રેષ્ઠતા સૌમાં વરે. ૭
જય આર્યભૂમિ ! ધન્ય તુજને આર્યની માતા ખરી,
જય આર્યભૂમિ ! સાધુજનની ખાણુ તું જગમાં ઠરી;

સાત્વિક સદ્ગુણ ખાણ ઔજસ્ શુભ તવ ઉરમાં ભર્યું,
તીર્થંકરો અહીં જન્મ લે તેથી ખરૂં મનમાં ઠર્યું. ૮
જય આર્યભૂમિ માતને સહસ્રવારે ધન્ય છે,
તીર્થો ઘણાં તુજપર રહ્યાં તેથી અહો કૃતપુણ્ય છે;
જ્યાં આર્યતાનું બીજ કોઇ કાળમાં વિણશે નહીં,
આર્યોકરે સહુ લોકને વાતાવરણથી તું સહી. ૯
આ આર્યભૂમિ તો અમારા પ્રાણનો અવતાર છે,
આ આર્યભૂમિ તો અમારા ધર્મનો આધાર છે;
આ આર્યભૂમિમાં અમારા સદ્ગુરૂજી અવતર્યા,
ચારિત્રને પાળી ભલું ઉજ્જવલવિચારે સંચર્યા. ૧૦
શુભ ધર્મનાં આંદોલનો પ્રસર્યાં અહીં ક્ષોભે ઘણાં,
મંદિર ઉજ્જવલ વર્ણનાં જ્યાં શોભતાં સોહામણાં;
ત્હારાં ગ્રહી શુભતત્ત્વને શુભ દેહ ગુરૂએ અહિં ધર્યો,
માટે તને બહુ ધન્ય છે ઉપકાર તેં સાચો કર્યો. ૧૧
જ્યાં સ્પર્શના ગુરૂએ કરી તેને સદા પાયે નમું,
એ ભૂમિપર બેસી ગુરૂના ધ્યાનની રમતો રમું;
જ્યાં આપ આસન વાળીને બેઠા હતા જે સ્થાનમાં,
તે સ્થાનને પ્રણમી થઉં મસ્તાન ચેતનધ્યાનમાં. ૧૨

તવનામ યાદી આવતાં તન્મય બને મનડું અહો,
તવદ્ધ્યેયના શુભ ધ્યાનમાં સામા રહી શિક્ષા કહો;
આપ્યો હતો ઉપદેશ જ્યાં તે સ્થાનની શોભા ઘણી,
થાશે ભવિષ્યત્ કાળમાં બહુ લાગશે સોહામણી. ૧૩
ઉપદેશના સંસ્કાર મ્હારા ચિત્તમાં ચોંટી રહ્યા,
પરમાત્મપદપ્રાપ્તિ સુધી રૂહેશે સદા મનથી વહ્યા;
ઔદાર્ય મૈત્રીભાવનું તે જાય ના વચને કહ્યું,
આચારમાં દૃઢતા ઘણી ઉપદેશથી ઔજસ્ વહ્યું. ૧૪
પ્રશસ્ય પ્રેમાબ્ધિ અહો જ્યાં છલછલાછલ થઈ રહ્યો,
ઉપસર્ગ વેઠીને ઘણા મેરૂગિરિ દૃઢતા લહ્યો;
ક્ષાન્તિતણી અવધિ નહીં આર્જવતણો પારજ નહીં,
માર્દવતણી અવધિ ખરે એ ખ્યાતિ જગમાંહિ રહી. ૧૫
નિર્લોભતા શોભી રહી આચારના વ્યવહારમાં,
આન્તરગુણોની જીવતી પ્રતિમા મનુ અવતારમાં;
પાખંડ લીલા છેદવા આદર્શ જીવન તાહરૂં,
જગમાં જીવંતુ જાગતું છે ચિત્ત માને માહરૂં. ૧૬
મધ્યસ્થતા તવ ચિત્તમાં તેથી ખરૂં તવ ભાસતું,
ગાંભીર્ય તારામાં ખરે તેવું ન અન્યે છે છતું;

પરમાત્મભક્તિલગ્ની તે ટાળી ટળે ના કો દિને,
એવો અનુભવ તાહ્યરો આવ્યો ખરે મનમાં મને. ૧૭
કાવા નહીં દાવા નહીં ખટપટ નહીં લટપટ નહીં,
તવ ચિત્તમાં એ હેતુથી પરમાત્મતા વ્યાપી રહી;
આનંદ સરવરમાં સદા ઝીલી રહ્યા સમતાવડે,
એવા પ્રભો તવ ભાવથી ક્લેશો કહો ક્યાંથી નડે. ૧૮
સમતાનદીના નીરમાં હસ્તી બની ક્રીડા કરે,
ઉપદેશજલધરવૃષ્ટિથી શુભ સૃષ્ટિને ખુશી કરે;
ચારિત્રનો રસિયો બની રેલાવતો રસ સૃષ્ટિમાં,
નહિ રાગ વા ના દ્વેષ ના સમતા ભરેલી દૃષ્ટિમાં. ૧૯
ઝઘડો નહીં જંજાળ ના પરમાર્થનો યોગી થયો,
નિર્લેપભાવે યોગીઓમાં ઉચ્ચ પદવીને લહ્યો;
વિનેયમાંહી અગ્રણી સેવા ગુરૂની હેં કરી,
આ વિશ્વમાં ખ્યાતિ ખરી સેવા ક્રિયામાં હેં વરી. ૨૦
પૂજાવવાની વૃત્તિ નહિ સન્માનની પરવા નહીં,
નિન્દા અને સ્તુતિવિષે મન સામ્યતા શોભી રહી;
પ્રારબ્ધકર્મો વેદવામાં હર્ષ શોકજ વારતો,
તારક બની ભવાબ્ધિમાંથી ભક્ત જનને તારતો. ૨૧

પરવા નહીં ધનવંતની શુભધ્યાનમાં માચી રહ્યા,
બ્હીનો નહીં જગલોકથી નિર્ભયપણે સાચું લહ્યા;
ઉપકાર કરવા પ્રાણુની મમતા નહીં કિઞ્ચિત્ ધરી,
એવા ગુરૂ તારક પ્રભુ તવ ભક્તિમાં વૃત્તિ ઠરી. ૨૨
પરમાર્થ કરવા અવતર્યો ઉદ્ધાર ભક્તોનો કર્યો,
દુસ્તર ભવાબ્ધિને કરી ચુલુક સમ સહેજે તર્યો;
જે જે બને પ્રારબ્ધથી તે સાક્ષી થઇને દેખતો,
બૂરૂં અને સારૂં બને તે સમપણાથી પેખતો. ૨૩
આનન્દ ઘટ પ્રકટાવીને વિસ્તારીયું સુખ જગવિષે,
તવ નામ સાર્થક તે થકી કરતાં અનુભવ તો દિસે;
સુખના બની સાગરપ્રભુ સાગરસમા અમને કર્યા,
મૌની છતાં આદર્શવત્ બનીને ભલા સ્વરૂપમાં ઠર્યા. ૨૪
વ્યવહારને નિશ્ચયથકી સ્વાતંત્ર્ય જીવન ગાળતા,
પ્રતિબદ્ધ ના કોથી જરા વૈદેહભાવે મ્હાલતા;
નિશ્ચય ડગાવ્યો ના ડગે વિઘ્નો પડે ના ડગમગો,
ધારેલ કાર્યો સૌ કરો ને બ્રહ્મતેજે ઝગમગો. ૨૫
આશીષ્ જેને આપી તેની સિદ્ધિ થઈ જગમાં ખરે,
ભાખ્યું પરાથી જે અહો ત્હેં કોઇ દિન તે ના ફરે;

ભૂખ્યું રહે ના કોઇ જગ તવ નામ સ્મરતાં સાંભળ્યું,
તવ નામ સાકર શેલડી જેમ ભોજને શુભ ઘી ઢળ્યું. ૨૬
વૈરાગી ત્યાગીમાં વડો ઈચ્છિત વસ્તુપ્રદ ઘડો,
આચાર ત્હારો દેખીને લેતા જનો ત્હારો ધડો;
ભાષા સમિતિ સાચવો કારણ વિના કંઈ ના લવો,
આન્તર ધ્વનિ તવ ઉછળે સાચી સમાધિ સાચવો. ૨૭
નિશ્ચય અને વ્યવહારથી યતના કરો ઉપયોગથી,
નિષ્કામવૃત્તિથી રહો નહિ ડગમગો જડભોગથી;
નિઃસંગ ભાવે સંચરો તૃષ્ણાતણાં બંધન હરો,
સંતોષના ભુવને ઠરો સ્વાધ્યાય સૂત્રોનો કરો. ૨૮
આ કાલમાં જે શેઠીઆ છે જૈનવર્ગે અગ્રણી,
ભાવે નમે તુજને ગુરો ! આ કાલમાં ચિંતામણિ;
તવ નામમંત્રે વિઘ્નની કોટી ટળે મેળા મળે,
શ્રદ્ધા અને ભક્તિથકી ધાર્યું હૃદયમાં તે ફળે. ૨૯
કલિકાલમાં આધાર તું મ્હારે ખરે સાચું ભણું,
પામી કૃપા તારી ભલી અધ્યાત્મના ભાવો ગણું;
પ્રેમે સમર્પી મુક્તિની તેં વાનગી કરૂણા કરી,
ગુરૂની કૃપાએ સહુ બને એ વાત મ્હેં મનમાં ધરી. ૩૦

ગુરૂની કૃપાથી જે થતું તે અન્યથી કદિ ના થતું,
એ સૂત્રનો અનુભવ કરી આલેખિયું સાચું મતું;
મુક્તિ ગુરૂના હાથમાં ના અન્યના તે સાથમાં,
સાહાય્ય શ્રી સદ્ગુરૂતણી ઇચ્છિત વસ્તુ આથમાં. ૩૧

આન્તરકૃપાથી સદ્ગુરૂનો હસ્ત જો શીરપર પડે,
દેવો રૂઠયા કંઈ ના કરે ને દુર્મતિ પણ ના નડે;
શ્રદ્ધા અને ભક્તિથકી ગુરૂની કૃપાની પ્રાપ્તિ છે,
ગુરૂની કૃપાએ મુક્તિની એકાન્તહેતુવ્યાપ્તિ છે. ૩૨

ગુરૂની કૃપા વણ જ્ઞાનની આશા અરે! કયાં રાખવી?
ગુરૂની કૃપાથી મુક્તિસુખની વાનગીઓ ચાખવી,
સ્વાર્પણ ગુરૂની સેવનામાં જે કરે તે ભવતરે,
કલિકાલમાં ગુરૂની કૃપા એ મુક્તિનું સાધન ખરે. ૩૩

ગુરૂની કૃપાને મેળવી તેં સત્ય સેવા કેળવી,
પ્રીતિ અને બહુમાનથી શુભભાવનાને ભેળવી;
આજ્ઞા ગુરૂની આદરે "જી હુકમ" એ મુખથી વદી,
સુશિષ્ય આજ્ઞા પાળતો આણા ન ભંગે તે કદિ. ૩૪

એવા સુશિષ્યો સ ગુરૂની પ્રીતિનું પાત્રજ બને,
નવ નિધિયો ને લબ્ધિયો કરજોડી રૂહે તેની કને

સુકીર્તિ તેની વિસ્તરે મન જીતીને ઠામે ઠરે,
ગુરૂભકત થઇ તેં શિખવ્યું અદ્યાપિ એવું સાંભરે. ૩૫
સ્વાર્પણ કરીને જીંદગી જગલોકને ઉદ્ધારવા,
સેવા ભલી એ વિશ્વની સંસારજલધિ તારવા;
ઉપદેશ એવો આપીને ઉત્સાહ આપ્યો સો ગણો,
ઉત્સાહથી સેવાવિષે ઉદ્યમ ખરે વાધ્યો ઘણો. ૩૬
નિષ્કામ સેવા આદરી દૃષ્ટાંત એ આપ્યું મને,
ઉપકાર કરવાની પ્રવૃત્તિ ધન્ય છે શતશઃ તને;
ત્હારા મનોહર બોધમાં શાન્તિ સમાધિ ઝળકતી,
કરૂણા રહી ચક્ષુવિષે તે આર્દ્રભાવે ચળકતી. ૩૭
વૈરાગ્યરસસાગર બની ન્હવરાવીયો તેમાં મને,
પ્રત્યક્ષ જીવન દેખતાં વૈરાગ્યમય જીવન બને;
વૈરાગ્યના ભેદો ઘણા ત્યાં જ્ઞાનગર્ભિત મુખ્ય છે,
વૈરાગ્યભાવે પરિણમે ત્યાં સત્ય શિવપદ સૌખ્ય છે. ૩૮
વૈરાગ્ય ત્હમને દેખતાં ઝટ આવતો મનમાં ખરે,
જૈનો અને જૈનેતરો દેખી ત્હને એ ગુણવરે;
વૈરાગ્ય દેખે આવતો ઉપદેશ દેતાં શું બને ?
મુમુક્ષુઓ નિશ્ચય કરી વૈરાગ્યનો સાગર ભણે. ૩૯

વૈરાગ્ય ટાળ્યો ના ટળે લલચાવતાં વિષયોથકી,
વૈરાગ્ય એ શિવ સૌખ્ય દે રાખો હૃદય એવી વકી;
વૈરાગ્ય એવો ઉદ્ભવ્યો તવચિત્તમાં એવું ભણું,
સેવીજ પાસાં તાહારાં અનુભવપણે એવું ગણું. ૪૦

કલિકાલમાં નીતિથકી જે જીવવું તે દોહીલું,
સદ્વર્તને જગવર્તીને સમજાવ્યું તે એ સોહીલું;
ત્હારા જીવનના પટ્ટપર ડાઘો નહીં નિન્દાતણો,
તેથી જીવનનો પટ્ટ જગમાં ભાસતો સોહામણો. ૪૧

ઇર્ષ્યા નહીં કોપર જરા ચારિત્રવાટે ચાલતાં,
ગુણરાગ સમ્યક આચરો આચાર નિયમો પાળતાં;
કિરિયાતણું અજીર્ણ જ્યાં ત્યાં વિશ્વમાં નિંદા અરે,
ક્રિયા સુયોગી તું બન્યો નિંદા નહીં ચિત્રજ ખરે. ૪૨

નિજ ચિત્તની શુદ્ધિવિના કિરિયા કર્યાથી શું વળે ?
નિજ ચિત્તની શુદ્ધિથકી વાઞ્છિત મેળા ઝટ મળે;
મુક્તિ મળે છે ચિત્તની શુદ્ધિથકી આગમ કથે,
આડંબરે મુક્તિ નહીં શુભહેતુના વૃન્દે મથે. ૪૩

નિજ ચિત્ત શુદ્ધિ રાખવી તે શૌચ સાચો ધારવો,
નિજ ચિત્ત શુદ્ધિ રાખીને પરભાવને ઝટ વારવો;

નિજ ચિત્તની શુદ્ધિ વિના આચાર વેષે ક્લેશ છે,
પરમાર્થ મુક્તિ પંથમાં તવ સત્ય એ ઉપદેશ છે. ૪૪
ક્રોધાદિના ઉપશમથકી નિજ ચિત્ત શુદ્ધિ થાય છે,
પરમાત્મપદની પ્રાપ્તિમાં શુભ સત્ય એહ ઉપાય છે;
ત્હેં ચિત્તની શુદ્ધિ ધરી આચારમાં સ્થિરતા ધરી,
તવ ચિત્તના ઉદ્ગારથી એ વાત મેં પરખી ખરી. ૪૫
પ્રામાણ્ય ત્હારી વાણીનું તવ જીવનમાં ઝળકી રહ્યું,
બોલ્યું ફરે ના તાહરૂં પ્રામાણ્ય વર્તનમાં રહ્યું;
પ્રામાણ્ય બોલી આદરી તેં શિખવ્યું મુજને ખરૂં,
આદર્શવત્ તવ બોધને પ્રીતિવડે મનમાં ધરૂં. ૪૬
પ્રામાણ્ય વણ માનવપણું આ વિશ્વમાં કહેવાય ના,
પ્રામાણ્ય વણ ધર્મી અહો ! એ નામ પણ સોહાય ના;
પ્રામાણ્ય વણ નીતિજીવનથી જીવવું મુશ્કેલ છે,
પ્રામાણ્યથી મુક્તિવિષે આરોહવું એ સ્હેલ છે. ૪૭
પ્રામાણ્ય વણ વિશ્વાસ ના કોનો જગત્‌માં જાણવો,
પ્રામાણ્ય વણ વ્યવહાર શો સાચો અરે કો માનવો;
પ્રામાણ્યવાણી કૃત્યમાં ત્યાં સિદ્ધિયો પાણી ભરે,
પ્રામાણ્યવાળી જીંદગીથી કાર્યની સિદ્ધિ ખરે. ૪૮

વિદ્વાન્ થાવું સ્હેલ છે આ વિશ્વમાંહિ માનવું,
અધિકારી થાવું સ્હેલ છે આ વિશ્વમાંહિ જાણવું;
ધનવંત થાવું સહેલ પણ પ્રામાણ્ય ગુણ મુશ્કેલ છે,
પ્રામાણ્યગુણને પામવો ના બાળકોનો ખેલ છે. ૪૯

પ્રામાણ્ય વણ જે બોલવું ધિક્કારને એ પાત્ર છે,
પ્રામાણ્ય વણ શ્રેષ્ઠિપણું એ હાસ્યરૂપે માત્ર છે;
પ્રામાણ્ય વણ ટેકીપણું નેકીપણું ક્યાંથી મળે,
પ્રામાણ્યની કિંમત નથી એવું અહો ! વિરલા કળે. ૫૦

પ્રામાણ્યની પ્રાપ્તિવિષે જે મરજીવા થઇને રહે,
પ્રામાણ્યને તે પામતા એવું અહો સન્તો કહે;
પ્રામાણ્યગુણની પ્રાપ્તિથી બીજા ગુણો પણ આવતા,
નૃપતિ અહો જ્યાં સંચરે ત્યાં સેવકો પણ જાવતા. ૫૧

પ્રામાણ્યના કોલો કરે બોલી નરો જગમાં ઘણા,
સોગન્ન ખાતા દેવના નહિ બોલમાં રાખે મણા;
ઘાતક બને વિશ્વાસના પ્રામાણ્યને દૂરે કરે,
વિરલાજનો પ્રામાણ્યથી નિજ જીવનને સફલું ધરે. ૫૨

પ્રામાણ્ય જીવન દેખતાં ઉપદેશ તવ લાગ્યો ખરે,
રહેણી વિના ઉપદેશની કિમ્મત નથી જગમાં અરે !

પ્રામાણ્ય જીવન તાહારૂં શુભભાવથી શોભી રહ્યું,
શ્રીસદ્ગુરો ! તવસંગતે પ્રમાણ્યને ભાવે લહ્યું. ૫૩
પરમાર્થના પન્થે વહ્યો તું ફર્જ નિજ માની સદા,
પરમાર્થ કરણી ફર્જ છે, નિજ માન્યતા માની મુદા;
પરમાર્થમાં નિજ સ્વાર્થને માની સદા શોભી રહ્યો,
કર્તવ્યની કરણી કરી અધિકારથી શોભા લહ્યો. ૫૪
પરમાર્થ કરવા ભીતિને મનમાં જરી ધારી નહીં,
પરમાર્થ સેવા એ ભલી નિર્દ્વેષતા શોભી રહી;
પરમાર્થ સેવા એ ભલી જ્યાં ખેદ ના સ્વપ્ને થતો,
પરમાર્થ સેવા પન્થમાં તું કર્મયોગી છે છતો. ૫૫
પરમાર્થ જીવન જીવવું એ વિશ્વમાં જીવ્યું ભલું,
પરમાર્થ વણ રાક્ષસ સમી એ જીંદગી જાણો ખલુ;
પરમાર્થ કરણીથી સદા સાધુ પુરૂષો શોભતા,
પરમાર્થના જે સેવકો તે દુર્ગતિને થોભતા. ૫૬
પરમાર્થ વણ અધિકાર સત્તાથી થયું શું માનવું,
પરમાર્થ વણ નૃપતિ થતાં ના ઉચ્ચજીવન જાણવું;
પરમાર્થની કરણીવિના આવોળફૂલ સમ માનવી,
પરમાર્થની સેવા ભલી એ નિત્ય ચિત્તે આણવી. ૫૭

પરમાર્થમાટે પ્રાણને અર્પણ કરે સન્તો સદા,
પરમાર્થથી પાછા પડે ના સાધુઓ જગમાં કદા;
સ્વાર્પણ કરે નિજ જીંદગી ચાહોમથી પરમાર્થમાં,
પરમાર્થમાં રાચી રહે તે મુંઝતા ના સ્વાર્થમાં. ૫૮

પરમાર્થની કિમ્મત નથી પરમાર્થ પ્રભુસંદેશ છે,
પરમાર્થ વણ સાધુપણાનો વેષ તે પણ કલેશ છે;
પરમાર્થ સેવા જે કરે નિષ્કામથી તે ધન્ય છે,
પરમાર્થને ફર્જજ ગણે તે માનવી કૃતપુણ્ય છે. ૫૯

પરમાર્થ કરણીમાં રહી નિજ ફર્જ માનવની ખરી,
પરમાર્થને ભૂલ્યા જનો તે અવતર્યા ના અવતરી;
નિષ્કામથી પરમાર્થનાં કાર્યો કરે મુક્તિ થતી,
નિષ્કામયોગી તે ખરા પરમાર્થમાં જેની ગતિ. ૬૦

પરમાર્થના ઉપદેશમાં ને રહેણીમાં સાધુપણું,
પ્રત્યક્ષ દીઠું તુજવિષે એ લાગતું સોહામણું;
પરમાર્થ કરણીમાં મને ઉત્સાહ આપ્યો તેં ઘણો,
તું પૂજ્ય શ્રદ્ધાવંત તેથી લાગતો સોહામણો. ૬૧

પરમાર્થની કરણીથકી પાછો પડયો નહિ તું કદા,
પરમાર્થ શ્વાસોચ્છ્વાસમાં પ્યારો મ્હને તેથી સદા;

પરમાર્થિમાનવચરણ ધૂળે ચિત્તમાં પરમાર્થતા,
પ્રકટે ખરો વિશ્વાસ એ નાસે હૃદયની સ્વાર્થતા. ૬૨
પરમાર્થિમાનવ શ્રેષ્ઠ છે આ વિશ્વમાં વિશેષ છે,
પરમાર્થની પ્રીતિ ખરી પરમાર્થિનો આદેશ છે;
પરમાર્થમાં સ્વાર્પણ કરો નિજ જીંદગી સમજુ જનો,
સાચા હૃદયના ભાવથી પરમાર્થિયો ભવ્યો બનો. ૬૩
પરમાર્થનાં કૃત્યો કરી પરમાર્થતા દર્શાવતા,
ગુરૂજી ! તમોને ધન્ય છે, સાચું સદૈવ જણાવતા;
પૂજ્યત્વ, ગુણથી આવતું એ સૂત્રને સાચું કર્યું,
ગુરૂજી ! તમારૂં અંગ નિસ્પૃહભાવથી પૂરૂં ભર્યું. ૬૪
જ્યાં ભાવ નિઃસ્પૃહ હોય છે ત્યાં સત્યતા શોભે ખરી,
જે નિઃસ્પૃહી જન હોય છે તે સત્ય બોલે મન ધરી;
જે નિઃસ્પૃહી સાધુ થતો તે સત્ય આચારે ધરે,
ગુરૂજી ! તમોને ધન્ય છે વૈરાગ્ય મન પામ્યા ખરે. ૬૫
વૈરાગ્ય વણ સંતોષને ત્યાગીપણું નહિ આવતું,
વૈરાગ્યથી સંન્યાસ પદ પરમાર્થપદ મન ભાવતું;
વૈરાગ્યથી મુક્તિ મળે આસક્તિ વિષયોની ટળે,
વૈરાગ્યના સંસ્કારથી નિજભાવની વેળા વળે. ૬૬

વૈરાગ્ય ગુણુથી ત્યાગ છે ને ત્યાગ ભાવે દાન છે,
વૈરાગ્યથી શુભ જ્ઞાન છે વૈરાગ્યથી નિજ ભાન છે;
વૈરાગ્યથી નિર્લેપતા વ્યવહારકાર્યોમાં રહે,
ભોગોવિષે નિઃસંગતા વૈરાગીઓ એવું કહે. ૬૭

વૈરાગ્યની વૃદ્ધિ થતાં નિઃસંગતા વધતી ખરે,
વૈરાગ્યની તું જીવતી મૂર્તિ અનુભવતા વરે;
કાર્યોવિષે નિઃસંગતા અનુભવવડે મનમાં વધે,
રત્નત્રયીનું સાધ્ય તે સાધનથકી સમ્યક્ સધે. ૬૮

આચાર પાળે સાધુના શાસ્ત્રોવિષે જે જે કહ્યા,
કાલાદિ સામગ્રીવડે પરિણામ ઉંચા ત્હેં ગ્રહ્યા;
નિરહંપણે કાર્યો કરે સંવર અને નિર્જર ધરે,
નિષ્કામધાર્મિકયોગથી આસ્રવદશાને સંહરે. ૬૯

સન્માનની ઇચ્છા નહીં અપમાનથી ખેદજ નહીં,
અભિમાન નહિ આચારનું સમતા હૃદય ઝળકી રહી;
ત્હેં લોકરંજનકારણે આજીજી કોની ના કરી,
નિષ્કામ આતમભાવથી "જીહાની" વૃત્તિ પરિહરી. ૭૦

પરપુદ્ગલે ના ઇષ્ટવૃત્તિ ત્હેં હૃદયથી આદરી,
આહાર આદિ વસ્તુમાં ત્હેં ઇષ્ટતાને ના ધરી;

આહાર ને વ્યવહારમાં સમભાવથી વર્તન ધર્યું,
પૂર્વે મુનિવર જે થયા અનુકરણ ત્હેં ત્હેનું કર્યું. ૭૧
આ વિશ્વમાં સમતા વિના શોભે નહિ સાધુ કદિ,
આ વિશ્વમાં પાણી વિના ના શોભતી જેવી નદી;
આ વિશ્વમાં શૂરત્વ વણ શોભે ન ક્ષત્રી માનવી,
કિરણો વિના આ વિશ્વમાં શોભે નહીં ઉગ્યો રવિ. ૭૨
આ વિશ્વમાં પર્ણો વિના શોભે ન જેવી વેલડી,
મીઠાશ વણ આ વિશ્વમાં શોભે ન જેવી શેલડી;
આ વિશ્વમાં પ્રીતિ વિના શોભે ન જેવાં દંપતી,
આ વિશ્વમાં સમતા વિના શોભે ન તેવો સંયતિ. ૭૩
આચાર્ય આચારોવડે વિદ્યાર્થી વિદ્યાથી યથા,
લજ્જાથકી રમણી યથા સમતાથકી સાધુ તથા;
વિદ્વાન્ થાતાં શું થયું સમતા વિના ના સંયમી,
શૂરો ક્ષમાથી શોભતો સમતાથકી તેવો દમી. ૭૪
શું તપ કરે શું જપ કરે શું તીર્થમાં ભમતાં ફરે,
શું લોચ મુંડાવે અરે! સમતા વિના કિરિયા કરે;
સેવાથકી શું સાંપડે ભક્તિથકી શું શું થતું,
સમતા વિના ચારિત્રને પાળ્યું સદા નિષ્ફળ જતું. ૭૫

સમતાથકી સિદ્ધિ થતી શાસ્ત્રો સકલ સાક્ષી ભરે,
સમતાવડે બાંધેલ આઠે કર્મને ઝટ નિર્જરે;
પરમાત્મસુખની વાનગી સમતાવડે ક્ષણમાં મળે,
કોટિભવોનાં કર્મ સમતાયોગથી ક્ષણમાં ટળે. ૭૬
સમભાવને તેં આદર્યો પાસે રહી અનુભવ કર્યો,
તેથીજ જગમાં પૂજ્ય તું નિશ્ચય હૃદયમાં એ ઠર્યો;
સમતાવડે ઉપકાર જગમાં જે કર્યા તે સાંભરે,
તારે ભવાંભોધિથકી ભવજંતુને પોતે તરે. ૭૭
સમભાવથી જગ દેખતાં નિર્લેપતા મનમાં રહે,
સમભાવમાં સાધુપણું મહાવીર ઉપદેશે કહે;
સમભાવ સામાયક કહ્યું આગમ વિષે તે દેખવું,
સમભાવથી મુક્તિપણું એ આત્મભાવે પેખવું. ૭૮
સમભાવમાં વર્તી રહ્યા વંદન કરોડો વાર હો,
તવ ધ્યાનમાં રાચી રહ્યો ભવસાગરેથી તાર હો !
સમભાવ કહેનારા કરોડો જન મળે આશ્ચર્ય શું ?
સમભાવની રહેણી વિના કથનીથકી તાત્પર્ય શું ? ૭૯
સમભાવની દૃષ્ટિથકી ચૈતન્ય સૃષ્ટિ ખીલવી,
સમભાવની દૃષ્ટિથકી પરમાર્થ સેવા કેળવી;

સમભાવની દૃષ્ટિથકી કાર્યો કરે નિષ્કામથી,
સમભાવને તું ખીલવે નિજભાવપ્રાણાયામથી. ૮૦

કામજિતક.

જે કામથી બંધાય છે દુનિયા સદા વિષયોવિષે,
તે કામને તેં જીતીયો બ્રહ્મચર્યવ્રતધારણમિષે;
સંસારમાં બંધન ખરેખર કામનું કહેવાય છે,
અકૃત્ય એવાં પાપકર્મો કામથીજ કરાય છે. ૮૧

જ્યાં કામ છે ત્યાં રામ નહિ જ્યાં કામ ત્યાં શાન્તિ નહીં,
જ્યાં કામની વાતો થતી ત્યાં મોહની સ્વારી સહી;
જ્યાં કામની ચેષ્ટા થતી ત્યાં મૃત્યુ વાજાં વાગતાં,
જ્યાં કામનો સંકલ્પ ત્યાં ભૂતો ઉંઘેલાં જાગતાં. ૮૨

જ્યાં કામ ત્યાં આરામની વાતો કરો તે ફોક છે,
જ્યાં કામની છે વાસના ત્યાં બોલવું રણુપોક છે;
જ્યાં કામનું સન્માન ત્યાં અપમાન શીયલદેવનું,
જ્યાં કામની ઇચ્છા થતી ત્યાં જોર છે કુટેવનું. ૮૩

જે કામના તાબે થતો તે સર્વનો નોકર બને,
નિર્બળ બને આચારમાં શક્તિ રહે ના તેકને;

જે કામના તાબે થતો તે દુઃખ દાવાનલ પડે,
જે કામને બહુ પૂજતો તે દુઃખવનમાં રડવડે. ૮૪
દુઃખી થયા જન કામથી દૃષ્ટાંત શાસ્ત્રોમાં મળે,
રાવણ સરીખા ભૂપતિ સંસારમાં કામે ગળે;
બેહાલ મુનિયો બહુ થયા જે કામના વશમાં પડયા,
અમૃત તજી વિષ સંગતેં સંસારમાંહિ રડવડયા. ૮૫
બ્રહ્મા અને હરિહર સરીખા કામના તાબે થયા,
બીજાતણો શો આશરો જે કામમાં રાચી રહ્યા;
જે કામથી સુખ ઇચ્છતા તે મૃત્યુની ફાંસી લહે,
જે કામનો આદર કરે તે રોગના પંથે વહે. ૮૬
ભીતિ સદા છે કામમાં નીતિ રહે ના ચિત્તમાં,
અગ્નિ લગાડે દેહને આચાર સત્તા વિત્તમાં;
જે કામના તાબે થઈને ભોગની ઇચ્છા કરે,
તે સ્વારી રાસભપર કરી સંસારમાં ભમતો ફરે. ૮૭
જે કામના છે સ્વાર્થમાં તે મુંઝતો સંસારમાં,
જે કામના છે સ્વાર્થમાં તે મુંઝતો વ્યવહારમાં;
જે કામમાં રાચી રહે તે કાર્ય ફરજો નાદરે,
શક્તિ ગુમાવે સાંપડી નિર્બલ બની વાતો કરે. ૮૮

જે કામના તાબે થતો તે ધર્મ સેવા શું કરે,
જે કામના તાબે થતો તે ઉચ્ચતા કયાંથી વરે ?
જે કામના તાબે થતો તે પાપની પોઠી ભરે,
આ ભવથકી મૃત્યુ લહી તે નરકપન્થે સંચરે. ૮૯

જે કામને તાબે કરે તે ધન્યવાદોને લહે,
જે કામને તાબે કરે તે મુક્તિના પન્થે વહે;
જે કામને જીતે અહો તે વિશ્વનાયક જાણવો,
જીતી અરે ! ઝટ કામને નિષ્કામ ભાવજ આણવો. ૯૦

તેં શીયલ વ્રતને આદરીને કામને તાબે કર્યો,

બ્રહ્મચર્ય.

નવવાડ શીલની સાચવી શુભ ખ્યાતિને ભાવે વર્યો;
જે બ્રહ્મચર્યે શોભતા તે કાર્યની સિદ્ધિ કરે,
જે બ્રહ્મચારી સાધુ તે મુક્તિવધૂ સહેજે વરે. ૯૧

ઉપદેશ એવો આપીને ઉપકાર તેં જગમાં કર્યો,
વર્તન ખરૂં તવ દેખીને ઉપદેશ એ મનમાં ઠર્યો;
આદર્શ બ્રહ્મચર્યનો ધારક અમારા મન વસ્યો,
મમ ચિત્તની સાથે રહ્યો એ ભાવ મનમાં ઉલ્લસ્યો. ૯૨

જે બ્રહ્મવ્રતને ધારતો તે વચન સિદ્ધિ પામતો,
જે બ્રહ્મવ્રતને ધારતો તે કામ્યભોગો વામતો;
જે બ્રહ્મવ્રતને ધારતો તે વિશ્વનો છે દેવતા,
ત્હેનાં ચરણ નૃપતિસુરાસુરભવ્યવૃન્દો સેવતા. ૯૩

સર્વ વ્રતોમાં મુખ્ય છે, એ શીયલવ્રતને જાણવું,
સાચી સમાધિ બ્રહ્મચર્યે એજ ચિત્તે માનવું;
જે દ્રવ્યથી ને ભાવથી નિજવીર્યની રક્ષા કરે,
તે દ્રવ્યથી ને ભાવથી નિજયોગની પુષ્ટિ ધરે. ૯૪

## પ્રતિજ્ઞાપાલન.

બોલે વિચારી બોલ પાછા વદનમાં પેસે નહીં,
જે જે પ્રતિજ્ઞા તું કરે તે પાળતો નિશ્ચય સહી;
બોલ્યા પ્રમાણે વર્તીને આદર્શ જીવન ત્હેં કર્યું,
એ જીવન ઉત્તમ જાણીને મેં ચિત્તમાં ભાવે ધર્યું. ૯૫

લવ લવ કરે બોલી ફરે તે માનવી ના ઢોર છે,
ઉપયોગ વણ જે બોલતો તે મૂઢ જનનો ગોર છે;
બોલે વિચારી બોલને ભાષાસમિતિ તે વરે,
બોલે વિચારી બોલને તે કાર્ય ધાર્યાં સૌ કરે. ૯૬

જે ચિત્તનો અસ્થિર માનવ બોલ બોલીને ફરે,
વિશ્વાસ તેનો જે કરે ઉપક્રમથકી તે ઝટ મરે;
જે બોલ બોલી પાળતો તે રાખતો નિજ આબરૂ,
ભાષાસમિતિ જે ધરે તે સાધુને વંદન કરૂં. ૯૭

ગુપ્તિ.

હેં કાયગુપ્તિ વચનગુપ્તિ ચિત્તગુપ્તિ આદરી,
શક્તિ પ્રમાણે યત્નથી ચારિત્રની રક્ષા કરી;
કલિકાલમાં ચારિત્રને પાળ્યું ખરા મન ભાવથી,

કહેણીરહેણી.

કહેણી પ્રમાણે રહેણીના ઉત્તમ મહા શુભ દાવથી. ૯૮
જે વચનપાતે વીર્યપાતજ થાય તે શું બોલવું,
જે બોલવું તે ન્યાય્યના કાંટે ધરીને તોળવું;
જે બોલવું તે ન્યાય્યથી મધ્યસ્થતા હૃદયે ધરી,
આચારમાં એ મૂકીને હેં સાધુતા સફળી કરી. ૯૯

ઔદાર્યદૃષ્ટિ.

ઔદાર્યની જે ભાવના આચારમાં તવ દેખી એ,
ઔદાર્ય વર્તન ભાવના સર્વત્ર મેં નહીં પેખી એ;

ઔદાર્યથી પરમાર્થનાં કૃત્યો મઝાનાં થાય છે,
ઔદાર્યથી મોટાઇ મનની પેખતાંજ જણાય છે. ૧૦૦
ઔદાર્યથી વાંધા ટળે ટંટા બખેડા ઝટ ટળે,
ઔદાર્યથી સ્વાતંત્ર્યની સત્તા ભલી જગમાં મળે;
ઔદાર્યથી સૌ લોકની સાથે સદા રહેવાય છે,
જગ સંઘની વૃત્તિ થતી ઔદાર્યથી પરખાય છે. ૧૦૧
ઔદાર્યથી સૌ સાથમાં સંપી ઘણું રહેવાય છે,
વિસ્તીર્ણ દૃષ્ટિને ખરે ઔદાર્ય નામ અપાય છે;
વિસ્તીર્ણ દૃષ્ટિ શક્તિથી આદાર્ય ફેલાવાય છે,
વિસ્તીર્ણ દૃષ્ટિ વણ હૃદય તો સાંકડું થઇ જાય છે. ૧૦૨
વિસ્તીર્ણ દૃષ્ટિ જ્યાં નથી ત્યાં વિશ્વહિત કયાંથી વસે ?
વિસ્તીર્ણ દૃષ્ટિ જ્યાં નથી ત્યાં સદ્‌વિચારો શા થશે !
વિસ્તીર્ણ દૃષ્ટિમાં વસે પ્રભુતા ખરેખર જાણશો,
ઔદાર્ય દૃષ્ટિને ખરેખર ચિત્તમાં ઝટ આણશો. ૧૦૩
ઔદાર્ય વધતું જ્ઞાનથી ને પૂર્વભવસંસ્કારથી,
ઔદાર્યથી ઉપકાર કરણીમાં થતો જન મહારથી;
ઔદાર્ય દૃષ્ટિ ખીલવે તે વિશ્વવંદ્ય સુહાય છે,
મોટાઈ મનની ત્યાં વસે ઔદાર્ય જ્યાં પ્રકટાય છે. ૧૦૪

વિસ્તીર્ણ દૃષ્ટિ રાખવા ઉપદેશ ત્હેં દીધો ઘણો,
ઔદાર્ય દૃષ્ટિ ખીલવવી આચાર મનમાં એ ભણો;
ઔદાર્ય દૃષ્ટિ રાખવી એ સન્તજનનો ધર્મ છે,
ઔદાર્ય દૃષ્ટિ ખીલવવી એ સન્તવાણી મર્મ છે. ૧૦૫

ઔદાર્યનો ઉપદેશ એ મારા હૃદયમાં વ્યાપતો,
ઔદાર્ય દૃષ્ટિ ખીલવવા ઉત્સાહતાને થાપતો;
ગુણરાગ ત્હારા હૃદયમાં વ્યાપી રહ્યો આચારમાં,
ભૂલ્યો નહીં ગુણરાગને પરમાર્થના વ્યવહારમાં. ૧૦૬

ગુણરાગી.

ગુણ રાગની જીવતી પ્રતિમા તું થયો સંસારમાં,
ગુણરાગ દેવા અવતર્યો માનવતણા અવતારમાં;
ગુણરાગ જ્યાં વાસો વસે ત્યાં સર્વગુણ પ્રકટે ખરે,
ગુણરાગ માનવભવવિષે સહુ દોષને ક્ષણમાં હરે. ૧૦૭

ગુણરાગથી ગુણ પ્રકટતા જ્યાં ત્યાં જગતમાં દેખવું,
ગુણરાગથી સમ્યક્ત્વ ગુણ પ્રકટે ખરેખર પેખવું;
ગુણરાગ વણ જે માનવી તે દોષદૃષ્ટ્યા અન્ધ છે,
ગુણરાગ વણ મિથ્યાત્વથી કર્મે ખરેખર બન્ધ છે. ૧૦૮

ગુણરાગ દૃષ્ટિ કૃષ્ણમાં એ શ્વાન દંત વખાણતો,
ગુણરાગ દૃષ્ટિ માનવી દોષો ન મનમાં આણતો;
ગુણરાગ દૃષ્ટિ માનવી જગહંસની દૃષ્ટિ ધરે,
ગુણરાગ દૃષ્ટિ જે વરે તે ધર્મની પોઠી ભરે. ૧૦૯

**સંકીર્ણદૃષ્ટિત્યાગ.**

સંકીર્ણદૃષ્ટિયોગથી જે ખેદને ભેદો પડે,
જે સાંકડા વિચારથી લોકો પરસ્પર બહુ લડે;
એ સાંકડી દૃષ્ટિથકી ઈર્ષ્યા થતી માનવ વિષે,
સંકીર્ણદૃષ્ટિયોગથી આ વિશ્વની પડતી દીસે. ૧૧૦

એ સાંકડી દૃષ્ટિ ત્યજી ઔદાર્ય દૃષ્ટિ આદરો,
ઔદાર્ય દૃષ્ટિ આદરીને વિશ્વનું શ્રેયસ્ કરો;
આચારમાં વિચારમાં જે સાંકડા માનવ રહે,
તે સત્યને દૂરે કરીને નીચ પદવીને લહે. ૧૧૧

જે સાંકડી દૃષ્ટિ ધરે તે વિશ્વમાંહી શું કરે ?
ગંદા વિચારો જે કરે તે દુઃખમાં ડૂબી મરે,
બ્હોળા અને સારા વિચારો સત્ય શાન્તિ આપતા,
દાબે કદાપિ કોઇ તોપણ વિશ્વમાં તે વ્યાપતા. ૧૧૨

ઔદાર્ય એવું ચિત્તમાં ઉપદેશમાં આચારમાં,
ત્હેં શિખવ્યું નિશ્ચય અને આ જગતૂના વ્યવહારમાં;
ઔદાર્ય દૃષ્ટિ ધારતા તે સદ્‌ગુરૂ ગુણને વહે,
ઔદાર્ય દૃષ્ટિવંત જન આ વિશ્વમાં સુખડાં લહે. ૧૧૩

આગમથકી અવિરોધરૂપે જે વિચારો થાય છે,
જ્યાં દેશ કોમ ને ધર્મની શુભ ઉન્નતિ પ્રકટાય છે;
જ્યાં જ્ઞાન ને આચારની છે ઉન્નતિ આ કાલમાં,
વિસ્તીર્ણદૃષ્ટિ તે ભણો ના ભૂલશો જંજાલમાં. ૧૧૪

નીતિ વધે રીતિ વધે સ્વાતંત્ર્ય પરમાર્થે વધે,
પરતંત્રતા સાપેક્ષથી રહેતી ભલું સાધન સધે;
ઔદાર્યદૃષ્ટિ તે ખરી જ્યાં સત્યતા પોષાય છે,
જ્યાં નાશ થાતો ધર્મનો ઔદાર્ય તે ન ગણાય છે. ૧૧૫

જ્યાં દીર્ઘ દૃષ્ટિ હોય છે, ઔદાર્ય ત્યાં વધતું રહે,
વ્યવહાર અને પરમાર્થની ત્યાં ઉન્નતિ વેગે વહે;
ઔદાર્ય દૃષ્ટિ ખીલવવા શક્તિ સદા નિજ વાપરો,
ઔદાર્યદૃષ્ટિ સેવીને સહુ વિશ્વનું શ્રેયસ્ કરો. ૧૧૬

પાસાં તમારાં વેઠીને ઔદાર્ય મેં એ મન ધર્યું,

મળતાપણું.

મળતાપણું સહુ સાથમાં આચારમાં અંગીકર્યું;
મળતાપણું સહુ સાધુથી રાખી સ્વધર્મે તું રહ્યો,
મળતાપણાને રાખીને ત્હેં સંપ શિર સાટે વહ્યો. ૧૧૭
મળતાપણું જે રાખતા તે સ્વાદતા સુખ સ્વાદને,
મળતાપણું જે ધારતા તે વારતાજ વિવાદને;
મળતાપણું રાખ્યાથકી બહુબળ વધે વ્યવહારમાં,
ક્લેશો સમે પ્રીતિ વધે સદ્ગુણુ વધે આચારમાં. ૧૧૮
ઔદાર્યને લઘુતાથકી મળતાપણું વધતું રહે,
શુભમિલનતા ધાર્યાથકી પરમાર્થતા વૃદ્ધિ લહે;
જે મિલનતા સહુ સાથમાં રાખે ખરો તે માનવી,
પર્વત વિષે મેરૂ સમો ને ગ્રહગણે જેવો રવિ. ૧૧૯
જ્યાં સુજનતા ખીલે ખરી ત્યાં મિલનતા વ્યાપી રહે,
ત્યાં ભેદ ખેદ ટળે ઘણા ને ચિત્તમાં શાન્તિ વહે;
શુભ મિલનતા ગુણ ધારવો આ કાળમાં છે દોહીલો,
જ્યાં નમ્રતા ગુણરાગ ત્યાં એ પામવો ઝટ સોહીલો. ૧૨૦
એ મિલનતા ગુણ તવ વિષે પાસે રહીને અનુભવ્યો,
પ્રકટી અસર તેથી ઘણી મમચિત્તમાં ભાવે કવ્યો;

એ મિલનતા ગુણ રાખવા આદર્શ જીવન તાહ્યરૂં,

ગુર્વાજ્ઞાપાલન.

તું પૂજ્ય એવા સદ્દગુણે એમ માનતું મન માહ્યરૂં. ૧૨૧
સેવા કરી તેં સદ્ગુરૂની સર્વને અર્પણ કરી,
આજ્ઞા ગુરૂની માનતો સન્માનબહુપ્રીતિ ધરી;
આજ્ઞા ગુરૂની પાળવી એ ફર્જ ત્હારી સાચવી,
નજરે નિહાળી સંગતે ને ચિત્તમાંહે અનુભવી. ૧૨૨
આજ્ઞા ગુરૂની માનતા એવા જનો વિરલા જડે,
નિન્દા ગુરૂની જે કરે તે વિશ્વમાંહિ રડવડે;
સેવાથકી મેવા મળે શ્રદ્ધા સુભક્તિ સદ્દગુણે,
આત્માર્થતા પ્રકટે ભલી પરબ્રહ્મને પોતે મુણે. ૧૨૩
પાસાં ગુરૂનાં સેવીને હેં ધર્મશ્રદ્ધા મેળવી,
પાસાં ગુરૂનાં સેવીને હેં સ્થૈર્યશક્તિ કેળવી;
પાસાં ગુરૂનાં સેવીને અનુભવ ઘણા મનમાં લહ્યા,
પાસાં ગુરૂનાં સેવીને અનુભવ ઘણા મુજને કહ્યા. ૧૨૪
શ્રદ્ધા અને ભક્તિથકી પાસાં ગુરૂનાં સેવતા,
સુશિષ્ય વિનયે આ ભવે વાણીથી થાતા દેવતા;

પાસાં ગુરૂનાં સેવીને ચૈતન્યજ્ઞાની જન થતો,
પાસાં ગુરૂનાં સેવતાં શિવમાર્ગમાં માનવ જતો. ૧૨૫

ગુરૂસેવા

શ્રી સદ્ગુરૂ સેવા વિના વિદ્વાન્ થાતાં શું વળે,
શ્રી સદ્ગુરૂ સેવા વિના જગમાં ફર્યાથી શું મળે ?
શ્રી સદ્ગુરૂગમજ્ઞાનની પ્રાપ્તિથકી સિદ્ધિ થતી,
શ્રી સદ્ગુરૂ ગમ જ્ઞાનની પ્રાપ્તિ થકી પંચમ ગતિ. ૧૨૬
શ્રી સદ્ગુરૂને સેવતાં પરમાર્થ સિદ્ધિ થાય છે,
શ્રી સદ્ગુરૂને સેવતાં પાપો ભવોનાં જાય છે;
શ્રી સદ્ગુરૂને સેવતાં સ્યાદ્વાદમાર્ગ પમાય છે,
શ્રી સદ્ગુરૂને સેવતાં વિઘ્નોજ દૂર પલાય છે. ૧૨૭
ત્હેં સદ્ગુરૂ સેવા કરી એ પૂર્ણ મમ મનમાં ગમે,
પ્રત્યક્ષ તેમ પરોક્ષમાં એ ભાવ મુજ મનમાં રમે;
સેવા કરી ત્હેં મેળવ્યું તે સાથ અન્યભવે થયું,
શ્રી સદ્ગુરૂ મમ દેવતા મમ ચિત્તમાંહી એ રહ્યું. ૧૨૮
દોષો ગુરૂના જે વદે ને બાહ્યથી સેવા કરે,
ગુરૂનિન્દકો ઠામે ઠરે ના ભવવિષે ભમતા ફરે;
ગુરૂના ઉપર પ્રીતિ નહીં સન્માન નહીં ભક્તિ નહીં,
એવા નગુરા માનવોની દુર્ગતિ શાસ્ત્રે કહી. ૧૨૯

સ્વચ્છન્દ મનમાં અતિઘણું મનમાનતું તે આચરે,
આજ્ઞા ગુરૂની ના ધરે કુશિષ્ય ભૂડું ઉચ્ચરે;
" ગુરૂદ્રોહીનીકુગતિ.
મરજી પ્રમાણે ચાલતો બકવાદ કરતો સોગણો,
કુશિષ્ય એવો ના ભલો દુર્જન ખરો એને ગણો. ૧૩૦
શાઠ્યં કરે ગુરૂસાથમાં વચને કરે નારદપણું,
ગુરૂ પાછળે નિંદા કરે ચંડાળ કુશિષ્ય જ ભણું;
દ્રોહી ગુરૂનો જે બને તે દુષ્ટ નર ચંડાળ છે,
ભમતો ભમે ભવમાં ઘણું એ જીવતો મહાકાલ છે. ૧૩૧
શું તપ કરે શું જપ કરે શું વ્રત કરે યાત્રા કરે,
ગુરૂની અરે આજ્ઞા વિના નિષ્ફળ સહુ માનો ખરે;
વિદ્વાન્ થાતાં શું વળ્યું ગુરૂથી અરે ! સામા થતાં,
સામા થતાં ગુરૂના અરે વ્રત તપ કર્યાં નિષ્ફળ જતાં. ૧૩૨
વકતા બન્યાથી શું વળ્યું પદવી ધર્યાથી શું વળ્યું,
આજ્ઞા ગુરૂની જો નહીં તો સર્વ એ નિષ્ફળ ગણ્યું;
વિશ્વાસઘાતક જે બને ગુરૂનો અરે દુઃખી થતો;
તે નરકમાંહીં સંચરે એકેન્દ્રિયાદિ ભવ જતો. ૧૩૩
વિશ્વાસ આપી સદ્દગુરૂને જે અરે દેતો દગો,
બળ્યો હૃદયમાં જાણશો તે થાય ના કોનો સગો;

ગુસ્સો કરે ગુરૂના ઉપર જે શિષ્ય ભારે કર્મી છે,
વિશ્વાસ ના ગુરૂબોધમાં એ શિષ્ય પૂર્ણ અધર્મી છે. ૧૩૪
શ્રદ્ધાસુપ્રીતિભક્તિથી સુશિષ્ય ગુરૂ આશીઃગ્રહે,
સન્માનને બહુમાનથી જે સદ્ગુરૂ આજ્ઞા વહે;
સાહાય્ય કરતા દેવતા સુશિષ્યની ભવમાં સદા,
કીર્તિ પ્રતિષ્ઠા મુક્તિને તે પામતો વિનયે મુદા. ૧૩૫
સુશિષ્યને કુશિષ્યનો ત્હેં ભેદ દર્શાવ્યો ખરો,
જય જય ગુરૂજી જગવિષે તું ધર્મનો પ્રકટ્યો ઝરો;
ઉદ્ધાર કરવા માહરો આ વિશ્વમાં તું અવતર્યો,
ગુરૂની ખરી સેવા કરી ભવ પાથોધિ વેગે તર્યો. ૧૩૬
એ ગુણ તમારો સાંભરે મુજ ચિત્તમાં કંઇકંઇ કરે,
આધાર આ કલિકાલમાં મ્હારે અરે! ભાવે ખરે;
ત્હારા ગુણોના ભાનના શુભ તાનમાં મસ્તાન છું.
ત્હારા ગુણોના ગાનમાં મનવાણીથી ગુલ્તાન છું. ૧૩૭
ત્હારા ગુણોને ગાવતાં ત્હારા ગુણોને ભાવતાં,
ત્હારા ગુણો સૌ પ્રકટશે શુભ એક ચિત્તે ધ્યાવતાં;
ત્હારા હૃદયના સદ્ગુણો મ્હારા હૃદયમાં પ્રકટતા,
ગુણમાં થતાં તન્મયપણે સહુ પાપ દોષો વિઘટતા. ૧૩૮

ત્યાગી પરિગ્રહત્યાગથી મમતા નહીં કોની જરા,
પ્રતિબદ્ધ ના કો વસ્તુમાં ત્હેં ધર્મની વહી છે ધુરા;
ત્હેં હૃદયભાવે લોચથી નિજ જન્મને પાવન કર્યો,
ત્હેં શાન્તરસના યોગથી ઝટ ક્રોધ શત્રુ સંહર્યો. ૧૩૯
ત્હેં ત્યાગ કીધા ક્લેશને કંકાસ વૈર વિરોધને,
તાબે કર્યો ગુણરાગથી ઝટ દોષદૃષ્ટિયોધને;
ભ્રકુટી ચઢાવીને અરે ત્હેં ક્રોધને કીધો નહીં,
તેથી રીસાઇ ક્રોધ ત્હારા ચિત્તથી નાઠો સહી; ૧૪૦
પ્રતિલેખનાદિ સત્ક્રિયાને સદ્વિધિયોગે કરે,
શુભ પ્રીતિ ભક્તિ વચનને નિઃસંગ ભાવે તું વરે;

**સદાચાર.**

આચારમાં ઉત્તમપણું ને ચિત્તમાં તન્મયપણું,

**કર્મયોગી.**

એ જ્ઞાનપૂર્વક કર્મયોગીને ભલું ભાવે ભણું. ૧૪૧
તું ધર્મના વ્યવહારમાં નિશ્ચલ રહ્યો શ્રદ્ધાવડે,
જોતાં ન ત્હારી જોડ જગમાં તુજ સમી નજરે ચડે;
સ્વાધ્યાય આગમનો કરે વિકથા જરા ના તું કરે.
**જય જય ગુરૂજી માહ્યરા મમ ચિત્ત તુજને બહુ સ્મરે. ૧૪૨**

સાહાય્યદાયક.

સાહાય્ય આપે સાધુઓને જ્ઞાન સંયમ પાળવા,
સાહાય્ય આપે ધર્મીઓને મુક્તિ સન્મુખ વાળવા;
સાહાય્ય પરને આપતાં કૃત કર્મ બહુલાં નિર્જરે,
સાહાય્યકારક આત્મગુણની ઉન્નતિ વેગે વરે. ૧૪૩
સાહાય્યથી સ્થિરતા વરે ને ઉચ્ચ જીવન થાય છે,
સાહાય્ય આપે ધર્મીને તે લબ્ધિયોગી થાય છે;
સાહાય્ય આપે દુઃખીયોને તે ખરો ઉપકારી છે,
નિષ્કામથી સાહાય્યપદની વિશ્વમાં બલિહારી છે. ૧૪૪
જે આત્મભોગી સાધુ તે સાહાય્યગુણ કરતો રહે,
જે આત્મભોગી સાધુ તે સાહાય્યગુણ રાચી વહે;
સાહાય્ય કરતાં ધર્મની પ્રગતિ ખરેખર જાણવી,
સાહાય્ય કરવા લોકને નિજ ફર્જ મનમાં આણવી. ૧૪૫
દાક્ષિણ્યતા તવમાં રહી તે જાય ના મુખથી કહી,
દાક્ષિણ્યતા જેમાં રહી તે સેવ્ય વ્યક્તિજ છે અહીં;

દાક્ષિણ્યતા.

દાક્ષિણ્યતા સાચી ધરે તે આત્મભોગી પદ વરે.
દાક્ષિણ્યતા પરમાર્થની વૃત્તિથકી ખીલે ખરે. ૧૪૬

નિજ કાર્ય મૂકી અન્યનું જે કાર્ય કરવું થાય છે,
દાક્ષિણ્યતા તો ત્યાં રહી શાસ્ત્રોથકી સમજાય છે;
ધર્મોથી એ દાક્ષિણ્યને ધરતા સદા મુનિયો રહે,
આશા ધર્યા વણ ફલતણી તે કાર્ય કરવામાં વહે. ૧૪૭
તું સાધ્યના ઉપયોગને કાર્યોવિષે સ્મરતો રહે,
ચૂકે ન ધાર્યા લક્ષ્યને શુભયોગીની પદવી વહે;
શ્રીમન્ત નિર્ધન બેઉમાં તું સામ્યને ધારે સહી,
ત્યાગી પરિગ્રહમોહને નિર્ગ્રન્થતા હૃદયે વહી. ૧૪૮
ગંભીરતા ત્હારા સમી મેં અન્યમાં દીઠી નહીં,
ગંભીરતાથી લોકનું કલ્યાણ નિજનું છે સહી;
ગંભીરતા વણ ક્ષુદ્રતાથી માનવી પાપો કરે,
ગંભીરતાને જે ત્યજે તે ક્ષુદ્રજનપદવી વરે. ૧૪૯

**ગંભીરતા.**

ગંભીરતાસદ્‌ગુણવડે આ લોકમાં કીર્તિ થતી,
ગંભીરતા સદ્‌ગુણવડે અપકીર્તિ તો દૂરે જતી;
ગંભીરતા સદ્‌ગુણવડે માનવ જગત્‌માં ગાજતો,
ગંભીરતા સદ્‌ગુણવડે માનવ જનોમાં છાજતો. ૧૫૦
ગંભીરતા જ્યાં પ્રકટતી ત્યાં અન્ય ગુણ વાસો વસે,

ગંભીરતા પ્રકટયાથકી ઝટ ક્ષુદ્રતા દૂરે ખસે;
ગંભીર જે માનવ થતો તે પેટમાં સૌ રાખતો,
ગંભીર માનવ શાન્તિ કીર્તિ મુક્તિ સુખને ચાખતો. ૧૫૧
ગંભીર માનવ જે થતો તે વાત સર્વે પામતો,
ગંભીર માનવ જે થતો તે સદ્ગુણોથી જામતો;
ગંભીર માનવ જે થતો વિશ્વાસ્ય તેજ કથાય છે,
ગંભીર માનવ જે થતો તે વિશ્વવંદ્ય ગણાય છે. ૧૫૨
વાતો સકળની સાંભળીને ચિત્તમાં ધારે સહુ,
મર્મો હણે ના કોઈનાં એ વાત કોને હું કહું;
દુઃખો પડે કોટીગમે ગંભીરતા નહિ ત્યાગતો,
ગાંભીર્ય ગુણને મન ધરી નિશદિન રહ્યો તું જાગતો. ૧૫૩
વિશ્વાસ્ય સજ્જન થાય છે ગંભીરતા મહાસદ્ગુણે,
ગંભીર માનવ દેખીને ઇંદ્રાદિકો મસ્તક ધુણે;
ગંભીર ગુણવણ તુચ્છતાથી વૈર ઝઘડા વાધતા,
ગંભીર ગુણવણ ધર્મને ભવ્યો કદિ નહિ સાધતા. ૧૫૪
ગંભીરતા ગુણ જે ધરે તે ધર્મની લે યોગ્યતા,
ગંભીરજનોને છે સદા શાશ્વત સમાધિ ભોગ્યતા;
ગંભીરતા સદ્ગુણ વિના હડકાયલા કુતરાપરે,

હડધૂત માનવ થાય છે કુમૃત્યુથી અન્તે મરે. ૧૫૫
ગંભીર માનવ દેખીને સંગત કરો સાથે વસી,
ગંભીર જનને પારખો સુવર્ણ પેઠે બહુ કસી;
વાતો કરો ના મર્મની ગંભીર જન દેખ્યા વિના,
ગંભીર જનને દેખીને મન દુઃખની કથવી બીના. ૧૫૬
ગંભીરતા આવ્યા વિના આપ્યું વચન જૂઠું થતું,
ગંભીરતા વણુ જન સહુ સહેજે ટકાનું થઈ જતું;
ગંભીરતા વણુ કલેશની હોળી જગતમાં સળગતી,
ગંભીરતા વણુ તુચ્છતા મહારાક્ષસી ઝટ વળગતી. ૧૫૭
ગંભીરતા છે ધર્મનો પાયો ખરેખર માનવો,
ગંભીરને પાયે પડે દેવેન્દ્રમાનવદાનવો;
ગાંભીર્ય વણુ જે ધર્મ તે પણ કર્મકંથા સમ ભણ્યો,
ગંભીર માનવ જે થયો તે સહુ ભણ્યોને સહુ ગણ્યો. ૧૫૮
ગંભીર થઈ ઉપકાર કીધા તેં મનુષ્યોપર ઘણા,
ત્હેં બહુ સુધાર્યા તુચ્છને રાખી ન તેમાં કાંઇ મણા;
ગંભીરતા ગુણધામ મારા સદ્‌ગુરૂ જગમાં જયો;
શુભકર્મના ઉદયે અમારો સદ્‌ગુરૂ જગમાં થયો. ૧૫૯

નિજ સાધુઓને પોષતો સંતોષતો ભાવે સદા,
સંભાળ તેં કીધી ઘણી વાત્સલ્યતા ધારી મુદા;

**વાત્સલ્યતા.**

વાત્સલ્યથી મનડું ભરી પાછો પડે ના તું કદિ,
બહુપૂરથી વહેતી યથા ગંગા અને સિન્ધુ નદી. ૧૯૦
વાત્સલ્ય ગુણને ધારવો એ ફર્જ ગુરૂની છે ખરી,
અધિકારયોગે કર્મની એ ફર્જ નિજ પૂરી કરી;
અધિકારથી કર્તવ્ય ગુરૂનું જે ખરૂં શિષ્યો પ્રતિ,
તે તે બજાવે ફર્જથી એવી ગુરૂની છે ગતિ. ૧૯૧
વાત્સલ્ય ગુણવણ શિષ્યનું કલ્યાણ ગુરૂ ક્યાંથી કરે,
કીધું કરેના સદ્‌ગુરૂનું શિષ્ય સુખ કયાંથી વરે;
મન વાણીને કાયાથકી જે સદ્‌ગુરૂ છાયા બને,
તે શિષ્ય ગુરૂઆજ્ઞાવડે ચાલી સકળ કર્મો હણે. ૧૯૨
પ્રતિબોધ એવો આપીને ત્હેં ફર્જ નિજ પૂરી કરી,
જય જય ગુરૂ ભવપાથોધિ તરવા પ્રતિ તું છે તરી;
ત્હેં કાય મનવાણીથકી નિજ જીવ જૂદો અનુભવ્યો,
જય જય જગતમાં સદ્‌ગુરૂ મેં ભક્તિભરવેગે કવ્યો. ૧૯૩

ॐ

તું સદ્‌વિવેકે સર્વને સમજાવતો આશય ભલા,
પરમાત્મના શુભ ધ્યાનથી ભાષા પરાથી નીકળ્યા;
તું સદ્‌વિવેકે ધર્મનાં કાર્યો સુયુક્તે આચરે,
તું યોગ્ય અવસર ઓળખી બોલી અસર સારી કરે. ૧૬૪

વિવેક

દશમો નિધિ વિવેક જ્યાં પ્રકટે ન બાકી ત્યાં જરા,
જે સદ્‌વિવેકીમાનવો તે વિશ્વમાં જયજયકરા;
જે સદ્વિવેકી થાય છે તે સત્ય ખોટું જાણતો,
કુયુક્તિ આગ્રહભાવથી તે જૂઠને ના તાણતો. ૧૬૫

જ્યાં સદ્વિવેકજ પ્રકટતો ત્યાં સત્યદૃષ્ટિ આગળે.
જ્યાં સદ્વિવેકજ હોય છે ત્યાં જૂઠ તો ઝટ ઓગળે;
સમ્યક્ત્વ સદ્વિવેકથી આચાર સારા થાય છે,
જ્યાં સદ્વિવેકજ ભાનુ ત્યાં અજ્ઞાન તમ પલટાય છે. ૧૬૬

એક તર્ફ ગુણ સઘળા અને એક તર્ફ ગુણ વિવેક છે,
જ્યાં સદ્વિવેકી ચિત્ત ત્યાં સાચી મઝાની ટેક છે;
સાચુંજ જૂઠું પરખવા વિવેકની શુભ નેક છે,
આત્મોન્નતિ પ્રકટાવવા વિવેક જગમાં એક છે. ૧૬૭

જે બોલતો વિવેકથી ને ચાલતો વિવેકથી,
સંગત કરે વિવેકથી તેને જરાતો ભય નથી;
જે કાર્યના આરંભમાં વિવેકને આગળ ધરે,
તે વિઘ્નકોટી આવતાં ના કાર્યથી પાછો ફરે. ૧૬૮
આચાર શો વિવેકવણુ નાસાવિના માનવ યથા,
શુભ ગંધવણુ પુષ્પજ યથા વિવેકવણુ માનવ તથા;
સંસારમાં વિવેકથી જ્યાં ત્યાં મનુ શોભા લહે,
ચાલે નહિ વિવેકવણુ ક્ષણુ માત્ર પણુ શાસ્ત્રો કહે. ૧૬૯
જે સદ્વિવેકે વર્તતો પસ્તાય ના કો કાળમાં,
દૂરે રહે દુર્ગુણુથકી પડતો ન દંભી જાળમાં;
જ્યાં સદ્વિવેકજ દીપતો ત્યાં લક્ષ્મીજી પાણી ભરે,
જ્યાં સદ્વિવેકજ દીપતો ત્યાં દેવતા ફેરા ફરે. ૧૭૦
તે સદ્દગુણી વિદ્વાન્ છે જે સદ્વિવેકે શોભતો,
દુર્ધ્યાનના સંકલ્પને તે સદ્વિવેકે થોભતો;
જે સદ્વિવેકે સ્વાર્થને પરમાર્થને શુભ સાધતો,
આત્મોન્નતિ પ્રગતિ પ્રતિ તે દ્રવ્યભાવે વાધતો. ૧૭૧
મેળામળે સંપત્તિના વિપત્તિયો દૂરે ટળે,
ચેતન વિવેકે કાર્યને કરતો રહે સુખમાં ભળે;

સમ્યક્ત્વની ઇચ્છા યદિ તો સદ્વિવેકે મન ધરો,
જો મુક્તિની ઇચ્છા યદિ તો સદ્વિવેકજ આદરો. ૧૭૨
ઉપયોગથી જે સદ્વિવેકે ઉચ્ચ જીવન કેળવે,
અધ્યાત્મની ચડતી દશાને જ્ઞાનયોગે મેળવે;
જ્યાં જાય ત્યાં મંગળ લહે જય જય જનો સર્વે કહે,
એવાજ સદ્વિવેકને આસન્નજીવો ઝટ લહે. ૧૭૩
પ્રતિબોધ સદ્વિવેકનો આપી ઉઘાડી આંખને,
પ્રતિબોધ આપી સંપનો ત્હેં શુભ ધારી પાંખને;
જે સંપથી સંસારમાં વર્તે ખરે તે સુખ લહે,
જ્યાં સંપ છે ત્યાં જંપ છે એવું જ આત્મમુખે કહે. ૧૭૪
શુભસંપથી બહુ બળ વધે ને શત્રુની શક્તિ ઘટે,
શુભસંપને સેવ્યાથકી વિપત્તિયો વેગે મટે;
જ્યાં સંપીને ભળ્યો રહે તો ઉન્નતિ વેગે થતી,
જ્યાં સંપ ત્યાં છે સંપદા દેશોન્નતિ વધતી જતી. ૧૭૫
જ્યાં સંપ તૂટે ક્લેશથી કુસંપ આવી ત્યાં રહે,
વૈરો વધારે વિશ્વમાં કુસંપ મનને બહુ દહે;
રૂપાદ્યહંવૃત્તિથકી શુભ સંપને ઝટ તોડતો,
તે મોહનો સેવક બનીને દુર્ગતિપથ દોડતો. ૧૭૬

શુભ સંપમાં લાગી રહો કુસંપથી દૂરે રહો,
નિર્ભય થવા ઇચ્છા યદિ તો માર્ગ એ સાચો ગ્રહો;

**સંપ.**

શુભ સંપથી આ વિશ્વમાં માનવ સકળ ભેગા મળે,
શુભ સંપથી આ વિશ્વમાં ઈર્ષ્યા અને ઝઘડા ટળે. ૧૭૭
બહુ બળ અને વિદ્યાથકી પણ સંપ વણ ના સાર છે,
થાતાં સ્વજનમાં ફૂટ રાવણભૂપતિ સમ હાલ છે;
જ્યાં ફૂટ ના ત્યાં તૂટ ના જ્યાં ફૂટ ત્યાં હાનિ ઘણી
જયચંદ પૃથ્વીરાજ જો કુસંપથી પ્રગતિ હણી. ૧૭૮

**દ્રોહ.**

વિદ્રોહથી છે અવનતિ બહુ દેશ ધર્મ સમાજની,
વિદ્રોહથી હાનિ ઘણી વિદ્યા સુબળ સૌરાજ્યની;
વિદ્રોહથી જે રાચતો તે આત્મદ્રોહી જાણવો.
વિદ્રોહથી શોભા નહીં એ ભાવ મનમાં આણવો. ૧૭૯
વિદ્રોહનું મુખ કૃષ્ણ છે અનુભવ ખરો સાક્ષી ભરે,
શુભસંપ ને જે ત્યાગતો તે દેશ સેવા શું ? કરે,
જે સેવતો શુભસંપને તે દેશ ધર્મ સુભક્ત છે,
શુભસંપથી માનવ ખરે સુસંપદા આસક્ત છે. ૧૮૦

અહંકાર અને નિજ સ્વાર્થ ત્યાગ્યાથી અહો સંપજ થતો,
સન્માનપરવા ત્યાગથી શુભસંપપથ માનવ જતો;
હિત જો વસે નિજદેશનું વા સંઘનું તો સાધ્ય છે,
કલ્યાણ કરવા અન્યનું એ સંપ શુભ આરાધ્ય છે. ૧૮૧
નિર્બલજનો પણ સંપથી સંપી રહી વિજયી બને,
નિર્બલ બિચારી કીડીઓ સંપે મહા સર્પજ હણે;
બહુ તાંતણા સંબંધ સંપે દોરડું જે થાય છે,
તે હાથીને પણ બાંધતું એવું જગત્ દેખાય છે. ૧૮૨
સહુ અંગ સંપીને રહે તો દેહ પણ ઉભો રહે,
જ્યા સંપ છે ત્યાં ઉન્નતિ એવું જનો જ્ઞાને કહે.
જે દેશમાં જે કોમમાં જે સંઘમાં સંપજ નહીં,
તેની થઈ પડતી ઘણી દૃષ્ટાન્તથી જાણો સહી. ૧૮૩
સાચી શિખામણ એહ છે શુભસંપથી સંપી રહો,
શુભ સંપને સેવાય એવા બોધને જયાં ત્યાં કહો;
સન્માન લાલચ સ્વાર્થથી શુભ સંપને ના ત્યાગવો,
દિન દિન પ્રભુ પૂજી કરી શુભ સંપને મન માગવો. ૧૮૪
દુઃખો પડે કોટી ગમે પણ સંપને ના છોડશો,
મોટું કરીને મન ઘણું સંપે સ્વજનને જોડશો;

સંપજ રહે સહુ સાથમાં એવા ઉપાયો આચરો,
સંપજ ટળે એવા પ્રસંગો સર્વ પામ્યા પરિહરો. ૧૮૫

શોભા વધે શાસનતણી શુભ સંપથી જો ચાલશો,
શુભ સંપ ઉદયે સેવ્ય છે આનંદમાંહિ મ્હાલશો;
શુભ સંપ વાજાં વાગતાં ત્યાં લક્ષ્મી લીલા પાસ છે,
શુભ સંપ વાજાં વાગતાં ત્યાં દેવનો આવાસ છે. ૧૮૬

મનમાં ધરીને દાઝ સાચી ગચ્છને શાસનતણી,
સંપી રહે જે સાધુઓ તે સંઘમાં છે અગ્રણી;

**સંપથી શુભ પ્રગતિ.**

જિન ધર્મને ફેલાવવા જે સૂરિયો સંપી સદા,
કાર્યો કરે છે ઉન્નતિનાં તે લહે દુઃખ ના કદા. ૧૮૭

કજીયા અને કંકાસને દૂરે ત્યજે હિત આદરી,
આચાર્ય વાચક સાધુઓ સંપી રહે શાન્તિ ધરી;
જે વૈરબુદ્ધિ પરિહરી સંપે ધરે છે સન્મતિ,
વ્યવહારને નિશ્ચયથકી તેની સદા છે ઉન્નતિ. ૧૮૮

શુભ સંપ મોટો દેવ છે આરાધના એની કરો,
શુભ સંપ મોટો મન્ત્ર છે તેને સદા મનમાં ધરો;

શુભ સંપ જગમાં દેવ છે એ જીવતો ને જાગતો,
તેની કરે છે ઉન્નતિ જે પાય એને લાગતો. ૧૮૯
શુભ સંપને આરાધવા કોટી ગમે કષ્ટો સહો,
શુભ સંપના સંયોગથી સર્વોન્નતિ સાચી લહો;
સદ્બોધ એવો આપીને જાગ્રત્ કર્યા ભવ્યો ખરે,
શુભ સંપને મનમાં ધરૂં જેને સદા સન્તો સ્મરે. ૧૯૦
જે દીર્ઘ દૃષ્ટિ વાપરે તે સંપને મનમાં ધરે,
જે દિવ્ય માનવ હોય છે તે સંપપથમાં સંચરે;
કરતો કષાયો મન્દ તે જન સંપ સહુથી સાચવે,
સમતોલતા મનની ધરી શુભ સંપ બળને અનુભવે. ૧૯૧
પુરૂષાર્થ વિદ્યાબળ બહુ પણ સંપ વણ શા કામનું,
સત્તાધિકારી નરપતિ બલપણ અહો છે નામનું;
જ્યાં સંપ આવ્યો શીઘ્ર ત્યાં સહુ દેવતા પાણી ભરે,
શું સંપવણ આ વિશ્વમાંહી ઉદય શબ્દો ઉચ્ચરે. ૧૯૨
શુભસંપથી જે જે મળે તે અન્યથી ના મળી શકે,
શુભસંપ વણ સામ્રાજ્ય સર્વે વિશ્વમાં ક્યાંથી ટકે;
શુભસંપ વણ લેખો લખે વળતું કહો શું ? બહુ બકે,
શુભસંપવણ ઘરફૂટથી ઘર જાય છે મદથી છકે. ૧૯૩

શુભસંપ જૈનોમાં થશે તો ઉન્નતિ વેગે થશે,
શુભસંપ વણ જૈનોવિષે પડતી સદા વધતી જશે;
શુભસંપ વણ ખોયું ઘણું જૈનોએ જગમાં જાણવું,
શુભસંપથી છે ઉન્નતિ તેથી ખરૂં સુખ માણવું. ૧૯૪
શુભ સંપના સામ્રાજ્યથી કલિકાલ દૂરે ભાગતો,
શુભ સંપના સામ્રાજ્યથી પ્રગતિ ઉદય છે જાગતો;
શુભસંપને સેવો સદા શુભસંપને સેવો સદા,
શુભસંપ સાચા મન્ત્રને ક્ષણ ક્ષણવિષે ગણવો મુદા. ૧૯૫
શુભ સંપથી ઉદ્યોગને સેવો સદા આલસ ત્યજી,
ઉદ્યોગ વણ શું જીંદગી જાણો ઘણાં સાધન સજી;
ઉદ્યોગ અધિકારી પરત્વે સર્વને એ ભિન્ન છે,
જે શર્મ ઇચ્છે માનવી તે યત્નમાંહી લીન છે. ૧૯૬
ઉદ્યોગ વણ જીવન જતું તે વ્યર્થ જીવન લેખવું,
ઉદ્યોગી જન સિદ્ધિ વરે તે તત્ત્વદૃષ્ટે પેખવું;
ઉદ્યોગ વણ નિન્દા થતી ખોટા વિચારો આવતા,
ઉદ્યોગથી જગ માનવો ઇચ્છિત કાર્યે ફાવતા. ૧૯૭

**ઉદ્યોગ.**

સાહસ અને જે ધૈર્યથી ઉદ્યોગ કરતો પળપળે,
નિજ ભાગ્યના અનુસાર તે આ વિશ્વમાં ઇચ્છ્યું રળે;

ઉદ્યોગી માનવનું ખરેખર ભાગ્ય જગમાં જાગતું,
સાચી શિખામણ માનીને ઉદ્યોગ કરવા લાગ !!! તું. ૧૯૮
ઉદ્યોગ વણુ છે ઉંઘતું શુભ કર્મ જગમાં જાણવું,
ઉદ્યોગ વણુ એકકર્મને એકાન્તથી ના તાણવું;
બુદ્ધિ અને નિજવીર્યથી ઉદ્યોગને જે આદરે,
તે વિશ્વમાં ધાર્યું કરે જાણો અહો શું ના કરે. ૧૯૮
ઉદ્યોગથી પાશ્ચાત્ય લોકો ઉન્નતિમાં આગળે,
ઉદ્યોગ વણુ આર્યો ખરેખર અવનતિથી ટળવળે;
ઉદ્યોગીને લક્ષ્મી મળે ઉદ્યોગીનાં સંકટ ટળે,
ઉદ્યોગી ઇચ્છિત પામતો તેને જગતમાં કો કળે. ૨૦૦
ઇંગ્લાંડ જર્મન ફ્રાન્સને જાપાન આગળ બહુ વધ્યું,
ઉદ્યોગથી વ્યવહારના શુભ સાધ્યમાં સાચું સધ્યું;
ઉદ્યોગ વણુ માનવ ખરેખર વિશ્વમાંહી મૂઢ છે,
ઉદ્યોગથી શોધો થતી એ વાક્ય મંત્રજ ગૂઢ છે. ૨૦૧
વ્યવહારને પરમાર્થનો ઉદ્યોગ જગમાં જાણવો,
અધિકારથી ઉદ્યોગને આચારમાંહી આણવો;
ઉદ્યોગીને યાગ્ચા નહીં સ્વાતંત્ર્યનું જીવન મળે,
ઉત્સાહથી ઉદ્યોગીના સામા રહ્યાં વિઘ્નો ટળે. ૨૦૨

બહુ ખંતને ઉત્સાહથી ઉદ્યોગ કરતાં સિદ્ધિ છે,
ભય ખેદ ઇર્ષ્યા પરિહરી ઉદ્યમ કર્યાથી ઋદ્ધિ છે;
ઉદ્યમ કરે જે માનવો તે લક્ષ્મીની લીલાવરે,
ઉદ્યમથકી વિદ્યા વધે ને ધર્મ કરણી આચરે, ૨૦૩
ઉદ્યમથકી શોધો થતી આ વિશ્વમાંહી નવનવી,
ઉદ્યમથકી શોધાય સહુ એમ ભાષતા જન અનુભવી;
શું શું જગત્માં થાય નહિ ઉદ્યમથકી અવધારવું,
ઉદ્યમ વિના આલસ્યથી આયુષ્ય એળે હારવું. ૨૦૪
હાંસી ગપાટાના તડાકા ત્યાગીને ઉદ્યમ કરો,
ગુરૂગમ લહી ઉદ્યમથકી કાર્યો કરો જગ ક્યાં ફરો;
ભાવી હશે તે તે થશે એ બોલી બેસી ના રહો,
ઉદ્યમ કરો ઉદ્યમ કરો નિજ ઉન્નતિને જો ચહો.૨૦૫
આત્મોન્નતિ કરવા અહો ઉદ્યમ કરો ઉદ્યમ કરો,
ધર્મોન્નતિ કરવા ભલા ઉદ્યમ કરો ઉદ્યમ સ્મરો;
દેશોન્નતિ સંઘોન્નતિ કરવા ખરો ઉદ્યમ વરો,
શુભશક્તિયોને ખીલવવા ઉદ્યમ નસોનસમાં ભરો. ૨૦૬
જે આળસુ એદી બને પરવિત્ત મનમાં તાકતો,
તે મૂર્ખનો શિરદાર અન્તે ભીખ ઘર ઘર માગતો;

જે દ્યૂત રમતો આળસુ નિજ દેશનો ઘાતક બની,
તે દુઃખ વૃક્ષો વાવીને ફલ સ્વાદતો વિષમય ઘણી. ૨૦૭
નીતિ કરીને આગળે ઉદ્યમ કરે તે સુખ વરે,
ઉદ્યમ વિના સિદ્ધિ નથી પંડિત એવું મન સ્મરે;
ઉદ્યમ વિના બેસી રહે પરમાર્થ સ્વાર્થ જ ના સરે,
ઉદ્યમ વિના બેસી રહે તે રોવતો બહુ નિજ ઘરે. ૨૦૮
"જે જે ફરે તે તે ચરે કહેવત" ખરેખર સત્ય છે,
ઇચ્છિત ફલની પ્રાપ્તિમાં ઉદ્યમતણું શુભ કૃત્ય છે.
ઉદ્યમ વિના વિદ્વાન્ વા વક્તા થવું મુશ્કેલ છે,
ઉદ્યમ વિના યોગી થવું એ માન્યતા ના સહેલ છે. ૨૦૯
બેસી રહે કશું ના કરે ઉંઘે તડાકા મારતો,
ઉદ્યમ વિના નીતિ વિના અન્તે ઘણું તે હારતો;
નિન્દા કરી જનવૃન્દની એળે જીવન જે ગાળતો,
નિજ જીંદગી શુભવાટિકાને અગ્નિથી તે બાળતો. ૨૧૦
જેને ગમે ઉદ્યમ નહીં તે જીવતો નિર્જીવ છે,
જેને ગમે ઉદ્યમ નહીં તે મૂઢ માનવ કલીબ છે;
જેને ગમે ઉદ્યમ નહીં શુભ કર્મનો વા ધર્મનો,
ઘાતક અરે તે દેશનો ને ધર્મવિદ્યા શર્મનો. ૨૧૧

જે ધર્મભક્તો ઉદ્યમી તે ધર્મ જગ ફેલાય છે,
ઉદ્યમ વિના ધર્મોન્નતિ જગમાં કદિ ના થાય છે;
આચાર્ય વાચક સાધુઓ શુભધર્મનો ઉદ્યમ કરો,
કટિબદ્ધ થઈ ધર્મોન્નતિ કરવા જગતમાં સંચરો. ૨૧૨
આયુઃપ્રમાદે ગાળશો ક્ષણ પણ નહીં સમજી અરે,
ઉદ્યમ કરો શુભ સાધુઓ ધર્મોન્નતિ કરવા ખરે;
ગુરૂગમવ્યવસ્થાક્રમ ગ્રહી શુભ કર્મયોગી પદ વરો,
દીધા વિનાના છૂટકો તે કાર્ય કરણી આદરો. ૨૧૩
સંપી જગતમાં સાધુઓ ધર્મોન્નતિ ઉદ્યમ ગ્રહો,
કર્તવ્ય એ નિજ ફર્જથી નિષ્કામચિત્તે તે લહો-
કર્તવ્ય જે કરતા રહે તે માનવો પ્રગતિ કરે,
કર્તવ્યના અધિકારથી પાછા ફરે ના તે તરે- ૨૧૪
અધિકારથી જે માનવો ધર્મોન્નતિ કરણી કરે,
ચાલુ જમાનો ઓળખી તે ધર્મની પ્રગતિ વરે;
ચાલુજમાનો ઓળખી કર્તવ્યનો ઉદ્યમ કરે,
તે સાધુઓને સૂરિયો ધર્મોન્નતિકારક ખરે. ૨૧૫
ઉદ્યમ વિના જેને ગમે નહીં સાધુને જગધન્ય છે,
ધર્મોદ્યમે રાચી રહે તે સાધુ જગ કૃત પુણ્ય છે;

જે સાધુને ધર્મોદ્યમે મનમાં ઘણો શુભ રાગ છે,
આત્મોન્નતિ ધર્મોન્નતિને તે કરે મહાભાગ છે. ૨૧૬
કલિકાલ સર્વજ્ઞ મુનિશ્રી હેમચંદ્ર મહાપ્રભો,
ઉદ્યમ કર્યો જગખ્યાત છે આચાર્ય શીર્ષમણિવિભો;
તુજ નામ રહેશે જીવતું આ વિશ્વમાં જાણ્યું અમે,
ઉદ્ધાર કરવા ધર્મનો વૈ અવતર્યા જગમાં તમે. ૨૧૭
ઉદ્યમ કરી ગ્રન્થો લખ્યા જે સાધુઓએ હિત ભણી,
હરિભદ્ર વાચક મલય આદિ સાધુઓ છે અગ્રણી;
એ સાધુઓ જગપૂજ્ય છે ગ્રન્થો લખ્યા ઉદ્યમ કરી,
તે સાધુઓને ધન્ય છે ઉપકાર કીધો અવતરી. ૨૧૮
તે સૂરિયોને ધન્ય છે સેવા કરી શ્રી સંઘની,
તે વિશ્વવન્દ્યો ધન્ય છે રક્ષા કરી શ્રુત ગંગની;
તે સૂરિયોને ધન્ય છે જિન ધર્મની રક્ષા કરી,
શ્રી હેમચંદ્ર આદિને હો વંદના બહુ માહરી. ૨૧૯
જે સાધુઓ ઉદ્યમ કરી ચારિત્ર પાળે ભાવથી,
ઉપદેશ દે સ્યાદ્વાદની દૃષ્ટિ ધરી શુભ દાવથી;
ઉદ્યમ કરી જે સાધુઓ શુભ ધર્મને ફેલાવતા,
પરભાતમાં તે સાધુઓ અમને સ્મરણમાં આવતા. ૨૨૦

જે સાધુઓ આચારનો ઉદ્યમ કરે શુભ જ્ઞાનથી,
તે સાધુઓ છે પૂજ્ય મારે ભક્તિને સન્માનથી;
કટિબદ્ધ થઈ જે સાધુઓ ઉપદેશ સાચો આપતા,
મુક્તિપથે તે સંચરે જ્ઞાનાદિગુણથી વ્યાપતા. ૨૨૧
પરમાર્થના ઉદ્યમવિષે નિજ દેહનું સ્વાર્પણ કરે,
એ સાધુઓ ચિરંજીવો પરમાર્થમાં પગલાં ભરે;
ઉપકાર છેજ પરસ્પરે આ વિશ્વપ્રાણી માત્રને,
ઉપકાર લીધા વણ કદિ પોષે નહીં કો ગાત્રને. ૨૨૨
ઉપકાર લેવો આપવો જીવો પ્રતિ નિજ ફર્જ છે,
એ ફર્જ સાધુ સાચવે તેમાં ન કાંઈ ગર્જ છે;
એ ફર્જને પૂરી કરે છે સાધુઓ ઉદ્યમવડે,
પ્રતિદિન સાચા ધર્મનો ઉપદેશ આપે પરવડે. ૨૨૩
ચારિત્ર્ય સાચું પાળવું એ સાધુનું કર્તવ્ય છે,
કર્તવ્યનો ઉદ્યમ કરો એ સૂત્રતો સ્મર્તવ્ય છે;
કર્તવ્યના ઉદ્યમ વિના ના કર્મયોગિપણું અહો,
કર્તવ્યનો ઉદ્યમ કરી નિજ ફર્જ પૂર્ણ કરી રહો. ૨૨૪
કર્તવ્ય છે એ કાર્ય સાચું સદ્વિવેકે ધારશો,
કર્તવ્ય સાચું જાણીને ઉદ્યમથકી ના હારશો;

કર્તવ્ય જે નિજ કર્મ તેના ઉદ્યમે વિઘ્નો પડે,
સામો લડે છે કર્મયોગી આત્મશુભ શક્તિવડે. ૨૨૫
જીવાય ના ઉદ્યમ વિના એ સૂત્ર મનમાં ધારવું,
ઉદ્યમ વિના સિદ્ધિ નથી એ ચિત્તમાંજ વિચારવું;
આ વિશ્વમાં ઉદ્યમથકી ચડતી જીવોની થાય છે,
જ્યાં ત્યાં જગત્માં દેખશો અનુભવથકી પરખાય છે. ૨૨૬
ઉદ્યમ કરે તે જય વરે એ સૂત્ર ભૂલો ના કદિ,
સાફલ્યજીવન સહુ થશે વિશ્વાસ જો ધારો હૃદિ;
ઉદ્યમ પ્રબોધી આદરી આદર્શ જીવન ત્હેં કર્યું,
જય જય ગુરો આ જગત્માં ત્હારૂં જીવન મનમાં ધર્યું. ૨૨૭
ઉપદેશ સુધા કર્ણની પ્યાલી વડે પીધો ખરે,
ચૈતન્ય પ્રગટયું તે થકી ઉદ્યમ હૃદયમાં સંચરે;
જય જય ગુરૂ પાતા મ્હને સદ્બોધ અમૃત પ્રેમથી,
જગમાં ગુરૂ કર્તવ્ય છે શિષ્યોન્નતિ એ નેમથી. ૨૨૮
ઉદ્યમ કરી બહુ તપ તપે જે લાગતું મન આકરૂં,
મન કામના ના કોઇની તપજીવન એ ત્હારૂં સ્મરૂં;
જે તપ તપે ઇન્દ્રિયના જીતાય છે વિષયો સવે,
એ બાહ્ય અન્તર્ ભેદથી તપ સત્ય છે શાસ્ત્રો કવે. ૨૨૯

તું તપ તપી ઉપશમ લહ્યો જે જ્ઞાયના મુખથી કહ્યો,
ત્હેં તપ તપ્યું સમભાવથી આનન્દ ગુણ અન્તર્ લહ્યો;

તપ.

જે તપ તપે મમતા ઘટે જે તપ તપે ઈર્ષા ટળે,
કુત્સિત બહુ ઈચ્છા ટળે એ તપવિષે જન કો ભળે. ૨૩૦
જે તપ તપે જિનવર જપે બહુ કર્મની રાશિ ટળે,
જ્ઞાની તપસ્વી સાધુને નિશ્ચયથકી એ તપ મળે;
આનન્દ પ્રગટે અતિ ઘણો સમતા હૃદય પ્રગટાય છે,
એ તપ ખરૂં આગમ કથે સન્તો પ્રયત્ને પાય છે. ૨૩૧
જે તપ તપ્યાથી મોહનીનું જોર ઓછું થાય છે,
જે તપ તપ્યાથી કલેશને કંકાસ દૂરે જાય છે;
જે તપ તપ્યાથી ક્રોધ વૈરી મનથકી વિઘટાય છે,
એ તપ તપોમાં શ્રેષ્ઠ છે એનેજ સન્તો ચ્હાય છે. ૨૩૨
જે તપ તપે નિન્દા ટળે ચાડી ન પરની થાય છે,
નિન્દાને ચાડી ત્યાગ એ પ્રશસ્ય તપ કહેવાય છે;
અન્તર્તણી સહુ વાસનાઓ ટાળવી એ તપ કહ્યું,
જ્ઞાનિજનોએ જ્ઞાનથી શુભ ભાવયોગે એ લહ્યું. ૨૩૩

પરભાવ વૃત્તિ ટાળવી ઝટ કામવૃત્તિ બાળવી,
મમતાથકી પર વસ્તુપર એ વૃત્તિને ઝટ ખાળવી;
સંતાપ મનના ટાળવા એ તપ જગત્માં શ્રેષ્ઠ છે,
એ શ્રેષ્ઠતપની આગળે બાકી તપો તો હેઠ છે. ૨૩૪
જે કામથી શાન્તિ જરાનહિ પામતો કો માનવી,
જે કામના સેવક બની વર્ણન કરે મોટા કવિ;
જે કામથી જન આંધળો એ કામને ઝટ બાળવો,
એ તપ તપોમાં શ્રેષ્ઠ છે તપસી તપે એ ભાળવો. ૨૩૫
ઇચ્છા થતી જે ચિત્તમાં જે જીવને સંતાપતી,
ઇચ્છા જગત્માં શાકિની સૌના હૃદયાં વ્યાપતી;
ઇચ્છાય છે ઇચ્છાથકી આ જગત્માંહિ નવનવું,
ઇચ્છા અરે એ જીતવી એ શ્રેષ્ઠ તપ ભાવે કવું. ૨૩૬
જયાં કામનું છે જોર ને આશાતણી હોળી બળે,
અસ્થિર બહુ જયાં ચિત્તને ક્રોધે ઘણું મન પ્રજવલે;
શાન્તિતણું જયાં નામ નહિ એ તપ ખરેખર જૂઠ છે,
તેના અરે તાબે થવું તે મૃતક માનવ મૂઢ છે. ૨૩૭
જયાં વૈર લેવા વૃત્તિ છે ત્યાં તપ કર્યું એળે જતું,
જયાં વૈરભાવ ન હોય છે એ તપ ખરા લેખે થતું;

જે તપ તપે દુર્ધ્યાનવહ્નિ જ્વાલ મનમાં પ્રગટતી,
લેખે ન થાતું તપ અરે જ્યાં ધર્મવૃત્તિ વિઘટતી. ૨૩૮
હિંસા થતી જે તપથકી એ તપ નહીં પણ પાપ છે,
વૈરજ વધે જે તપ થકી એ તપ નહીં પણ શાપ છે;
જ્યાં ખેદ થાતો અતિ ઘણો એ મોહનાટક ખેલ છે,
જે તપ તપે હિંસા ટળે એ તપ ઘણું મુશ્કેલ છે. ૨૩૯
શુભ પથ્યને જે તથ્ય વદવું તપ ખરૂં એ જાણવું,
શુભ સત્ય વદવું તપ ખરૂં એ ચિત્તમાં ઝટ આણવું;
જે ખેદ પ્રગટયો ચિત્તમાંથી ટાળવો એ તપ ખરૂં,
જ્ઞાનિજનોને તપ ખરૂં એ પ્રકટતું મનમાં સ્મરૂં. ૨૪૦
જે સપ્ત ભય આ વિશ્વમાંહી દુઃખના દાતાર છે,
જે સપ્તભયના યોગથી શાન્તિ ન ચિત્ત લગાર છે;
એ સપ્ત ભયને ટાળવા એ શ્રેષ્ઠ તપ આરાધ્ય છે,
નિર્ભયપણું તપ છે ખરૂં એ સાધુઓને સાધ્ય છે. ૨૪૧
આ જગત્માંહિ માનથી સુખી થયો ના કો અરે,
જે માનયોગે માનવી પાપોતણી પોઠી ભરે;
એ માન ટાળી અષ્ટધા જે જીવવું તે જીવવું,
**માનવૃત્તિ ત્યાગ.**
એ માનવૃત્તિ ટાળવી એ તપ ખરૂં ભાવે કવું. ૨૪૨

આ વિશ્વમાં માયા સમો ના શત્રુ બીજો જાણવો,
માયા વસે ત્યાં કર્મ એવો ભાવ મનમાં આણવો;
ઉપવાસ છઠ અઠ્ઠમ અને બે માસનો તપ ફોક છે,
યાવત્ હૃદય માયા વસે તાવત્ ખરે રણપોક છે. ૨૪૩
આહાર લુખો ભક્ષવોને નગ્ન રહેવું સહેલ છે,
પણ કપટનો જે ત્યાગ એવું તપ અરે મુશ્કેલ છે;
માયા નચાવે તેમ જે જન નાચતા તપ શું કરે,
માયા હૃદયમાં ધારીને જન બાહ્ય તપથી શું હરે. ૨૪૪
તપસી બની લપસી જતા તે તપસીઓ માયાથકી,
માયા ત્યજ્યા વણ બાહ્ય તપથી મુક્તિની કયાંથી વકી;
કાપટય બહુ મનમાં ધરે ને બાહ્ય તપથી જે તપે,
આશા ઘણી મનમાં ધરે ને જે મળે તે સહુ ખપે. ૨૪૫
પરવા જનોની બહુ રહેને ચિત્ત વર્તે કામના,
ત્યાં બાહ્ય તપ બહુ ભેદના તપવા અરે એ નામના;
સાધુ બનીને ક્રોધને કંકાસ કજીયા વ્હોરતા,
ત્યાં તપ ખરૂં ના માનવું જયાં ચોર નિજ ધન ચોરતા. ૨૪૬
દુર્જનપણું મનમાં રહે વિશ્વાસઘાતજ થાય છે,
બહુ આળ દેવાં અન્યને ને સ્વાર્થતા પ્રકટાય છે;

થાતા પ્રપચ્ચો અતિઘણા બુરૂં જનોનું ધારવું,
ત્યાં તપ નહીં સાચું જરા એવું હૃદય અવધારવું. ૨૪૭
જ્યાં દંભ હોળી સળગતી ત્યાં તાપ તનનો જાણવો,
પ્રામાણ્યને નીતિ વિના તપ ફોક મનમાં આણવો;
પરમાર્થની વૃત્તિ નહીં કરૂણા નહીં મૈત્રી નહીં,
ત્યાં તપ અરે એ નામ પણ શોભે નહીં માનો સહી. ૨૪૮
આત્માસમા સર્વે જીવો એ ભાવમાં તપ છે ખરૂં,
એ તપ હૃદયને બાહ્યથી આચાર વર્તનમાં સ્મરૂં;
દુર્જનપણાને ટાળીને સૌજન્ય મનમાં રાખવું,
એ તપ ખરૂં પરમાર્થથી તે આદરી સુખ ચાખવું. ૨૪૯
આરોપ દેવા અન્યપર એ વૃત્તિનું જે ટાળવું,
શુભ ભાવથી આચારમાં મૂકી અહો એ પાળવું;
પાખંડવૃત્તિ ટાળવી એ તપ ખરૂં મનમાં વસ્યું,
એ સત્ય સાધુ ચિત્તથી જરીએ નહીં દૂરે ખસ્યું. ૨૫૦
કૌટિલ્ય મનથી ટાળવું તે સત્યતપ અવધારવું,
સંકલ્પને વિકલ્પમય જે ચિત્ત તેને મારવું;
જ્યાં ઉપશમે છે મોહની સહુવૃત્તિયો તે તપ ખરૂં,
સ્વાધ્યાય શાસ્ત્રોનો અહોએ તપ સદા હૃદયે સ્મરૂં. ૨૫૧

સ્વાધ્યાય વૈયાવૃત્ય તપ એ આગમો સાક્ષી ભરે,
શુભ ધ્યાન ઉજ્જવલ પરિણમે એ તપ ખરૂં જ્ઞાની વરે;
મમતા નહીં જ્યાં દેહની ઉપયોગની શુદ્ધિ રહે,
જ્ઞાની તપસ્વી લોક એવું તપ ખરૂં ભાવે લહે. ૨૫૨
મેતાર્ય મુનિને ધન્ય છે સમતાથકી તપ આદર્યું,
ઢંઢણુ મુનિને ધન્ય છે સમતાએ તપ અંગીકર્યું;
સમતાવડે તપને તપી જે કર્મ આઠે જીપતા,
એ ધન્ય મુનિઓ જાણવા તે વિશ્વ મધ્યે દીપતા. ૨૫૩
પરિણામ બહુ ઉજ્જવલ વધે એ તપ સદા આદેય છે,
પરિણામ માઠા વારતુ એ તપ સદા જગ સેવ્ય છે;
જે ધર્મની સેવા કરે રક્ષા કરે તપ એ ભલું,
નિષ્કામયોગે ધર્મ વૃદ્ધિ બોધ તપ એ નિર્મલું. ૨૫૪
નિષ્કામયોગે સાધુઓની ભક્તિ તપ સાચું ઠરે,
કર્તવ્ય ધર્મ પ્રવૃત્તિ એ તપ જ્ઞાનીઓ વેગે વરે;
કર્તવ્યને અધિકારથી શુભ યુક્તિથી જે આચરે,
કર્તવ્યનો તપસી ખરે એ કાર્ય સિદ્ધિ આદરે. ૨૫૫
ઇચ્છા ધર્યા વણુ ફલતણી કર્તવ્ય કરણી કર ખરી,
કર્તવ્ય કરણી તપ કહ્યું સાપેક્ષતાએ મન ધરી;

આત્મોન્નતિ કર વેગથી કર્તવ્ય તપને આદરી,
શિક્ષા ભલી તુજને કથી આરાધ્ય એ અંગીકરી. ૨૫૬
સમભાવ સર્વે વસ્તુમાં એ તપ કથ્યો નિશ્ચયનયે,
સમભાવ સમ તપ કો નહીં રાગાદિવૃત્તિસંક્ષયે;
સમભાવથી જે વર્તવું એ તપ ખરૂં નિશ્ચયવડે,
સમભાવી જ્ઞાનીને અરે એ તપ ખરેખર સાંપડે. ૨૫૭

જે બાહ્ય તપ તપતો રહે સમતાવડે વ્યવહારથી,
તે સત્ય તપસી જાણવો તપિયોવિષે તે મહારથી;
જે તપ તપે તે ચીકણાં કર્મો ખરેખર નિર્જરે,
તીર્થંકરો દીક્ષા ગ્રહી તપને ખરેખર આદરે. ૨૫૮

શુભલબ્ધિયોને સિદ્ધિયો તપના પ્રભાવે જાગતી.
માઠા ઘણાં કર્મો ટળે વ્યાધિ સકળ ઝટ ભાગતી;
આચામ્લ આદિ તપ તપે શ્રીપાલ પેઠે સુખવરે,
આગમ ઘણાં સાક્ષી ભરે એ તપથકી મુક્તિ ખરે. ૨૫૯

વ્યવહારને નિશ્ચયવડે હે સદ્ગુરો તું તપ ભર્યો,
સમતાવડે તપસી બન્યો એ ભાવ મેં અંગીકર્યો;
ઈચ્છા નિરોધે સંવરી સમતાતપે શોભી રહ્યા,
જય જય ગુરૂજી જગતમાં તપથી ઘણી શોભા લહ્યા. ૨૬૦

**ધ્યાન.**

તું આત્મધ્યાને ચિત્તજોડી ધર્મધ્યાને સ્થિર થયો,
શુભધ્યાનમાં મસ્તાન થઈ સમતાવડે શોભી રહ્યો;
તું ધર્મધ્યાને રમણ કરતો પાપની કોટી હરે,
પરમાત્મતા પ્રગટાવવા નિજ આત્મ સત્તાને સ્મરે. ૨૬૧
જે આર્તધ્યાને રૌદ્રધ્યાને રાચતા ભવમાં ફરે,
દુર્ધ્યાનથી જીવો જગત્માં વિવિધવેષે અવતરે;
દુર્ધ્યાન ધ્યાતા જીવ જગમાં બાલમરણે બહુ મરે,
દુર્ધ્યાનને જે ધ્યાવતા તે વિવિધ દુઃખો અનુસરે. ૨૬૨

**દુર્ધ્યાન.**

જેને થતું દુર્ધ્યાન તેને શાન્તિ નહીં સ્વપ્ને કદા,
જેને થતું દુર્ધ્યાન તેને દુઃખની શ્રેણી સદા;
જેને થતું દુર્ધ્યાન તેનો શત્રુ ચેતન છે સહી,
જેને થતું દુર્ધ્યાન તેને મૂઢતા વ્યાપી રહી. ૨૬૩
જે આર્તને છે રૌદ્ર એ બે ધ્યાન કૂડાં જાણવાં,
આત્માર્થિજીવોએ કદાપિ ચિત્તમાં નહિ આણવાં;
જે આર્તધ્યાને રૌદ્રધ્યાને વ્યાપ્ત છે તે દુષ્ટ છે,
જે મુક્ત છે દુર્ધ્યાનથી તે સાધુધર્મે પુષ્ટ છે. ૨૬૪

પ્રગટ્યા પ્રમાદો વારીને દુર્ધ્યાન જેહ સમાવતો,
પ્રગટ્યા પ્રમાદો વારીને જે ચિત્ત સ્થિરતા લાવતો;
પ્રગટ્યા પ્રમાદો વારીને પરમાત્મતા મન ભાવતો,
નિઃસંગ થઇ તે મુક્તિના પ્રાસાદમાંહી જાવતો. ૨૬૫

શુભ ધ્યાન.

શુભધ્યાનમાં આરૂઢ નહિ તે મુક્તિપદથી દૂર છે,
શુભધ્યાનથી જે દૂર છે તે ચિત્તમાંહી ક્રૂર છે;
શુભધ્યાનથી જે દૂર છે તે કર્મયોગી નહિ થતો,
શુભધ્યાનથી જે દૂર છે તેનો નહીં સાચો મતો. ૨૬૬

કર્તવ્ય કાર્યો જે કરે નિજફર્જના અધિકારથી,
નિર્લેપ રહે દુર્ધ્યાનથી તેને કશું બંધન નથી;
સાપેક્ષતાએ જાણવું એ ઉર્ધ્વગુણસ્થાનકવિષે,
અધિકાર જુદા સર્વના ફર્જો સકળ જુદી દીસે. ૨૬૭

જે મુક્ત થઈ દુર્ધ્યાનથી અધિકાર ફર્જે મન ધરે,
શુભધ્યાનમાં આરૂઢ થઈ પરમાત્મતા વેગે વરે;
આરૂઢ થઈ શુભધ્યાનમાં કર્તવ્ય કાર્યો જે કરે,
ઉજ્જવલ ધરી પરિણામને પંડિતમરણે તે મરે. ૨૬૮

જે જે પ્રમાદી યોગ છે હિંસા ખરી તે યોગથી,
જેમાં પ્રમાદો નહિ રહે હિંસા નહીં આભોગથી;
હિંસાતણા બહુ ભેદ છેજ પ્રમત્ત યોગે તે થતા,
દૂરે થતાં દુર્ધ્યાન સર્વે નષ્ટ ક્ષણુમાં થઇ જતા. ૨૬૯
દુર્ધ્યાન યોગજ બંધ છે ને તે વિના નિર્બંધ છે,
દુર્ધ્યાનના પરિણામથી જન દેખતો પણ અંધ છે;
ઉપયોગી થઈ જે ક્ષણુ ક્ષણે પરિણામ માઠા વારતા,
સંસારસાગરથી અરે તે ત્વરિત ચેતન તારતા. ૨૭૦
વિપત્તિયોને વ્યાધિયો જે કર્મયોગે સંપજે,
સાધુ સદા શુભધ્યાનથી નિઃસંગ થઈ ન્યારો થજે!!!
તું ભાવજે નિર્લેપતા ઉપસર્ગ વેઠી આકરા,
ઉજ્જવલ રહે પરિણામથી તે સાધુઓ જગમાં ખરા.૨૭૧
મેરૂ ડગે પણ ના ડગે જે સાધુઓ જગમાં ખરે,
કર્તવ્યમાં સ્થિરતા ધરી તે ઉચ્ચતા સ્હેજે વરે;
પરમાત્મમાંહિ મગ્ન થઇ ઉપયોગ રાખે આપણો,
શુભધ્યાનથી જગ થાય છે મુનિવર સદા સોહામણો. ૨૭૨
નિજ જ્ઞાન વણુ ધ્યાનજ નથી જ્ઞાની વિના ધ્યાની નથી,
અનુભવ ખરો ઘટ પામવા જુવો ઘણાં આગમ મથી;

જે આત્મજ્ઞાની નહિ કહિ તે આત્મધ્યાની નહિ કહિ,
જોશો જગત્માં ચંદ્રથી પખવાડિયું થાતું સુદિ. ૨૭૩

**પરમાત્મ ધ્યાન.**

પરમાત્મધ્યાને જે રમે તે મોહથી ના ભવ ભમે,
પરમાત્મધ્યાને જે રમે તે કામને સહેજે દમે;
પરમાત્મધ્યાને જે રમે તે ચિત્તને નિશ્ચલ કરે,
પરમાત્મધ્યાને જે રમે તે કર્મ બહુલાં નિર્જરે. ૨૭૪
પરમાત્મધ્યાને જે રમે તે ઇન્દ્રિયોને સંવરે,
પરમાત્મધ્યાને જે રમે તે મુક્તિ સુખ શાશ્વત વરે;
પરમાત્મધ્યાને જે રમે તે શુદ્ધતા અનુભવ કરે,
પરમાત્મધ્યાને જે રમે તે પૂર્ણતાપદ સંસ્મરે. ૨૭૫
લયલીન થાતાં ધ્યાનમાં પરબ્રહ્મ પોતે થઇ રહે,
ભાષા પરાની પાર જઈ પરમાત્મસુખ સહેજે લહે;
લયલીનતાને એકતા તન્મયપણું ધ્યાને થતાં,
પ્રગટે સમાધિ તેથકી કર્મો સકળ નાસી જતાં. ૨૭૬
પરમાત્મધ્યાને લીનતા કરવી ખરૂં એ સાધ્ય છે,
એ સાધ્યના ઉપયોગથી એ ધ્યાન શુભ આરાધ્ય છે;
એ ધ્યાનમાંહી જે રમે તે પાર ભવનો પામતા,
રાગાદિ જે જે દોષ ત્હેને ધ્યાનથી ઝટ વામતા. ૨૭૭

એ ધ્યાનમાં સ્થિરતા થતાં સમતા સમાધિ આવતી,
સમતા સમાધિયોગથી મુક્તિ દશા ઘટ ભાવતી;

**સમતાસમાધિ.**

સમતા સમાધિયોગથી ના ભોગની ઇચ્છા થતી,
આનન્દમાં અદ્વૈતતા સંકલ્પતા દૂરે જતી. ૨૭૮
આનન્દ શુદ્ધ સમાધિમાં નહિ બાહ્યવિષયો ભાસતા,
આનન્દ શુદ્ધ સમાધિમાં સમ્યક્ત્વ આદિ ગુણુ છતા;
આનન્દ શુદ્ધ સમાધિમાં ચારિત્ર નિશ્ચય સ્થૈર્ય છે,
આનન્દ શુદ્ધ સમાધિમાં નિજ શુદ્ધ વીર્ય ધૈર્ય છે. ૨૭૯
નહિ રાગવા નહિ દ્વેષ એવો ભાવ અન્તર્ પ્રગટતો,
ત્યારે સમાધિ પ્રગટતાં પરભાવ દૂરે વિઘટતો;
આત્મોપયોગે રમણુતામાં લીન મનડું થાય છે,
ત્યારે સમાધિયોગનો આસ્વાદ ઘટ પરખાય છે. ૨૮૦
પરમાત્મધ્યાનસમાધિની ત્હેં ભાવના ભાવી ખરી,
ઇચ્છા પ્રવૃત્તિ યોગથી આચારમાં મૂકી ભલી;
શુદ્ધાત્મધર્મ સ્વરૂપની જે ભાવના ભાવે સદા,
સંસારસાગરને તરી તે દુઃખ પામે નહિ કદા. ૨૮૧

ભાવના.

જે ભાવનાને ભાવતા તે શર્મ શાશ્વત પાવતા,
જે ભાવનાને ભાવતા તે સિદ્ધિ શિવપુર જાવતા;
જ્યાં ભાવ વર્તે મુખ્ય ત્યાં આચાર, ફલને આપતો,
જ્યાં ભાવના વર્તે ખરી ત્યાં સદ્ગુણોની છાપ તો. ૨૮૨

શ્રી ભરત પેઠે ભાવનાને ભાવતાં કેવલ લહે,
મરૂદેવી માતાવૃત્ અહો શુભભાવનાથી શિવ વહે;
આષાઢમુનિએ ભાવનાથી મુક્તિને ક્ષણમાં લહી,
ગૌતમપ્રભુએ ભાવનાથી રાગની સંતતિ દહી. ૨૮૩

શ્રી પ્રસનચંદ્રે ભાવના ભાવી ખરે કેવળ વર્યું,
શુભપંચદશશત તાપસોએ ભાવથી શિવ પદ ધર્યું;
બલદેવ શ્રાવક હરિણ જીવડો ભાવથી સ્વર્ગે ગયો,
શ્રીકૃષ્ણ વંદી સાધુઓને ભાવથી નિર્જર લહ્યો. ૨૮૪

શ્રી જીર્ણશ્રેષ્ઠી ભાવનાથી સ્વર્ગ દ્વાદશમાં ગયા,
ભાવી ભલી મન ભાવના જીવો ઘણા સિદ્ધો થયા;
પરિણામની છે મુખ્યતા ફલ પામવા આચારમાં,
સંસારીનાને ત્યાગીના એ મુખ્ય છે વ્યવહારમાં. ૨૮૫

ભકિત ફળે નહિ ભાવવણ કોટી પ્રયત્નો આદરે,
સેવા ફળે નહિ ભાવવણુ લુખ્ખા પ્રયત્નો આચરે;
જ્યાં ભાવ વર્તે ભિન્ન ને આચાર ભિન્ન જણાય છે,
આચાર એ નિષ્ફળ કહ્યો સમજ્યાથકી સુખ થાયછે. ૨૮૬

વંદન કર્યું જો સાધુઓને શાલવી વીરે અરે,
પણ ભાવવણ ફલ નહિ લહ્યો આગમવિષે દેખો ખરે;
શ્રીકૃષ્ણે ખાધાં છોતરાં જો!!! કેળનાં શુભભક્તિએ,
છે ભાવ સાચો ભકતનો પરિણામની શુભ વ્યકિતએ. ૨૮૭

જે ભાવથી દે દાન વા જે ભાવથી પૂજા કરે,
જે તપ કરે છે ભાવથી તે સ્વર્ગ સિદ્ધિ સંચરે;
જે ભાવથી વન્દે ગુરૂ તે કિલષ્ટ કર્મો સંહરે,
અનુમોદતો શુભ સાધુને તે વણુ ક્રિયાએ ફલ વરે. ૨૮૮

શુભ ભાવનાને ભાવતા તે ઘોરકર્મો ટાળતા,
કર્મો સકલ દૂરે કરી તે મુકિતપુરમાં મ્હાલતા;
જ્યાં ભાવનાનું જોર છે ત્યાં ધર્મનું બહુ જોર છે,
શુભ ભાવના પ્રગટે નહીં ત્યાં જાણ કર્મો ઘોર છે. ૨૮૯

શુભ ભાવવણ યાત્રા કરે દર્શન કર્યાથી શું વળે,
જ્યાં ભાવના રસની ઢળે ત્યાં દુઃખવાદળ ઘન ટળે;

સંકટ ટળે છે ભાવનાના જોરથી તપ આચરે,
જ્યાં ભાવ ત્યાં મંગળ સદા એવું સુસાધુ વ્યવહરે. ૨૯૦
મોદકતણા દૃષ્ટાંતમાં છે ભાવ ઘૃતરસના સમો,
શુભ ભાવઘૃતરસના વિના મોદક બને ના ક્યાં ભમો;
જ્યાં ભાવનું પ્રાધાન્ય છે ઉપયોગથી ત્યાં મુકિત છે,
જ્યાં ભાવનુ પ્રાધાન્ય ત્યાં પરમાર્થની શુભ વ્યકિત છે. ૨૯૧
જે આત્મવીર્યોત્સાહથી ભાવે ક્રિયાઓ આદરે,
તેવા મનુષ્યો મુક્તિના શુભમાર્ગમાં ઝટ સંચરે;
જે સદ્ગુણોની ઉચ્ચતાકર પર્ણ ચેતનભાવ છે,
ભવપાથોધિ તરવા ખરેખર વસ્તુતઃ શુભ નાવ છે. ૨૯૨
જ્યાં ભાવનાની ખામી ત્યાં ખામી ખરેખર સર્વની,
ભાવી હૃદયમાં ભાવના નહિ વાટ લેશો ગર્વની;
ઉપશમ વગેરે ભાવ તેની ભાવના પ્રગટ્યાથકી,
આસન્ન સિદ્ધિપદ મળે ધારો હૃદય એવી વકી. ૨૯૩
ગુરૂદેવની આરાધના કરવી ભલી ભાવે કથી,
શુભ ભાવના વણ માન વા સત્કારથી સિદ્ધિ નથી;
શુભ ભાવના જ્યાં ઝળહળે ત્યાં સિદ્ધિયો આવી મળે,
અંતર્મુહૂર્તે મુક્તિ છે શુભભાવના સાચા બળે. ૨૯૪

શુભ ભાવના ઉલ્લાસથી આચાર ઉત્તમ થાય છે,
સંસ્કાર ઉત્તમ સંપજે એ ચિત્તમાં પરખાય છે;
મન વાણી તનુને ફેરવી જીવન સમર્પે અભિનવું,
શુભ ભાવનાનું બળ ઘણું મુખથી અરે શું સંસ્તવું. ૨૯૫

આત્મોન્નતિનું મૂલ જગમાં ભાવના શુભ જાણવી,
સાપેક્ષદષ્ટિ ધારીને મનમાં સદા એ આણવી;
એકવાર જો શુભ ભાવના પ્રગટે હૃદયમાં તો પછી,
નક્કી હૃદયમાં જાણશો પરમાત્મતા અંશે વસી. ૨૯૬

જે ભાવના ઉંચી થતી તે ઉચ્ચજીવન મંત્ર છે,
ઉચ્ચો દરજ્જો પામવા શુભ ભાવનાનુ યંત્ર છે;
જ્યાં ઉચ્ચ થાતી ભાવના ત્યાં ઉચ્ચતા વ્યવહારમાં,
અંતે ખરી દેખાય દષ્ટાંતો જુવો સંસારમાં. ૨૯૭

મૂઢો કરે હાંસી તથાપિ ઉચ્ચભાવ ન છંડશો,
રાખી હૃદયમાં ભાવના શુભ કાર્યમાંહી મંડશો;
શુભ ભાવનામાં અંશથી ઈશ્વરપણું ઘટ વિલસતું,
શુભભાવમાં મસ્તાન તેનું ચિત્ત ધર્મે ઉલસતું. ૨૯૮

શુભભાવમાં આરૂઢ થાવા યત્ન કોટી આદરો,
પ્રગટે બૂરી જે ભાવના તે શીઘ્ર મનથી પરિહરો;

શુભ ભાવથી પાછા હઠો નહિ વિઘ્નકોટી ઉપજે,
અંતે ખરે શુભ ભાવથી મન ઉચ્ચતા શુભ સંપજે. ૨૯૯

આત્મોન્નતિ સંઘોન્નતિ શિષ્યોન્નતિ તીર્થોન્નતિ,
ધર્મોન્નતિની ભાવના પ્રગતિવિષે છે સન્મતિ;
અનુભવ કર્યો પાસે રહી એ ભાવના ઉદ્‌ગારથી,
જય જય ગુરુજી પૂજ્ય તું એ ભાવના આચારથી.૩૦૦

યાત્રા કરી ત્હેં તીર્થની જંગમ અને સ્થાવરતણી,
શુભભાવના બળ વેગથી મન લાગતી સોહામણી;

ગુરૂયાત્રા.

યાત્રા કરે તે ભવ તરે આત્મોન્નતિ વેગે વરે,
કોટી ભવોનાં પાપને તે સાધ્ય સંલક્ષ્યે હરે. ૩૦૧

યાત્રા કરે ગુરૂવરતણી સમ્યકત્વ શુદ્ધિ થાય છે,
આરિગ્ય ગુણ અભિલાષ તે યાત્રાથકી પ્રગટાય છે;
યાત્રાથકી તીર્થોન્નતિ આ વિશ્વમાંહી થાય છે,
યાત્રા ખરી સમજ્યાથકી અજ્ઞાન દૂરે જાય છે. ૩૦૨

શુભ સાધુઓના દર્શને સમ્યકત્વ શુદ્ધિ પ્રકટતી,
શુભ સાધુઓના દર્શને મિથ્યાત્વ બુદ્ધિ વિઘટતી;

શુભ સાધુઓની સંગતે સમ્યકત્વનો અનુભવ થતો,
સંગત વિના શુભ સાધુની નરભવ અરે એળે જતો. ૩૦૩
કલિકાલમાં આધાર છે શુભ સાધુઓનો જાણવો,
શુભ સાધુઓના દર્શને શુભ ભાવ મનમાં આણવો;
શુભ સાધુના દર્શનથકી તો પુણ્ય નિર્જર થાય છે,
આ ભવ વિષે ફળ સંપજે શુભ તીર્થ જંગમ ન્હાય છે. ૩૦૪
શુભતીર્થ જંગમ છે વડું શુભ સાધુઓ જગમાં ખરે,
શાસન વહે છે સૂરિથી શુભ તીર્થ સૂરિજ છે ધુરે;
શાસન વહે છે સાધુઓથી ધર્મ નેતા મુનિવરો,
શુભ તીર્થ જંગમ સાધુઓ યાત્રા કરી શુભ સંવરો. ૩૦૫
કલિકાલમાં આધાર છે શુભ સાધુઓ સેવા કરો,
છે ધર્મના ધુરંધરો શુભ ધર્મ શ્રદ્ધા આદરો;
ભક્તિ કરીને સાધુઓના પુણ્યની પોઠી ભરો,
શુભ તીર્થ જંગમ આદરી વ્યવહારનયને અનુસરો. ૩૦૬
સિદ્ધાચલાદિ તીર્થ જે જે શાસ્ત્રકારે સંસ્તવ્યાં,
યાત્રા કરે શુભ ભાવથી આગમવિષે ફલ બહુ કવ્યાં;
જેથી તરાતું તીર્થ તે નિશ્ચય અને વ્યવહારથી,
વ્યવહારથી તીર્થોવિષે ગુરૂગમ ધરો અનગારથી. ૩૦૭

## શ્રુતજ્ઞાનયાત્રા.

શ્રુત જ્ઞાન સાચુ તીર્થ છે જિનવાણીની યાત્રા કરો,
પૂજા કરો જીનવાણીની ભવ્યો ! ભવાંભોધિ તરો;
કલિકાલમાં આધાર જિનવાણીનો અવધારવું,
સ્વાધ્યાય પર્યાલોચના યાત્રા કરીને ધારવું. ૩૦૮

આગમ અને શ્રુતજ્ઞાનિની આશાતનાઓ ટાળવી,
આગમ કરીને આગળે નિજબુદ્ધિ ધર્મે વાળવી;
શ્રુતજ્ઞાનગંગાતીર્થની યાત્રા કરે પાપો ટળે,
શ્રદ્ધાસુભક્તિયોગથી જીવ મુક્તિની વાટે વળે. ૩૦૯

આગમતણી રક્ષાથકી આરાધના છે ધર્મની,
મુક્તિ રહી કરતલવિષે એ વાત ભાખી મર્મની;
સિદ્ધાંતનું જે પઠનપાઠન સાહાય્ય તેમાં જે કરે,
તે જ્ઞાની થઇ અંતે ભલી પરમાત્મપદવીને વરે. ૩૧૦

જ્યાં પઠનપાઠન થાય ત્યાં સિદ્ધાંતની યાત્રા ખરે,
આગમશ્રુતિ શુભ પાત્ર છે સમજે ખરે તે ભવ તરે;
શ્રદ્ધા સુભક્તિ માનથી ગુરૂ પાસ આગમ સાંભળે,
સિદ્ધાંત યાત્રા તે ખરી અજ્ઞાનતા પાપો ટળે. ૩૧૧

## ચતુર્વિધસંઘયાત્રા.

શુભ સંઘની યાત્રા કથી શ્રદ્ધા સુભક્તિમાનથી,
શુભ સંઘની સેવા કરો રક્ષા કરો એકતાનથી;
શુભ શ્રમણ શ્રમણી શ્રાદ્ધને જે શ્રાવિકા એ ચાર છે,
એ ચાર અંગો સંઘનાં ભક્તિ કરે જયકાર છે. ૩૧૨

એ ચારની રક્ષા અને વૃદ્ધિથકી યાત્રા કથી,
એ ચારની યાત્રા ખરી આગમ જુવો સર્વે મથી;
એ ચાર વણ જે તીર્થ સ્થાવર કોણ રક્ષે જાણશો,
એ ચારની સેવા ભલી એ યાત્ર મનમાં આણશો. ૩૧૩

એ ચારની જે ઉન્નતિ કરવા પ્રવૃતિ આદરે,
તે સંઘની યાત્રા કરીને સિદ્ધ શાશ્વત પદ વરે;
એ ચાર અંગો દેવસમ છે જીવતાં મહી જાગતાં,
એ ચાર અંગો જ્યાં વસે ત્યાં દિવ્યવાદ્યો વાગતાં. ૩૧૪

શુભ તીર્થની યાત્રા કરો રક્ષા કરો એ સાર છે,
જે તીર્થની યાત્રા કરે તેનો સફળ અવતાર છે;
યાત્રાથકી સદ્ગુણ વધે ને દોષ સઘળા ઝટ ટળે,
ગુરૂગમ લહી યાત્રા કરે મનના મનોરથ સહુ ફળે. ૩૧૫

શ્રી સદ્ગુરૂ યાત્રા ખરેખર સર્વપાપપ્રહારિણી,
શ્રી સદ્ગુરૂ યાત્રા કરો આનંદમંગલકારિણી;
શ્રી સદ્ગુરૂ યાત્રા ખરી વિદ્યાવિવેકપ્રચારિણી,
શ્રી સદ્ગુરૂ યાત્રા ખરી અજ્ઞાનતમને હારિણી. ૩૧૬
શુભ વિનયભક્તિ સદ્ગુરૂની સત્યયાત્રા જાણવી,
આજ્ઞા ગુરૂની શીર્ષપર વહેવી તે યાત્રા માનવી;
યાત્રા કરે જે સદ્ગુરૂની ભક્ત શિષ્ય સુપાત્ર છે,
યાત્રા ગુરૂની જે કરે તેનુંજ નિર્મળ ગાત્ર છે. ૩૧૭
પરમાર્થની જે જીંદગી યાત્રા ખરી નિજ જાણવી,
ર્પણ કરીને જીંદગી ધર્માર્થકૃત્યે આણવી;
જે ધર્મના ઉપદેશમાં સ્વાર્પણ કરે જીવન ખરે,
તે આત્મભોગી જીવને યાત્રા હૃદય નિર્મલ કરે. ૩૧૮
યાત્રાઓ સર્વે સત્ય છે શાસ્ત્રાવિષે જે જે કથી,
સાપેક્ષદૃષ્ટે કૃત્ય છે શંકાજ ત્યાં ઘટતી નથી;
શ્રી સદ્ગુરૂગમ જ્ઞાનથી આગમ અને અનુભવવડે,
યાત્રા કરે જે ભાવથી સમજણ ખરી તેને પડે. ૩૧૯
સિદ્ધાચલાદિ તીર્થની યાત્રા અહો અન્તે કરી,
તું ધન્ય છે કૃત પુણ્ય છે શુભ ધર્મની પોઠી ભરી;

વૈરાગ્યને નિઃસંગતા નિર્ગ્રંથના ભાવે ભર્યો,
જયજય ગુરૂજી જગત્માં અવતાર નિજ સફલો કર્યો.૩૨૦

**જ્ઞાન.**

રાચી રહ્યો તું જ્ઞાનમાં એ જ્ઞાન જગમાં શ્રેષ્ઠ છે,
એ સદ્ગુણોમાં મુખ્ય છે એનાથકી સહુ હેઠ છે;
આધાર આ કલિકાળમાં છે જ્ઞાનનો એ સત્ય છે;
શ્રુતજ્ઞાનનો અભ્યાસ એ પરમાર્થતઃ શુભ કૃત્ય છે. ૩૨૧

આગમવિષે પહેલુ કથ્યું છે જ્ઞાન એવા પાઠ છે,
શ્રુતજ્ઞાનવણ કિરિયાતણા જૂઠા જગત્માં ઠાઠ છે;
સમજાય છે જ્ઞાને સકળ જ્ઞાને પ્રકટ પરમાત્મતા,
કર્તવ્ય વા કર્તવ્ય તેની જ્ઞાન ગુણથી વ્યક્તતા. ૩૨૨

સંસારમાં કોઇ કાર્ય કરવું જ્ઞાનગુણથી થાય છે,
સમજ્યા વિના કંઇ નહિ થતું ત્યાં જ્ઞાન મુખ્ય કથાય છે;
પશુસમ કહ્યા માનવ અરે એ જ્ઞાનગુણવણ જાણવું,
મહિમા સુણી એ જ્ઞાનનો શ્રુતજ્ઞાન મનમાં આણવું. ૩૨૩

ક્ષણમાત્ર પણ શુભજ્ઞાનવણ ચાલે નહીં સસારમાં,
પ્રાપ્તિ કરો શ્રુતજ્ઞાનની માનવતણા અવતારમાં;

શ્રુત જ્ઞાનગુણુ આદેય છે શ્રુત જ્ઞાનગુણુ આદેય છે,
શ્રુત જ્ઞાનગુણુ તવ સેવ્ય છે શ્રુતજ્ઞાનગુણુ તવ ધ્યેય છે. ૩૨૪
મતિ આદિ પંચ પ્રકાર છે એ જ્ઞાનના મન જાણુવા,
સમજી સકળ સમ્યક્પણે અન્તરવિષે પ્રકટાવવા;
"ગીતાર્થ વિહારઃ પ્રથમ" આગમવિષે જ્યાં ત્યાં જુવો,
શ્રતજ્ઞાન ગંગામાં ઝીલી પાપો સકળ વેગે ધ્રુવો. ૩૨૫
શ્રીવીરશાસન જ્ઞાનથી ચાલે જગત્માં જાણુશો,
સમજ્યા વિના હઠવાદથી ખોટું હૃદય નહિ તાણુશો;
સેવા ખરી શ્રુતજ્ઞાનની શ્રુતજ્ઞાનિની સેવા ખરી,
એ જ્ઞાનગુણુવણુ મુક્તિનહિ ભાખ્યું ખરૂં અનુભવ કરી.૩૨૬

દાન.

સંસારમાં ત્હેં દાન દીધું ભક્તિથી શુભપાત્રમાં,
તેથી શીયલ શોભી રહ્યું ત્હારા રગોરગ ગાત્રમાં;
જે દાન દે તે શીયલને પામે ખરેખર જાણુવું,
સાંવત્સરિક તીર્થંકરો દે દાન મનમાં આણુવું. ૩૨૭
શુભદાન શીયલ તપ અને શુભ ભાવના એ ચાર છે,
એ ધર્મભેદોમાં પ્રથમ તો દાનનો વ્યવહાર છે;

મમતા ટળ્યા વણ દાનનો આચાર કો નહિ આચરે,
જે દાન શૂરો હોય છે તે દાનવૃત્તિજ આદરે. ૩૨૮
સન્યાસ વા ત્યાગીપણું નહિ દાન વણુ ક્યારે મળે,
દોષો અહંતાથી થયા નહિ દાનવણુ કયારે ટળે;
જિતકલ્પ છે વ્યવહારમાં શુભ દાન દેવું જાણવું,
જીતકલ્પ છે જગલોકનો એવું હૃદયમાં આણવું. ૩૨૯
ઉપકાર જગના વાળવા જગદાન સમ કોઇ નથી,
ઉપકાર વળતા દાનથી શાસ્ત્રો જુવો સર્વે મથી;
ભવમાં ભટકતાં જીવને ઉપકાર જીવોએ કર્યા,
ઉપકાર જગનો વાળવાને દાન દો ભાવે ભર્યા. ૩૩૦
ઉપકાર સહુનો છે પરસ્પર જીવવામાં જાણીને,
ઉપકાર સૌના છે ભવોભવ એવું મનમાં આણીને;
ગાર્હસ્થ્ય ભૂષણદાન છે ઘરબાર શોભા એ વડે,
ઘરબાર માંડયું વિશ્વમાં એ દાન દીધે પરવડે. ૩૩૧
નિજ દેહને હોમી કપોતે દાન ગુણને સાચવ્યો,
દ્દષ્ટાંત લૌકિક ગ્રંથમાં ઘરબાર શોભામાં કથ્યો;
સાહાય્ય લીધું વિશ્વનું એ દાનથી પાછું વળે;
સુગુરાજનોને ભાવથી ઉતરે શિખામણ એ ગળે. ૩૩૨

દાતારની કીર્તિ વધે વૈરી સકલ વશ થૈ જતા,
દેતાં જીવોને દાન સઘળા સદ્ગુણો થાતા છતા;
દાતારમાં ઔદાર્ય ખીલે ભાવના શુભ આવતી,
દાતાર તેને તપતણી સિદ્ધિ ખરેખર થાવતી. ૩૩૩
મૂર્છા-પરિગ્રહ જાણવો મૂર્છા ટળે દાનજ થતું,
ઘરબારમાં શુભદાનથી સાધુપણું પ્રગટે છતું;
નિર્ગ્રન્થતા વૃદ્ધિ થતી દાને હૃદયના ભાવથી,
વ્યવહારમાં પ્રગટે ખરી એ દાનના શુભ દાવથી. ૩૩૪
વૃક્ષો નદીઓ મેઘ શોભે દાન સ ગુણયોગથી,
મોટાઈ છે દાતારની શુભ દાનના ઉપયોગથી;
દાતારનો ઉંચો રહે છે હસ્ત દાનસમે ખરે,
લેનાર યોગી હોય તો પણ હસ્ત રહે નીચો અરે. ૩૩૫
દાતારની મોટાઇ છે એ દાન કાળે જાણવું,
શુભ દાન દેવું ભાવથી એવું હૃદયમાં આણવું;
એ દાન ગુણ છે પંચધા શુભપાત્ર આદિપ્રભેદથી,
એ દાન ગુણ ફલ દે ભલું દીધું હૃદય નિઃખેદથી. ૩૩૬
પસ્તાય છે જે દાનને દેઈ પછી સંસારમાં,
હારી જતો તે ફલ ઘણું દૃષ્ટાન્ત બહુ વ્યવહારમાં;

કંજુસ મમ્મણુ શેઠનું દૃષ્ટાન્ત મનમાં ધારવું,
કાર્પણ્ય ખેદાદિક કરી શુભ ફલ અહો નહિ હારવું. ૩૩૭
સંસારપાથોધિતરી જાણો ખરેખર દાન છે,
જે દાનને દેતો ખરે તેનુંજ સાચું જ્ઞાન છે;
આ ભવવિષે સંપત્તિને સત્તા ઘણું સન્માન છે,
એ પૂર્વભવનું દાનફળ શાસ્ત્રોવિષે ગુણુગાન છે. ૩૩૮
સાધુ તપસ્વી થઈ ફરે લક્ષ્મી ઉપર મમતા કરે,
એ દાનગુણુ સિદ્ધિ વિના ત્યાગીપણું કયાંથી વરે;
જે દાન સદ્‌ગુણુ સેવીને સ્વાર્પણુ કરે તે ધન્ય છે,
વિખ્યાત વિશ્વે તે થતો જાણો ખરો કૃત પુણ્ય છે. ૩૩૯
જે સ્વાર્થને દૂરે કરી પરમાર્થ પથમાં સંચરે,
તે દાનગુણુથી જાણુવો તે કોટી કર્મો સંહરે;
ઋષભાદિ તીર્થંકર થયા એ દાનફલથી જાણુવા,
દૃષ્ટાંત એવા સાંભળી એ ભાવ મનમાં આણુવા. ૩૪૦
શુભદાન દેવાથી થતું તે અન્યથી નહિ થાય છે,
શુભપાત્રમાં જે દાન દે તે ઉચ્ચ સદ્‌ગુણુ પાય છે;
શુભદાનનો મહિમા જગત્‌માં જાગતો ફલ આપતો,
આત્માર્થિજન જે હોય તેના મનવિષે એ વ્યાપતો. ૩૪૧

નિરહંપણે જે દાન દે મુક્તિ સ્વયં સહેજે વરે,
નિરહંપણે જે દાન દે સંસારમાં તે નહિ ફરે;
નિષ્કામભાવે દાનને દેતાં સકળ સિદ્ધિ ખરે,
પરમાર્થપદશકિત અહીં કર્મો કર્યા બહુ નિર્જરે. ૩૪૨

જે દાનમાંહી રક્ત છે તે ધર્મમાં આસક્ત છે,
શુભપાત્રમાં જે દાન દે તે ઇશ્વરી મહાભકત છે;
સ્વાર્પણ કરે જે જે મળ્યું તે આત્મભોગી વીર છે,
અન્તરથકી જાણો ખરે એ સંત સજ્જન ધીર છે. ૩૪૩
જે દાનને નિજ ફર્જ માની દે સદા તે જન ખરો,
ભવ્યો ! હૃદયની ભાવનાથી દાન ગુણ વેગે વરો;
જગયુદ્ધ શૂરા જનથકી પણ દાનવીરજ શ્રેષ્ઠ છે,
શુભ દાનગુણ વિષ્ણુ ખરો એના થકી સહુ હેઠ છે. ૩૪૪
વિક્રમ ખરો દાનેશ્વરી સ્વાર્પણ કર્યા પ્રાણો અહો !
શ્રીકર્ણ ભોજને સંપ્રતિ ભરતાદિ દૃષ્ટાન્તો લહો.
શુભ તીર્થ જંગમ સાધુને જે દાન દે તે ભવતરે,
પ્રત્યક્ષ ફલ છે સાધુને જે દાન દે તેથી ખરે. ૩૪૫
બહુમાનપૂર્વક ભક્તિથી આભવ વિષે ફલ થાય છે,
દૃષ્ટાન્ત એનાં જીવતાં ગીતાર્થગુરૂઓ ગાય છે;

જે જે મળી શુભ શક્તિયો પરના હિતાર્થે વાપરે,
તે દાનગુણ સિદ્ધિ કરી–બીજા ગુણો સહેજે વરે. ૩૪૬
શુભ સપ્તક્ષેત્રે દાનને જે વાપરે તે પૂજ્ય છે,
પરમાર્થપદ વેગે વરે એ ધર્મજીવન ગુહ્ય છે;
જે દાન દેતો જ્ઞાનનું એ જ્ઞાનની વૃદ્ધિ કરે,
તે ધર્મજીવન સૂત્રનો જીવક બની સિદ્ધિ વરે. ૩૪૭
વિદ્યા અને શુભ જ્ઞાન સમ કો દાન નહિ એ દેખવું,
વિદ્વાન્ જ્ઞાની સમ નહિ કો પૂજ્ય જગમાં પેખવું;
જે સ્વાન્યદ્યોતક આત્મશોધક જ્ઞાનધનને આપતો,
તે વિશ્વમાં ભાનુસમો કીર્ત્યા સકલમાં વ્યાપતો. ૩૪૮
પાઠક બની જે જ્ઞાન ધનનું દાન આપે સર્વને,
કર્તવ્ય ફર્જે સ્થિર થતો રાખે નહિ મન ગર્વને;
તે સ્વર્ગ સિદ્ધિપદ વરે ઉપકાર નહિ તેનો વળે,
સંઘોન્નતિ વિશ્વોન્નતિ જ્ઞાને થતી ચેતનબળે. ૩૪૯
થાતી સદા જ્યાં આપલે શ્રુતજ્ઞાનની પરમાર્થમાં,
જ્યાં જ્ઞાનના દાતાર જ્ઞાનીઓ પડે નહિ સ્વાર્થમાં;
એ દેશની છે ઉન્નતિ એ દેશને સહુ કો નમે,
જ્ઞાની જનોને જ્ઞાનનું શુભદાન નિશ્ચયતઃ ગમે. ૩૫૦

દાન.

વાચિક કાયિક શક્તિયો જે જ્ઞાનદાને વાપરે,
મનની ખીલેલી શક્તિયોને જ્ઞાનદાને વ્યય કરે;
જે જ્ઞાનદાન સહાયમાં નિજવિત્ત ખર્ચે ભાવથી,
બહુકર્મને તે નિર્જરી જ્ઞાની બને શુભદાવથી. ૩૫૧
અભયદાને રાચતો બહુ જીવની રક્ષા કરી,
સંસારપાથોધિ તરે તે જન્મ મૃત્યુ સંહરી;
જે દાન શૂરો હોય છે તે ધર્મશૂરો થાય છે,
સહુધર્મની રક્ષા કરે એ દાન જિનવર ગાય છે. ૩૫૨
જગજીવની તુષ્ટિ કરે પુષ્ટિ કરે રક્ષા કરે,
શુભ દાન વણુ ચાલે નહિ આ વિશ્વમાં ક્ષણુ ભર અરે;
શુભ દાન શ્વાસોચ્છ્વાસ છે શુભ વિશ્વજીવનમંત્ર છે,
શુભદાન ત્યાં છે માન જગમાં દાન રક્ષકતંત્ર છે. ૩૫૩
સહુ ધર્મ જીવનયંત્ર છે એ દાન જગનો ધર્મ છે,
એ દાન જનની ફર્જ છે એથી સદા શિવ શર્મ છે;
દાતાર બાંધે કીર્તિનું મન્દિર અવિચળ દીપતું,
કવિનું કર્યું બહુવર્ષ સુધી રહી સકળને જીપતું. ૩૫૪
દાનેશ્વરી જે હોય છે તે આશ પરની પૂરતો,
દાનેશ્વરી જે હોય છે તે દુઃખી દુઃખો ચૂરતો;

દાનેશ્વરી જે હોય છે તે યાચના સહતો નહીં,
શુભ દાનશૂરા લોકનાં નામો અમર શોભે સહી. ૩૫૫
કર્તવ્યરૂપજ ફર્જ છે શુભદાન દે! નિજ શકિતથી,
કર્તવ્યરૂપજ ફર્જ છે તવ દાન દે! નિજ ભકિતથી;
કર્તવ્ય આવશ્યક સદા તવ દાનનું દિન દિન પ્રતિ,
નિજ શક્તિની એ ફર્જથી અધિકું નહીં તવ એ ગતિ. ૩૫૬
કર્તવ્ય ત્હારૂં કર! સદા નિજ શકિતથી શુભદાનનું,
કર્તવ્યદાનની ફર્જમાં નહિ નામ શોભે માનનું;
જ્યાં જ્યાં ખરે દેવું ઘટે જે જે જ જે શક્તિવડે,
ત્યાં ત્યાંજ તે તું દે! ખરે તે તે જ તુજને પરવડે. ૩૫૭
તવ શકિતયો જે દાનમાં વપરાય તે વૃદ્ધિ લહે,
વિશ્વાસ એવો રાખીને તું દાન કર! જ્ઞાની કહે;
એકેંદ્રિયાદિ જીવ સર્વે દાન ફર્જજ સાચવે,
જીવોજીવોપગ્રહવડે સર્વે જીવે ગણધર કવે. ૩૫૮

## નીતિ.

નીતિ વિનાનું જીવવું તે જીવવું પણ ધૂળ છે,
સામાન્ય નીતિ ધર્મ છે તે વિશ્વ જીવન મૂળ છે;

નીતિ વિના રીતિ નથી નીતિ વિના સુખ છે નહીં,
નીતિ ધરે શાંતિ પ્રતિષ્ઠા કીર્તિયશ વધતો સહી. ૩૫૯
જ્યાં નીતિ નહિ ત્યાં ધર્મ નહિ અન્તર્ વિચારી દેખવું,
નીતિ વિના નર સાક્ષરા તે રાક્ષસા જગ પેખવું;
નીતિ વિના વિદ્યા અને લક્ષ્મીથકી જગ શું થયું,
સામ્રાજ્ય સાચું નીતિથી આ વિશ્વમાં શોભી રહ્યું. ૩૬૦
નીતિવિષે ઈશ્વર વસે સાહાય્ય દેવોનું મળે,
નીતિ વિના માનવપણું શોભે નહીં જગ પળપળે;
જ્યાં નીતિ ત્યાં સહુ ધર્મ આ જગમાં સદાવાસો કરે,
સત્તા વધ્યાથી શું થયું નીતિ વિના સમજો ખરે. ૩૬૧
પ્રામાણ્ય નીતિથી સદા શોભી રહે દિનકરસમું,
નીતિવડે જે શોભતો તેના અહો પાયે નમું;
સન્નીતિની શુભ જીવતી મૂર્તિ બની વિલસી રહ્યા,
જય જય ગુરૂ આ વિશ્વમાં મહિમા ન જાએ તવ કહ્યા.૩૬૨

શ્રદ્ધા.

પ્રભુ ધર્મની શ્રદ્ધા વર્યો સંસારપાથોધિ તરી,
તવ ચિત્ત હાડોહાડમાં ને રોમરોમે એ ભરી;

શુભ ધર્મનો પ્રાસાદ પાયાસમ ખરી શ્રદ્ધા કથી,
શ્રદ્ધા વિના ધર્મજ નથી જોશો સકળ આગમ મથી. ૩૬૩
જે ધર્મ રૂપી દેહ તેના વીર્યસમ શ્રદ્ધા ખરી,
શ્રદ્ધા વિના બળ નહિ જરી દેખો અનુભવ એ કરી;
શ્રદ્ધાથકી મંત્રો ફળે શ્રદ્ધા વિના નહિ કૈં થતું,
શ્રદ્ધા વિના નર જે કરે તે ક્ષણ વિનશ્વર થઇ જતું. ૩૬૪
તર્કો ઉપર તર્કો થતા તેના ઉપર તર્કો થતા,
આપે દલીલો જે પ્રબળ તે વિશ્વમાં જીતી જતા;
જે તાર્કિકોના તાર્કિકો તે અન્યને જૂઠું કરે,
તર્કો કરે કોટી ગમે શ્રદ્ધા વિના નહિ કૈં કરે. ૩૬૫
તર્કો ઉપર તર્કો કરે પણ તર્કનો નહિ પાર છે,
શ્રદ્ધા વિના તર્કોવડે દોડે કશો નહિ સાર છે;
પ્રભુ કેવલીએ જે કથ્યું શ્રદ્ધા કરી તેની ખરી,
કર્તવ્ય નિજ તું કર ! સદા વિશ્વાસથી મનડું ભરી. ૩૬૬
શ્રદ્ધા વિના પ્રામાણ્ય નહિ પ્રામાણ્ય વણ શ્રદ્ધા નહીં,
એ બે પરસ્પર જીવતાં કારણ અને કાર્યે સહી;
શ્રદ્ધા વિના ફત્તેહ નહિ યાહોમ જીવન નહિ થતું,
શ્રદ્ધા વિના જીવાય નહિ જગલોકમાં નિશ્ચય મતુ. ૩૬૭

શ્રદ્ધા વિના નીતિ અને આચાર સારા નહિ ટકે,
શ્રદ્ધા વિના બકવાદિયો સ્વાચ્છન્દ્યથી કંઇ કંઇ બકે;
શ્રદ્ધાથકી સમ્યક્ત્વ છે સમ્યક્ત્વથી ચારિત્ર્ય છે,
શ્રદ્ધા ક્રિયાનું મૂળ છે અન્તર્ સદા પાવિત્ર્ય છે. ૩૬૮
શ્રદ્ધા વિના મુક્તિ નથી કોટી ઉપાયો જો કરો,
શ્રદ્ધા વિના શાન્તિ નથી સંશયથકી દુઃખે મરો;
નિશ્ચય વિના સિદ્ધિ નથી કુતર્ક કોટી કેળવે,
નિશ્ચયથકી સિદ્ધિ થતી આચારમાં બળ ભેળવે. ૩૬૯
શ્રદ્ધાવડે વ્યવહારમાં પ્રાબલ્ય વધતું બહુ રહે,
શ્રદ્ધાવડે કર્તવ્યની સિદ્ધિ થતી જિનવર કહે;
નિશ્ચયસમું કો બળ નથી ઉત્સાહ અંગે આપતું,
નિશ્ચય બળે સહુ અંગમાં ઉત્સાહ જીવન વ્યાપતું. ૩૭૦
શ્રદ્ધા વિના શ્રી સદ્ગુરૂનો પ્રેમ પ્રગટે નહિ કદી,
પર્વત અને વૃષ્ટિ વિના પ્રગટે નહીં જગમાં નદી;
શ્રદ્ધા વિના શ્રી સદ્ગુરૂની તત્ત્વ તો પ્રગટે નહીં,
શ્રદ્ધાથકી ભક્તિ અને સેવા જગત્માં છે સહી. ૩૭૧
શ્રદ્ધા વિના ફળ નહિ મળે ભક્તિ અને સેવા કરે,
શ્રદ્ધા વિના જગ સહુ ફરે તપ જપ થતાં નિષ્ફળ ખરે;

શ્રદ્ધા વિનાનો શિષ્ય તે જાણો હરાયું ઢોર છે,
શ્રદ્ધા વિનાનો શિષ્ય તે જાણો ગુરૂનો ચોર છે. ૩૭૨
શ્રદ્ધા વિનાનું વ્રત કર્યું પૂજા કરી નિષ્ફળ જતી,
શ્રદ્ધા વિના સંકલ્પ બળ કયાંથી અરે કયાં શુભ મતિ;
આશીઃ પ્રદીધીને લીધી શ્રદ્ધાબળે સત્વર ફળે,
અનુભવ ખરો એ યોગીનો ઉતરેજ જ્ઞાનીના ગળે. ૩૭૩
શ્રદ્ધા વિના નિષ્ફળ થતું સહુ; મન અરે જયાં ત્યાં ભમે,
શ્રદ્ધા વિના સ્થિરતા નથી યાત્રા કરે કોટીગમે;
શ્રદ્ધા વિના વ્યવહારમાં ઉત્તમ થતો નહિ માનવી,
શ્રદ્ધાથકી છે ધર્મ સત્કિરણોવડે જેવો રવિ. ૩૭૪

## ધૈર્ય.

શ્રદ્ધાથકી ધીરજ વધેને ધૈર્યથી બહુ બળ વધે,
ઉપસર્ગ વેઠાતા બધાને કાર્યની સિદ્ધિ સધે;
શુભધૈર્યયોગે ધર્મનાં કાર્યો કરાતાં ટેકથી,
એ ધૈર્યયોગે કાર્યની સિદ્ધિ થતી શુભનેકથી. ૩૭૫
હિમ્મતતણી કિમ્મત નથી હિમ્મત વધે છે સદ્ગુણે,
પ્રારંભથી છેવટ સુધી શુભ છે અહો જ્ઞાની ભણે;

એ ધૈર્ય ગુણ જેમાં ખીલ્યો તે ધીર જગમાં જાણવો;
શુભ કાર્યનો સાધક ખરો એ ભાવથી મન આણવો. ૩૭૬
ધીરજ વડે કાર્યો કરે તે વિશ્વ યશને મેળવે,
ધીરજ વડે કાર્યો કરે તે સદ્‌ગુણો બહુ કેળવે;
શુભધૈર્ય વણ ચાલે નહીં સંસારમાં કાર્યો કરે,
શુભ ધૈર્યનું, પગલું ભરંતાં ખપ પડે છે જગખરે. ૩૭૭
શુભ ધૈર્ય જેમાં નહીં અરે તે વીર જગ નહિ થાય છે,
શુભ ધૈર્ય જેમાં છે સદા તે વીર જગ વખણાય છે;
હિમ્મત વિના હારી જતા લોકો ઘડીમાં ધારવું,
કાયર કરે શું ? કાર્ય મનમાં એ સદા અવધારવું. ૩૭૮
સામગ્રીઓ સર્વે મળે પણ ધૈર્યવણ શા કામની,
સારી મતિ સજ્જન હિયે પણ ધૈર્યવણ તે નામની;
સાહાય્ય સહુની હોય તોપણ ધૈર્યવણ જગ હાર છે,
ક્ષણક્ષણ વિષે ધીરજ થકી જગમાં સદા જયકાર છે. ૩૭૯
રાણા પ્રતાપે ધૈર્યથી નિજ રાજ્ય પાછું મેળવ્યું,
શિવાજીએ ધીરજ ધરીને સૈન્ય સારૂં કેળવ્યું;
જ્યાં ધૈર્ય છે ત્યાં સર્વ છે જ્યાં ધૈર્ય નહિ ત્યાં શૂન્યતા,
શ્રદ્ધા અને ધીરજ વિના પ્રામાણ્યની બહુ ન્યૂનતા. ૩૮૦

ધીરજ વિના કાયર અને ઉછાંછળું મન થાય છે,
નિજકાર્યસિદ્ધિપ્રાપ્તિ પાસે આવી પાછો જાય છે;
શક્તિ છતાં ધીરજ વિના લોકો ઘણા હારી જતા,
શકિત છતાં ધીરજ વિના લોકોજ ખાવે બહુ ખતા. ૩૮૧
ધીરજ વિનાના લોકની કિમ્મત્ ન કોડીની થતી,
ધીરજ વિનાના લોકની ઉમ્મર સકળ એળે જતી;
ધીરજ વિનાના લોકની સંગત કરે દુઃખો પડે,
સંસારમાં ધીરજ વિના નર દુઃખ પડતાં રડવડે. ૩૮૨
પ્રખ્યાત જે વિશ્વે થયા ધીરજ થકી મન જાણશો,
શુભ ધૈર્ય ઈશ્વરસમ ગણીને ભાવથી મન આણશો;
શુભ ધૈર્યને ધરવું સદા ચંચલપણું દૂરે કરી,
કર્તવ્ય સદ્‌ગુણ ફર્જ એ તવ ધાર વર્તન આદરી. ૩૮૩
પાછો હઠી જા ના કદાપિ ધૈર્ય મનમાં ધારજે,
સંકટ પડે તે ધૈર્યથી વેઠી પ્રતિજ્ઞા સારજે;
શુભ ધૈર્યથી દેખીશ અન્તે મઙ્ગલો આગળ રહ્યાં,
શુભ ધૈર્યથી દુઃખો અને સંકટ સહ્યાં માણસ કહ્યાં. ૩૮૪

સ્થિરતા.

શુભ ધૈર્ય વણ શુભ સ્થૈર્યની આશા કદિ નહિ રાખવી.
અન્તર્‌વિષે સ્થિરતા વધે સુખ વાનગી ઝટ ચાખવી;

સ્થિરતા વિના મનપાત્રમાં બહુ સદ્‌ગુણો ઠરતા નથી,
સ્થિરતા વિના શાન્તિ નથી એ વાત આગમમાં કથી.૩૮૫
સ્થિરતા વિના નહિ પાત્રતા દૃષ્ટાન્ત જગમાં જાગતાં,
સ્થિરતા વિના ચંચલજનો ઘરઘર ભમે છે માગતાં;
સ્થિરતા વિના જે ક્ષણિકમનના માનવી જગ શું ? કરે,
વિશ્વાસ તેનો ના થતો પ્રામાણ્ય તેથી છે દૂરે. ૩૮૬
સ્થિરતા વિના સમતા નથી જગમાં જુઓ જ્યાં ત્યાં ફરી,
સ્થિરતા વિના સિદ્ધિ નથી ને ધ્યાન આશા નહિ જરી;
સ્થિરતા વિનાનો માનવી શુભ ઠામ બેસી ના ઠરે,
સ્થિરતા વિનાજયાંત્યાં જુઓ ચંચલ જીવો ભટકી મરે.૩૮૭
સ્થિરતા વિના તો યોગની સિદ્ધિ કદિ નહિ થાય છે,
સ્થિરતા વિના ચંચલમને ચિંતા ઘણી પ્રકટાય છે;
સ્થિરતા વધે ત્યાં સહુ વધે આનન્દ મર્યાદા નહીં,
આનન્દ અપરંપાર સ્થિરતા વૃદ્ધિથી જાણો સહી. ૩૮૮
સ્થિરતા વિના શોભે નહીં ચારિત્રની દીક્ષા ગ્રહી,
સ્થિરતા ખરૂં ચારિત્ર્ય છે સ્થિરતા વિનાનું કંઇ નહીં;
સ્થિરતા વિના અનુભવ નથી પરમાત્મના પદને વિષે,
સ્થિરતા વિના શિવશર્મનો અનુભવ અરે ક્યાંથી દિસે. ૩૮૯

સ્થિરતાવડે શિવશર્મનો અનુભવ હૃદયમાં થાય છે,
આત્માનુભવ સ્થિરતાવડે પરમાત્મપદ પરખાય છે;
સ્થિરતાવડે નિજયોગ્યતા પ્રગટે ખરેખર જાણવું,
વિદ્યા સમર્પે સદ્ગુરૂ નિજ શિષ્યને એ માનવું. ૩૯૦
જે રાજયોગી મંત્રયોગી કર્મયોગીજ જન થતા,
સ્થિરતાવડે લયયોગીઓ આ વિશ્વમાં થાતા છતા;
સંવર અને જે નિર્જરા તે સ્થૈર્ય અવલંબી રહે,
સ્થિરતા સમાધિયોગમાં પરમાત્મપદ શોભા લહે. ૩૯૧
સ્થિરતાવડે સાધુત્વ છે જ્યાં વ્યક્તિભાવે સ્થૈર્ય છે,
ત્યાં ઉપશમાદિભાવથી નિજવ્યક્તિ સાચું ધૈર્ય છે;
જ્યાં ઉપશમાદિસદ્ગુણો સ્થિરતા લહે ત્યાં શર્મ છે,
જ્યાં ઉપશમાદિ સદ્ગુણે સ્થિરતા વધે ત્યાં ધર્મ છે. ૩૯૨
ત્હેં સ્થૈર્યની વૃદ્ધિ કરી ચારિત્ર દીપાવ્યું ખરૂં,
આદર્શજીવન સ્થૈર્યનું ભાવે સદા એ અનુસરૂં;
તવ દેહવાણી ચિત્તની સ્થિરતા વધી અનુભવ કર્યો,
તું પૂજ્ય પ્રાણાધાર મ્હારા ધ્યેયરૂપે મ્હેં વર્યો. ૩૯૩

ઉપદેશ.

મંગલતનુ અવસાન સમયે ખામણાં કીધાં ખરાં,
ત્હેં સર્વ જીવ ખમાવિયા વૈરાગ્યથી લોચન ભર્યાં;

ત્હેં ભક્તજીવો આગમે ઉપદેશ કીધો છેવટે,
એ સાંભળ્યો સ્મૃતિમાં રહ્યો તેથી કષાયો બહુ ઘટે. ૩૯૪
કરશો કષાયો ના કદિ સંસારનું એ મૂળ છે,
જાણ્યું કષાયે જીવનતો એ જાણવું પણ ધૂળ છે;
દુઃખો કષાયે સંપજે શાન્તિ ન સાચી પ્રગટતી,
પરમાર્થબુદ્ધિ ઝટ ટળે સંયમદશા પણ વિઘટતી. ૩૯૫

## સદ્ગુરૂનો અન્તિમોપદેશ.

( મન્દાક્રાન્તા. )

લોભો ભળ્યો વિષય વિકથા ક્યાં કરો મોહભાવે,
આવે સાથે નહિ નહિ કશું કર્મ તે સાથ આવે;
આયુઃ વીતે ક્ષણ ક્ષણ અરે ચિત્ત વૈરાગ્ય લાવો,
સાચા સાચા જિનવર વિભો ચિત્તમાં નિત્ય ભાવો. ૩૯૬
મ્હારૂં ત્હારૂં હૃદય કરતાં સાર આવે ન સારો,
ભૂલો છો શું ? હૃદય સમજી મોહથી જન્મ હારો;
સંસારેરે સુખ નહિ મળે પૂર્ણ આયુષ્ય ગાળે,
વૈરાગી કો હૃદય સમજી ધર્મમાં આયુ વાળે. ૩૯૭
મુંઝે ક્યાં તુ વિષયવનમાં દુઃખ અંતે સદાનું,
મુંઝી લોકે સુખ નહિં ગ્રહ્યું માન કીધું મઝાનું;

વ્હાલાં જે જે તુજ મનગણ્યું કોઇ આવે ન સાથે,
ભ્રાન્તિ ત્યાગો અનુભવ કરી ધર્મ કરણીજ હાથે. ૩૯૮
સંસારેરે સડણ પડણું સર્વ દેહો સદા છે,
મુંઝે ક્યાં તું તનમનવિષે સત્ય ના એ કદા છે;
ચેતો ચેતો હૃદયઘટમાં સર્વ જૂઠું વિચારી,
આત્મા છે તું અનુભવ કરી ધ્યાનમાં પૂર્ણ ધારી. ૩૯૯
રાગ દ્વેષે નહિ નહિ કશી શાન્તિ સંસાર જાણો,
તેને ત્યાગે જિનવર કહે શર્મ સાચુંજ આણો,
રાગ દ્વેષે તનમનવિષે બોલમાં દુઃખ છાયા,
સૌને એવું સતત ભવમાં રોગ શોકે હણાયા, ૪૦૦
રાગી દ્વેષી જગજનવિષે સામ્ય છે ભાવ જેને,
જાણો સાચી હૃદયઘટમાં શાન્તિ છે પૂર્ણ તેને;
દોડો દોડો નહિ ભવવને દોડતાં થાક ઝાઝો,
જે જે દોડયો વિષયવનમાં તે રહે ના જ સાજો. ૪૦૧
આ સંસારે સુખ નહિ જરા બાહ્યભાવે રમ્યાથી,
આ સંસારે સુખ નહિ જરા બાહ્યભાવે ભમ્યાથી;
આ સંસારે સુખ નહિ જરા કામ્યબાગે જ લોકો,
આ સંસારે સુખ નહિ જરા કેમ પાડોજ પોકો. ૪૦૨

આ સંસારે સુખ નહિ જરા ગાડી માંહે ફરેરે,
આ સંસારે સુખ નહિ જરા વ્યોમમાં સંચરેરે;

(વૈરાગ્ય.)

આ સંસારે સુખ નહિ જરા પુત્રવિત્તાદિકેરે,
આ સંસારે સુખ નહિ જરા ક્રોધમાને બકેરે. ૪૦૩

આ સંસારે બહુધનથકી મોહની છાક આવે,
જાણો જાણો સમજુ મનમાં જ્ઞાનથી ગર્વ જાવે;
આ સંસારે જનન મરણે સર્વ જીવો વહે છે,
જ્ઞાની તેનો અનુભવ કરી શાન્તિ સાચી લહે છે. ૪૦૪

ત્યાગી નિન્દા પરજનતણી દ્વેષને દૂર ટાળો,
સાચાનો તો અનુભવ કરી ધર્મમાં ચિત્તવાળો;
ન્હાના મોટા જગત જન સૌ સંપીને નિત્ય ચાલો,
ધર્મધ્યાને નિશદિન રહી મુક્તિમાં પૂર્ણ માલો. ૪૦૫

માથે માથે મરણ સહુને કોઇના જીવવાનું,
વ્હેલા મોડા જન સહુ જતા કોઇ ના જાણવાનું;
પ્યારાં પ્યારી નવિ કદિ રહે માત કે તાત ક્યારે,
અંતે જાવું ખબર ન પડે કોઇ આવે ન વ્હારે. ૪૦૬

ટૅટૅ ત્હારી કહિ નહિ ચલે ચેત વૈરાગ્યભાવે,
સાથે આવે વપુ નહિ કદા કેમ વૈરાગ્ય નાવે;
જોને ચાલ્યા બહુ જન જતા ખાલી હાથે અરેરે,
કર્મો સાથે અરરર થતાં જે કર્યાં તે ખરેરે. ૪૦૭

( ક્ષણભંગુરતા. )

ઇન્દ્રો ચાલ્યા સુરગણુ ગયા દાનવો ચક્રી રાજા,
જેની હાકે જગજન બીહે શૌર્યથી જેહ તાજા;
તેવા ચાલ્યા જનન મરણે કાળ મૂકે ન કોને,
જોતાં જોતાં સહુ વહિ જશે આંખથી એહ જોને. ૪૦૮

મોહે ભૂલી જગજન અરે માનમાં ખૂબ માચે,
મોહે ભૂલી જગજન અરે લોભમાં ખૂબ રાચે;
મોહે ભૂલી જગજન અરે ધર્મને પૂંઠ દેતો,
અન્તે સર્વે તવ નહિ રહે ચેતીને ખૂબ ચેતો. ૪૦૯

મારૂં મારૂં હૃદય ગણુતો તે ન ત્હારૂં થનારૂં,
મારૂં માન્યું તનધન સહુ દૂર અન્તે જનારૂં;
મોટી પોકે જન સહુ રડે જે મરેલાંજ તેને,
શોધીને તું જગ શુભ ખરે વીરનું નામ દેને. ૪૧૦

મુંઆઇને પરધનવિષે કેમ મૃત્યુ લહે છે,
જોને જાગી હૃદયઘટમાં કેમ ઉંઘો વહે છે;
તારા જેવા બહુ જન ગયા હાયહા રે કરીને,
સાથે લીધું નહિ નહિ કશું નર્ક પામ્યા મરીને. ૪૧૧

વ્યાધો ઝાલે હરિણુ ગણુને તેમ મૃત્યુ ગ્રહે છે,
છૂટે ના કો સુરપતિ અરે કર્મ માર્ગે વહે છે;
જાણી જાણી અરરર સહુ કેમરે ત્રાસ નાવે,
આ સંસારે જનન મરણે કર્મરાજા નચાવે. ૪૧૨

માથાકૂટી બહુ જગ કરો મૃત્યુ ક્યારે ન મૂકે,
મારૂં મારૂં બહુ બહુ કરી માનવી સત્ય ચૂકે;
મુંઝે જેમાં જનન મરણે વાસ તેમાંજ તારો,
માયાયોગે જગ અવતરી શું કર્યું તે વિચારો. ૪૧૩

ભોળા પ્રાણી પરવશ બની ક્યાં કરોછો કષાયો,
ભોળા પ્રાણી પરવશ બની દુઃખમાંહી ધવાઓ;
ભોળા પ્રાણી પરવશ બની ફન્દમાં કેમ ફૂલ્યા,
ભોળા પ્રાણી પરવશ બની દુઃખપાથોધિ ડૂલ્યા. ૪૧૪

જેના માટે બહુ બહુ સહે તે ન થાતું જ ત્હારૂં,
જેના માટે બહુ બહુ સહે તે અરે થાય ન્યારૂં;

જેના માટે બહુ બહુ સહે તેજ થાતો વિરોધી,
જેના માટે મરણ કરતો તેજ મારે નિરોધી. ૪૧૫
ભૂલ્યો ભૂલ્યો તુજધન અરે અન્યને વિત્ત માને,
ડૂલ્યો ડૂલ્યો પરધનવિષે મોહની છાકતાને;
ફૂલ્યો ફૂલ્યો મન બહુ અરે માનમાં આયુ ગાળ્યું,
ઝૂલ્યો ઝૂલ્યો પરપરિણતે ધર્મનું ભાન ટાળ્યું. ૪૧૬

**હાથમાં બાજી છે.**

બાજી હાથે હજી તવ ખરે ચિત્તમાં જો વિચારી,
બાજી હાથે હજી તવ અરે શોધજે ધર્મધારી;
બાજી હાથે હજી તવ અરે ભૂલ લે સૌ સુધારી,
ચેતો ચેતો ચતુર મનમાં જાવ ના જન્મહારી. ૪૧૭
જે જે દેખે જડ સહુ અરે નાશ તેનો થનારો,
શિખ્યા શિખ્યો ક્ષણિક ઘટના જન્મ પામ્યો જનારો;
જન્મ્યો તેને મરણ ભય છે પૂર્ણ હૈયે વિચારો,
ચેતો ચેતો ચતુર મનમાં જન્મ પામ્યો જનારો. ૪૧૮
જેને દેખી મુનિવર ચળે અપ્સરારૂપ ભારી,
જેને દેખી સુરપતિ ચળે જેહ સૌન્દર્યક્યારી;

જેને દેખી ગ્રહગણુ ચળે રૂપવંતી સુનારી,
ચાલી તેવી મરણુ સમયે કર્મની વાત ન્યારી. ૪૧૯
નારી તારી કહિ નવિ થશે નષ્ટ થાવેજ કાયા,
કાયા માયા પ્રતિદિન ઘટે અભ્રની જેમ છાયા;
કાયા કાચા ઘટસમ અરે પુત્રને તેમ જાયા,
ચેતો ચેતો હૃદય સમજી મોહયોગે ભમાયા. ૪૨૦
જેના માટે પળપળ અરે જંપીને નાજ બેસે,
જેના માટે તનમન અરે કાઢતો નિત્ય કલેશે;
તેતે અન્તે ક્ષણુ નવ રહે નાશ્ય રૂપે થવાનું,
કર્માધારે જનન મરણે મોહથી સૌ જવાનું. ૪૨૧
એવું જાણ્યું તદપિ ન થયો ચિત્ત વૈરાગ્ય સાચો,
જાણો એવો નર જગ વિષે મોહયોગેજ કાચો;
જેના ચિત્તે ગુરૂવરતણી દેશના સત્ય લાગી,
તે સંસારે શુભ નર અરે ધર્મની વૃત્તિ જાગી. ૪૨૨
एकोऽहं એ સ્મરણુ કરતાં અન્ય લાગેજ ન્યારૂં,
एकोऽहं એ સ્મરણુ કરતાં અન્ય લાગેજ પ્યારૂં;
एकोऽहं એ સ્મરણુ કરતાં મોહ થાવે ન ચિત્તે,
एकोऽहं એ સ્મરણુ કરતાં મોહ થાવે ન વિત્તે. ૪૨૩

## આત્મસ્મૃતિ.

આત્માને તો સ્મરણ કરતાં મોહ આવે ન પાસે,
આત્માને તો સ્મરણ કરતાં ભોગ તે રોગ ભાસે;
આત્માને તો સ્મરણ કરતાં ભોગની જાય વૃત્તિ,
આત્માને તો સ્મરણ કરતાં કામની જાય શક્તિ. ૪૨૪

આત્માને તો સ્મરણ કરતાં કામવૃત્તિ ન થાવે,
આત્માને તો સ્મરણ કરતાં મોહ તો ના નચાવે;
આત્માને તો સ્મરણ કરતાં પૂર્ણ વૈરાગ્ય આવે,
આત્માને તો સ્મરણ કરતાં કામ્યભાવો ન ભાવે. ૪૨૫

આત્માનું તું સ્મરણ કરીને ચાલજે ધર્મ વાટે,
આત્માનું તું સ્મરણ કરીને બેસજે જ્ઞાની હાટે;
આત્માનું તું સ્મરણ કરીને મુક્તિની પામ ચાવી,
આત્માનું તું સ્મરણ કરીને મોહને દે હરાવી. ૪૨૬

આત્મારામી સતત થઇને સત્ય વૈરાગ્ય ધારો,
આત્મારામી સતત થઇને આયુ એળે ન હારો;
આત્મારામી સતત થઇને ચેતજે વ્હેતી વાટે,
આત્મારામી સતત થઇજા મુક્તિ છે શીર્ષ સાટે. ૪૨૭

આત્મારામી સતત થઇને ચિત્તને વશ્ય કીજે,
આત્મારામી સતત થઇને ધર્મનો સાર લીજે;
આત્મારામી સતત થઇને ધર્મ ભાવે રહીજે,
આત્મારામી સતત થઇને સામ્યભાવે વહીજે. ૪૨૮
કીધાં કર્મો કદિ નહિ ટળે ભોગવે પાર થાવે,
કીધાં કર્મો પ્રતિદિન ટળે ચિત્ત વૈરાગ્ય પાવે;
કીધાં કર્મો કદિ નહિ ટળે કેમ થાતો પ્રમાદી,
कस्त्वंकोऽहं સ્મરણ કરતાં આવશે સત્યયાદી. ૪૨૯
વૈરાગી થા અનુભવ લહી જૂઠ આ વિશ્વ દેખી,
વૈરાગી થા અનુભવ લહી ભિન્નભાવો ઉવેખી;
વૈરાગી થા અનુભવ લહી સાથ આવે ન કોઇ,
વૈરાગી થા અનુભવ લહી આપને આપ જોઇ. ૪૩૦
જે જે હારૂં મન બહુ ગણે તે થકી દૂર થાતો,
જે જે હારૂં મન બહુ ગણે હોય તેનો ન નાતો;
હાહા હાહા મન બહુ કરી મોહથી તત્ત્વ હાર્યો,
હાહા હાહા મન બહુ કરી ઈશને હેં વિસાર્યો. ૪૩૧
માથાકૂટી જગ બહુ કરે સાર અન્તે ન આવે,
ખાવે પીવે સુખ નહિ ખરૂં શાન્તિ સાચી ન થાવે;

ભૂલાવામાં પડ નહિ જરા લાખચોરાશિમાંહી,
આત્મારામે રમણુ કર તું મુક્તિ તારીજ આંહી. ૪૩૨
જે જે અંશે નિરૂપધિદશા તેજ અંશેજ મુક્તિ,
માની અન્તર્ અનુભવ લહી માન એ સત્ય ઉક્તિ;
ભૂલ્યો ત્યાંથી શુભ ગણુ ફરી પાર આવેજ તેથી,
પૂરીશોધે પ્રભુ ઘટ મળે મુક્તિનો માર્ગ એથી. ૪૩૩
શાસ્ત્રો વાંચી ગુરૂગમવડે સાર અધ્યાત્મ લેજે,
શાસ્ત્રો વાંચી સકલનયનો પૂર્ણ સારાંશ ર્‌હેજે;
સૂત્રો વાંચી સકલનયથી દેશના સત્ય ક્‌હેજે,
સાપેક્ષાએ સકલ સમજી આત્મભાવેજ ર્‌હેજે. ૪૩૪
સાપેક્ષાએ સકલનયથી આગમોને વિચારી,
ધારી ધારી અનુભવ ખરો ધર્મનો થા વિહારી;
આત્માનો તું અનુભવ કરી શાન્તિ લેને મઝાની,
સાચેસાચું હૃદય ધરજે વાત પ્યારી પિછાની. ૪૩૫
ભોગી થૈને વિષય વનમાં આથડે કેમ ભોળા,
ભોગી થૈને વિષય વચને માર ના ગપ્પગોળા;
મોહી થૈને જડ ધનવિષે જીવ ના લેશ રાચો,
મોહી થૈને ઘર વપુવિષે રાગથી કેમ માચો. ૪૩૬

પામી વેળા મનુભવતણી ધર્મને ચિત્ત ધારો,
પામી વેળા મનુભવતણી આયુ કાં ફોક હારો;

ચેત.

ચેતોચેતો મનુભવ લહી ધર્મનું સત્ય ટાણું,
ટાણું આવું કહિ નવ મળે કોટિ ખર્ચે નવાણું. ૪૩૭

ટાણું પામી ગુરૂગમ લહી ધર્મમાં વીર થાજે,
ટાણું આવે નહિ નહિ ફરી ભક્તિના કુંડ ન્હાજે;
જો ચેતેતો અવસર ખરો આ ત્હનેરે મળ્યો છે,
મીઠી મીઠી અતિ રસવતી શેલડીથી ગળ્યો છે. ૪૩૮

સૌનો સાક્ષી સકળ જગમાં તું બની આત્મભાવે,
ન્યારો અન્ત જગ બહુ રહી મસ્ત થા ધર્મદાવે;
માર્ગે ત્હારા વહન કરજે કોટિ વિઘ્નો સહીને,
માર્ગે ત્હારા વહન કરજે સામ્યભાવે રહીને. ૪૩૯

આ સંસારે સુખ નહિ જરા કેમ ભૂલો ભમે છે,
આ સંસારે ક્ષણિક વિષયે કેમ દોડી રમે છે;
આ સંસારે ક્ષણિક વિષયો કેમ ચિત્તે ગમે છે,
આ સંસારે જડ ધનવિષે દેહને કાં દમે છે. ૪૩૦

## ક્ષણિકવિષયમાં શું રાચવું?

આ સંસારે ક્ષણિક વિષયે રાચવું દુઃખકારી,
આ સંસારે ક્ષણિક વિષયે મુંઝતાં ક્લેશ ભારી;
આ સંસારે ક્ષણિક વિષયે મુંઝ ના મુંઝભાઈ,
આ સંસારે તનુજ લલના સર્વ જૂઠી સગાઈ. ૪૪૧
જૂઠીકાયા પરભવવિષે સાથ આવે ન ક્યારે,
માયા તેની ક્ષણિક સમજી ચેતતાં શર્મ ભારે;
ચેત્યા ના જે ક્ષણિક જગમાં દુઃખ પામ્યા અપારી,
ચેતી ચેતી હૃદય ઘટમાં ધર્મનો થા વિચારી. ૪૪૨
જાગી જાગી હૃદય ઘટમાં જોઇલે કાર્ય ત્હારૂં,
આત્મારામી સતત બનતાં કાર્ય ધાર્યું થનારૂં;
ગંદીકાયા ક્ષણિક સમજી મુંઝ ના મુંઝ તેમાં,
સાચી શાન્તિ પ્રકટ નહિ છે મુંઝ ના ભાઈ એમાં. ૪૪૩
સામગ્રી આ પુનરપિ નહીં પ્રાપ્ત ક્યારે થવાની,
જુવાની આ ક્ષણિક વહતી જોત જોતાં જવાની;
કાચી કાયા ઘટ સમ અરે વાર જાતાં ન થાતી,
વૃદ્ધાવસ્થા ક્ષણિક તનથી દુઃખરેલે સુહાતી. ૪૪૪
જોતાં ચાલી જગ સહુ જતું કેમ વૈરાગ્ય નાવે,
બંધાયો ક્યાં પરખ મનમાં બંધને કેમ આવે;

બન્ધો સર્વે વિષય વશમાં ચિત્ત થાતાં ઘટે છે,
રાગાભાવે મન પરિણમે બંધ સર્વે મટે છે. ૪૪૫
જેને દેખે સુખકર અરે તેહથી દુઃખ થાતું,
જેને દેખે પ્રિયકર અરે તેહથી બન્ધ ખાતું;
જેને માને મન નિજતણું તે થકી કર્મ નાતું,
આ સંસારે પરભવવિષે ધર્મનું સત્ય ભાતું. ૪૪૬
માતાબાપા પ્રિયજન સખા પુત્રને બ્હેન ભાઇ,
આયુઃપ્રાન્તે પરભવવિષે જાય તે ના સખાઇ;
ન્યારા પંથો સકળ જનના કર્મયોગે બને છે,
સાચું સાચું અનુભવ ખરે શર્મ ત્હારી કને છે. ૪૪૭
આત્મધ્યાને ભવ ભવતણાં બન્ધનો સૌ ટળે છે,
આત્મધ્યાને અનુભવ બળે શર્મ સાચું મળે છે;
શોધી શોધી પરિસહ સહી સત્ય દેખ્યું જણાવું,
આત્મામાં છે પરમ સુખ એ તત્ત્વ સાચું ભણાવું. ૪૪૮
યોગાભ્યાસે ગુરૂગમવડે આત્મશ્રદ્ધા સુહાતી,
ધ્યાનાભ્યાસે અનુભવબળે આત્મનિષ્ઠાજ થાતી;
ધ્યાનાભ્યાસે મનલયવડે સત્ય થાતી સમાધિ,
સામ્યાનન્દે અનુભવ છતો હોય ના આધિવ્યાધિ. ૪૪૯

બોધું છું એ અનુભવ કરી રાખ વિશ્વાસ બોધે,
જ્ઞાનાભ્યાસે સતત વિચરી રાખજે ચિત્ત શોધે;
વૈરાગીને પરમસુખનો માર્ગ એ છે મઝાનો,
ત્યાગીને એ પરમ સુખનો માર્ગ રહેતો ન છાનો. ૪૫૦
અભ્રચ્છાયા ગગન વિજળી મેઘનું ચાપ જેવું,
તેવી કાયા ધન મન ગણી ધર્મમાં ચિત્ત દેવું;
બુઝયા બુઝયા ક્ષણિક પરખી સર્વ સંસાર લીલા,
જ્ઞાનીઓ કૈં પરમ સુખના થઇ ગયા છે રસીલા. ૪૫૧
સત્તા ખત્તા પ્રહ મન ગણી કીર્તિનેજ પ્રતિષ્ઠા,
એને માની હૃદય ઘટમાં ભૂંડનીરેજ વિષ્ઠા;
ત્હારા માર્ગે વહન કર તું જ્ઞાનચારિત્ર યોગે,
મુંઝાતો ના ક્ષણિક જગમાં પૌદ્ગલી દેહભોગે. ૪૫૨
સાચી શિક્ષા હૃદયપટમાં કોતરી રાખ ભાવે,
માનેતાને ક્ષણિકવિષયે મુંઝ ના મોહ દાવે;
શ્વાસોચ્છ્વાસે પરમસમયે લક્ષ દે એ પ્રબોધી,
પ્રામાદ્યે તું પડ નહિ જરા તત્ત્વને લેજ શોધી. ૪૫૩
વૈરાગીને પરમરસની વાણીમાં ચિત્ત લાગે,
મ્હારૂં ત્હારૂં ક્ષણિક સમજી ચિત્તમાં એજ જાગે;

ભોગો રોગો સમ મન ગણી બાહ્યવૃત્તિ હઠાવે,
આત્મામધ્યે મન લય કરી યોગ હોળી જગાવે. ૪૫૪
વૈરાગીને રસ નહિ પડે બાહ્યના તાનમાને,
વૈરાગીને રસ નહિ પડે બાહ્યના ભાન ગાને;

## વૈરાગીની દશા.

વૈરાગીને રસ નહિ પડે ધામધૂમે ધડાકે,
વૈરાગીને રસ નહિ પડે મોહવાર્તા તડાકે. ૪૫૫
વૈરાગીને રસ બહુ પડે ધર્મની વાત યોગે,
વૈરાગીને રસ બહુ પડે ધર્મધ્યાન પ્રયોગે;
વૈરાગીને પરમ સુખ છે આત્મમધ્યે રમેરે,
વૈરાગીને પરમ સુખ છે રાગવૃત્તિ શમેરે. ૪૫૬
વૈરાગી થા ઝટપટ અરે શાન્તિ તેથી થનારી,
વૈરાગી થા ખટપટ ત્યજી મુક્તિ તેથીજ ત્હારી;
વૈરાગી થા લટપટ હરી સ્થૈર્ય તેથીજ આવે,
વૈરાગી થા પરમસમયે ભાવના ખૂબ ભાવે. ૪૫૭
ત્યાગીઓને ખચિત ટકશે ત્યાગ વૈરાગ્ય જોરે,
ત્યાગીઓને ખચિત ટકશે ત્યાગ અધ્યાત્મતોરે;

ત્યાગીઓને ખચિત ટકશે ત્યાગ સત્સાધુસંગે,
વૈરાગીને પ્રભુપદ મળે જ્ઞાનધ્યાન પ્રસંગે. ૪૫૮
નિઃસંગીનું પદ યદિ ચહે લાવ વૈરાગ્ય તો તું,
આત્મારામી અનુભવબળે આપને આપ જો તું;
જલ્દી ચેતી વિચર પથમાં મુક્તિના ભવ્ય પ્રાણી,
આ સંસારે ખચિત ગણજે ધર્મની તો કમાણી. ૪૫૯
શ્વાસોચ્છ્વાસે જિનગુણ રટી શુદ્ધતા ચિત્ત ધારો,
સાચી શિક્ષા હૃદય ધરતાં આવશે દુઃખ આરો;
સાચા ભાવે સ્મરણ કરતાં કર્મ સર્વે ટળે છે,
સાચા ભાવે જિનપદ રમે મુક્તિ વેગે મળે છે. ૪૬૦
જીતાતું જો મન યદિ ખરે મુક્તિ છે ભવ્ય પાસે,
જીતી બાજી સકળ જગની ચિત્ત જીતે મનાશે;
એવી આજ્ઞા જિનપતિ કથી ભવ્યના ચિત્ત વાસે,
આજ્ઞા માની જિનપતિ કથી દેખ સર્વે ઉદાસે. ૪૬૧
કાયા વાણી મનબળવડે આત્મમાં સ્થૈર્ય ધારી,
શુદ્ધાત્માનો અનુભવ કરી કર્મ ઓઘો વિદારી;
આત્મારામી સતત થઇને પૂર્ણ આનન્દ લેજે,
સિદ્ધાત્મા થૈ સહજ થિરતા ભાવમાં નિત્ય રહેજે. ૪૬૨

# શિષ્યશિક્ષા.

## કવ્વાલિ.

ત્હને ત્હારા અધિકારે, વિચારી કાર્ય જે સોંપ્યું;
તપાસી સર્વ સંયોગો, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૬૩
અહો એ કાર્ય કરવામાં, થશે ફળ શું જરા ના જો;
અહા તવ ફર્જ કરવામાં, કર્યાકર કાર્ય ઉપયોગે. ૪૬૪
બનીને સાક્ષીવત્ સૌમાં, શુભાશુભવૃત્તિથી ન્યારો;
રહીને સ્વાધિકારે તું, કર્યાકર કાર્ય ઉપયોગે. ૪૬૫
થતું શું શું હૃદયમાંહી, તપાસી જો વિવેકે તે;
કથેલા આશયો જાણી, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૬૬
થનારી બાહ્ય કરણીના, ફલોની આશ ત્યાગીને;
ઉદાસીનવૃત્તિને ધારી, કર્યાકર કાર્ય ઉપયોગે. ૪૬૭
સલાહો અન્ય જે આપે, સુણી મનમાં ન ધર શંકા;
જણાવેલું ગુરૂએ જે, કર્યાકર કાર્ય ઉપયોગે. ૪૬૮
જરા પાછો હઠી જા ના, પડે સંકટ ઘણા માથે;
વિજેતા તું થશે પ્રાન્તે, કર્યાકર કાર્ય ઉપયોગે. ૪૬૯
અહો ઉત્સાહકળ બળથી, ઘણી ચીવટ હૃદય ધારી;
ભણાવેલું જણાવેલું, કર્યાકર કાર્ય ઉપયોગે. ૪૭૦

ત્હને માલિક બતાવે જે, પ્રસંગોપાત્ત જે કરવા;
તથાસ્તુ શબ્દને બોલી, કર્યાકર કાર્ય ઉપયોગે. ૪૭૧
પ્રતિજ્ઞાકાર્ય કરવાની, વદીને નહિ અધીરો થા;
પ્રતિજ્ઞા પૂર્ણ કરવાને, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૭૨
વદેલા બોલ મુખમાંહી, કદિ ના પેસવા દેવા;
કથ્યું તે પાળવા માટે, કર્યાકર ઉપયોગે. ૪૭૩
થશે કિમ્મત પછીથી બહુ, ત્હને ત્હારી પ્રવૃત્તિમાં;
જણાશે તે વખત આવે, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૭૪
ઘણો આવેજ કંટાળો, બને એવું ઘણાઓને;
તથાપિ ધૈર્યને ધારી, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૭૫
જગત્‌ના શબ્દ સામું તું, જરા નહિ પેખ પ્રારંભી;
શુભાશુભમાં ધરી સમતા, કર્યાકર કાર્ય ઉપયોગે. ૪૭૬
જગત્ માને ન વા માને, જરા ના રાખજે પરવા;
કરીને યોજના પૂર્વે, કર્યાકર કાર્ય ઉપયોગે. ૪૭૭
કરે લોકો કદી હાંસી, જરા ગણકાર નહિ તેને;
બનીને સર્વથી ન્યારો, કર્યાકર કાર્ય ઉપયોગે. ૪૭૮
રજસ્તમની ત્યજી વૃત્તિ, નિરંજન ભાવમાં રહીને;
ઉપગ્રહ ફર્જ રીતિએ, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૭૯

અદા નિજ ફર્જને કરવી, ગમે તે ક્ષેત્રને કાલે;
નિહાળી ફર્જના સામું, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૮૦

પરસ્પર છે ઘણી ફર્જો, મનુષ્યોને અદા કરવી;
સદા આવશ્યકી જે જે, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૮૧

મળે જો માન ત્હોયે શું? મળે અપમાન ત્હોયે શું?
ગણી નિઃસંગ પોતાને, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૮૨

સદા સ્વાસ્તિત્વસંરક્ષા, ક્રિયા આવશ્યકી માની;
જીવનસૂત્રો સકળ સમજી, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૮૩

જીવાડે જે જીવે જેથી, ખરૂં સ્વાતંત્ર્ય છે જેથી;
અરે તેના રહી તાબે, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૮૪

ગણી નિજ ફર્જ ઈશ્વર એ, થઈ સંપ્રાપ્તવ્યવહારે;
રહીને ફર્જના તાબે, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૮૫

ત્હને આજ્ઞા કરી જે જે, ત્હને કર્તવ્ય તે જગમાં;
ત્યજી ચિન્તા સકળ બીજી, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૮૬

સદા છે ધર્મ ઉપયોગે, હૃદયમાં માનીને સાચું;
ધરી નિષ્કામતા સાચી, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૮૭

કથ્યું તવ સ્વોન્નતિ માટે, કરી નિશ્ચય હૃદયમાંહી;
ખરો થાવા સહજયોગી, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૮૮

વિકલ્પો સર્વ ત્યાગીને, બની નિજ ફર્જનો યોગી;
ધરી સંતોષ હૈયામાં, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૮૯
અદા તવ ફર્જને કરવા, ત્હને જે જે કથ્યું ફર્જે;
બુદ્ધયબ્ધિસદ્ગુરૂ શિક્ષા, કર્યા કર કાર્ય ઉપયોગે. ૪૯૦

## કર્તવ્ય પાલન કર.

મૃત્યુ જીવન પરવા ત્યજી, નિર્ભય અમરતા મન સજી;
બહુ ખંત ઉદ્યમમાં મચી, કર્તવ્ય પાલન કર સદા. ૪૯૧
શુભ સત્યને શુભ ન્યાયથી, નિજ ફર્જ સિદ્ધિ હેતુએ;
ચાહે ગમે તે યુક્તિથી, કર્તવ્ય પાલન કર સદા. ૪૯૨
ગભરાઈ જા નહિ દુઃખથી, નાના અભિપ્રાયો થકી;
વ્યવહારની નીતિવડે, કર્તવ્ય પાલન કર સદા. ૪૯૩
પ્રગટાવી જુસ્સો વીર્યનો, નિશ્ચલ બની મેરૂપરે;
સ્વાતંત્ર્ય રક્ષા કારણે, કર્તવ્ય પાલન કર સદા. ૪૯૪
કાયરપણું દીનતા ત્યજી, ટેકી અને શૂરો બની;
નિશ્ચય બનીને મરજીવો, કર્તવ્ય પાલન કર સદા. ૪૯૫
કર્તવ્ય ફરજો ધર્મનિજ, માની સદા નિષ્કામથી;
સુકૃત્યા જમાનો જાણીને, કર્તવ્ય પાલન કર સદા. ૪૯૬
વ્યષ્ટિ સમષ્ટિ સુખ પ્રતિ, મતિ શક્તિથી કરીને ગતિ,
કરવાજ સાચી ઉન્નતિ, કર્તવ્ય પાલન કર સદા. ૪૯૭

કર્તવ્યને નિશ્ચય કરી, સમતોલતા મનની ધરી.
બુદ્ધયબ્ધિ બળ ભેગું કરી, કર્તવ્ય પાલન કર સદા. ૪૯૮
એવી શિક્ષા શિવ સુખ કરી બોધથી સત્ય આપી,
ભવ્યોના એ હૃદય ઘટમાં ભાવથી પૂર્ણ વ્યાપી;
આયુઃ પ્રાન્તે તનુધર સહુ જીવને ત્હેં ખમાવ્યા,
દોષો રાગાદિક સહુ ખરે સામ્યથી ત્હેં શમાવ્યા. ૪૯૯
નિઃસંગી થૈ હૃદય ઘટમાં ધ્યેય સિદ્ધાત્મ દેવા,
ધારી ધારી તનમન તણી, છોડી ત્હેં બાહ્યસેવા;
અન્તર્ રાચ્યો અનુભવવિષે બાહ્યનું ભાન ભૂલ્યો,
ભાવી ભાવી પરમ સમતા ઐક્ય ભાવેજ ઝૂલ્યો. ૫૦૦

## સ્વર્ગગમન.

કાયા ત્યાગી શુભગતિવિષે વાસ કીધો સુકર્મે,
સાધ્યું સાધ્યું નિજ હિત અરે વીરના સત્ય ધર્મે;

## વિલાપ.

પ્રાણાધારા વિભુ અમતણા એકલા કેમ ચાલ્યા,
મૂકી માયા જગ અમતણી બાહ્ય સંયોગ ટાળ્યા. ૫૦૧
પ્રાણાધારા વિરહ તવ તે ચિત્તમાં ના ખમાતો,
આવો પાસે વિભુ મમ અરે, દુઃખને ચૂરવા તો;

યાદી યાદી પ્રભુ તમ તણી રાતને દીન આવે,
જાણી એ સૌ મમ મનતણું કેમ વ્હેલો ન આવે. ૫૦૨
આવો આવો હૃદય ઘરના સદ્‌ગુરૂ સ્નેહ ભાવે,
ત્હારાં બાળો તુમવણ અરે કોણ તેને મનાવે;
રોમે રોમે હૃદય ઘટમાં પ્રીતિ ત્હારી હિ વ્યાપી,
બાકી બીજું મન નહિ ધરૂં મેઘ તું હું કલાપી. ૫૦૩
સન્તો મ્હોટા નિજ શિશુગણે પ્રેમની દૃષ્ટિ રાખે,
પાસે આવી હિત શિખ ખરી પ્રેમથી પૂર્ણ ભાખે;
પાસે આવો પરમ હિતથી ભૂલશો ના જરાએ,
આવો પાસે પરમ સુખદા સ્નેહયોગે ત્વરાએ. ૫૦૪
પાસે આવું તવ વિભુ અરે શક્તિ જો હોય મ્હારી,
તે તો છે ના હૃદય તનમાં શક્તિ આપો તમારી;
આવો નાવો યદિ વિભુ તમે બાળકો દુઃખ પામે,
શોભા ના એ વિભુ તમ તણી ભક્તિના પૂર્ણ ઠામે. ૫૦૫
માટે વ્હેલા અમ વિભુ હવે પૂર્ણ ભાવે પધારો,
ત્હારો જાણી શુભ નય ધરી ધર્મ યોગે સુધારો;
શ્રદ્ધા તારી હૃદય ઘટમાં લાજ તેની તને છે,
દેવો સાક્ષી હૃદય ઘટના સાખ ત્હારી મને છે. ૫૦૬

ભૂલી જાશો નહિ નહિ કદી પૂર્ણ વિશ્વાસ આપી,
થૈ જે ભૂલો પ્રભુ મમ તણી તેહની આપ માફી;
ભૂલે છોરૂં જનક ન ગણે પુત્રને તે સુધારે,
સર્વે જાણી હૃદય ઘટમાં આવ વ્હેલોજ વ્હારે. ૫૦૭
મ્હારી શોભા પ્રભુતવ શિરે ઐક્યભાવે સુહાવે,
મારૂં તારૂં હૃદય ઘટમાં સદ્ગુરૂનાજ નાવે;
ત્હારો જાણી મમ વિભુ ખરે નિત્ય સંભાળ લેશો,
ભૂલી મ્હારો અવિનય સવે નિત્ય સ્મર્તોજ રહેશો. ૫૦૮
કાલાં ઘેલાં પ્રભુ તવ તણા બાળકો જેહ બોલે,
પ્યારાં જાણી જનક સહુએ અમૃતે પૂર્ણ તોલે;
સેવા ત્હારી સતત ઘટમાં પૂર્ણ ભાવેજ ધારૂં,
મારી વ્હારે ઝટ વિભુ ચઢો પૂર્ણ આપોજ સારૂં. ૫૦૯

ગુરૂ પ્રતિ ક્ષમાપના.

વ્હાલા નિત્યે હૃદયે વસજો એજ છે ભાવ મારો,
તુ છે તુ છે હૃદય ઘટમાં સર્વથી પૂર્ણ પ્યારો;
મારાથી જે અવિનય થયા સર્વ તે હું ખમાવું,
ભાવે કાવ્યો શુભ તવ કરી પ્રેમથી પૂર્ણ ગાવું. ૫૧૦

ગાવું ધ્યાવું તવ ગુણુ ઘણા શિષ્યનો ધર્મ એ છે,
સિદ્ધાન્તો એ વચનરસથી ફર્જને એ કહે છે;
મારા માટે તવ મન તણી લાગણી સારી રહેજો,
વિજ્ઞપ્તિ એ મમ મન તણી ધ્યાનમાં નિત્ય લેજો. ૫૧૧

**સ્તુતિકરણમાં અસામર્થ્ય.**

પૃથ્વીનો તો પટ યદિ કરૂં લેખણી પર્વતોની,
પાણી શાહી જલધરતણું બુદ્ધિ સર્વે મતોની;
ત્હારા ત્હોયે સહુ ગુણ અરે લેખ્ય ના થાય ક્યારે,
ત્હોયે પત્રે તવ ગુણુ લખું ભક્તિ વેગ પ્રચારે. ૫૧૨

કર્ણો ત્હારા શુભ ગુણ સુણે જીભ સદ્‌ગુણ ગાવે,
શીર્ષે વન્દું હૃદયઘટમાં તું રહ્યો ધ્યાન ભાવે;
આંખે દેખું તવ તનુ ખરે રોમરોમે સમાયો,
આત્મારામી જય જય ગુરૂ ભાવથી એમ ગાયો. ૫૧૩

વારી જાઉં તુજ પર અરે સર્વ પ્યારૂં ગણેલું,
વારી જાઉં તુજ પર અરે સર્વ પ્યારૂં ભણેલું;
વારી જાઉં તુજ પર અરે કાયને ચિત્ત વાણી,
આજ્ઞા ત્હારી શિરપર ધરૂં એજ સાચી કમાણી. ૫૧૪

**ગુરૂભક્તિ ફુલ.**

સાચાભાવે ગુરૂવરતણી ભક્તિથી થાય સિદ્ધિ,
સાચા ભાવે ગુરૂવરતણી ભક્તિથી થાય ઋદ્ધિ;
સેવા સાચી ગુરૂવરતણી સ્વોન્નતિ દ્વાર સાચું,
સેવામાંહી ગુરૂવરતણી ભાવથી પૂર્ણ રાચું. ૫૧૫
જૈનોના જ્યાં દ્વિશતઘર છે ગામ રૂડું વડાલી,
મંદિરો છે જિનવરતણાં શોભતી હટ્ટ આલિ;
તેમાં સ્થૈર્યે વસતિ કરીને માસની એક ભાવે,
ગાયા ભાવે ગુરૂગુણ ખરા ભક્તિના પૂર્ણ દાવે; ૫૧૬
કીધાં પાપો સકળ ટળજો સદ્ગુરૂના પ્રતાપે,
દોષો સર્વે ત્વરિત ટળજો સદ્ગુરૂ નામ જાપે;
નાસો મિથ્યા મતિ મનતણી સદ્ગુરૂભક્તિયોગે,
ઋદ્ધિ સિદ્ધિ હૃદયઘટમાં જાગજો ભક્તિભોગે. ૫૧૭
સુખસાગર ગુરૂ સંસ્તવ્યા, કરીને કાવ્ય રસાલ;
પ્રગટો ગુરૂગુણ ગાવતાં, પગ પગ મંગલમાલ. ૫૧૮
ઋદ્ધિ વૃદ્ધિ સિદ્ધિ સદા, સદ્ગુરૂ સ્તવતાં થાય;
કોટી ભવનાં પાપ પણ, ક્ષણમાં વિણશી જાય. ૫૧૯
અષ્ટ સિદ્ધિ પ્રગટે ભલી, નવનિધિ ઘટમાં હોય;
સકળ વિઘ્ન દૂરે ટળે, નડે ન નિજને કોય. ૫૨૦

સદ્ગુરૂ ભક્તિ પ્રતાપથી, ધાર્યાં થાશો કાજ;
ધૃતિ કીર્તિ શ્રી હ્રી તણું, ઘટ પ્રકટો સામ્રાજ્ય. ૫૨૧
ભણે ગણે જે સાંભળે, સદ્ગુરૂ કાવ્ય સહાય;
મંગલમાલા તે લહે, ઘર ઘર આનન્દ થાય. ૫૨૨
ચઢતી કલા પ્રતિદિન થજો, સદ્ગુરૂ ભક્તિ પસાય;
શાન્તિ તુષ્ટિ પુષ્ટિની, સિદ્ધિ ઘટમાં થાય. ૫૨૩
ઓગણિશ શત ઇકોતેરે, માઘપૂર્ણિમા સાર;
પુષ્યાર્કે પૂરો કર્યો, થાવો જગ જયકાર. ૫૨૪
યથાશક્તિમતિયોગથી, રચ્યો ગ્રન્થ એ બેશ
બુદ્ધિસાગરસૂરિ ઘટ, આનન્દ હોય હમેશ. ૫૨૫

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

સમાપ્ત.

---

**ગ્રન્થો નીચલા સ્થળોથી વેચાણ મળશે.**

૧. અમદાવાદ—જૈન બોર્ડીંગ-ઠે. નાગોરીશરાહ.
૨. મુંબઈ—મેસર્સ મેઘજી હીરજીની કું.-ઠે. પાયધુણી.
૩. „ શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ-ઠે. ચંપાગલી.
૪. પુના—શા. વીરચંદ કૃષ્ણાજી—વેતાલપેઠ.

# શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ.

## ( સ્થાપન-જ્ઞાનપંચમી-વિર સંવત્ ૨૪૩૫. )

જો તમારે તત્વજ્ઞાનના ઉત્તમ સિદ્ધાંતો, સરલ અને પ્રીય શૈલીમાં સમજવા હોય અને પોતાનું હૃદય નિર્મળ બનાવવું હોય, તો મંડળ તરફથી પ્રગટ થયેલઃ-

## શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળા અવશ્ય વાંચો.

મજકુર ગ્રન્થમાળામાં નીચલા ગ્રન્થો પ્રગટ થયેલ છે, જે વાંચી, મનન કરી, તમારા આત્માને ઉચ્ચ શ્રેણીએ ચઢાવો. ઉત્તમ ગ્રન્થો એજ અપૂર્વ સતસંગ છે. ખચીત આ ગ્રન્થોના મનનથી ઘણું જાણવા અને મેળવવા પામશો-ગુરૂશ્રીની લેખનશૈલી-માધ્યસ્થદૃષ્ટિવાલી હોવાથી, દરેક ધર્માવલંબીઓ તેને પ્રેમપૂર્વક વાંચે છે. દરેક ગ્રન્થોમાં અધ્યાત્મજ્ઞાન અને તત્વજ્ઞાન સંબંધી વિવેચનછે.

વૈરાગ્ય, ઉપદેશક, અને બોધક, પદો-ભજનો-તે તે વિષયમાં લિન્નતા કરી નાખે છે. દરેક પદોના સાર વિચારણીય છે. અનેકાન્ત દૃષ્ટિથી, હૃદયની વિશાળતાપૂર્વક અને પ્રીય તથા પથ્યવાણીથી હરેક જણને ઉત્તમ બનાવી શકાય છે અને તે મુજબ આ ગ્રન્થો છે.

માત્ર વાંચકોના હિતાર્થે, ઉદાર ગૃહસ્થોની સહાય વડે,-કોઇપણ ગ્રન્થપ્રકાશક મંડળ કરતાં-ઓછામાં ઓછી કીમત રાખવાની પહેલ આ મંડળેજ કરી છે-ઓછી કીમત છતાં છપાઇ-કાગળ-બંધાઇ વગેરે કામ સુંદર થાય છે, તદ ઉપરાંત

વધુ પ્રચારાર્થે-પ્રભાવના, વિદ્યાર્થીઓને ઇનામ, અને ભેટ આપનાર માટે વધુ નકલો મંગાવનારને (શીલીકમાં હોય તો) બની શકતી ઓછી કીંમતે આપવામાં આવે છે.

જેઓને પ્રગટ થઈ ચુકેલા અને થવાના ગ્રન્થો પૈકી, કોઈપણ ગ્રન્થો પોતાના મુરબ્બી કે સ્નેહી અને ઉપગારીઓના સ્મરણાર્થે, પ્રગટ કરવાને ઇચ્છા હોય તેમને તે મુજબ મંડળ સગવડ કરી આપે છે.

**પત્રવ્યવહાર**-મુંબાઈ-ચંપાગલી. વ્યવસ્થાપક-**શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારકમંડળ** જોગ કરવો.

## શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળામાં પ્રગટ થયેલા ગ્રન્થો.

| ગ્રંથાંક. | | પૃષ્ઠ. | રૂ.આ.પા. |
|---|---|---|---|
| ૧ | ક ભજન સંગ્રહ ભાગ ૧ લો. ... | ૨૦૦ | ૦-૮-૦ |
| ૧. | અધ્યાત્મ વ્યાખ્યાનમાળા. .. ... | ૨૦૬ | ૦-૪-૦ |
| ૨. | ભજનસંગ્રહ ભાગ ૨ જો. ... ... | ૩૩૬ | ૦-૮-૦ |
| ૩. | ભજનસંગ્રહ ભાગ ૩ જો. ... ... | ૨૧૫ | ૦-૮-૦ |
| ૪. | સમાધિ સતકમ્. ... ... ... | ૩૪૦ | ૦-૮-૦ |
| ૫. | અનુભવ પચ્ચિશી. ... ... ... | ૨૪૮ | ૦-૮-૦ |
| ૬. | આત્મપ્રદીપ. ... ... ... ... | ૩૧૫ | ૦-૮-૦ |
| ૭. | ભજનસંગ્રહ ભાગ ૪ થો. ... ... | ૩૦૪ | ૦-૮-૦ |
| ૮. | પરમાત્મદર્શન. ... ... ... ... | ૪૩૨ | ૦-૧૨-૦ |
| ૯. | પરમાત્મજ્યોતિ ... ... ... ... | ૫૦૦ | ૦-૧૨-૦ |

| | | |
|---|---|---|
| ૧૦. તત્ત્વબિંદુ. ... ... ... ... | ૨૩૦ | ૦—૪—૦ |
| ૧૧. ગુણાનુરાગ ( આવૃત્તિ બીજી ) ... | ૨૪ | ૦—૧—૦ |
| ૧૨—૧૩. ભજનસંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદિપીકા. ... ... ... | ૧૯૦ | ૦—૬—૦ |
| ૧૪. તીર્થયાત્રાનું વિમાન ( આવૃત્તિ બીજી ) | ૬૪ | ૦—૧—૦ |
| ૧૫. અધ્યાત્મ ભજનસંગ્રહ... ... ... | ૧૯૦ | ૦—૬—૦ |
| ૧૬. ગુરૂબોધ.... ... ... ... ... | ૧૭૨ | ૦—૪—૦ |
| ૧૭. તત્ત્વજ્ઞાનદિપીકા... ... ... ... | ૧૨૪ | ૦—૬—૦ |
| ૧૮. ગહુંલીસંગ્રહ. ... ... ... ... | ૧૧૨ | ૦—૩—૦ |
| ૧૯. શ્રાવક ધર્મસ્વરૂપ ભાગ ૧ લો(આવૃત્તિ ત્રીજી.) | ૪૦ | ૦—૧—૦ |
| ૨૦. ,, ,, ભાગ ૨ જો ( આવૃત્તિ ત્રીજી. ) | ૪૦ | ૦—૧—૦ |
| ૨૧. ભજન પદસંગ્રહ ભાગ ૬ ઠ્ઠો. ... | ૨૦૮ | ૦-૧૨-૦ |
| ૨૨. વચનામૃત. ... ... ... ... | ૩૮૮ | ૦-૧૪-૦ |
| ૨૩. યોગદીપક. ... ... ... ... | ૨૬૮ | ૦-૧૪-૦ |
| ૨૪. જૈન ઐતિહાસીક રાસમાળા.... ... | ૪૦૮ | ૧—૦—૦ |
| ૨૫. આનન્દઘન પદસંગ્રહ ભાવાર્થસહિત. | ૮૦૮ | ૨—૦—૦ |
| ૨૬. અધ્યાત્મ શાન્તિ (આવૃત્તિ બીજી)... | ૧૩૨ | ૦—૩—૦ |
| ૨૭. કાવ્યસંગ્રહ ભાગ ૭ મો. ... ... | ૧૫૬ | ૦—૮—૦ |
| ૨૮. જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ. | ૯૬ | ૦—૨—૦ |
| ૨૯. કુમારપાલ ચરિત્ર (હિંદી) ... ... | ૨૮૭ | ૦—૬—૦ |
| ૩૦. સુખસાગર ગુરૂગીતા. ... ... | | ૦—૪—૦ |
| ૩૧. ષડ્દ્રવ્ય વિચાર. ... ... ... | | ૦—૪—૦ |

